Coffee Stories (Gujarati Edition)

Raam Mori

VISIT...

LANZAROTE Caliente.COM







રામ મોરી

સાહિત્ય અકાદેમી, દિલ્હી દ્વારા પુરસ્કૃત લેખક



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

લેખક વિશે

રામ મોરી. ગુજરાતી ભાષામાં લખતા યુવા સાહિત્યકારોમાં આ નામ અત્યારે માનભેર લેવાય છે. ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના નાનકડા ગામ લાખાવાડના એક ખેડૂત પરિવારમાં એમનો જન્મ અને ભાવનગરમાં શિક્ષણ. ફેબ્રિકેશન એન્જિનિયરિંગનો અભ્યાસ કરી ચૂકેલા આ સર્જકે લેખનમાં પોતાની કારકિર્દી બનાવી છે અને તેઓ અમદાવાદમાં સ્થાયી થયા છે. માત્ર બાવીસ વર્ષની ઉંમરે એમણે પોતાનો પ્રથમ વાર્તાસંગ્રહ 'મહોતું' આપ્યો જેને ગુજરાતી વાચકો, સર્જકો અને વિવેચકોએ વધાવી લીધો. સંબંધો, લાગણી, સામાજિક વિટંબણાઓ, કુરિવાજો, માણસની અંદર ચાલતી ગડમથલો અને સ્ત્રી જીવનની સ્થિતિ-પરિસ્થિતિને આલેખતી રામ મોરીની લેખિનીએ મેઘધનુષની જેમ સાતરંગી ભાત ઉપસાવી છે. ટૂંકીવાર્તા, લઘુકથા, નવલકથા, અખબારી લેખ, નાટક, ફિલ્મ અને ટી.વી.ની કથા-પટકથા જેવા દરેક ક્ષેત્રમાં રામ મોરીની કલમ પોતાનો કસબ બતાવી રહી છે. સાહિત્યિક સામયિક હોય, અખબારી કૉલમ હોય, સ્ટેજ હોય કે પછી ટી.વી કે ફિલ્મની સ્ક્રીન હોય એ દરેક માધ્યમ પર ભાવકોને તરત પોતાના કરી લેવાની ક્ષમતા એમના લેખનમાં સમાયેલી છે.

રામ મોરીને અત્યાર સુધીમાં સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી યુવા ગૌરવ પુરસ્કાર (2017), વિદ્યાગુરુ ફાઉન્ડેશન-સાવરકુંડલા દ્વારા શ્રી નાનાભાઈ હ. જેબલિયા સ્મૃતિ-સાહિત્ય પુરસ્કાર (2018), ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ દ્વારા ધ મોસ્ટ પ્રોમિસિંગ યંગ રાઇટર એવોર્ડ (2017), ભારતીય ભાષા પરિષદ કોલકત્તા તરફથી યુવા પુરસ્કાર (2018) અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી એમના પુસ્તક 'મહોતું'ને 2016ના શ્રેષ્ઠ પુસ્તકનું પારિતોષિક મળી ચૂક્યું છે. એક યુવા લેખક તરીકે ગુજરાતી સાહિત્યને જાણે કે સતત નવું આપવાની જીદ લીધી હોય એમ પોતાના લેખનને એક ચોક્કસ માળખામાં બાંધી રાખવાને બદલે લેખનની પ્રયોગાત્મક શૈલી અપનાવીને લેખનના વિવિધ આયામો તેઓ સર કરી રહ્યા છે. સરળ અને સર્જનાત્મક અભિગમથી ગુજરાતી સાહિત્ય વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ માટે રામ મોરી સક્રિય છે.

લેખકનાં પુસ્તકો

મહોતું

સ્ત્રીજીવનનાં અજવાળાં અને અંધારાંને રજૂ કરતી કંપન કથાઓ

Coffee સ્ટોરીઝ

એક ચૂસકી હૂંફાળા સંબંધોને નામ!

પ્રકાશ્ય

કંકુના સૂરજ આથમ્યા!

દીકરીના જીવતરમાં ઘેરાતાં અંધારાં સામે ઝઝૂમતાં મા-બાપની કથા

Coffee સ્ટોરીઝ

એક ચૂસકી હૂંફાળા સંબંધોને નામ!

રામ મોરી

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

COFFEE STORIES

Short Stories

Written by Raam Mori

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2018

ePub Version 3.0.1
eISBN : 978-93-5122-857-8

અર્પણ

જેમના લીધે નિયમિત લખવાની હિંમત કેળવાઈ,
ને માત્ર એક ફોન દૂર બેઠા છે
એવા અમારા સાહેબ
મહેન્દ્રસિંહ પરમાર

ને તમે તો હંમેશાં છો ને રહેશો જ
શક્તિસિંહ પરમાર

રળિયામણી ઘડીએ કંકુ છાંટા...

'મહોતું' વાર્તા સંગ્રહ 2016માં પ્રગટ થયો એ પછી લગભગ એક વર્ષ સુધી મેં કશું લખ્યું નહોતું. એક લાંબો બ્રેક ચાલ્યો. નવલકથા લખવી હતી પણ જે જે નવલકથા લખવા વિચારેલી એમાં વર્ષ, બે વર્ષ કે કદાચ એથી પણ વધુ સમય સંદર્ભો વાંચવા જોઈતા હતા એટલે સતત વાંચતો રહ્યો. મને પોતાને સાહિત્યના એક બે ફોર્મ પૂરતું સીમિત નહીં રહેતા જુદા જુદા પ્રકાર પર કામ કરવું હતું. એ દિવસોમાં 'દિવ્ય ભાસ્કર'માંથી કૃષ્ણકાંત ઉનડકટ સાહેબે ઑફિસે મળવા બોલાવ્યો. હવે વાત થોડીક ફ્લેશબેકમાં લઈ જઉં છું. વર્ષ 2013-2014ની વાત છે. એ દિવસોમાં કે.કે. સાહેબ 'દિવ્ય ભાસ્કર'ના પૂર્તિ વિભાગમાં નહોતા એ સમયની વાત છે. 'દિવ્ય ભાસ્કર' એક રીતે તો મારો નોકરી બાબતે ફર્સ્ટ ક્રશ. ભાવનગર છોડીને અમદાવાદ રહેવા આવ્યો ત્યારે 'દિવ્ય ભાસ્કર'માં જોબ કરવાના એવાં તો સપનાં જોયેલાં કે મોબાઇલ અને લૅપટોપના વૉલપેપરમાં 'દિવ્ય ભાસ્કર'ના ફોટો રાખતો. ઘરના લોકોને તો એવું ખોટું કહીને ભાવનગરથી નીકળી ગયેલો કે 'દિવ્ય ભાસ્કર'માં નોકરી મળી ગઈ છે! હું જર્નાલીઝમનો વિદ્યાર્થી તો હતો નહીં એટલે સૌથી પહેલાં તો મારો એન્જિનિયરિંગનો અભ્યાસ 'દિવ્ય ભાસ્કર'માં જોબ માટે બાધારૂપ બન્યો ને મને નોકરી ન મળી. જિંદગીના પહેલાં જ ઇન્ટરવ્યૂમાં રિજેક્ટ થયો. 'દિવ્ય ભાસ્કર'ના પગથિએ બેસીને નાના બાળકની જેમ રડેલો. એ પછી જિંદગી તો એની રફ્તાર મુજબ ચાલતી રહી અને બધા સમીકરણો ઉકેલાતા બદલાતા ગયા. વર્ષ 2017માં જ્યારે ઓલરેડી કે.કે. સાહેબ 'દિવ્ય ભાસ્કર' પૂર્તિ સંભાળી રહ્યા હતા ત્યારે એમણે મને આ રીતે મળવા બોલાવ્યો. કે.કે. સરે મને 'દિવ્ય ભાસ્કર'માં લઘુકથાની કૉલમ લખવાનું કહ્યું. આજ સુધી ક્યારેય નિયમિત કૉલમ લખાણની ટેવ હતી નહીં એટલે અવઢવમાં હતો. કે.કે સરે મને શાંતિથી વિચારીને જવાબ આપવાનું કહ્યું ને જિંદગીની પહેલી અખબારી કૉલમ ઉંબરે આવીને ઊભી રહી.

હવે પ્રશ્ન ત્યાં આવીને ઊભો હતો કે કૉલમ લખું કે નહીં? સાહિત્ય સાથે જોડાયેલા મોટાભાગના લોકો તો કૉલમના નામથી જ નાકનું ટીચકું મરોડતા હોય છે. 'કૉલમ તમને સસ્તા કરી દે છે... કૉલમ તમારી સર્જકતાને ખાઈ જાય છે... કૉલમને લીધે તમારાં લખાણની ડેપ્થ ખોવાઈ જાય!' આવી અનેક વાતો સાંભળેલી અને સાચું કહું તો હું પોતે પણ આ માનતો કારણ કે આસપાસ બધા સાહિત્યકારોને સતત આવું બોલતા સાંભળેલા. મને થયું કે આ એક તક મળી છે જાત સાથે એક્સપરિમૅન્ટ કરવાની. મારી મર્યાદાઓ તોડીને કંઈક જુદું કરવાનો સમય હતો. આમ પણ એક વર્ષથી કશું લખ્યું નહોતું તો એ બધું અંદર ભર્યું પડ્યું હતું જ. મેં એ વખતે ભાવનગરના સર્જક એવા અમારા સાહેબ મહેન્દ્રસિંહ પરમારને કૉલ કર્યો અને મેં એમને કૉલમ લખવાની તક બાબતે વાત કરી. એમની સાથે મારા પ્રશ્નો સતત વહેંચતા રહેવાની મને ટેવ છે. મને આજે પણ યાદ છે કે સરે મને કહ્યું કે, 'રામલા, લખી લે. લખતો રહીશ તો ઘસાતો રહીશ અને ઘસાતો રહીશ તો આંકા પડશે... આ સતત લખાણ એ પણ એક પ્રકારનું જીમ છે. મને લખવાનું થયું હોય તો હું ના ન પાડું!' બસ, મને મારો જવાબ મળી ગયો. ને આ રીતે 'દિવ્ય ભાસ્કર'માં દર રવિવારે 'મુકામ વાર્તા'ના મંડાણ થયા.

કૉલમ લખવાની શરૂ કરી. દર રવિવારે લઘુકથાઓ આવવા લાગી. મને આખી પ્રોસેસની મજા આવવા લાગી. એ પછી મને અનેક સાહિત્યકારોએ ટોક્યો ને રોક્યો પણ મેં નક્કી કરેલું કે મને ભાર લાગે કે હું ઢસડાતો હોવાનું અનુભવીશ ત્યારે ગ્રેસફુલી કૉલમ બંધ કરી દઈશ પણ મને મજા આવે છે ત્યાં સુધી હું તો લખ્યા કરીશ. આ કૉલમ સાથે મારા બહુ યાદગાર સુખદ સ્મરણો જોડાયેલા છે. 'તને અભિનંદન' વાર્તા વાંચીને ગાંધીનગરથી એક બહેનનો મેઇલ આવેલો કે 'તમારી લઘુકથા વાંચીને મને સમજાઈ ગયું કે હું ક્યાં ભૂલ કરી રહી છું ને મારે શું કરવું જોઈએ. અત્યારે મેં મારો સામાન પેક કરી નાખ્યો છે અને હવે હું મારી જિંદગી મારા સ્વમાન માટે જીવીશ!' એ જ રીતે 'કંકુથાપા ને તર્પણ' પ્રગટ થઈ એ પછીનો મેઇલ કે 'તમારી આ લઘુકથા વાંચીને અમારો પરિવાર અમારા કુટુંબની નાની વહુને સમજી શક્યો. એ વહુએ પણ પોતાના પપ્પાને વૃદ્ધાશ્રમમાં મૂક્યા પણ કેમ અને કેવા સંજોગો હતા એ તમારી કથાથી અમે અનુભવ્યું અને અમે અમારી વહુની માફી માંગી કે અમે લોકો તારા ભાવને સમજી ન શક્યા!' ચાઇલ્ડ સેક્સ અબ્યુઝ પરની લઘુકથા 'આ અંકલ અલગ છે' વાંચીને એક હાઈસ્કૂલના મેડમે કહ્યું કે આ લઘુકથા એમણે પોતાના

ક્લાસરૂમમાં હાઈસ્કૂલની છોકરીઓ પાસે વાંચી તો એમાંની ઘણી એવી છોકરીઓ હતી જે મેડમ પાસે કન્ફેસ કરી શકી કે એ લોકો આ વાર્તાની નાનકડી છોકરીની જેમજ અત્યારે ચાઇલ્ડ સેક્સ અબ્યુઝના પેઇનમાંથી પસાર થઈ રહી છે. અસ્મિતા પર્વ 2018માં મહુવામાં આ કૉલમની જ બે લઘુકથાઓ વાંચી અને લોકોનો રાજીપો અનુભવ્યો. 2018માં જ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી પાઠ્યપુસ્તક મંડળે 'મુકામ વાર્તા' કૉલમની કથા 'વાર્તા'ને દસમા ધોરણના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં 'કાલુ અને ગુડ્ડી'ના શીર્ષકથી સ્થાન આપ્યું એનો તો વિશેષ રાજીપો અનુભવાયો. આશીર્વાદ લાગતા અનેક અભિપ્રાયો જ્યારે ફોન, મૅસેજ કે મેઇલમાં વાંચું એટલે સતત આવતા રવિવાર માટે ફરી નવી લઘુકથા લખવાની પ્રેરણા મળતી રહેતી. સતત એક વર્ષ સુધી રાજીપા સાથે કૉલમ લખીને જ્યારે મને થયું કે મારે હવે અટકવું છે ત્યારે કે.કે. સાહેબ અને જ્યોતિ ઉનડકટ સાથે વાત કરી અને રાજીખુશીથી કૉલમ પૂરી કરી. કૉલમ પૂરી થઈ પછી વાચકોના બહુ બધા મૅસેજ અને મેઇલ આવ્યા ત્યારે કૉલમ લખવી અને લોકોનો સ્નેહ પામવો એ શું છે એ વધારે વિગતે સમજાયું. 'મુકામ વાર્તા' કૉલમની એ બધી કથાઓ હવે 'કૉફી સ્ટોરીઝ'ના નવકલેવરથી પુસ્તક રૂપે વાચકો સમક્ષ લાવવાની થઈ ત્યારે સીમિત શબ્દોની મર્યાદાઓ તોડીને બધી કથાઓ હરખભેર ફરી ફરી નવેસરથી લખી.

કૉફી સ્ટોરીઝ. કૉફી કે ચાયના એક કપ સાથે પૂરી થઈ જતી કથાઓ. આપણી સંસ્કૃતિ કથા અને કથનશૈલીની સંસ્કૃતિ રહી છે. કથાઓ આપણી આસપાસ દરેક ક્ષણે જીવાતી હોય છે. ધબકતી હુંફાળી કથાઓ, સમાજના ડરથી સંકોડાયેલી તર નીચે ઠરી ગયેલી કથાઓ.પહેલાં જ ઘૂંટડે કડવીઝેર લાગતી કથાઓ તો એક એક સીપ સાથે વધુને વધુ ગળચટ્ટી બની જતી કથાઓ. નજરની સામે દરરોજ ભજવાતી એવી કથાઓ જે હજુ સુધી આપણા ધ્યાનમાં નથી આવી અથવા એવી કથાઓ જે સતત ધ્યાનમાં આવી છે પણ આપણે સતત આંખો મીંચી રાખી છે. કથાઓ એવી જેમાં આપણું પોતાનું મૌન ઘુંટાયેલું રહ્યું છે ને એ મૌનની પરિભાષાને પણ લોકો ઉકેલી જાણે છે તો એવી પણ કથાઓ જેમાં ચીલ્લાઈ ચીલ્લાઈને પીડાને પોકારવામાં આવી હોય એમ છતાં એને સાંભળનાર કોઈ નથી હોતું. દઝાડતી ફરિયાદ કરી લાલ આંખ કરીને આપણી સામે એકધારું જોઈ રહી છે એવી કથાઓ ને જે મૂંગા મોઢે જગજૂનો અત્યાચાર વેંઢારી ઢબૂરાયેલી છે એવી કથાઓ. બસ... આ પુસ્તકમાં એ બધી કથાઓ વિશે વાત કરવાનો પ્રયત્ન છે. 'લઘુ'કથાઓમાં રહેલો 'ગુરુ' વાચકને સ્પર્શી જાય તો કથા સદૈવ મંગલમ.

આજે જ્યારે આ પુસ્તક કંકુ પગલાં પાડી રહ્યું છે ત્યારે આંખ બંધ કરીને એ બધા જ વાચકોનો હ્રદયપૂર્વક આભાર માનું છું જેમના પ્રેમ અને વિશ્વાસ થકી સતત લખતો રહ્યો છું ને લખતો રહીશ. 'દિવ્ય ભાસ્કર', આદરણીય કૃષ્ણકાંત ઉનડકટ અને જ્યોતિ ઉનડકટને વંદન અને પ્રેમ કેમકે તમે લોકોએ પોરસાવ્યો અને મારામાં વિશ્વાસ દાખવ્યો તો જીવનની પહેલી કૉલમ લખી શક્યો. દર રવિવારની કથાઓની ડેડલાઇનના ઉંબરે સતત મીઠી ઉઘરાણી કરનારા વ્હાલા દિવ્યેશ વ્યાસનો ખાસ આભાર. ટીવી નાઇનના મારા એ વ્હાલીડા મિત્રો કે જેમની સાથે બધા ચઢાવ ઉતાર ઝીલ્યા છે એવા ધારા તપોધન શર્મા, જૂહી પંડ્યા ગાંધી, અવની ત્રિવેદી, હિરલ હેમંત, જય રાવલ, કોમલ ઝાલા અને જયેશ પારકર તેમજ જેમની સાથે ગયા જન્મના નાળ સંબંધને ગાઢ અંજળપાણી છે એવા શિલ્પા દેસાઈ, જ્યોતિ ઉનડકટ, ટ્વિંકલ વિજયગીરી બાવા, અંજના ગોસ્વામી, તેજલ ત્રિવેદી અને વિજય કે. પટેલ આ બધા મારા એ મિત્રો છે જેઓ મારી લઘુકથાઓ નિયમિત વાંચતા અને મને સતત પ્રોત્સાહિત કરતા રહેતા તો એમને યાદ કરી લઉં છું કેમકે એમના પ્રતિભાવોનો એવો તો લોભ રહેતો કે વધુમાં વધુ સારી લઘુકથાઓ લખવાનો લોભ અકબંધ રહેતો. વાર્તાકાર મિત્રો મારો પોતાનો એવો અજય સોની, નીતા જોષી અને ડૉ. કંદર્પ દેસાઈ તમારી સાથેની ક્રિએટીવ ચર્ચાઓ મને હંમેશાં આ લઘુકથાઓના ઘડતરમાં ખપની લાગી છે. સોશિયલ મિડિયાના માધ્યમથી દર રવિવારે મને દરેક લઘુકથાઓના વિગતે પ્રતિભાવો લખીને મોકલનારા એ તમામ વાચકોને વંદન કરું છું. તમારો ઋણી છું. સતત મારા લખાણની પડખે ઊભો રહે છે એવો મારા કાળજાનો કટકો નાનો ભાઈ આકાશ અને વ્હાલાં જયશ્રી બા, મારા માતાપિતા, મારી પત્ની સોનલ, મારો ગઢજૂનો ખમતીધર પરિવાર, મારું ગામ લાખાવાડ, 'ભાવનગર ગદ્યસભા' અને મારી ભાષાના મારા પૂર્વસૂરીઓ તેમજ મારા સમકાલીન કે જેમની પાસેથી સતત શીખતો રહ્યો છું એ બધાનો આ ક્ષણે આભાર માની લઉં છું. આ પુસ્તકથી આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. સાથે મારો સંબંધ જોડાયો છે તો આદરણીય ચિંતનભાઈ શેઠ અને રત્નરાજભાઈ શેઠનો આભાર કે આપે મને આર. આર. શેઠના

પરિવારમાં સ્થાન આપ્યું.

– રામ મોરી

Email : rammori3@gmail.com

બા

નાનો હતો ત્યારે ગામડે રસોડામાં રસોઈ બનાવતી બાની બાજુમાં ચૂલા પાસે પગ લંબાવીને બેસવાની મને ટેવ. બા રોટલા બનાવતી હોય અને ચૂલાની આગમાં હું લાકડાં નાખ્યા કરતો. બા પાસે બેસીને હું નિશાળની વાતો કરતો. બા પણ હોંશથી બધું પૂછતી. બા ભણી નહોતી પણ મારી નિશાળમાં આજે અમને શું ભણાવ્યું કે શું શીખવ્યું એ સતત પૂછતી. હું અમારી કવિતામાં આવતી ડુગડુગિયાવાળી, લોકગીતો અને વાર્તાઓની વાતો કરતો અને એ રસપૂર્વક સાંભળતી. ચોમાસામાં રસોડામાં ચૂલો સળગાવવો એ ઘણી મુશ્કેલીનું કામ. વરસાદથી લાકડાં ભીંજાય જતાં એટલે ચૂલો સળગાવતા સળગાવતા અને ફૂંકણીથી ફૂંકો મારતા મારતા બાની આંખમાં પાણી આવી જતા. હું ધુમાડાના જાળામાં પરસેવે નીતરતો બાનો ચહેરો જોઈ રહેતો. ધીમે ધીમે રસોડામાં ધુમાડો એટલો બધો વધી જતો કે મને અને બાને બંનેને ઉધરસ ચડતી. રસોડામાં બેઠા બેઠા આંખોમાં બળતરા થવા લાગતી અને ધુમાડો આંખોમાં પેસી જતા આંખોમાંથી પાણી નીકળતું. બા પોતાની સાડીના છેડાથી મારું મોઢું ઢાંકી દેતી ને મને કે'તી કે, "લાલા, તું બાર્ય વીયો જા. તાપ થાહે ત્યારે તને બોલાવીશ હોં" અને હું ટીશર્ટની બાંયથી આંખો લૂંછતો રસોડાની બહાર નીકળી જતો. એ ક્ષણે લાગતું કે કાળી ફૂંકણીથી ફૂંક મારી મારીને આગ પેટાવવા મથતી બા જાણે કે આખ્ખેઆખ્ખી રસોડામાં ફૂંકાઈ ગઈ છે. એ પછી ખબર નહીં કેવી રીતે પણ દિવાસળી બગાડ્યા વિના જ ફૂંકણીથી ફૂંક મારી મારીને બા ચૂલો પેટાવતી. જેવો ચૂલો સળગતો કે એ બૂમ પાડતી, "લાલા, આંયા આવતો રે... તાપ થઈ ગ્યો હાલ્ય!"

હું હવે આંખો નહીં બળે કે ઉધરસ નહીં આવે એ હરખથી રસોડામાં બા પાસે દોડી જતો.

આજે વર્ષો વીતી ગયાં. મારાં લગ્ન થયાં. બાળકો થયાં. મારે માથે પણ થોડા ધોળા આવ્યા અને બા વધારે ઘરડી થઈ. હું બૅંગ્લોર શીફ્ટ થઈ ગયો. બા નાના ભાઈઓ સાથે ગામડે જ રહી. ગામડે જવાનું ધીમે ધીમે ઓછું થયું અને પછી જાણે કે સાવ જ બંધ થઈ ગયું. એ સાથે જ બાના કાન ગયા. ભાઈઓએ કાનનું મશીન અપાવ્યું પણ બાને કદાચ બહુ ફાવ્યું નહીં. ભાઈઓએ ઘર તોડીને નવું ઘર બનાવ્યું. ગારમાટીનું ઘર પાક્કી સિમેન્ટનું બન્યું. નાના ભાઈએ મોબાઇલમાં ફોટો પાડીને મોકલ્યો. બધું નવું નવું અને અજાણ્યું લાગતું હતું. નાની વહુઓએ બા જેમાં રોટલા બનાવતી એ દેશી રસોડાના બદલે પ્લૅટફૉર્મવાળા કિચન બનાવ્યા. લાકડાં સળગાવવાનું તો જાણે કે બધા ભૂલી ગયા હોય એમ ગૅસ અને સગડીનું સામ્રાજ્ય આવી ગયું. નાનાભાઈએ મોકલાવેલા એક ફોટોમાં કાથીના વાણવાળા ખાટલા પર બેસીને માળા ફેરવતી બા દેખાઈ. ઘણા સમયે બાને જોઈ, થયું કે નાના ભાઈઓના બાળકો બાને નિશાળની વાતો કરતા હશે?

એક દિવસ અચાનક વહેલી સવારે નાનકાનો ફોન આવ્યો કે, "મોટાભાઈ, બા હવે નથી. તમે આવી જાઓ." હું એક ધબકારો ચૂકી ગયો. તાત્કાલિક ગામડે જવા ટ્રેન પકડી. આખા રસ્તે ટ્રેનની બારીની બહાર અને મારી આંખોમાંથી વરસાદ ઝરમર ઝરમર વરસતો રહ્યો. બા પાસે પહોંચ્યો. બાના આંખ, કાન અને નાક રૂનાં પૂમડાંથી બંધ રખાયા હતાં. લગભગ સાંજ ઢળવા આવી હતી એટલે ડાઘુઓ ઝડપથી સ્મશાન તરફ ચાલ્યા. હું માટલી લઈને બાની આગળ ચાલી રહ્યો હતો. આકાશમાં કાળાં વાદળો ઘેરાયાં હતાં. ક્યાંક ક્યાંક વાદળમાં વીજળીનો ચમકારો થતો હતો. ઝીણા ઝીણા ધીમા ઝરમર છાંટા પડતા હતા. સ્મશાનમાં લાકડાંઓ ગોઠવાયાં. બા હંમેશાંની જેમ અહીંયા પણ જાણે કે ગોઠવાઈ ગઈ. બાને અગ્નિદાહ અપાયો. વરસાદ વધવા લાગ્યો. અગ્નિદાહ માટેનાં લાકડાંઓને વરસાદનો ભેજ લાગ્યો હતો એટલે એ ઝડપથી સળગી નહોતાં રહ્યાં. કેટલાક લોકો છાણાં અને સુકાયેલાં ઘાસના પૂળાઓ ચિતામાં ઉમેરી લાકડાં સળગતાં રહે એ માટે પ્રયત્ન કરવા લાગ્યા. સરવાળે આખા સ્મશાનમાં ધુમાડો થયો. બધાની આંખોમાં ધુમાડો પેસી ગયો. બધાની આંખોમાં બળતરા થવા લાગી અને ચોતરફ

ઉધરસના અવાજો વધવા લાગ્યા. નાના ભાઈને ખબર હતી કે મને ધુમાડાની ઍલર્જી એટલે એણે મારા ખભા પર હાથ મૂક્યો કે, "મોટાભાઈ, તમે થોડા દૂર ઊભા રહો. ચિતાને સળગતા કદાચ વાર લાગશે."

સફેદ કૂર્તાની બાંયથી આંખો લૂંછતો હું ચિતાથી દૂર ઊભો રહ્યો. આંખોમાં બળતરા થતી હતી અને કોરી ઉધરસ ચડી હતી. મેં ચશ્માં કાઢીને ફરી આંખો સાફ કરી અને ઊંડા શ્વાસ લીધા. અચાનક મારું ધ્યાન ઉપર ગયું તો કાળાં વાદળાંઓ આકાશમાંથી જાણે કે અમારી ઉપર એકદમ ઢળી પડ્યાં બાના પાલવની જેમ જ. પવન આવ્યો ને મેં પાછળ ફરીને બાને જેના પર સૂવડાવી હતી એ ચિતા તરફ જોયું. મહામહેનતે ચિતા સળગી. બધાને હાશકારો થયો. અંધારું થવા આવ્યું અને મને લાગ્યું કે બા ત્યાંથી સૂતાં સૂતાં બોલી, "લાલા, આંયા આવતો રે... તાપ થઈ ગ્યો હાલ્ય!"



કૉમ્પ્લીમેન્ટ

આજે રવિવાર છે. રવિવારની સાંજ અમારા ઘરમાં દસમા માળ પર રતુંબડી આભા લીંપી રહી હતી. યશ ગઈકાલે રાત્રે જ દિલ્હી ગયા, માર્કેટિંગ હેડ છે એ એટલે એમનું આમ અચાનક કોઈ ને કોઈ મિટિંગમાં જતા રહેવું મારા માટે નવી વાત નથી. અચાનકથી પ્રેઝન્ટેશન ગોઠવાયું હતું એટલે એની કંપનીએ તાત્કાલિક યશને દિલ્હી મોકલ્યા હતા. મુંબઈ અમારી ટ્રાન્સફર થઈ એ વાતને આજે કદાચ છ મહિના પૂરા થયા. મને કવિતાઓ લખવી ગમે છે પણ ક્યારેક જ, સાઇકૉલૉજીમાં એમ.એ. થયેલી છું. ધીમે ધીમે એકલા રહેવાની ટેવ પડી ગઈ છે. બારીના પડદામાંથી ચળાઈને તડકો ઘરમાં આવ્યો અને બપોર પસાર થઈ ત્યાં સુધી પથારીમાં જ પડી રહી હતી. પુસ્તકોનાં પાનાંઓ ઉથલાવતી રહી. આખરે સાંજ પડવા આવી ત્યારે હું ઊભી થઈ ગઈ. બ્રશ કરીને ગરમાગરમ ચાય અને ટોસ્ટ લઈ સવારના ન્યૂઝ પેપર સાથે ગૅલરીમાં ઝૂલા પર બેઠી. દીકરી મનાલીમાં બૉર્ડિંગ સ્કૂલમાં ભણે છે, દીકરો અમેરિકા કૉલેજ કરે છે અને આજે યશ ઑફિસના કામથી દિલ્હી. ખાલી ઘરમાં મને આજે અકળામણ થવા લાગી. અચાનક મારું ધ્યાન ન્યૂઝ પેપરના એક કૉર્નરમાં આવેલી ઍડ તરફ ગયું. કોઈ નાટકની જાહેરાત હતી, “મેં તુમ્હે ફીર મીલુંગી!” સાંજના સાત વાગ્યાનો શૉ પૃથ્વી થિયેટરમાં. અમૃતા પ્રીતમ અને સાહિરના જીવન પર નાટક. અમૃતા પ્રીતમ તો મારી ફૅવરિટ કવયિત્રી. વાહ! થોડીવાર સુધી વિચારતી રહી અને ગૅલરીની ગ્રીલ પાસે કૂંડામાં ઉગેલા છોડ તરફ જોઈ રહી. ચાયની સીપ લીધી અને ફરી ફરી નાટકના પૉસ્ટર સામે જોઈ રહી. ચહેરા પર સ્મિત આપોઆપ આવી ગયું.

ફટાફટ ઘરની સાફસફાઈ કરી નાખી અને શાવર નીચે ઊભી રહી ગઈ. નાહીને વૉર્ડરોબ ખોલીને ડ્રૅસિંગ ગ્લાસની સામે ઊભી રહી. જીવનના ચોથા દાયકામાં બે બાળકો સાથે ખૂબ સફળ થયેલો પતિ પામી ત્યાં સુધીમાં તો સુખ વધુ પડતી ચરબી બનીને મને પજવી રહ્યું છે. સાડીઓની થપ્પીઓમાંથી સૌથી છેલ્લે ગૂંગળાઈને ટૂંટિયું વાળીને છુપાયેલી ડાર્ક રાણી કલરની બાંધણી પર આંગળીઓ ઠરી પણ તુરંત મન સહેજ ઝંખવાઈ ગયું, કેમકે એ બાંધણીની ગડ ઉકેલી તો કપૂરની સુગંધની જોડાજોડ એમાંથી કંઈ કેટલાય પોતીકા અવાજો સંભળાયા.

“આ સાડીમાં તું એકદમ ભેંસ જેવી લાગે છે, મમ્મી.”

“તું આ સાડી પહેરવાની હોય તો મારી સાથે પાર્ટીમાં ન આવતી.”

“કેટલી આઉટઑફ ડેટ સાડી છે, મોમ!” પરણીને આવી ત્યારે હર્ષભેર લીધેલી આ બાંધણી અને લીધી ત્યારથી પહેરી નથી શકી. આજે તો કોઈ કશું કહેવાવાળું કે જોવાવાળું નહોતું પછી તો જાણે બાંધણી જ મને વીંટળાઈ ગઈ. ઢળતો અંબોડો અને પર્સમાં અમૃતા પ્રીતમની કવિતાનું પુસ્તક લઈને ઉતાવળે હું સ્ટેશને પહોંચી અને ટ્રેન પકડી વીલેપાર્લે સ્ટેશન ઊતરી. વીલેપાર્લેથી ટૅક્સી પકડીને જૂહુ પૃથ્વી થિયેટર પહોંચી. ઉતાવળી ચાલે હું ટિકિટ વિન્ડો સુધી પહોંચી અને નાટકના મોટા મોટા પૉસ્ટર્સને જોતી પર્સમાંથી પૈસા કાઢીને બોલી, “એક ટિકિટ, મૈં તુમ્હે ફીર મીલુંગી!”

મારા પૈસા હાથમાં જ રહી ગયા. ટિકિટવાળાએ મને હાઉસફૂલ બોર્ડ તરફ ઇશારો કર્યો. ઓહ!! મારી અંદર જાણે કે શારડી ફરી વળી. આટલી ઉતાવળ રાખી અને દોડતી આવી એનો શું ફાયદો થયો. એક વખત નાટકના પોસ્ટર તરફ નજર કરી અને અફસોસનો ફળફળતો નિસાસો મોઢામાંથી નીકળી ગયો. થાકી હતી એટલે પૃથ્વીના કાફેની આઈરીશ કૉફી લઈને પુસ્તક કાઢીને દૂર એક ખૂણાના વૃક્ષ નીચે સ્ટૂલ પર વાંચવા બેઠી. સાંજ થવા આવી હતી. એક અંદાજિત પચ્ચીસેક વર્ષનો છોકરો મારા ટેબલ પર આવીને બેસી ગયો અને સ્મિત કરીને બોલ્યોઃ

“હાઈ, સેલ્ફી લઈ શકું આપની સાથે?” હું કશું સમજું કે સ્મિત કરું એ પહેલાં તો એણે પેન્ટના ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો અને મારી એકદમ નજીક આવીને સ્માઇલી ફેસ સાથે ફટાફટ સેલ્ફી લઈ

લીધી. મને બહુ જ ઑકવર્ડ લાગ્યું કે આ મોટા શહેરના છોકરાઓ તો સાવ શરમ વગરના છે. મેં મારું મોઢું પુસ્તકમાં રાખ્યું પણ એ ન અટક્યો.

"આપ થિયેટર કરો છો?"

"ના."

"તો?"

"હાઉસવાઈ...અઅઅ કવયિત્રી છું!"

"ઓહ, ધેન તમે અમૃતા પ્રીતમનું નાટક જોવા આવ્યાં હશો રાઇટ?"

"હા પણ અફસોસ. ટિકિટ નથી મળી."

"ઓહ!"

એટલામાં નાટકનો પહેલો બેલ સંભળાયો. લોકો જવા લાગ્યા. મને થયું મારે પણ ઘરે જવું જોઈએ. હું જેવી ઊભી થઈ કે એ બોલ્યો:

"એક્સક્યુઝ મી મેમ!" મેં એની સામે જોયું તો એણે નાટકની ટિકિટ મારી તરફ ધરી. હું ચોંકી ગઈ.

"ઓહ, નો થૅંક્સ મને આની જરૂર નથી."

"રાખી લો મેમ. હું તો અહીં જ હોઉં છું. ફરી જોઈ લઈશ. તમને ફરી અનુકૂળતા ન પણ હોય." હું એની સામે જોઈ રહી.

"મફત નહીં લઉં હોં!" એમ કહીને મેં પર્સમાંથી પૈસા કાઢ્યા. એના હાથમાં ટિકિટના પૈસા મૂક્યા અને ટિકિટ લીધી. ટિકિટ લઈને હરખાતી નાટક જોવા આગળ વધી કે તુરંત કંઈક વિચાર આવ્યો તો પાછળ ફરી અને પેલા છોકરાને બૂમ પાડીને મેં બોલાવ્યો.

"સાચું બોલજે, તેં મને આ ટિકિટ કેમ આપી દીધી? તને સાચ્ચે જ નથી જોઉં આ નાટક?"

એ મારી સામે હસીને બોલ્યો.

"જસ્ટ બીકોઝ ઑફ તમારી આ સાડી. આઇ ડોન્ટ નો કે આ સાડીને શું કહેવાય પણ યુ લુક સો બ્યુટીફૂલ ઇન ધીસ સારી. તમારી આ સાડીએ મારી સાંજ બનાવી દીધી એટલે મેં ટિકિટ તમને આપી દીધી."

હું એકીટશે એની આંખોમાં છલકાયેલા મારી બાંધણીના રંગોને જોતી રહી અને સેકન્ડ બેલની ઘંટડીઓ વાગવા લાગી.



તને અભિનંદન !

એ રવિવારની સાંજ હતી. ઘરમાં બધા લોકો હાજર હતા. ટી.વી.માં કોઈક સાઉથ ઇન્ડિયન ફિલ્મ ચાલી રહી હતી. બંને ભાભીઓ રાતના ઉંધિયું માટે શાકભાજી સમારતી હતી. મમ્મીના હાથ 'ભલે પધાર્યા' તોરણ ગૂંથવામાં વ્યસ્ત હતા. ધીમા અવાજે મમ્મી કોઈ કિર્તન ગણગણતી હતી. બંને ભાઈઓ અને તેના બાળકો ટી.વી.માં ફાઇટ જોઈ રહ્યા હતા. દૂર બારી પાસે બેસીને મોટા બાટલી કાચ ચશ્માં પહેરેલા પપ્પા કોઈ મેગેઝિન વાંચી રહ્યા હતા. ઘડિયાળ ટક ટક અવાજ કરીને વચ્ચે વચ્ચે આખી વાતને હોંકારો આપતી હતી. આખું દશ્ય પરફેક્ટ. અચાનક ડોરબેલ વાગી. કદાચ કોઈએ સાંભળી નહીં. ફરી વાગી. રસોડામાં કામ કરતી ભાભીઓનું ધ્યાન ગયું, મમ્મીનું ધ્યાન ગયું. કોઈ ડોરબેલ વારંવાર વગાડતું હતું જાણે એને કોઈ વાતની બહુ ઉતાવળ હતી. સાડીના પલ્લુથી હાથ સાફ કરીને ફટાફટ મોટી ભાભીએ દરવાજો ખોલ્યો. દરવાજાની સામે ઘરની મોટી દીકરી સુધા ઊભી હતી. રડમસ. એક હાથમાં બૅગ અને બીજો હાથ જમણી બાજુના સૂઝી ગયેલો ગાલને ઢાંકતો હતો. મોટા ભાભી હજુ કશું બોલે એ પહેલાં સુધા રોઈ પડી. ટી.વી.નો અવાજ ધીમો થયો અને સુધાનો અવાજ મોટો. આજુબાજુ પડોશીઓનાં બારી-બારણાં પણ ખૂલી ગયાં. મમ્મીએ ફટાફટ સુધાને ઘરમાં અંદર લીધી. પ્રશ્નોનો મારો શરૂ થયો.

"શું થયું બહેન, કેમ રડે છે?"

"આ ગાલ કેમ સૂઝેલો છે? કોઈએ માર્યું કે ઇન્ફેક્શન લાગ્યું છે?"

"સુધા, તારી મમ્મીને નહીં કહે કે શું થયું?"

"સુધાબહેન, પહેલા પાણી પી લો."

"સુધા, એકલી જ આવી છે? વિશાલકુમાર ક્યાં છે?"

પણ જવાબમાં સુધાના હિબકા અને ચોધાર આંસુ. આખરે પપ્પાએ છાપું સંકેલ્યું અને સુધાની પાસે આવીને પૂછ્યું:

"હવે રડી લીધું હોય તો કહીશ કે શું થયું છે? ક્યારના બધાં પૂછી રહ્યાં છે."

પપ્પાનો સહેજ કડક અવાજ સાંભળ્યો એટલે સુધાનું રડવું રોકાયું. ભાભીના હાથમાં રહેલો પાણીનો ગ્લાસ પીધો અને સાડીના પલ્લુથી આંખો લૂંછી. "પપ્પા, હું હવે વિશાલના ઘરે પાછી નહીં જાઉં. મારે વિશાલ સાથે નથી રહેવું. રોજ રોજની મારામારી અને ઝઘડાથી હું કંટાળી ગઈ છું. આના કરતાં હું કુંવારી રહી હોત તો સારું થાત." ભેદ ઉકેલાયો. સુધા અને વિશાલનો રોજિંદો ઝઘડો. બધાના ચહેરા પર "ઓય રે...!!!" ફરી ટી.વી.નો અવાજ મોટો થઈ ગયો. ભાભીઓના હાથ શાકભાજી પર ચાલવા લાગ્યા. મમ્મીએ 'ભલે પધાર્યા' તોરણનો છેલ્લો દોરો તોડીને ભરત પૂરું કર્યું. પપ્પાએ ખોંખારો ખાધો.

"મોટા, વિશાલકુમારને ફોન જોડ અને અહીં બોલાવ."

"પપ્પા, તમને કહી દઉં છું. વિશાલ અહીં આવે કે ન આવે. હું એ ઘરમાં પાછી નથી જવાની." આટલું કહીને સુધા પોતાના જૂના રૂમમાં જતી રહી અને બારણા અંદરથી બંધ કરી દીધા. મમ્મીએ પપ્પા સામે જોયું તો પપ્પાએ રોકડું પરખાવ્યું.

"એ તો બોલે હવે, છોકરબુદ્ધિ કહેવાય. લગ્નજીવનમાં ઝઘડાઓ તો થાય. એને આટલું મોટું સ્વરૂપ ન આપી દેવાય. મોટા, તું વિશાલકુમારને ફોન જોડીને બોલાવ. સમાધાન કરાવી દઈએ."

રાત પડી. વિશાલકુમાર આવ્યા. ડાઇનિંગ ટેબલ પર બધાં ગોઠવાયાં. પપ્પા વિશાલકુમારને સમજાવતા હતા કે "લગ્નજીવનમાં આવું બધું ચાલતું રહે. થોડું ઢીલું મૂકી દેવાનું. આ રીતે ઝઘડતા રહેશો તો લોકો તમારા પર હસશે. કાલ સવારે બાળકો થશે એનો પણ વિચાર કરો. લગ્નને પાંચ વર્ષ થવા આવ્યા. હવે આ બધી ફરિયાદો ફરી ન આવવી જોઈએ." આ બધી વાતોમાં વિશાલકુમારે મોટા ભાભી પાસે બે વાર ઉંધિયું માગીને ખાધું અને મમ્મીના આગ્રહથી હલવો પણ ત્રીજી વાર લીધો. ખાતા

ખાતા "જી પપ્પા હવે આ વાત ધ્યાનમાં રાખીશ" એવી ખાતરી આપતાં આપતાં ઉંધિયામાંથી મીઠા લીમડાનાં પાંદડાંઓ કાઢીને સાઇડમાં મૂકી દીધા. પપ્પાએ મમ્મીને કીધું કે "સુધાને જમાડી દો અને એને કહેજો કે સવારમાં પહેલી જે ટ્રેન છે એમાં વિશાલકુમાર સાથે એને જતું રહેવાનું છે." મમ્મી સુધા માટે જમવાની થાળી લઈને ગઈ. દરવાજે ટકોરા આપ્યા.

"સુધા, બેટા દરવાજો ખોલ. હું છું મમ્મી!"

મમ્મીનો અવાજ સાંભળી સુધાએ દરવાજો ખોલ્યો. મમ્મીને અંદર લઈ સુધાએ ફરી દરવાજો બંધ કરી દીધો. મમ્મીએ આગ્રહ કર્યો કે "સુધા, જે થયું એ ભૂલીને જમી લે. વિશાલકુમારે તારા પપ્પા પાસે માફી પણ માંગી છે અને ખાતરી પણ આપી છે કે આગળ ફરી આવું નહીં થાય." સુધાએ દૃઢ અવાજે જવાબ દીધો કે "માફી તો રોજની થઈ મમ્મી, વારંવાર મારામારી કરીને માફી માંગવી એ તો એની ટેવ થઈ પડી છે. હવે મારાથી બધું બહુ નહીં સહેવાય. રોજેરોજ માનભંગ થવા હું ત્યાં નહીં જાઉં. પપ્પાને એવું લાગતું હોય કે હું માથે પડું એમ છું તો હું ભણેલી છું, અલગ રહીને પણ મારી લાઇફ જીવી શકું છું પણ હવે સમાધાન નહીં કરું, મારા સ્વમાન ખાતર તો નહીં જ." મમ્મી એકીટશે જોતી રહી.

"સુધા, તું સાચ્ચે જ વિશાલકુમાર સાથે નહીં જાય?"

"હા મમ્મી, રોજેરોજ મરવું મને નહીં ફાવે. એકલી રહીશ પણ મારી મરજીથી તો રહીશ... મારા માટે જીવીશ. "આટલું બોલતા બોલતા તો સુધાનું ગળું ભરાઈ આવ્યું.

મમ્મીએ સુધાની માથે હાથ મૂક્યો અને એક હળવો નિસાસો નાખી બારીની બહાર જોઈ રહ્યા અને ધીરેથી બોલ્યા જાણે કોઈ સાતમા પાતાળમાંથી બોલતા હોય એમ "તો પછી તને અભિનંદન, આવી હિંમત બધામાં નથી હોતી." સુધા મમ્મીની વાત સાંભળીને ચોંકી ગઈ. એ મમ્મીની સામે ફાટી આંખે જોઈ રહી. એણે જોયું કે મમ્મીની આંખોમાંથી પણ વર્ષો જૂના હિબકા વરસી પડ્યા.



અડીખમ ઉંબરો

આમ તો આખા ગામના ઘરે ઉંબરો પણ ખબર નહીં, મારા ઘરનો ઉંબરો તો સૌથી ઊંચો. આમ જુઓ તો ઉંબરો એટલે સીધોસાદો ઉંબરો જ હોય પણ અમારા ઘરનો ઉંબરો થોડોક વિચિત્ર. ઉંબરાનું હોવું એ સનાતન સત પણ એની સંગાથે હોવું એ પાછું શુકન-અપશુકનની વાત ઈ કેવું? સવારે જે ઉંબરાનું પૂજન થાય એ જ ઉંબરો સાંજે પાછો અપશુકનિયાળ... એ સોડી દિ આથમે ક્યાં ન્યાં ઉંબરા માથે બેઠી સો તું... અંકાશમાંથી શંકરપારવતી નીકળે ઈ જોશે તો શરાપ દેહે... સવારે પુણ્યની પોથી આપનારો સાંજે પાપનો પોઠિયો... અમારો ઉંબરો! નભ્ભાયો નકટો ઉંબરો. મારું બેટું, આ ઉંબરાનુંય અસતરીના અવતાર જેવું હોં ન ઘરમાં ન ઘરની બહાર. અરે હા, હું ક્યાં એની દયા ખાવા બેઠી. અટાણે તો મારે એને વગોવવાનો છે કે આખા ગામના ઘરે ઉંબરો પણ મારા ઘરનો ઉંબરો તો સૌથી ઊંચો. બા રોજ સવારે ઉંબરા ઉપર તાંબાના લોટાનું પાણી ઢોળે પછી કંકુથી ચાંદલો કરે અને ચોખાથી વધાવીને પગે લાગે. હું મૂંગી જોયા કરું. જેને પૂજીએ ઈજ આડો આવે એ કેવી વાત?

મારા બેય ચોટલાને પીઠ પાછળ ધકેલી દઉં, ચોટલામાં વાળ જોડે ગૂંથેલી લાલ બોપટ્ટી પણ જાણે ઉંબરો ઠેકવા રતૂમડું મલકાય, ડોકમાં નાખેલી ઓઢણીમાં મેનામોર પોપટનાં ગીતો સંભળાય. એક વાત કવ, તમને નહીં હમજાય પણ એમાં શું હોય કે આ ચૌદ વરસનું જોબન અમારી પેલાં અમારી બોપટ્ટી ને ઓઢણીને વ્હેલા ફૂટે, ઈ બેયને મૂંગા રહેવાનો ઇશારો કરી દઉં. આભથીય વધારે ઘાટ્ટા પોતવાળા મારા ફરાકને કાચની લીલી બંગડીઓ પહેરેલા હાથે કસકસાવીને પકડીને ફરાક સહેજ ઊંચું કરું, પગને આગળ પાછળ ગોઠવીને કેડથી નાગરવેલની જેમ ઝૂકી જાઉં, બંને પગમાં પહેરેલી ઝાંઝરની ઘૂઘરીઓ પણ જાણે રણકી રણકીને આખા ઘરને જ નહીં મલક આખાને કહેવાની હોય કે જુઓ જુઓ... આ ઉંબરો ઠેકવાની છે. મોટી પાંપણોવાળી કોડી જેવી આંખોને પટપટાવતી જેવી હું ઉંબરો ઠેકવા જાઉં કે તરત જમણા પગનો અંગૂઠો ઉંબરા સાથે ભટકાય. નખ નીકળી જાય... દડદડ અંગૂઠેથી વહેતું લોહી ને આંખે નીતરતું પાણી... સપના ચીતરવા ભેગું કરેલું કાજળ ગાલ પર નંદવાયેલા ડહાપણનું કાળું પોતું ફેરવી જાય. હું સીસકારા બોલાવતી ડાબા હાથથી જમણા પગના અંગૂઠાને દાબતી ઉંબર પર બેસી પડું. આંખે અંધારા આવી જાય અને ગળે શોષ પડે. દિ આથમ્યા કેડે ગોખમાં બેસેલી ચીબરી જાણે કે મારી સામે ખિખિયાટા કરતી હોય એવું લાગે.

મારી નાનકી બહેન નીનુડી. હજુ તો ભાખોડિયા ભરતા શીખી છે. ઘોડિયામાં સૂઈ રહે છે. એની મોટી મોટી આંખોમાં અત્યારથી જાણે કે આવનારા સમયની કાળાશ હોય એટલી ઘાટ્ટી મેશ બા આંજી દે. મને બહુ ગુસ્સો આવે એ મેંશ જોઈને. દુપટ્ટાના છેડાને થૂંકવાળો કરીને ઘસીઘસીને એ મેંશ કાઢી નાખું. વધારે જોશથી મેંશ કાઢવા જાઉં તો એની કૂમળી ચામડીને બળતરા થાય અને એ રોઈ પડે. કાળી ચીસ પાડે. ભલે રડે પણ એની આંખ્યુંમાં અત્યારથી અંધારું નહીં અંજાવવા દઉં. ખમ્મા મારી મા જણીને! આજકાલ ખબર નહીં નીનુને પણ ઉંબરો ઠેકવાનું મન થાય છે. એના ફરાકમાં બાએ મોતીદાણો ભરતથી આંબાની કેરીઓને, આસોપાલવના પાન, પોપટ, મેના ને મોર ભરી દીધા, આભલા ટાંકી દીધા. એની છાતીએ બાએ જે ટાંક્યું એને એ બહાર ફંફોસવા જાય તો એમાં નીનુનો શું વાંક. હાથમાં ઘૂઘરો ખખડાવતી, પગમાં બાંધેલી રૂપાની નાનકડી ઘૂઘરીઓ રણકાવતી, ભાખોડિયા ભરતી એ આભને અડવા જાય પણ આડો અડીખમ ઉંબરો. ઉંબરો ઓળંગવા એ મથતી રહે પણ ઉંબરો તો જાણે કે એને મચક જ ન આપે. એ ઉંબરો ચડવા જાય અને લપસી પડે. ફરી ફરી ચડવા જાય અને ફરી ગબડી પડે. અંતે હાંફી થાકીને રોઈ પડે. નીનુડી ગમ્મે એટલું રડે પણ ઉંબરાને એથી કંઈ ફેર ન પડે... ઈ પીગળે તો ઉંબરો શેનો?

ગામમાં કોઈના ઘરે સારો પ્રસંગ હોય તોએ ઘરની બાયું કાંસાની થાળીમાં કંકુચોખા લઈને આવે.

"અમારે ત્યાં રાંદલ તેડ્યા છે, ઘોડો ખૂંદવા આવજો."

"અમારા ઘરે લગ્ન છે, ગીતો ગાવા આવજો."

"અમારા ઘરે વ્રતનું ઉજવણું છે, ગોયણી થઈને ખીર ખાવા આવજો."

અમી હા ના કેવી ઈ પહેલા તો ઈ બાયું કંકુચોખાની નાનકડી ઢગલી ઘરના ઉંબર પર મૂકીને વયું જાય. અમારી ડોશીમાયુ એમ કહે કે, "ઉંબર માથે કંકુની ઢગલી મૂકીને બાયુને બરકીએ તો આપડા ઘરનો પરસંગ કોઈ વિઘન વગર શાંતિથી પતી જાય." મને ઈ ટાણે એવું લાગે કે જાણે ઉંબરો દાંત કાઢીને અમને કેતો હોય કે હુંય જોવ છું કે તમે મને ઠેકીને કેવી રીતે જાવ છો. મને એટલી બધી દાઝ ચડે કે સીધી મારી બા પર તાડૂકું અને મૂઠીયું વાળીને ઉંબરા પર ઢીકા મારતી મારતી હું બાને પૂછું કે,

"હે બા, અમારે ગમ્મે ત્યારે ઘરની બાર્ય નીકળવું હોય ત્યારે આ ઉંબરો કાં ડુંગરો થઈ આડો આવે? આખા ગામના ઘરે ઉંબરો પણ આપડા ઘરનો ઉંબરો સૌથી ઊંચો કેમ? કેમ અમારા કોઈથી આ ઉંબરો ઠેકાતો નથી?"

બા ડામશિયા માથે સંકેલી સંકેલીને ગોદડા ખડકતી હતી. ઈ ગોદડાને એટલી જોશથી ઝાપટતી હતી કે આપણને તો એમ લાગે કે બા ખુદને ઝાપટે છે. આખા ઘરમાં અટલી ધૂડ્ય ભરાણી કે ઘડીક તો એમ થ્યું કે ધૂડ્યમાંથી બા બોલી કે બામાંથી ધુડ્ય બોલી કે, "હજી તો મારાથીય નથી ઓળંગાયો આ ઘરનો ઉંબરો!"



પૌંઆની એક ડીશ

ગિરધરલાલ અને ભાનુબહેન સ્ટેશન જવા માટે આજે ઑલરેડી મોડાં હતાં. મુંબઈમાં વરસાદ ગમે ત્યારે વરસી પડે પણ આજે વરસશે એવો અંદાજો ગિરધરલાલને નહોતો. સાંજની સાત વાગ્યાની ટ્રેન હતી. અતિશય વરસાદના કારણે લોકલ ટ્રેન બંધ હતી. રસ્તામાં સખત ટ્રાફિક હતો. મોટાભાગનો સમય રસ્તામાં જ રોકાઈ ગયો. ગિરધરલાલ અને ભાનુબહેનને અંદરખાને ડર પેસી ગયો હતો કે ટ્રેન જતી રહેશે. ઉંમરની અડધી સદી વિતાવી ચૂકેલાં એ બંને પતિપત્ની એકબીજાંને, મુંબઈના વરસાદને અને ટ્રાફિકને ગાળો ભાંડી રહ્યાં હતાં. બરાબરના એકબીજાં પર અકળાયાં હતાં.

"હું તમને કહેતી જ હતી કે સમયસર નીકળો પણ તમારો ફોન ક્યારેય પતે જ નહીં. આખો દિવસ બધા સાથે ફોન પર મંડાયેલા રહો છો." ભાનુબહેન ટૅક્સીમાંથી બહાર વરસતા વરસાદને જોઈને ગુસ્સામાં રાતાંપીળાં થતાં હતાં.

"મને થોડી ખબર હતી કે વરસાદ તૂટી પડશે. લાસ્ટ મિનિટ સુધી તારું પૅકિંગ નહોતું પતતું." ગિરધરલાલ વરસાદના કારણે બંધ પડી ગયેલી ઘડિયાળને વારંવાર ઠપકારીને શરૂ કરવાના પ્રયત્નમાં લાગેલા હતા.

"એટલે જ મને મુંબઈ નથી ગમતું. માણસો ઘરમાં ન હોય એની કરતાં રસ્તામાં વધારે ખડકાયેલા હોય. મને બધું એકસરખું જ લાગે. ચોખ્ખો શ્વાસ મારાથી નથી લેવાતો." ભાનુબહેને અસ્થમાના પંપથી ફરી ઊંડા શ્વાસ લીધા.

"દીકરાને અને વહુને મળવા આવવું પડે. લાંબા પગ કરીને અમદાવાદમાં બેસી રહીએ તો ભૂંડા લાગીએ." ગિરધરલાલ ઊંચી ઊંચી બિલ્ડિંગો પર એક નજર નાખીને બોલી રહ્યા હતા.

"ભાઈ મારા, તું ટૅક્સી ભગાવજે. આપણે આજે જ મુંબઈ સેન્ટ્રલ પહોંચવાનું છે હો." ટૅક્સીવાળાએ પણ બહુ ઝડપ રાખી અને આખરે મુંબઈ સેન્ટ્રલ પાસે પહોંચીને એણે ટૅક્સી ઊભી રાખી ત્યારે સાડા સાત થઈ ગયા હતા. ગિરધરલાલના મનમાં ક્યાંક ને ક્યાંક એવી આશા હતી ટ્રેન હશે!

મુંબઈ સેન્ટ્રલમાં મોટા મોટા અવાજે અનાઉંસમૅન્ટ થઈ રહ્યું હતું. પાનમસાલા અને ચાયની ઍડ્વર્ટાઇઝમૅન્ટ સંભળાતી હતી. જાતજાત અને ભાતભાતના લોકો સામાન સાથે અથડાતા કુટાતા પોતપોતાની ટ્રેન શોધી રહ્યા હતા. ભાનુબહેને પ્લૅટફૉર્મ પર નજર કરી તો એને એવું લાગ્યું કે જાણે આખું મુંબઈ ખાલી થઈ રહ્યું છે. એમણે તો ગિરધરલાલનો હાથ ફરી મજબૂતાઈથી પકડી લીધો. બંને જણાં પોતાના પ્લૅટફૉર્મ પર પહોંચ્યાં તો એમની આંખોને વિશ્વાસ ન થયો કે આ ચમત્કાર છે કે શું? સાત વાગ્યે જે ટ્રેન નીકળી જવાની હતી એ પ્લૅટફૉર્મ પર પોણા આઠે પણ ઊભી હતી. બંને જણાંએ ફટાફટ પોતાનો ડબ્બો શોધ્યો. ટી.ટી. પાસેથી જાણ્યું કે આગળ થોડું રીપેરિંગ કામ ચાલે છે એટલે ટ્રેન આઠ વાગ્યે ઊપડવાની છે. સામાન ગોઠવીને બંને જણાં ટ્રેનની અંદર નિરાંતે બેઠાં. હાશકારો થયો. ગિરધરલાલે દીકરાને ટ્રેન મળી ગઈ છે, ચિંતા ન કરતો એવો ફોન પણ કરી દીધો. ગિરધરલાલને તરસ લાગી તો એણે જોયું કે પાણીની બૉટલ તો ટૅક્સીમાં રહી ગઈ. ગિરધરલાલ પાણીની બૉટલ લેવા નીચે ઊતર્યા.

"જલદી આવજો. ટ્રેન હાલતી થઈ જશે." ભાનુબહેને ટકોર કરી.

"કૂવામાંથી પાણી નથી ભરવાનું કે વાર લાગે. હમણા દોડતો પાછો આવીશ."

ગિરધરલાલ પ્લૅટફૉર્મ પરની નાસ્તાપાણીની શૉપ પર ગયા. પાણીની બૉટલ લીધી. એમને એવું લાગ્યું કે કોઈ પાછળથી એમના કૂર્તાને ખેંચી રહ્યું છે. એમણે જોયું તો એક સાતેક વર્ષની નાનકડી છોકરી ઊભી હતી.

"દાદાજી, પૌંઆ ખાના હૈ... સુબહ સે ભૂખી હું. એક ડીશ પૌંઆ ખીલા દીજીયેના!" આમ તો

ગિરધરલાલને ભિખારીઓ પર ભરોસો બેસે નહીં પણ આ છોકરીની આંખોમાં એવું કશુંક હતું જે એમણે પહેલાં ક્યારેય જોયું નહોતું. એમને વિશ્વાસ બેઠો.

"યહા કહા મીલેંગે પૌંઆ?" એમણે ટ્રેન તરફ જોઈને પૂછ્યું.

"પાસ મેં હી હૈ... આપ દીલા દીજીયેના... બડી મહેરબાની હોગી." પેલી છોકરી ગિરધરલાલને દોરતી ગઈ અને ગિરધરલાલ એની પાછળ ચાલતા રહ્યા. ગિરધરલાલને પણ સમજાયું નહીં કે એ આ છોકરીની પાછળ કેમ જઈ રહ્યા છે. અચાનક ગિરધરલાલને આખું પ્લૅટફૉર્મ ખાલી ખાલી દેખાયું. કોઈ અવાજ નહીં, કોઈ ચહલપહલ નહીં. ચોતરફ નર્યો ભેંકાર અને અંધારું. માત્ર પેલી નાનકડી છોકરી દેખાતી હતી. ગિરધરલાલને પરસેવો થઈ ગયો. શ્વાસ ગૂંગળાયા. ચાલતા રહ્યા અને અચાનક ટ્રેનનો અવાજ સંભળાયો. ગિરધરલાલ ચોંક્યા. આસપાસ ઘોંઘાટ, ગિરદી, બૂમાબૂમ, ટોળું, ધક્કામુક્કી બધું જાણે કે અચાનકથી આવી ગયું. એ દોડ્યા. ટ્રેન પણ દોડી. ગિરધરલાલ હાંફવા લાગ્યા પણ ટ્રેન ન હાંફી. પહોંચી ન શક્યા. ટ્રેન જતી રહી. પરસેવો છૂટી ગયો. આંખે અંધારા આવી ગયા. એ નીચે બેસી પડ્યા. અચાનક એમને ભાનુબહેનનો અવાજ સંભળાયો.

"બારીમાંથી જોતી હતી તમે કોની સાથે એકલા એકલા વાતો કરતા હતા? એકલા એકલા ચાલવા માંડ્યા... મેં કેટલી બૂમો પાડી. હું નીચે ઊતરી ગઈ પણ પણ તમે તો ક્યાંય નીકળી ગયા હતા. ક્યાં જતા રહ્યા હતા?"

"અરે એક છોકરીને પૌંઆ જોઈતા... એની સાથે જ ગયો... એ જ મને લઈ ગઈ." ગિરધરલાલે પાછળ જોયું તો કોઈ છોકરી નહોતી.

"તમે હાડોહાડ ખોટું બોલો છો. કોઈ નહોતું. હું તમને જોતી હતી. એકલા એકલા બબડતા હતા." ગિરધરલાલ સુન્ન. એમણે ફરી પ્લૅટફૉર્મ પર પેલી છોકરીને શોધવાનો પ્રયત્ન કર્યો. આખરે બંને જણા દીકરાના ઘરે પાછાં ગયાં. રસ્તામાં ગિરધરલાલે ભાનુબહેનને માંડીને વાત કરી ત્યારે ભાનુબહેન ડરી ગયાં કે એવું તે કોણ હશે કે જેના લીધે ટ્રેન છૂટી ગઈ.

સવારે દીકરો ગિરધરલાલને ભેટીને રોઈ પડ્યો. ગિરધરલાલ અને ભાનુબહેન બઘવાઈ ગયાં કે શું થયું. છાપામાં આવ્યું હતું કે ગિરધરલાલ ભાનુબહેન જે ટ્રેનમાં જવાના હતાં એ અમદાવાદ જવા નીકળેલી સાત વાગ્યાની ટ્રેન પાટા પરથી ઊથલીને બ્રિજ તોડી નદીમાં પડી ગઈ હતી.



ખોવાયેલ સંબંધ !

દિવાળીના દિવસો પૂરા થયા. ઘરે ઘરે વૅકેશન કરવા આવેલાઓ સામાન પેક કરીને પોતપોતાના સરનામે રવાના થવા લાગ્યા. પોળમાં તો આડા દિવસોમાં પણ છોકરાઓની, ફિલ્મી ગીતોની, ગાયોના ભાંભરવાની, વાહનોના હોર્નની અને શાકભાજીના લારીઓવાળાની સતત હાજરી હોય જ. દિવાળીના દિવસોમાં આ બધાની રંગત થોડી વધારે જામતી. પોળ છોડીને કમાવવા ગયેલા દૂર સેટલ થયેલા સ્નેહીજનો તહેવારોમાં પાછા આવતા. સોસાયટીના સિમેન્ટબદ્ધ પાક્કા ફ્લૅટ ઍપાર્ટમૅન્ટમાં મોટી થતી નવી જનરેશનને મન દાદાદાદીની પોળ એક વિસ્મય હતું. આખી પોળ રોશનીથી ઝળહળી ઊઠતી. એકબીજાના ઘરે મીઠાઈઓ અપાતી. પોળમાં એકલવાયું જીવતા વૃદ્ધોની બારસાખે હોંશે હોંશે પડોશીઓ તોરણ બાંધીને રંગોળી પૂરતા. મોડી રાત સુધી અંતાક્ષરી, હસાહસી અને ગામગપાટા ચાલતા. મીઠાઈ, ફરસાણ અને કૉલ્ડ્રિંક્સની મહેફિલ ચાલતી. એકબીજાના ઘરેથી હરખ વહેંચાતો. દિવાળીનું વૅકેશન પૂરું થાય અને સૌ પોતપોતાના સરનામે ફરી પોસ્ટ થઈ જાય એ પછી પણ પોળમાંથી એ બધાના અવાજો સંભળાતા રહે. પોળના વૃદ્ધો એ અવાજોને પોતાની આંખોમાં અને કાનોમાં જીવંત રાખીને આવતી દિવાળી સુધીના દિવસો વેઢે ગણે.

રસિકલાલ અને મંજરીબા. આમ તો પોળમાં સૌના માનીતાં. રસિકલાલ પોતે ડૉક્ટર અને રસોઈ કળામાં મંજરીબાની તોલે કોઈ ન આવે. જિંદગીના પાંચ દાયકાના સરવાળા બાદબાકીના અનુભવે બંનેના માથામાં આવીને બેસેલી સફેદી. આમ તો એ ઘરમાં સૂનકાર રહેતો. રસિકલાલ ચોખ્ખાઈના ખૂબ આગ્રહી. પોતે ચોખ્ખાઈ રાખે અને મંજરીબા પાસે પણ એનો આગ્રહ સતત રખાવે. બિચારા મંજરીબા ઘૂંટણ પર બામ લગાવીને રસિકલાલ કહેતા હોય એ રીતે સાફસફાઈ કરતા રહે. દિવાળીના દિવસોમાં મંજરીબા પર સાફસફાઈનો ત્રાસ વધી જતો. રસિકલાલ આખું ઘર સાફ કરાવે. માળિયાની એક એક વસ્તુ ફંફોસે અને જોઈતી નહીં જોઈતી વસ્તુઓનો હિસાબ માંડે. ઘરનું નાનકડું ગોખલું પણ સાફ થયા વગરનું ન બચે જ્યાં રસિકલાલની અનુભવી આંખ ન ફરી હોય. આ મહા સાફસફાઈમાં કંઈ કેટલીય ખોવાયેલી વસ્તુઓ મળતી રહે. રસિકલાલ બોલતા રહે કે, “જોયું, એટલે જ કહેતો હોઉં છું કે ઘરમાં સાફસફાઈ રાખો. ખોવાયેલી દરેક વસ્તુ મળી જાય. ફરી સામાન ફેંદાય અને જૂનાં જૂનાં કાગળિયાં પસ્તીમાં મંજરીબાને છીંકાછીંક થઈ જતી. જરા પણ ધૂળ જુએ તો રસિકલાલ આખું ઘર માથે લઈ લે. રસિકલાલના કચકચથી કંટાળીને જ મંજરીબા દરેક વખતે બે વખત આખા ઘરમાં સાવરણી ફેરવી દેતા. આમ પણ રસિકલાલ ક્યારેય કોઈનું સાંભળે નહીં. પોતાનું ધાર્યું ન થાય તો આકાશ પાતાળ એક કરી દે એવા. પોળની સ્ત્રીઓ કહેતી કે, “રસિકલાલનો ગુસ્સો તો મંજરીબા જ સહી શકે. આપણી જેવીઓનું કામ નહીં. જે રીતે એ ઘરમાં બૂમાબૂમ કરે એ સાંભળીને તો મને રોવું આવી જાય.” રસિકલાલ એકવાર નક્કી કરી લે પછી એના નિર્ણયને કોઈ ફેરવી ન શકે. એકની એક દીકરી લવમૅરેજ કરીને આવી તો આશીર્વાદ માટે ઘરમાં પણ ઘૂસવા ન દીધી. મંજરીબા બહુ રડ્યાં પણ રસિકલાલ એકના બે ન થયા. છોકરો પોતાની જ્ઞાતિનો જ હતો. ભણેલો ગણેલો ખાનદાની. કોઈ વાતની ખોટ નહીં. પણ રસિકલાલને એ વાંતે વાંકું પડ્યું કે દીકરીએ લવમૅરેજ કેમ કર્યાં? હવે એ આ ઘરમાં ન જોઈએ એટલે ન જ જોઈએ. હવે રસિકલાલે નક્કી કર્યું એટલે પતી ગયું. લોઢામાં લીટો.

“હું મરી જાઉં પછી પણ આ છોકરીનો પગ મને આપણા ઘરમાં ન જોઈએ મંજરી.” મંજરીબા કશું પણ બોલી શક્યાં નહોતાં. દીકરી અને જમાઈ જે ઉંબરથી પાછાં વળેલાં ત્યાં એમણે સાવરણી ફેરવી દીધી હતી.

સાંજે અંધારું થાય પછી પણ મંજરીબાને લાઇટ કરવાને કંટાળો આવતો. એ અંધારામાં જ બેસી રહેતાં. રસિકલાલ હૉસ્પિટલથી આવે એટલે લાઇટની સ્વિચ ઑન કરે. ફ્રેશ થઈને ટી.વી. જોતી વખતે

ઘરમાં ચારે બાજુ નજર ફેરવતા રહે. એના હાથમાં ચાય પકડાવીને મંજરીબા સાવરણી લઈને એમની નજરની સામે એ ફરી ઘર સાફ કરતા ત્યારે રસિકલાલને તસલ્લી થતી.

દિવાળી પતી ગઈ. પોળના અવાજો શાંત થયા. હવે અચાનક મંજરીબાને શું સૂઝયું કે દીકરી જે રૂમમાં રહેતી એ રૂમમાં ફરીફરી સાફસફાઈ કરવા લાગ્યા. જૂના જૂના ચોપડાઓ, કપડાંઓ, ગીફ્ટ, સ્કૂલના ઍવૉર્ડ્સ, જૂતા, કટલેરી બધું ફેંદવા લાગ્યા. રસિકલાલ ચૂપચાપ જોયા કરતા હતા. સાંજે એ હૉસ્પિટલથી આવે ત્યારે પણ મંજરીબા દીકરીના રૂમમાં સામાનના ઢગલા વચ્ચે બેઠાં હોય અને સવારે એ જાય ત્યારે પણ મંજરીબા ત્યાં જ હોય. રસિકલાલથી હવે મંજરીબાની આ સાફસફાઈ સહન નહોતી થતી. આજે સાંજે જ્યારે એ હૉસ્પિટલથી આવ્યા ત્યારે એમણે જોયું કે મંજરીબા મોઢે બુકાની બાંધીને દીકરીની રૂમમાં જૂનાં જૂનાં પુસ્તકો કાઢી સાઇડમાં ખડકતાં હતાં. રસિકલાલથી આજે રહેવાયું નહીં.

“મંજરી, આ શું માંડ્યું છે? તું તો આ રૂમની પાછળ પડી ગઈ છે.”

“તમે જ તો કહેતા હતા કે ઘરમાં સાફસફાઈ રાખો. ખોવાયેલી દરેક વસ્તુ મળી જાય. કદાચ આ જ રીતે સાફસફાઈ કરીશ તો ક્યાંક આડે હાથે મુકાઈ ગયેલી મારી દીકરી મને મળી જાય.” રસિકલાલ રૂમના પીળા માંદા અજવાસમાં હાંફતા મંજરીબાને જોઈ રહ્યા!



નકોરડો ઉપવાસ

હું અરીસામાં જોઈને ટાઈ પહેરતો હતો પણ મારું ધ્યાન પાછળ લાકડાના બૅડ પર બેસીને પગમાં અલ્તો લગાવતી નીલિમા તરફ હતું. લાલ લસરકો સીફતથી એના પગના તળિયામાં પર ચીતરાઈ રહ્યો હતો. વચ્ચે વચ્ચે તાજા ધોયેલા વાળના ઢળતા અંબોડામાંથી છૂટીને ચહેરા પર આવતી કોરી લટોને એ રોકતી ન હતી, એટલે એના ચહેરા પર વાળની લટો ઘૂંઘટની જેમ ઝાલર બાંધીને લહેરાતી હતી. એ રિસાયેલી હતી. એના એક કાનમાં બૂટી હતી. બીજો કાન ખાલી હતો. મેં બૅગ હાથમાં લીધી અને ફરી એની સામે જોયું. એની મોટી આંખોમાં પાણી ભરાઈ આવ્યું. એક આંસુ કાજળની કાળાશને લઈને ગાલ પર દડી ગયું. એની પાછળ દીવાલ પર પથ્થર પર રિસાઈને બેસેલી અહલ્યાનું રંગ ઊડી ગયેલું ચિત્ર હતું. હું નીલિમા પાસે ગયો.

"કી હોલો નીલિમા. બીજી બૂટી તને લાવી આપીશ. એક બૂટી ખોવાઈ છે એમાં શું રડવા બેસી ગઈ."

"આમી જાની ના." એણે લાલ બોર્ડરની પ્લેન સફેદ કોટન સાડીના પલ્લુથી આંસુ લૂછ્યા અને દુર્ગાપૂજાની થાળી તૈયાર કરી. હું સમજી ગયો કે એનું આ રડવું બૂટી માટે નથી.

"તું યાર સમજને. મારે આજે અગત્યની મિટિંગ છે એટલે ઑફિસ જવું જ પડશે."

"મને ખબર છે કેવી મિટિંગ અને કોની સાથે હોય છે તમારી મિટિંગ!"

"ઓરે બાબા, તેં ફરી સ્ટાર્ટ કર્યું છે. યાર, મારું કોઈ જોડે અફેર કેવી રીતે હોઈ શકે. મારી પાસે અફેર કરવા માટેનો ટાઇમ તો હોવો જોઈએ ને. મારામાં એવું શું છે કે એક પરિણીત પુરુષ જોડે અફેર કરવા કોઈ તૈયાર થાય. તું હંમેશાં મારા પર શંકાઓ કરતી હોય છે."

"તમે કરો જ છો એવું કે મને શંકા થાય. ક્યારેય મારી સાથે પૂજામાં નથી આવતા. બધી જગ્યાએ પ્રોસન્નજીતને લઈને જવું પડે છે મારે. તમે પૂજામાં કેમ નથી આવતા એના વિશે બધાને જવાબો આપી આપીને હું થાકી ગઈ છું."

"મને માફ કર અને તું આ બધું સંભાળ. પ્રોસન્નજીત નવરો છે એને લઈ જા. તું જ મારી દુર્ગા છે અને તને પ્રેમ કરવો એ મારી પૂજા."

"નિષ્ઠુર તુમી..." એ હસી પડી અને અલ્તો બાજુમાં મૂકી મારી પાસે કોરા કંકુની ડબ્બી લઈને આવી. "મારા માથામાં કંકુ પૂરી દો." મેં એના મોટા કપાળને હળવેથી ચૂમી લીધું અને એના મોટા સેંથામાં કંકુ ભરી દીધું. એ મારી એકદમ નજીક આવી. એના શરીરમાંથી મને બહુ જ ગમે એવા જાસ્મીન અત્તરની સુગંધ આવતી હતી. લાલ બોર્ડરવાળી કોટનની પ્લેન સફેદ સાડીનો છેડો એણે છાતી પર ઢાંકી રાખ્યો હતો. એની લાલ અલ્તોવાળી આંગળીઓ પંપાળીને મેં કીધું.

"આટલી સુંદર વહુ છે મારી પછી શું કામ ગામમાં અફેર કરતો ફરું."

એ શરમાઈ અને મને ધક્કો મારીને બોલી.

"ધત્તતતત... ઘોષબાડીની એકપણ પૂજામાં તમે હાજર નથી હોતા. બધી સ્ત્રીઓ મને ભાંડતી હોય છે. બધા લોકો એવી વાતો કરે છે કે એવું તે કેવું કામ અને એવી તે કેવી નોકરી કે તારો વર હાજર ન રહી શકે."

"મને આ પૂજાને એ બધું નથી ગમતું. નૉનસૅન્સ લાગે છે બધું."

"દુગ્ગા દુગ્ગા. કી બોલચે તુમી. જાબો તમે ઑફિસે જ જાઓ. પ્રોસન્નજીત મને બધી મદદ કરી દેશે." પ્રોસન્નજીત મારા મામાનો દીકરો. બોલપૂરથી આવીને અમારી સાથે કોલકાતામાં ઘોષબાડીમાં રહે છે.

"નીલિમા, બહુ જ ભૂખ લાગી છે. સવારથી તે કાંઈ ખાવા નથી આપ્યું, મને ચક્કર આવશે હો."

"ગાંડા ન કાઢો. ઉપવાસ રાખવાનો છે. પીશીમાએ મને કહેલું કે મોટી પૂજામાં પતિ-પત્ની નકોરડો

ઉપવાસ રાખે તો એમનો પ્રેમ વધે. આજે રાતે મહાઆરતી થઈ જાય ત્યાં સુધી કાંઈ નહીં મળે. હા, વચન આપો કે ઑફિસમાં કશું જ નહીં ખાઓ."

મેં એની સામે સ્મિત કર્યું. "સારું બસ. પ્રોમિસ. રાત્રે આવું ત્યારે પ્લીઝ મસ્ત મસ્ત જમવાનું બનાવજે."

હું બૅગ લઈને નીચે ઊતર્યો. નીચે ઢોલ-નગારા વાગી રહ્યા હતા. ઘરની બહાર રંગોળીઓ પુરાઈ રહી હતી. દુર્ગાપૂજાની તૈયારીઓ ચાલતી હતી.

ભૂખ્યા પેટે આખો દિવસ આંખે અંધારા આવતા હતા. વચ્ચે વચ્ચે નીલિમા ફોન કરીને ખાતરી કરી લેતી હતી કે આજે નકોરડો ઉપવાસ છે એ વાત હું ક્યાંક ભૂલી તો નથી ગયો ને.

જેમ તેમ કરીને રાત પડી. ઑફિસથી નીકળ્યો. ટ્રામ સુધી પહોંચવાની ત્રેવડ નહોતી એટલે ટૅક્સી કરી ઘેર પહોંચ્યો. ઘોષબાડીમાં મહાઆરતી ચાલતી હતી. ઢોલ, નગારા, શંખનાદ, મંજીરા અને ઝાલરથી મને ત્રાસ થઈ ગયો. જેમ તેમ કરીને મારા ઘરે પહોંચ્યો. નીલિમા અને પ્રોસન્નજીત તો મહાઆરતીમાં હશે એટલે રાહ જોયા સિવાય કોઈ છૂટકો નહોતો. દાદરા ચડીને ઉપર જવાની હિંમત નહોતી એટલે નીચલે માળે પ્રોસન્નજીતના રૂમમાં ગયો. બહારથી દીધેલો આગળિયો ખોલીને રૂમમાં અંદર આવ્યો ત્યાં સુધીમાં આંખે અંધારા આવી ગયા હતા. શરીરે પરસેવો વળ્યો અને ગળે શોષ બાઝી ગયો. પાણી પીધું અને સીધો પ્રોસન્નજીતની પથારીમાં ફસડાઈ પડ્યો. અંધારામાં ક્યાંય સુધી પથારીમાં સૂઈ રહ્યો. અચાનક મને પથારીમાં ઓશીકામાં અને ચોળાયેલી ચાદરમાં જાસ્મિનની સુગંધ આવી. નીલિમાની સુગંધ પ્રોસન્નજીતની પથારીમાં? તરત ફાળ પડી. સહેજ ફર્યો કે માથામાં કશુંક વાગ્યું. મેં ત્યાં હાથ ફેરવ્યો તો કાંઈક અણીદાર ગોળ ગોળ હાથમાં આવ્યું. મોબાઇલની લાઇટમાં જોયું તો ચોળાયેલી પથારીમાં નીલિમાની ગઈકાલે રાત્રે ખોવાયેલી કાનની બુટ્ટી મારી સામે ખિખિયાટા કરતી હતી.



પ્રેમમાં હોવું એટલે !

એનું નામ સ્વરા છે. બહુ ઓછાબોલી. ચંદીગઢ રેલ્વે સ્ટેશન પર સામાન સાથે બેઠી છે. ડાર્ક બ્લુઈશ કોટનની સાડી છે, માથામાં કોરું લાલ કંકુ છે, ગળામાં ડાયમંડ જડેલું નાનું સુંદર મંગળસૂત્ર. વારંવાર મોબાઇલની સ્ક્રીન પર એની લાંબી આંગળીઓ ફરી રહી છે. વહેલી સવારની ઠંડીથી બચવા સ્વેટર અને સ્કાર્ફમાં પોતાને પૂરી ઢાંકીને બેઠી છે. દૂર પેલો જે કૉફી લેવા ગયો છે એ સ્વરાનો પતિ છે, પરખ. સ્વરા વારંવાર એ તરફ જોઈ રહી છે. વહેલી સવારે પણ રેલ્વે સ્ટેશનમાં ખાસ્સી ચહલપહલ છે. વાતાવરણમાં ભેજ તોળાઈ રહ્યો છે. રેલ્વે સ્ટેશનની આસપાસ ઘેઘૂર વડલાઓ અને ગરમાળાઓ પથરાઈને બેઠા છે. પક્ષીઓ પોતપોતાના માળામાં આળસ મરડીને કિલકારી કરી રહ્યાં છે. સ્વરા અને પરખના ઍરેન્જ મૅરેજ છે. બે મહિના પહેલાં તો એકબીજાને માંડ ઓળખતા થયાં અને હવે પરણી ગયાં. ન તો સ્વરાનો કોઈ ખાસ ભૂતકાળ અને ન તો પરખને કોઈ જૂનો સંગાથ. કોરી પાટી જેવું વર્તમાન શિયાળાની સવારમાં સંબંધોમાં ઝાકળભીની ભીનાશ પાથરી રહ્યું હતું. સ્વરા અને પરખ હરિદ્વાર જઈ રહ્યાં છે. એક મિનિટ, એ લોકો હનીમૂન માટે નથી જ જઈ રહ્યાં અને હનીમૂન માટે કોઈ હરિદ્વાર શું કામ જાય? કુટુંબમાં ત્યાં કોઈના લગ્ન છે એટલે બંને જઈ રહ્યાં છે. શિયાળાની ઠંડીમાં સ્વરાની દાઢી ડગડગી રહી છે. રંગે એ શ્યામ પણ ખૂબ નમણી. વહેલી સવારનો તડકો એની નમણાશને ચૂમી રહ્યો છે. પરખ ચંદીગઢની કૉલેજમાં સંસ્કૃતનો પ્રોફેસર. એને જોતાં જ ખબર પડી જાય કે આ માણસ પ્રોફેસર છે. હંમેશાં ખાદીના કપડાં પહેરે. પ્રભાવશાળી આંખો પર ચશ્માં. એક જ ઘરેડના ઓળેલા વાળ અને કાળા રંગનું જાડું સ્વેટર. સતત કશુંક ધીમું તાલબદ્ધ ગણગણતો હોય. સ્વરાને ઠંડી લાગે છે એટલે એ કૉફી લેવા આવ્યો છે. કૉફી બની રહી છે. ઊગતા સૂરજનાં કિરણો એના ગોરા ચહેરા પર નવી લાલીમા પાથરી રહ્યા છે. એ વારંવાર પાછળ સ્વરા તરફ જોઈ લે છે અને પાછો પોતાની બંને હથેળીઓ ઠંડી ઉડાડવા ઘસતો રહે છે. સ્વરા ચંદીગઢની એક પ્રાઇવેટ બૅન્કમાં જૉબ કરે છે. ખરી મૂંઝવણ તમને હવે હું કહું. આખી વાતમાં મૂંઝવણ એ વાતને લઈને છે કે બંને એકબીજાને પ્રેમ નથી કરતાં. એક મિનિટ, તમે ફરી ગેરસમજ ઊભી કરશો. એ બંને જાણતા નથી કે તેઓ એકબીજાને પ્રેમ કરે છે કે નહીં. હા, એટલે એ મૉમૅન્ટ એ લોકોને નથી મળતી જ્યાંથી એમને ખબર પડે કે તેઓ બંને એકબીજાને પ્રેમ કરે છે. લગ્ન તો એકબીજાની મરજીથી જ થયા છે. સાથે રહેતા રહેતા પ્રેમ થઈ જશે એવું માની લીધેલું. બે મહિના થવા આવ્યા પણ એ ક્ષણ મળી નથી.

હવે હું તમને મુદ્દાની વાત કરું. આજે સ્વરાના મનમાં સહેજ ગભરામણ છે. વાત એમ હતી કે વહેલી સવારની ટ્રેન હતી એટલે બંને વહેલાં ઊઠી ગયાં. પરખ જલદી તૈયાર થઈ ગયો. સ્વરા બાથરૂમમાં નહાવા ગઈ અને જ્યારે એ નહાઈને બહાર આવી તો એનાથી ભૂલથી પોતાની જે ડાયરી બહાર મુકાઈ ગઈ હતી એ ડાયરી પરખ વાંચતો હતો. એ સહેજ ડરી ગઈ. પરખ પણ જાણે કશું જ નથી બન્યું એટલી સહજતાથી ડાયરી મૂકીને ગીત ગણગણતો રસોડામાં જતો રહ્યો. બસ ત્યારથી સ્વરાને પરસેવો છૂટી રહ્યો છે કે પરખે વાંચી લીધું. અચ્છા તમને થશે કે એ ડાયરીમાં એવું તે શું હતું કે સ્વરા આટલી ડરી ગઈ? તમને કહી દઉં, ખાસ કંઈ નહીં પણ એમાં સ્વરાએ પોતાના ક્રશ વિશે લખ્યું હતું. એક મિનિટ પહેલો પ્રેમ નહીં હો... ક્રશ... ગમતી વ્યક્તિ. બંને બહુ અલગ છે. તો કોણ છે એ વ્યક્તિ. ઓકે તમને કહી દઉં, એ ડાયરીમાં સ્વરાએ રણબીર કપૂર વિશે લખ્યું હતું. પરખ એ વાંચી ગયો હતો. તમને થશે ઓય રે... પણ સ્વરા માટે એ ઓય રે નહીં, બાપ રે બાપ વાત છે.

આ જુઓ પરખ કૉફી લઈને આવી ગયો. સ્વરાની બાજુમાં ગોઠવાયો. સ્વરા હજુ પણ થોડી મૂંઝાયેલી છે. પરખના હાથમાંથી કૉફી લઈને એણે સ્માઇલ આપી. બંને કૉફી પી રહ્યાં છે. સ્વરાને પોતે ઓઢેલી શાલનો થોડો ભાગ પરખ ઓઢી લે એવી ઇચ્છા થઈ પણ કહી ન શકી. થોડીવારે પરખ

કૉફીની સીપ લઈને બોલ્યો.

"આજકાલ રણબીર કપૂરની ફિલ્મો બહુ આવતી નથી... આવવી જોઈએ હેં ને?" સ્વરા ડઘાઈ ગઈ. કાપો તો લોહી ન નીકળે. કશું સમજી જ ન શકી. પરખે ચશ્માં ઠીક કરતાં સ્વરા સામે જોયું અને બોલ્યો.

"એટલે એમ કે બહુ સારો હીરો છે, પરાણે વહાલો લાગે એવો. આજ સવારથી તો એ મારો પણ ફૅવરીટ બની ગયો છે."

અરે તમે જોયું? સ્વરા ખડખડાટ હસી પડી. પરખે પણ કદાચ આજે પહેલીવાર એને આમ હસતી જોઈ. એ શરમાઈ ગઈ, પોતાનો એક હાથ ચહેરા પર ઢાંકીને પરખના ખભે ઢળી પડી જાણે શાલ બનીને પોતે જ પરખમાં ભળી ગઈ. ગુલાબી સવારે એ લોકોને ઢાંકી દીધા. તમને કહું, ત્યાં ન જુઓ હવે. એ લોકોને એકલાં મૂકી દો. એ લોકોને એની પ્રેમમાં હોવાની ક્ષણ મળી ગઈ. એક વાત પૂછું? તમારી પાસે તમારી ક્ષણ છે?



કોટનનો ઘૂંઘટ

નવરાત્રીના દિવસો પૂરા થવામાં હતા. સોસાયટીની સ્ત્રીઓ ચોગાનમાં મુકાયેલી માતાજીની માંડવીની આસપાસ ગરબા લેતી. મુંબઈ જેવા શહેરની એકલદોકલ સોસાયટીમાં હજુ શેરી ગરબા સચવાયેલા હતા. સોસાયટીની બધી સ્ત્રીઓ ભાવથી માતાજીના ગરબા ગાતી. રાત્રે બાર વાગ્યાની આસપાસ ગરબા પૂરા થાય અને પ્રસાદ વહેંચાય. બધી સ્ત્રીઓ પ્રસાદ ખાતી હોય ત્યારે બી વિંગમાંથી એક સ્ત્રીના રડવાની ચીસો સંભળાતી, દરરોજ.

બી વિંગના પાંચમા માળનો પહેલો ફ્લૅટ. એ સ્ત્રીનું નામ કોઈને આવડતું નહોતું. કોટનની ડાર્ક રંગની સાડીઓના મોટા ઘૂંઘટમાં એ ચહેરો ઢાંકી રાખતી. ફૂલ સાઇઝનું કોણી સુધીનું ફૂલગોટ્ટાનું બ્લાઉઝ, ઘૂંઘટમાંથી દેખાતું કાળા મોતીવાળું ચાંદીનું જાડું મંગળસૂત્ર, બંને હાથમાં એક એક સોનાની અને બાકી કાચની લીલી બંગડીઓ. ડાર્ક લાલ રંગથી રંગાયેલા નખ અને પગમાં મોજડી. એનો ચહેરો ક્યારેય કોઈએ જોયો નહોતો. સતત ઘૂંઘટમાં રહે. નીચે એ શાકભાજી લેવા આવે ત્યારે પણ એના સાસુ એની સાથે હોય જ. પરણીને આ સોસાયટીમાં આવી એ વાતને આઠેક મહિના થઈ ગયા. કોઈ કહેતું કે એ બિહારની છે, કોઈ કહેતું કે યુ.પી. કે એમ.પી.ની છે. ઘૂંઘટની આડશમાં દેખાતી ડાર્ક આઇલાઇનર કરેલી એ આંખોનું તળ કોઈ નક્કી નહોતું કરી શકતું. એ છોકરી પરણીને આવી એના મહિના પહેલાં જ એના સાસરિયાના લોકો આ સોસાયટીમાં રહેવા આવ્યા હતા. સોસાયટીની સ્ત્રીઓએ આજ સુધી એ પાંચમા માળાના ઘર વિશે અનેક વાતો સાંભળી હતી.

"તમને ખબર છે? એ જેને પરણી છે એ એનો જ બનેવી થાય છે. આની પહેલાં એની મોટી બહેન આ લોકોમાં પરણીને આવેલી. બાળક નહોતી દઈ શકતી તો મારી નાખી હતી."

"હા, એની બહેન મરી ગઈ એટલે એ લોકોના રિવાજ પ્રમાણે નાનીને પરણવું પડ્યું."

"હાય હાય, પોતાના બહેનના હત્યારાને તો કેમ પરણી શકાય, જોડે રહી જ કઈ રીતે રહી શકાય."

"બિચારી, ઘૂંઘટમાં કેટલી ગૂંગળાઈને એકલવાયું જીવતી હશે."

"એનો વર મિલમાં નોકરી કરે છે. રોજ રાત્રે દારૂ પીઈને આવે છે અને આખા દિવસનો ગુસ્સો આ બાઈ પર ઉતારે છે."

"મા વગરની છે, દારૂડિયા બાપે પૈસા માટે મોટીને આ જ ઘરમાં આપી અને હવે નાનીને પણ આપી દીધી."

"અરે રે, ઘોર કળિયુગ કહેવાય!"

"તમને ખબર છે? એ સાવ અભણ છે. વાંચતા લખતા બિલકુલ નથી આવડતું."

"ઓય મા બિચ્ચારી..."

આ બધી વાતોની વચ્ચે એક વાત હંમેશાં આગળ મુખ્ય રહેતી કે એ કેવી દેખાતી હશે. કોઈ કહે બહુ જ રૂપાળી છે, કોઈ કહે એકદમ કાળી છે, કોઈ કહેતું કાળી ભલે હોય પણ નમણી બહુ જ દેખાય છે. આ બધામાં એક વાત તો સાવ સાચ્ચી એ કે કોઈએ એ બાઈનો સ્પષ્ટ ચહેરો નહોતો જોયો. કંઈક વિચિત્ર હિન્દીમાં એની સાસુ સતત એ વહુને ધમકાવતી રહે. રાત્રે એનો વર કામ કરીને આવે પછી માર્યા કરતો. કોઈ કહેતા દેણું વધી ગયું છે એટલે પેલો બધો ગુસ્સો એની વહુ પર કાઢે છે. કોઈ કહેતું કે બાળક થાય એમ નથી એ વાતનો ગુસ્સો છે. વાત જે હોય તે પણ કોટનના ઘૂંઘટની પેલે પાર બે આંખો ગૂંગળાતી અને ભીંજાતી એ વાત સન્નાટો બનીને થરથર્યા કરતી.

બાજુમાં જ બંગાળી કૉલોની હતી. સો-બસ્સો બંગાળી પરિવાર રહેતા. એ બધા લોકોએ એની કૉલોનીમાં દુર્ગા પૂજા રાખી હતી. છઠ્ઠા નોરતાથી પંડાલમાં દુર્ગાની મૂર્તિ સ્થાપના કરવામાં આવી હતી. સોસાયટીની સ્ત્રીઓ પોતાના ગરબા પૂરા કરી બંગાળી કૉલોનીમાં દુર્ગામાતાની મૂર્તિનાં દર્શન કરવા

જતી.

એ બપોરે સોસાયટીની સ્ત્રીઓએ પેલી કોટન સાડીના ઘૂંઘટવાળીની મરણતોલ ચીસ સાંભળી. બધા ઘરની બારીઓ ખૂલી ગઈ, આંખો અને કાન સીધા બી વિંગના પાંચમા માળે. કોઈ કહેતું હતું કે એમણે થેલો લઈને ભાગી જતી પેલી કોટન સાડીના ઘૂંઘટવાળી સ્ત્રીને જોઈ હતી. એના વરે એને અધવચ્ચેથી પકડી લીધી હતી. પેલી કદાચ ભાગીને એના ઘરે જતી રહેવાની હતી. સાંજે ગરબા ગાવા ભેગી થયેલી સ્ત્રીઓએ વાતો કરી કે અરેરેરે આજે તો એ બિચારીને બહુ મારી!

દશમની છેલ્લી પૂજા હતી. સોસાયટીની બધી સ્ત્રીઓ બંગાળી કૉલોનીમાં ગઈ હતી. બંગાળી કૉલોનીની લાલ બૉર્ડરની સફેદ સાડી પહેરેલી સ્ત્રીઓ એકબીજાને સિંદૂર તિલક કરતી હતી, ઢોલક વાગતા હતા, હાથમાં ધૂપકુંડી લઈને સફેદ ધોતી કૂર્તો પહેરેલા પુરુષો દુર્ગાની મૂર્તિ સામે ધૂપનૃત્ય કરતા હતા. સ્ત્રીઓ પાનનાં બીડાં અને નૈવેદ્યથી છેલ્લીવાર દુર્ગામાતાની મૂર્તિનું મોં મીઠું કરતી હતી. મોટી ઉંમરની બંગાળી સ્ત્રીઓ શંખ વગાડતી હતી અને જીભથી ઉલૂલૂલૂલૂ શૂભોધ્વનિ કરતી હતી. અચાનક પોલીસ વાનની સાઇરન સંભળાઈ. પાછળ ઍમ્બ્યુલન્સની સાઇરન સંભળાઈ. ફરી વાતો શરૂ થઈ. શું થયું? શું થયું? બી વિંગની એક સ્ત્રી દોડતી આવી કે, “આપણી સોસાયટીમાં ખૂન થઈ ગયું!”

“કોનું?” બધી સ્ત્રીઓ દોડી. પંડાલમાંથી દુર્ગાની મૂર્તિ વિસર્જન માટે આગળ વધી. મહિલા પોલીસની હાથકડી પહેરીને પેલી કોટન સાડી દાદરા ઊતરતી હતી. સોસાયટી માણસોથી ખીચોખીચ. બધાના ચહેરા ડઘાઈ ગયેલા.

“એનો વર એને સળગાવવા નજીક આવ્યો તો રસોડાના ચપ્પુથી એણે વરને પતાવી દીધો. લોહીના ફુવારા છૂટી ગયા પણ એ ચીસો પાડતી રહી અને વરને રહેંસી નાખ્યો.” ગણગણાટ. ફાટી આંખે સોસાયટીની સ્ત્રીઓ જોઈ રહી. પેલી કોટન સાડીનો ઘૂંઘટ પોલીસની વાનમાં બેઠી. પાછળ સ્ટ્રેચરમાં એના વરની લાશ ઍમ્બ્યુલન્સમાં મુકાઈ. પોલીસની વાન સોસાયટીના બહાર નીકળી અને એ જ સમયે વિસર્જન માટે દુર્ગાની મૂર્તિ લઈને બંગાળી કૉલોનીમાંથી ટોળું બહાર નીકળ્યું. પોલીસની વાન અને દુર્ગાની મૂર્તિવાળો ટ્રક ટ્રાફિકમાં ફસાયા હતા. વિસર્જનના ઢોલનગારા વાગતા હતા. અબીલ ગુલાલકંકુ ચોમેર ઊડી રહ્યું હતું. ચારેતરફ શુભોધ્વનિ અને શંખ સંભળાતા હતા. બંગાળી સ્ત્રી પુરુષો મંજીરાના તાલે નાચી રહ્યાં હતાં. ટ્રકમાં દુર્ગાની વિશાળકાય મૂર્તિ પરથી કંકુ ઊડ્યું. ઘૂંઘટમાં મોઢું ઢાંકેલી એ સ્ત્રીના ચહેરા પરથી પવનના લીધે ઘૂંઘટ હટી ગયો ને એના ચહેરા પર વિસર્જનનું કંકુ ઢોળાતું હતું!



બાનું સરનામું

વૈભવને પરણીને હું અમદાવાદ ગઈ ત્યારથી મને એવું સતત લાગે છે કે બા હવે એકલી પડી ગઈ છે. બાપુ તો વર્ષો પહેલાં ગુજરી ગયેલાં. મને અને ભાવિકને બાએ જ મોટાં કરેલાં, ભણાવ્યાં – ગણાવ્યાં અને પરણાવ્યાં. ભાવિક મારાથી બે વર્ષ નાનો. ભાવિક નાનપણથી હૉસ્ટેલમાં રહ્યો અને ભણ્યો.મુંબઈ નોકરીએ લાગ્યો અને બહુ સારા વિસ્તારમાં પરણીને સેટલ થઈ ગયો. ડાકોરમાં બા હવે એકલી હતી. અત્યાર સુધી અમે મા-દીકરી એકબીજાની હિંમત હતી પણ હું સાસરિયે જતી રહી પછી મને એવું સતત લાગ્યા કરે કે બાની હિંમતના ગઢના કાંગરા ધીમે ધીમે ખરી રહ્યા છે. ભાવિકના લગ્નની ધમાલ પતી અને પછી એની પત્ની જુલી સાથે એ મુંબઈ જવા સામાન પેક કરી રહ્યો હતો ત્યારે મેં એને કહેલું કે,

"ભાવિક, બા અહીંયા ડાકોર એકલી રહેશે?"

એ મારી સામે જોઈ રહેલો અને પછી વિચારીને બોલ્યો હતો કે,

"દીદી, બાને અમે લોકો આવતા મહિના સુધીમાં લઈ જઈશું. તમારી વાત તો સાચી હવે આમ ક્યાં સુધી બા એકલી રહેશે!"

એ પછીના છ મહિના સુધી ભાવિકનો કોઈ ફોન ન આવ્યો. મને અમદાવાદ બેઠા બેઠા અકળામણ થાય. ઘણા બધા પ્રશ્નો અળાઈની જેમ ચટકા ભરે. વૈભવ મને કહેતા કે, "સપના, તને જો તારા બાની એટલી જ ચિંતા થતી હોય તો આપણા ઘરે બોલાવી લે." મને વૈભવની વાત સાચી લાગતી પણ લગ્ન પછી દીકરીઓનો એક અલગ જ સંસાર હોય, સાસુ- સસરા હોય, બીજા અનેક વ્યવહાર હોય તો આ બધામાં બાને હું ક્યાં રાખું. આખરે મેં ભાવિકને ફોન કર્યો કે, "ભાવિક, બહુ વાર લગાડી તે ભાઈ, બાને તું ક્યારે લઈ જવાનો છે?" અને જવાબમાં એ બીજા જ અઠવાડિયે એ કાર લઈને આવ્યો ને બાને લઈને મુંબઈ જતો રહ્યો.

એક હાશકારો થયો. એકલી રહેતી બા વિશે એક નહીં એકાવન ખરાબ વિચાર આવે કે એ પડી ગઈ હશે? એને વાગ્યું હશે? તાવ હશે તો કોણ હૉસ્પિટલ લઈ જશે? દૂધ લેવા જતી હશે? ઘરમાં ચોર આવ્યા તો? આ બધા વિચારો પથારી પર સળવટો બનીને આખી રાત પજવતા પણ હવે શાંતિ.

પંદરેક દિવસ માંડ થયા હશે. જુલીભાભીના ફોન શરૂ થઈ ગયા કે "સપનાબહેન, બાને સમજાવોને તમે એમને અહીંયા નથી રહેવું. હું કોઈ વાતની ખોટ નથી આવવા દેતી પણ એ સતત એવું કહે છે કે મૂંઝારો થાય છે, જીવ ચૂંથાય છે, મુંબઈમાં અડવું અડવું લાગે છે." હું ફોનમાં બાને સમજાવતી કે "બા, તમારે સાવ એકલા શું કામ રહેવું છે? જુલીભાભી અને ભાવિકે તમારા માટે જ તો મોટું ઘર લીધું છે." ભાવિક પણ ફોન કરીને કહેતો કે "દીદી, અમે કોઈ કસર બાકી નથી રાખતા પણ એમને એવું લાગે છે કે અહીંયા પાંજરામાં પુરાયા છે. હું એમને રોજ કારમાં મંદિરે લઈ જઉં છું પણ એને ડાકોર ભુલાતું નથી."

હું હવે બા પર અકળાતી કે "બા, તને શાંતિથી બેસીને ખાતાય નથી આવડતું, સુખ કેમ પચતું નથી?" વૈભવ મને શાંત પાડતા કે "સપના, તું એમ તારા બા પર વરસી ન પડ. ઘરડું માણસ છે. આખી જિંદગી એણે ડાકોરમાં કાઢી છે તો સ્વાભાવિક છે કે એનાથી ડાકોર ન છૂટે. મોટા ફળિયામાં રહેવા ટેવાયેલી ત્યાં ફ્લૅટમાં ગૂંગળાય જ."

આખરે એક દિવસ ભાવિકનો ફોન આવી ગયો કે "બાને બસમાં બેસાડું છું, કાલે સવારે ડાકોર પહોંચી જશે. એમને ફાઇનલી અહીં નથી જ રહેવું." હું સમસમી ગઈ.

બીજા દિવસે હું અને વૈભવ બાને મળવા ગયાં. વૈભવે મને કહેલું કે સપના બા પર ગુસ્સો ન કરતી. મેં રસોડામાં ચા બનાવી. બા નિરાંતે ખાટલો ઢાળીને ફળિયામાં બેસીને માળા કરતી કરતી વૈભવ સાથે

હસીને વાતો કરતી હતી. ચાનો કપ મેં એમના હાથમાં આપ્યો પણ હું કશું બોલી નહીં. એણે હસીને ચાય પીધી અને મારી સામે જોઈને બોલી,

"મને ખબર છે સપના કે તને કઈ વાતનું ખોટું લાગ્યું છે."

વૈભવ ઇશારો કરીને મને નોર્મલ રહેવાનું કહેતો હતો.

"ખબર જ છે તો કારણ પણ આપી જ દે બા, નાના છોકરાની જેમ ડાકોર જવું, ડાકોર જવું તું કરતી હતી. કયો લાડવો અહીં ડાકોરમાં દાટ્યો છે કે આમ ડાકોર આવવા તું બાવરી થતી હતી?"

વૈભવે મને વચ્ચેથી રોકી પાડી, "તમે બંને મા-દીકરી લડી પડવાના હો તો હું અત્યારે જ નીકળી જઉં છું. મળ્યા જ છો તો શાંતિથી વાતો કરો અને ભૂલી જાઓ બધું." હું અને બા અલગ અલગ દિશામાં જોઈ રહ્યાં. એકવાર મારાથી ફરી આખા ખાલી મોટા ઘર તરફ જોવાઈ ગયું. મારી આંખોમાં આંસુ છલકાયા.

"બા, અહીંયા તું સાવ એકલી રહીશ. તને એકલા કેવી રીતે ફાવશે? રાતદિવસ મને તારી ચિંતા રહે છે. તું કેમ પાછી આવતી રહી?"

મારા ખભા પર હાથ મૂકીને ધ્રૂજતા અવાજે એ બોલી,

"મને ત્યાં નહોતું ફાવતું, ડાકોર યાદ આવતું હતું. એકલું લાગતું હતું, જીવ ચૂંથાતો હતો, ગૂંગળામણ થતી હતી. આવું બધું તારી પેલી જુલીભાભીનું અને તારા ભાઈ ભાવિકનું કહેવું હતું એટલે."



એક આવડત !

"નેહા, તને આ પણ નથી આવડતું? નેહા, તને યાર લાઇફમાં કશું બેસ્ટ કેમ નથી આવડતું? શું કરવું મારે તારું?" આ સંવાદો બહુ સામાન્ય હતા અમારા ઘરમાં. હિતાંશને મારા માટે ફરિયાદો હંમેશાં રહેતી. શરૂ શરૂમાં હું એ બધી ફરિયાદોને સંકોરવાના પ્રયત્નો કરતી, સતત સતર્ક રહેતી કે નેહા, તારાથી આ ભૂલ ન થવી જોઈએ. નેહા, વેઇટ તું આ ભૂલ કરી રહી છે. સુધાર જલદી સુધાર હિતાંશનું ધ્યાન જાય એ પહેલા... અને સાચ્ચું કહું, જેટલું ધ્યાન રાખતી એટલી ભૂલો વધારે થતી. ક્યારેક હિતાંશને શાકમાં મીઠું વધારે લાગે, ક્યારેક એને લાગે કે મારી રસોઈમાં તેલ તરે છે, ક્યારેક એને લાગે છે કે તેલ તો દેખાતું જ નથી. ક્યારેક એને લાગે છે કે મને ઈસ્ત્રી બિલકુલ નથી આવડતી તો ક્યારેક એને લાગે કે મારી ઈસ્ત્રી વધુ પડતી થઈ જવાથી એના શર્ટનું કાપડ નબળું પડી ગયું. ક્યારેક એને લાગે કે હું વાસણો બહુ જ ખખડાવું છું તો ક્યારેક એને લાગે કે હું ચામાં આદુ નથી જ નાખતી કે ઊભરો આવ્યા પહેલા ચા ઉતારી લઉં છું. "નેહા, તને આ પણ નથી આવડતું?" એ વાક્યમાં અને વાક્યમાં મારી કૉલેજ અધૂરી છોડીને પપ્પાએ ચીંધેલા સરનામે પરણી ગઈ અને બે બાળકોની મા થઈ ગઈ પણ હિતાંશનું કહેવું છે કે મારામાં હજુ પણ અણઆવડતનો અખૂટ ભંડાર છે. એને લાગે છે કે હું ક્યારેય નહીં સુધરું. મને ક્યારેક કશી સમજ નહીં પડે. થાક લાગ્યો, મને નહીં હિતાંશને. જે કૉલેજમાં એ ભણાવતો એ કૉલેજની કોઈ 'આવડત' સાથે એના સમાચાર બધે સંભળાતા થયા. લોકો મને કહેતા કે "નેહા, સાચવજે... આપણા વરને સાચવવાની આવડત તો આપણામાં હોવી જ જોઈએ." હું કઈ રીતે બધાને સમજાવું કે આ એ 'આવડત' જ તો નથી મારામાં. હું એમને કશું કહેતી નહીં. લોકોની વાતોની ભીંસ મારી છાતીમાં વધતી જતી. હિતાંશ મને બપોરના લંચબૉક્સમાં ડબલ રોટલીશાક અને ડબલ દાળભાત ભરવાનું કહેવા લાગ્યા. હું એ પણ કરતી પણ મને સંભળાતી વાતોમાં સાચું કેટલું અને ખોટું કેટલું એ સમજી શકવાની મારી આવડત નહોતી, કદાચ મેં પ્રયત્ન પણ નહોતો કર્યો. મને થયું કે આંખ બંધ કરી દઈશ એટલે અંધારું બની રહેશે. હવે હિતાંશ ઘરે મોડા આવતા અને ધીમે ધીમે અઠવાડિયે ક્યારેક ઘરે આવતા. બંને બાળકો આખો દિવસ મને મમ્મી, પપ્પા ક્યાં છે? ક્યારે ઘરે આવશે? પૂછી પૂછીને થાકી જતા. હું ઉંબરા પર ઊભી ઊભી જાણે ઉંબરો થઈ ગઈ. કોઈ ને કોઈ મને હંમેશાં કહેતું રહે કે "નેહા, તારા વરને અમે પેલી કૉલેજની ચિબાવલી સાથે અહીંયા જોયો, ત્યાં જોયો, બધ્ધે જોયો, રાતે જોયો, દિવસે જોયો, આમ જોયો, તેમ જોયો, ફલાણાએ જોયો, ઢીંકણાએ પણ જોયો..." હું ઊંડા શ્વાસ લેતી અને આખા ઘરમાં વિખરાયેલી મારી અણઆવડતોના ઢેબામાં મારી આવડત શોધ્યા કરતી.

એક દિવસ હિતાંશ મને કશું કહેવા આવ્યા અને મેં પ્રાર્થના કરી કે એ કશું જ ન બોલે અને એ બોલ્યા... મારી અણઆવડતો અને પેલીની આવડતોનું લાંબું લીસ્ટ. ઘર તારું અને જિંદગી મારી. જીવતર તારું ને શ્વાસ મારા, સંગાથ મારો ને એકલતા તારી, કોયડાઓ તારા અને હાશકારો મારો, આંસુ તારા ને ઝાકળ મારા... અને એ જતાં રહ્યા! ચોતરફ "બિચ્ચારી, રહી ગઈ! એનો વર જતો રહ્યો." પ્રાઇમરીમાં ભણતા મારો બાળકો જાણે રાતોરાત મોટા થઈ ગયા. આખી રાત અંધારાના ઓછાડના બે છેડા પકડીને હું ધ્રુસકે ધ્રુસકે રડતી રહી. સવારે ખંખેરી નાખી, પાછલાં વર્ષોની બધી ફરિયાદ. માથાબોળ નાહી લીધું અને કાંસકામાં આવે એ બધી ગૂંચો કાઢીને ફેંકી દીધી. હવે કોઈ નહોતું જે માપપટ્ટી લઈને મારી આવડતોને માપનાર હોય!

આ બધી અણઆવડતો અને આવડતોના હિસાબમાં હું પોતાનો વાંક ફંફોસતી રહી અને વર્ષો વીતી ગયાં. જીવતરની ઝાંખપ આંખોમાં લાગી અને બંને બાળકો મોટાં થઈ ગયાં. દીકરી પરણીને સાસરિયે જતી રહી અને દીકરો વહુ લાવ્યો. સંસાર ગોઠવાઈ ગયો હતો. જાત માટે જીવતા શીખી ગઈ. લોકો કહેતા, "નેહાબહેને તો જબરી હિંમત રાખી. બંને બાળકોને એકલા પંડે ઉછેર્યા, નોકરીએ ચડાવ્યા અને

રંગેચંગે પરણાવ્યા.” હું ચૂપચાપ બધું જ જોયા કરતી.

વર્ષો પછી જાણે ડોરબેલ વાગી. દરવાજો ખોલ્યો અને હું ચોંકી ગઈ. હિતાંશ ઊભા હતા. એના માથા પરની બે કરચલીમાં અને વાળની સફેદીમાં પાછળ છૂટી ગયેલા વર્ષોની ફિક્કાશ હતી. હું ઊભી રહી દરવાજે, ઉંબર પર જ.

“નેહા, આઇમ સૉરી. હું સાવ એકલો પડી ગયો છું. તારી પાસે પાછા આવવાની હિંમત માંડ કેળવી શક્યો છું. મને માફ કરી દે. તારા સિવાય મને કોઈ સાચવી શકે એમ નથી.”

હું એમની આંખોમાં એકીટશે જોઈ રહી. આટલાં વર્ષોમાં જે નહોતી ખાળી શકી એ બધા ડૂમાઓ જાણે કે એકસાથે શમી ગયા.

“હિતાંશ, આટલાં વર્ષોમાં માત્ર એક આવડત કેળવી શકી છું, ના પાડવાની આવડત!”



કોઈ એક પશ્મીના !

આખી બસ ભરચક હતી. એ છોકરી જ્યારે બસમાં ચડી ત્યારે પગ મૂકવાની પૂરતી પણ જગા નહોતી. શિયાળાની એ બપોર ઉનાળાની બપોર બનેલી હતી. સોમવારનો દિવસ હતો. એ છોકરી ધક્કામુક્કી કરીને એક સીટ પાસે માંડ પહોંચી ત્યાં સુધીમાં એ હાંફી ગઈ. ઑફવ્હાઇટ પીંક ચૂડીદાર, છુટ્ટાવાળ, મોટી પર્સ, નમણો ચહેરો અને મોટી પાંપણવાળી આંખો. બસમાં ઊભેલા બધા પુરુષો એની સામે એકધારું જોઈ રહ્યા હતા. એ છોકરી બસના ઉપરના આડા સળિયામાં લાગેલા હેન્ગરને પકડીને ઊભી હતી. એ થોડીવાર એમ લટકતી ઊભી રહી કે બાજુવાળી સીટ પરથી એની જ ઉંમરનો એક છોકરો ઊભો થઈ ગયો.

"તમે બેસી જાઓ, હું ઊભો રહું છું."

"અરે, ના. ચાલશે. મને ફાવશે." એણે ચહેરા પર છૂટી પડેલી લટોને કાન પાછળ ધકેલતા જવાબ દીધો.

"પણ તમને આમ ઊભા ઊભા ટીંગાયેલા જોવા મને નહીં ફાવે." એ છોકરી આ છોકરાની સામે સસ્મિત જોઈ રહી અને પછી એ છોકરાએ ખાલી કરેલી સીટ પર બેસી ગઈ. છોકરાના હાથમાં રહેલી બૅગ એ છોકરીએ લગભગ જીદ કરીને લઈ લીધી અને પોતાના ખોળામાં મૂકી દીધી. એ ચાર આંખો એક થઈ. સ્મિતની આપ લે થઈ.

"મારું નામ મંથન છે. રેડિયોમાં કામ કરું છું. આર.જે. છું."

"હા એ તો તમારા અવાજ પરથી લાગ્યું જ." એના ગુલાબી હોઠો પરથી સ્મિત રેલાયું અને પછી ચહેરા પર ઊડીને આવેલી કોરી લટને કાન પાછળ ગોઠવતા એ બોલી, "પશ્મીના મારું નામ છે. નાટકોમાં કામ કરું છું."

"બહુ જ ક્યુટ નામ છે!"

"થૅંક્યુ!"

"તમારો અવાજ ક્યુટ છે."

"અચ્છા, એટલે મારું મંથન નામ ક્યુટ નથી એમ?" આ વખતે બંને આજુબાજુવાળાઓની પરવા કર્યા વગર ખુલ્લા મને હસ્યા.

એક પછી એક સ્ટેશન પસાર થયા અને વાતો થતી રહી. પશ્મીનાની બાજુની સીટ ખાલી થઈ તો મંથન પણ ત્યાં આવીને બેસી ગયો. બૅગમાંથી દહીંવડા કાઢ્યા અને વાતો કરતાં કરતાં બંનેએ દહીંવડાનો સ્વાદ માણ્યો. નાટક, સાહિત્ય, સિનેમા, રંગો, તહેવારો અને ગણાઅણગમાની વાતો થઈ. બસનું છેલ્લું સ્ટેશન આવ્યું ત્યાં સુધીમાં બસ ખાલી થઈ ગઈ પણ મંથન અને પશ્મીના એકબીજાની વાતોથી ભરપૂર થયાં. બંને સાથે નીચે ઊતર્યાં. મંથને પોતાની ઑફિસનું અને ઘરનું ઍડ્રેસ સમજાવ્યું. મંથન રાહ જોતો હતો કે હવે પશ્મીના પણ પોતાના ઘરનું ઍડ્રેસ કહે પણ પશ્મીના કશું બોલી નહીં. મંથન સમજી ગયો કે પશ્મીનામાં સ્ત્રી સહજ મર્યાદાઓ અને સંકોચ છે. પશ્મીનાની આ વાતે તો એ વધારે ખુશ થયો. મંથને બૅગમાંથી ડાયરી કાઢી અને એક નાનકડી ચીઠી બનાવીને પશ્મીનાના હાથમાં પકડાવી. પશ્મીના સંકોચથી ચીઠ્ઠી જોઈ રહી.

"લાઇફમાં પહેલીવાર કોઈને ચીઠી લખી છે. ડૉન્ટવરી, મોબાઇલ નંબર નથી લખ્યો કે નથી આઇ લવ યુ કહ્યું. સો રીલેક્સ" પશ્મીનાએ સ્મિત આપ્યું અને ચીઠીને જોઈ રહી. બંને છૂટાં પડ્યાં પણ ત્યાં સુધીમાં બંને મનથી જોડાઈ ગયાં હતાં.

"પશ્મીના, ચીઠી વાંચજો!" કહીને મંથન પોતાની ઑફિસ જતો રહ્યો. જતાં જતાં ફરી સ્માઇલ અને પાંપણો ઝૂકી. પશ્મીના ક્યાંય સુધી રસ્તા વચ્ચે ઊભી રહી.

અચાનક એનો ફોન રણક્યો. એ ઝબકી ગઈ. પર્સમાંથી ફોન કાઢ્યો. સ્ક્રીન પર "પાપા" લખેલું દેખાયું. એ કોઈ અજાણ્યાનો ફોન રિસીવ કરતી હોય એમ એણે ફોન રિસીવ કર્યો.

"હલ્લો, બેટા તું ક્યાં છે? તું ક્યાં જતી રહી?"

પશ્મીનાને આ અવાજ એકદમ અજાણ્યો લાગ્યો. એણે ફરી આસપાસ નજર કરી. વાહનોના હોર્ન, રસ્તા વચ્ચે બેસેલી ગાયો, ફેરિયાઓની બૂમાબૂમ, ટ્રાફિક. પશ્મીના રસ્તા વચ્ચે ઊભી હતી એના કારણે ટ્રાફિક જામ થયો. એક ટ્રાફિક પોલીસમેન સીટી વગાડતો ડંડો હવામાં વીંઝતો પશ્મીના પાસે પહોંચી ગયો.

"હેલ્લો, તમે કોણ બોલો છો? મને કશી જ ખબર નથી પડતી, કોનું કામ છે તમારે? તમારે કોની સાથે વાત કરવી છે?" પશ્મીના ફોનમાં વ્યસ્ત હતી.

"બેટા, તારી આસપાસ કોણ છે? જે કોઈ હોય એને ફોન આપ... પ્લીઝ...અગત્યનું કામ છે. ફોન આપ તારી બાજુમાં જે હોય એને" પશ્મીના ભયંકર અકળાઈ. સામે ગુસ્સામાં લાલચોળ થતો દોડી આવતો ટ્રાફિક પોલીસવાળો કશું કહેવા જાય એ પહેલા પશ્મીનાએ એને ફોન પકડાવી દીધો. ટ્રાફિક પોલીસવાળો તો પશ્મીનાને ભાંડવા લાગ્યો.

"મેડમ, રસ્તા વચ્ચે ઊભા છો. હોર્ન સંભળાતો નથી? મરી જાવું છે તમારે... કોણ છે ફોનમાં..." ટ્રાફિક પોલીસવાળાએ ફોનમાં જોયું એમાં 'પપ્પા' લખેલું હતું એટલે એ બોલવા ગયો કે, "ભાઈ, તમારી આ દીકરીને કશી ખબર પડે છે? આખો રસ્તો...."

ફોનમાં સામા છેડેથી સીધો કરગરતો અવાજ સંભળાયો.

"સાહેબ, એને ક્યાંય જવા ન દેશો. તમારી પાસે જ રાખજો. તમે એડ્રેસ કહો અમે ત્યાં આવી જઈએ છીએ. એ અમને કહ્યા વગર ઘરની બહાર નીકળી ગઈ છે. એને અલ્ઝાઈમરની બીમારી છે. કલાક બે કલાકમાં બધું ભૂલી જાય છે." ટ્રાફિક પોલીસવાળાનું મોઢું ફાટ્યું રહ્યું. એ પશ્મીના સામે જોવા લાગ્યો. ઑફવ્હાઇટ પિંક દુપટ્ટાથી પરસેવો લૂંછતી પશ્મીના એના હાથમાં રહેલી ચીઠીને નવાઈથી જોઈ રહી. જેમાં લખ્યું હતું:

"આવતીકાલે તમારી રાહ જોઈશ. આપણે મળ્યા હતા એ જ સ્ટેશને.મને વિશ્વાસ છે કે તમે આવશો જ."



કંકુથાપા ને તર્પણ

કન્યા વિદાય થઈ ત્યારે મેં પોળના અમારા ઘરની દીવાલે કંકુથાપા કરેલા. હાથમાં ચોખાનો ખોબો ભરીને ચોખાને પાછળ ઉડાડ્યા હતા. નાનપણથી મમ્મી તો હતી નહીં એટલે પોળની બધી સ્ત્રીઓ જ મમ્મીની ભૂમિકા નિભાવતી. એ લોકોએ સમજાવેલું કે “અવની, કંકુથાપા કર્યા પછી આ રીતે દીકરી ચોખા વધાવે એટલે માવતરની એકોતેર પેઢીનું તર્પણ થાય.” પોળ છોડીને નવા અમદાવાદમાં સાસરિયે આવી પણ કરિયાવરના ઢગલામાં છાતીમાં એક ટીસ લઈને પણ આવી હતી કે પપ્પાનું હવે કોણ? હાર્દિક સાથે લગ્ન માટે રાજી થઈ એનું એક કારણ તો એ પણ હતું કે હાર્દિક અમદાવાદ જ રહેવાના હતા. સાસરિયું અમદાવાદમાં જ એટલે સમય મળ્યે દોડીને પોળના ઘરમાં એકલા રહેતા પપ્પા પાસે દોડી જવાય. પણ ધીમે ધીમે મને સમજાતું ગયું કે એ વારંવાર શક્ય નહીં જ થાય.

લગ્ન પછી નવી નવી જવાબદારીઓ આવતી હોય છે. હંમેશાં નવી નવી આવતી જતી જવાબદારીઓમાં પાછળ કશુંક ને કશુંક છૂટતું જાય છે. પણ એક વાત નથી છૂટી કે પોળમાં પપ્પા એકલા છે, જો કે પપ્પા બધાની સાથે રહીને પણ હંમેશાં એકલા જ રહ્યા છે. એક વાત આખી પોળને ખબર કે અવનીને એના પપ્પાની બહુ જ કાળજી. શરૂ શરૂમાં દર અઠવાડિયે પપ્પા પાસે આવતી પણ ધીમે ધીમે આ ક્રમ તૂટ્યો. આખરે મહિનાઓ સુધી પપ્પા પાસે ન જઈ શકતી. મારા અપરાધભાવમાંથી હું છૂટી શકું એટલે હાર્દિકે ફૂલ ટાઇમ પપ્પાનું ધ્યાન રાખી શકે એવી બાઈ શોધી આપી. સવારે આવીને એ બાઈ પપ્પાના ચા-નાસ્તાથી માંડીને પપ્પાના રાતના જમવાની રસોઈ બનાવી આપતી, સાથોસાથ કચરા પોતા ને સાફસફાઈ તો ખરી જ. મને હાશકારો થયો. થોડા દિવસ પછી એક દિવસ અચાનક જ પપ્પાને મળવા પહોંચી ગઈ અને જોયું તો ઘરમાં ચારેબાજુ ધૂળ હતી, ખૂણામાં બાવાઓ બાઝેલા હતા, બારીઓ પર કબૂતરની ચરકના ધબ્બા, વાસણોમાં ડાઘા અને રોટલી અરધી બળેલી, પપ્પાના શાકમાં મીઠું બિલકુલ નહીં ને મરચું ભરપૂર. મારું મગજ તપી ગયું. એ બાઈને મેં તરત છૂટી કરી દીધી પણ મનમાં ફરી પેલો અપરાધભાવ ઘર કરી ગયો કે પપ્પાનું હવે કોણ? પપ્પા સાવ એકલા પડી ગયા છે. પપ્પાએ પોતાના સ્વભાવ મુજબ ક્યારેય ફરિયાદ નથી કરી એ વાતની ફરિયાદો મારી છાતીમાં ડૂમો બનીને ધક્કે ચડી. બે દિવસ પપ્પા સાથે જ રોકાઈ અને નવી કામવાળી ગોઠવીને ભારે મને સાસરિયે પાછી આવી.

એક દિવસ તો હદ થઈ ગઈ. હું સાંજે પપ્પાને મળવા ગઈ અને જઈને જોઉં તો પપ્પા બાથરૂમમાં ફસડાયેલા હતા. તાવથી ધગધગી ગયેલા શરીરમાં અશક્તિ ભરપૂર. પપ્પાએ મને કીધું પણ નહીં! પપ્પાને તાત્કાલિક હૉસ્પિટલમાં ઍડમિટ કર્યા. હાર્દિકે મને કહ્યું પણ ખરું કે “અવની, આપણે પપ્પાને આપણા ઘરમાં બોલાવી લઈએ.” પણ સાચ્ચું કહું તો મોટા વસ્તારીના સાસરિયામાં પપ્પાને રાખવા એ વાતે મારા મનમાં કંઈક ખૂંચ્યું. કોઈ મારા પપ્પા પર દયા ખાય એ પણ મને તો ન જ પોસાય.

પપ્પાને હૉસ્પિટલથી ઘરે લાવ્યા. એમણે મારો હાથ પકડીને મને કીધું કે, “અવની, મને વૃદ્ધાશ્રમમાં જવું છે. ત્યાં કંપની મળી રહેશે. બહુ એકલો રહ્યો હવે એકલા નથી રહેવું. તને પણ ચિંતા નહીં રહે.” પપ્પાએ પહેલી વખત પોતાની ઇચ્છા કહી. ઘડીક તો હું પોતે જ હચમચી ગઈ. મેં હાર્દિકને વાત કરી એ આખી વાતને સમજીને સ્વીકારી શક્યા અને પછી વાતનો વંટોળ ફૂંકાયો. મારા સંસ્કારો પર વાત આવીને ઊભી રહી કે હું તો કેવી દીકરી કે જે બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવા નીકળી છે. ઠેરઠેરથી ફોન શરૂ થઈ ગયા. આજ સુધી જે સગાવહાલા સૂતાં હતાં એ બધાં અચાનકથી જાણે કે સફાળા બેઠા થઈ ગયા. બધાને એવું લાગ્યું કે એમના પગ તળેથી સંસ્કારોની ધરતી ખસી ગઈ.

“અવની, તને તારા પપ્પા ભારે પડતા હોય તો અમારા ઘરે મૂકી જા.”

“અમે સાચવીશું!”

"સમાજમાં કેવી વાતો થશે."

"હાસ્તો, દીકરી થઈને બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવા નીકળી છે, લોકો કેવી કેવી વાતો કરે છે એનો તને અંદાજ પણ છે?"

મારા સાસરિયે પણ આ વાતની અસર થઈ. મારા સાસુને લાગ્યું કે જે વહુ પોતાના બાપને જો વૃદ્ધાશ્રમમાં મૂકી આવતી હોય તો અમે તો એના સાસુ-સસરા છીએ, આજ નહીં તો કાલ અમારી પણ આ જ વલે થશે. હવે મને પોતાને નહોતું સમજાતું કે કઈ રીતે બધું સંભાળું. સાચ્ચું કહું તો હું ડરી ગઈ અને ક્યાંક ને ક્યાંક મારો સંકલ્પ ડગમગી ગયો. બધા લોકો પપ્પાને સમજાવવા આવતા. પપ્પા કશું બોલતા નહીં બધાને. ચૂપચાપ સાંભળ્યા કરતા. હું પપ્પાને મળવા ગઈ. કલાકો સુધી અમારી વચ્ચે ચૂપકીદી રહી. મેં ચાય આપી. એણે ચા પીતા પીતા કહ્યું, "અવની, બેટા મારે ક્યાંય નથી જવું. આખી વાતમાં દોષનો ટોપલો લોકો તારા પર ઢોળી રહ્યા છે. આખી જિંદગી એકલો રહ્યો જ છું ને... થોડું વધારે ખેંચી લઈશ. હશે હવે, મારા નસીબ બીજું તો શું!" ખબર નહીં અચાનકથી મને શું હિંમત આવી કે હું ઊભી થઈ અને પપ્પાનો સામાન બાંધવા લાગી. એ નવાઈથી મારી સામે જોઈ રહ્યા. મેં હાર્દિકને મૅસેજ કરી દીધો. પપ્પાએ મારો હાથ પકડી લીધો,

"અવની બેટા, તું આ..."

"પપ્પા, મારે કોઈનો વિચાર નથી કરવાનો. મારા માટે તમારું સુખ સૌથી અગત્યનું છે. લોકોને જે બોલવું હોય એ બોલે. લોકોની વાતોની બીકથી હું તમને આમ એકલા ટળવળતા ન મૂકી શકું. આખી જિંદગી તમે બીજા બધા માટે જીવ્યા છો, હવે તમારે તમારા માટે જીવવાનું છે. તમને વૃદ્ધાશ્રમમાં હું મૂકી જઈશ." પપ્પાની આંખોમાં ઝળઝળિયા. સામાન સાથે પપ્પાનો હાથ પકડીને હું જ્યારે પોળના ઘરની બહાર નીકળી ત્યારે મને લાગ્યું કે ઘરની દીવાલે લાગેલા કંકુથાપા વધારે ઘાટ્ટા થયા અને એકોતેર પેઢીના તર્પણના ચોખા અત્યારે પપ્પા પર ઊડ્યા એકસામટા.



તારા શહેરમાં !

સ્ટેશન પરના અવાજો અને ચહલપહલના કારણે આંખ ખૂલી ગઈ. કાચી ઊંઘનો થાક આંખમાં કણાની જેમ સહેજ ખૂંચ્યો. જાગીને સૌથી પહેલાં સામાન પર એકવાર નજર ફેરવી લીધી. ઊંઘમાં વીખરાયેલા વાળને બે હાથે પકડીને અંબોડામાં બાંધ્યા. બહાર ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. બારી પાસે મૂકેલા પુસ્તકનાં પાનાં પર વાંછટ લાગી છે કે નહીં એ જોઈને મેં મારી સ્કાય બ્લુ રંગની સાડીના પલ્લુથી પુસ્તક લૂંછી લીધું. સ્હેજ ઝૂકીને મેં સ્ટેશનનું નામ વાંચ્યું. એક ધબકારો ચૂકી ગઈ. અંકિત, આ તો તારું શહેર છે. આમ તો મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું તારા શહેરમાં આવીશ એ પણ આટલાં વર્ષો પછી. આમ તો હું તારા શહેરમાં છું એવું કહી ન જ શકાય કેમકે હું નીચે નથી ઊતરી. બેસી રહી છું ટ્રેનની બારીના સળિયા સજ્જડ પકડીને. ટ્રેનમાં ચડી ત્યારે અંદાજ હતો જ કે તારું શહેર રસ્તામાં આવશે જ. મેં નક્કી કરેલું કે ભલે આવે પણ હું આંખો બંધ રાખીશ. સજ્જડ બંધ. સૂઈ રહીશ એટલે ખબર પણ નહીં પડે કે તારું શહેર ક્યારે આવ્યું અને ક્યારે જતું રહ્યું. ખબર નહીં તોય મારી આંખ અહીંયા આવતા કેમ ખૂલી ગઈ.

સહેજ અકળામણ જેવું થાય છે. બહાર નીકળવાનું મન થયું પણ બેસી રહીશ. પછી અંબોડામાંથી છૂટી પડેલી લટને બમણા ઝનૂનથી કાન પાછળ ધકેલી બંને હાથથી ચહેરો ઘસીને સાફ કરી નાખું છું અને ખુદને સમજાવું છું કે ના અનાહિતા, અહીં જ બેસી રહે. ક્યાંય જવાની જરૂર નથી. ફરી બારી બહાર જોઈ રહી. એવું લાગ્યું કે બહાર ઊભેલા દરેક લોકો મારી તરફ આંગળી ચીંધીને કહી રહ્યા છે કે આ તો પેલા અંકિત સાથે હતી એ જ અનાહિતા છે. હું એકદમથી ઊભી થઈ ગઈ. મોટાં મોટાં ડગલાં ભરીને ટ્રેનના દરવાજે ઊભી રહી ગઈ. બહાર વાતાવરણ વરસાદી હતું. સાંજના ચાર વાગ્યા હતા. એકવાર તારા શહેર પર એક નજર કરી અંકિત. ઊંડા શ્વાસ લીધા. કોઈ પરિચિત સુગંધ જાણે કે મારા ફેફસામાં ભરાઈ. તરત જ ડરની મારી એક ડગલું પાછળ હટી ગઈ. તને એક વાત કહું અંકિત, તારા શહેરની ગંધમાં પણ તું જ છે. છોભીલી પડી જાઉં છું. વરસાદ સાથે પવન છે. કોટન સાડીનું પલ્લું પણ હવામાં ફાવતું નથી એ રીતે લહેરાઈ રહ્યું છે. અંબોડાની ખાસ્સી લટો નીકળી આવી એટલે વાળ છોડી નાખ્યા. વાળ ઊડ્યા અને ઠંડો પવન પીઠ પર અથડાયો. એક ધબકારો ચૂકી ગઈ કે તારા શહેરના પવનમાં પણ તારા આંગળાનો સ્પર્શ અકબંધ છે. મારા કપાળ પર અને છાતી પર ઝીણા વરસાદનો ભેજ છે કે તારા સ્પર્શથી વળેલો પરસેવો એ હું નક્કી નથી કરી શકતી. બાજુમાં રેલ્વેનો બીજો ટ્રેક છે અને એ પાટા પર કોઈ અજાણ્યા નાના છોડ ઊગ્યા છે. નક્કર લોખંડ વચ્ચે કૂંપળનું ફૂટવું એ જોવું ગમે પણ એનું અસ્તિત્વ કેટલો સમય? કદાચ આપણા સંબંધ જેટલું જ. જો હું અત્યારે અદબ વાળીને હોઠ દઢતાથી બીડીને ઊભી છું કેમકે મારે કોઈ ફરિયાદ નથી કરવી. તને હંમેશાં એવું જ લાગતું હતું ને અંકિત કે હું જ ફરિયાદ કરું છું, જો કાયમ માટે ચૂપ થઈ ગઈ. અત્યારે એ પાટા ખુલ્લા છે. થોડા સમય પહેલાં ત્યાં પણ કોઈ ટ્રેન હશે જ ને. જેમ અત્યારે આ ટ્રેન અહીં ઊભી છે એમ. એનો સમય આવ્યે એ પણ જતી રહેશે. પાછળ બધું એમનું એમ રહેશે જેમ તારા ગયા પછી હું રહી ગઈ એમ, એમની એમ.

તું તારા ઘરની બારી પાસે બેસીને લખી રહ્યો હોઈશ. પવનમાં તારા પુસ્તકનાં પાનાં ફરફરી રહ્યાં હશે. તારી બાજુમાં મુકાયેલા ચાયના મગમાંથી આછી વરાળ નીકળતી હશે. તારા ટેબલની આસપાસ પુસ્તકોની ભેજવાળી ગંધ પથરાયેલી હશે. તું લખતો લખતો અટકી જઈશ અને બારી બહાર વરસતા વરસાદને જોઈશ ત્યારે તને તો ખબર પણ નહીં હોય ને કે તારા શહેરમાં હું આવી છું અને જતી પણ રહેવાની. કેવું કહેવાય કે આટલા બધા માણસોથી ધબકતા આ શહેરની ઓળખ મારા માટે તો માત્ર તારું શહેર છે. તને એવું અત્યારે થોડીવાર પણ અનુભવાતું હશે કે વરસતા વરસાદમાં હું આવી છું, નહીં આવવા બરાબર. ખબર નહીં. ટ્રેનની વ્હીસલ વાગી. ટ્રેન ધીમે ધીમે પ્લેટફૉર્મ છોડી રહી છે. હું

આગળપાછળ જોયા વિના પાછી મારી જગ્યાએ ગોઠવાઈ જાઉં છું. ખબર નહીં કેમ પણ આંખમાં આંસુ આવી જાય છે વારંવાર. આંખોના નંબર વધી ગયા છે, બહુ દૂરનું જોવાનું હવે બંધ કરવું પડશે. તારું શહેર છૂટી રહ્યું છે ધીમે ધીમે અને તું ત્યાં જ છે હજુ પણ અકબંધ.



ચુપકીદીનો હિસાબ

સાસરિયે આવી ત્યારે આ એક વાતની નવાઈ બહુ લાગેલી. મારા સસરા મારા સ્વર્ગસ્થ સાસુના ફોટો સાથે સતત વાતો કરતા રહે છે. શરૂ શરૂમાં મને આ વાત અજુગતી લાગતી પણ પછી ધીમે ધીમે મને ટેવ પડી ગઈ. ટેવ પડી હતી પણ આ વાત હજુ હું સ્વીકારી નહોતી શકી. મારા સસરાના બંને પગે વા એટલે એ બિચારા આ તકલીફના કારણે ક્યાંય બહાર નીકળતા નથી. આખો દિવસ ઘરમાં બેસી રહે. સહેજ નવરા પડે તો પોતાના રૂમમાં જતાં રહે અને બેડની બાજુના ટેબલ પર મુકાયેલા મારા સ્વર્ગસ્થ સાસુના ફોટો સાથે વાતો કર્યા કરે. એમની વાતો પણ એટલી ધીમી હોય કે કોઈ બીજાને સંભળાય પણ નહીં કે એ શું બોલી રહ્યા છે. થોડા જ દિવસોમાં મને સમજાઈ ગયું કે મારા સાસરિયાના લોકો મારા સસરાને ગાંડા માને છે. મારા કાકીજી મને કહેતા કે, "એમાં એવું છે ને તેજલ, કે મોટાભાઈ અને ભાભીને બહુ બનતું નહીં. એટલે ભાભીને હાર્ટએટેક આવી ગયો પછી પણ મોટાભાઈ ઝઘડવા માટે સતત ફોટા જોડે વાત કરતાં રહેતા હોય."

મારા જેઠાણી મને કહે કે, "જો તેજલ, શરૂ શરૂમાં તો મનેય તારી જેમ તાલાવેલી થતી કે બાપુજી શું વાતો કરે છે. થોડા જ દિવસોમાં મને સમજાઈ ગયું કે બાપુજીની આવી ગાંડી વાતોમાં રસ રાખીશ તો હું પોતે જ ગાંડી થઈ જઈશ એટલે મેં તો માંડી વાળ્યું છે. તનેય સલાહ આપું છું કે આ બધી વાતોથી દૂર રહેજે. મારા હસબન્ડ મને કહેતા કે, "તેજલ, પપ્પાએ આખી જિંદગી બહુ જ કામ કર્યું છે. રાતદિવસ બિઝનેસમાં પરસેવો પાડીને આ બંગલા, ગાડી અને આટલી મોટી કંપની ઊભી કરી છે. અમને ભાઈઓને તો મમ્મીએ જ એકલા હાથે મોટા કર્યા છે. રાતોની રાતો પપ્પા ઘેર નહોતા આવતા. હવે બંને પગે વાની તકલીફ પછી એમને મહાપરાણે પણ ઘરે બેસી રહેવું પડે છે. આખી જિંદગી જે માણસ વ્યસ્ત રહ્યો હોય એ હવે સાવ નવરોધૂપ થઈ જાય તો સ્વાભાવિક છે કે એ માણસ મગજનું સંતુલન ગુમાવે. તું સમજે છે ને કે હું તને શું કહું છું?"

પણ સાચું કહું તો હું કોઈની વાત સમજતી નહોતી કેમકે હું એ બધી વાતોને સ્વીકારી નહોતી શકતી. હું કોઈ ને કોઈ બહાને મારા સસરાની રૂમમાં જતી અને મારા સાસુના ફોટો સાથે એમને વાત કરતા જોઈ રહેતી. જ્યારે હું એમની રૂમમાં સાફસફાઈ માટે જતી ત્યારે હું એમના બેડ પાસે કે સાસુનો ફોટો જ્યાં લાગેલો હોય એ બારી પાસે ક્યાંય સુધી સાફસફાઈ કર્યા કરતી. આટઆટલા પ્રયત્નો પછી પણ મને મારા સસરાની વાતો સંભળાતી નહોતી.

એક દિવસ એમને બહુ જ તાવ આવ્યો. રાતનો સમય હતો. બહાર વરસાદ અને પવન એટલો હતો કે એમને હૉસ્પિટલ પહોંચાડી શકાય કે ડૉક્ટર ઘરે આવી શકે એવી શક્યતા જ નહોતી. તાવ ઊતરવાનું નામ જ નહોતો લેતો. હું મીઠાના પાણીના પોતા કરી કરીને એમના માથા પર મૂકવા લાગી. એમની આંખોમાંથી સતત પાણી નીતરતું હતું. આખી રાત એ મારા સાસુનું નામ લેતા રહ્યા. વહેલી સવારે એમને માંડ ઊંઘ આવી અને તાવ ઊતર્યો. બપોરે હું એમના રૂમમાં જમવાની થાળી લઈને ગઈ અને એમને જમવા આપ્યું. મારી સામે સ્મિત કરી એ જમવા બેઠા.

"તેજલ વહુ, તમે આટલા દિવસથી શું સાંભળવાનો પ્રયત્ન કરો છો?"

મારા સસરા જમતાં જમતાં બોલ્યા અને હું ચોંકી ગઈ. કોઈ જવાબ ન સૂઝ્યો.

"તમારા સાસુ સાથે હું શું વાતો કરું છું એ જ જાણવા સાંભળવા માંગતા હો છો ને?" જાણે મારો ગુનો પકડાઈ ગયો હોય એમ હું કશું બોલી ન શકી. એમણે મારા સાસુના ફોટોની સામે ફરી એકવાર જોઈ લીધું. વાતાવરણમાં વરસાદની ભીની સુગંધ હતી. બારી બહાર વરસાદમાં ધોવાઈને ચોખ્ખા થયેલા આસોપાલવ ધીરે ધીરે પવનમાં લહેરાઈ રહ્યા હતા. હું બારી બહાર ક્યાંય સુધી જોઈ રહી.

"તેજલ વહુ, તમારા સાસુ સાથે હું બધી જ વાતો કરું છું. સવારથી લઈને રાત સુધીની બધી જ.

આજે ઘરમાં કયું શાક બન્યું હતું. આજે રોટલી પર ઘી કેટલું વધારે હતું. સોફા નવા બદલાવ્યા છે, ફ્લાવર વાઝમાં કયાં નવાં ફૂલો આવ્યાં છે, કઈ સબ્જીના ભાવ વધી ગયા છે, આજકાલ કોઈને તારા જેવી કઢી બનાવતા નથી આવડતી, સ્લીપર આ લોકો દર મહિને નવા લાવે છે, પૂજામાં ત્રણ ત્રણ દીવા કરે છે, છોકરાઓ મોબાઇલ વધારે યુઝ કરે છે.” બોલતાં બોલતાં એમને હાંફ ચડ્યો. એ બારી પાસે જઈને ઊભા રહ્યા. મને સમજાતું નહોતું કે હું ઊભી રહું કે જતી રહું. હું ફરી એકવાર એમના બેડની જમણી તરફ બારી પાસે લાગેલા મારા સાસુના ફોટો સામે જોવા લાગી. મોટો લાલ ચાંદલો, લાલ બાંધણીનો માથે ઓઢેલો છેડો એક હાથથી પકડી રાખેલો, ગળામાં પતલી સોનાની ચેઇન અને ચશ્માંમાંથી પણ સ્પષ્ટ જોઈ શકાય એવી સ્પષ્ટ આંખો, દૃઢતાથી બિડાયેલા હોઠ, ગાલ પર ઉંમરના ઓળીપે આપેલી થોડી કરચલી. મારા સસરા મારી તરફ ફર્યા.

“તેજલ બેટા, તમારા સાસુ મારી સાથે બદલો લઈ રહ્યા છે.” એમનો અવાજ ગળગળો થઈ ગયા. મને એમની વાત સમજાઈ નહીં. એ બેડ પર બેસી ગયા. મેં એમને પાણી આપ્યું. એમણે પાણી પીધું, ભીની આંખો લૂંછી અને પછી ખોંખારો ખાઈને ફરી ફોટો સામે જોઈને બોલ્યા, “વર્ષો પહેલાં એ બોલતી અને હું ચૂપ રહેતો અને આજે હું બોલું છું ત્યારે એ ચૂપ છે.”



બાને કાગળ !

જ્યારે સૂંડલો ભરી શકાય એટલા આભલા હોય અને એને ટાંકવા પાનેતરના એક છેડાની વેંત જેવડી જ કોર હોય ત્યારે જે મૂંઝવણ થાય એટલી દ્વિધા અત્યારે અનુભવાય છે. વેંત જેવડા આ કાગળમાં જેટલું પણ લખાયાનો હરખ હશે એની કરતાં કેટકેટલુંય બાકી રહી ગયું એ વાતનો વસવસો વધુ રહેશે. કેમ કે, આ બાને લખવાનો કાગળ છે. નાના હતા ત્યારે પડોશીની વાડીએથી કેરી તોડી લાવતા કે કૂવા કાંઠે ઊગેલા જાંબુડાથી જાંબુ તોડતા ત્યારે આડે હાથે લેતી બાને આજે મારે આડે હાથે લેવી છે. આમ તો બા ક્યારેય વાંકમાં ન હોય કેમકે એ વાંકમાં ન હોય એટલે જ બા છે. પણ હું આજ કહું છું કે બા, તું મારા વાંકમાં છે. જો ઈશ્વર સાથે જીદ કરીને લડી શકાય તો બા સાથે કેમ નહીં? જિંદગીનાં બાર બાર વર્ષ હું કેરી તોડ્યા વગર અને જાંબુ તોડ્યા વગર તારાથી ઘણે દૂર હૉસ્ટેલમાં મોટો થઈ ગયો એ તારો વાંક છે. એ વાત અલગ છે કે એ પછી દરેક કેરીની અને જાંબુની સીઝનનું પહેલું ફળ તને જોવા મળતું ત્યારે તારી આંખ છલકાઈ જતી. તું કપડાં ધોવા નદીએ જાતી ત્યારે લાકડાનો ધોકો હાથમાં પકડીને હુંય તારી સંગાથે આવતો, કલાકો સુધી નદીમાં નાહ્યા કરતો. જેવા તું કપડાં ધોઈ નાખતી કે તરત હું બાવળની મોટી મોટી ડાળીઓ પર અને મોટા પથ્થરો પર કપડાં સૂકવતો. એ પછી જ્યારે હૉસ્ટેલની નાનકડી ચોકડીમાં પોતાને અને કપડાંને કેમ ગોઠવીને ધોવા, હાથમાંથી વારંવાર સરી જતી સાબુની ગોટીને કેમ પકડી રાખવી, નાનકડી બે હાથની દોરી પર આટલાં બધાં કપડાં કઈ રીતે સૂકવવા એ નહોતું સમજાતું ત્યારે મારી નારાજગી વધી જતી એ વાંક છે તારો. સાબુના કારણે મારા હાથમાં ફોલ્લા પડી જતાં ત્યારે મને થતું કે તું કેવી બા કેવાય? જ્યાં પોતાના છોકરાના હાથમાં છાલ્લા પડી જાય એવી જગ્યાએ તું એને ભણવા મોકલી આપે છે? એ વાત અલગ છે કે એ પછી દાતરડીથી પડેલા ફોલ્લા અને રોટલા કરતી વખતે વધુ પડતી તપી ગયેલી તાવડીના સ્પર્શથી દાઝીને ડફ્ફર થઈ ગયેલા તારા હાથની ચામડી મને યાદ આવી જતી. રાત્રે ઊંઘ ન આવતી અને રડવાનું મન થતું ત્યારે બૅડશીટનો છેડો મોઢામાં દબાવીને ઓશીકું આખી રાત ભીંજવતો. એ રાતોની રાતો મને આજેય પજવે છે અને 'તારો વાંક' એ શબ્દની નીચે ખારી છારીની અન્ડરલાઇન કરે છે. હા એટલે એ વાત અલગ છે કે મને બહુ પાછળથી જાણ થઈ કે તુંય આખી ને આખી રાતો ગુમસૂમ ખાટલામાં બેઠી બેઠી તારા રોણાને સંતાડવા મથ્યા કરતી. ખેતરમાં કામ કરતી કરતી તું લાંબા ઢાળે ગીતો ગાતી, હું સાંભળ્યા કરતો. એ પછી હૉસ્ટેલમાં તું બહુ યાદ આવતી ત્યારે હું એ ગીતો ગણગણતો. હજુ તો ઘણાં ગીતો મારે તારી પાસેથી સાંભળવાના બાકી હતા અને એ રહી જ ગયા. એ વાંક છે તારો. હા એ વાત અલગ છે કે મને હૉસ્ટેલમાં મૂક્યા પછી તેં તો જાણે ગાવાનું જ બંધ કરી દીધું છે. હેં બા, આ તે કેવો વાંક જેમાં બંને જણાએ બધું જ ભોગવતા રહેવાનું! મને તારા લાંબા કાળા વાળ અને એનો ઢળતો અંબોડો નાનપણથી જ બહુ ગમતો. આ હમણા મેં જોયું કે બા તારા એ બધા વાળમાં તો અનુભવની સફેદી બેસી ગઈ છે, હવે તો તારાથી ઢળતો અંબોડો પણ બાંધી નથી શકાતો એટલા તારા વાળ ઓછા થઈ ગયા છે. આ બધું આ બાર વર્ષમાં આટલી ઝડપથી થઈ ગયું?! થાય છે કે સારું જ કર્યું તેં મને દૂર ભણવા મૂક્યો કેમ કે સાથે રહ્યો હોત તો મને તો ખબર જ ન પડત ને કે તારા વાળ ઓછા થઈ રહ્યા છે. પણ તેં વાળ સાચવ્યા કેમ નહીં એ તારો વાંક છે. આજકાલ તારી આંખોમાં પણ મને ફિક્કાશ જોવા મળે છે. એ દિવસે હું ઘેર આવ્યો અને મને પાણી આપવા તેં હાથ લાંબો કર્યો ત્યારે તારો ધ્રૂજતો હાથ જોયો! હેં બા, મારા ધ્યાન બહાર તનેય ઘડપણ આવી ગયું? સંતાનો માટે તો માની એક જ છબી અકબંધ હોય છે. એમાં કરચલીઓ તો નથી જ પડતી ક્યારેય!

"મારે તો જોડે નહીં જાતે રહેવું છે! તમારા શહેરની ચાર દીવાલમાં તો મારો જીવ ગૂંગળાય!" આવું કહીને સતત આપણા સાથે રહેવાની શક્યતાઓને તું ટાળી રહી છે એ વાંક છે તારો. પણ હેં બા, હું દૂર

રહી શક્યો તારાથી એય મારો વાંક તો ગણાય જ ને!

લિખિતંગ
તારો 'વ્યસ્ત' દીકરો



આ અંકલ અલગ છે!

બુલબુલ. જેવું નામ એવી જ એ પાછી મીઠડી. આખો દિવસ ગીતો જ ગણગણ્યા કરે. બુલબુલને ત્રીજા ધોરણનું વૅકેશન ચાલે. એકદમ રૂપાળી, ગોલુમોલુ, મોટી મોટી આંખો, મમ્મીએ બાર્બી ઢીંગલીની જેમ વાળ કપાવી આપેલા, બુલબુલ એક એક શબ્દ સ્પષ્ટ બોલી શકતી. આખા ઘરમાં સૌની લાડકી. બુલબુલનાં મમ્મી શીલા કૉલેજમાં પ્રોફેસર અને પપ્પા હિરેનભાઈ બૅંકમાં મૅનેજર. કાકા રવિ કૉલેજના છેલ્લા વર્ષમાં. બુલબુલને હંમેશાં રવિ જ સાચવે. બુલબુલનું હૉમવર્ક, બુલબુલનું જમવાનું, બુલબુલનાં તોફાન, જીદ બધું રવિ સંભાળે.

"બાપ રે આ છોકરી તો બહુ જબરી છે. બધાને પહેલી નજરે ગમી જાય એવી. આની નજર મારે તો રોજ ઉતારવી પડશે નહીંતર તો મારી છોકરી કરમાઈ જશે." પોતાની બુલબલુને બચીઓ ભરતા શીલા કહેતી.

બુલબુલના પપ્પા હિરેનભાઈ હસીને કહેતા, "શીલા, બધો વાંક આ રવિનો જ છે. કાકા છે એટલે શું ભત્રીજીને સાતમા આસમાન પર રાખવાની? રવિ છે તો બુલબુલ રાજરાણીના ઠાઠથી ફર્યાં કરે છે."

બુલબુલના રવિઅંકલ બુલબુલના માથા પર હાથ મૂકીને કહેતા, "હિરનેભાઈ, દીકરીની જાત છે, પપ્પાના ઘરે વીસપચ્ચીસ વર્ષથી વધારે સમય ક્યાં રહી શકવાની છે. જેટલો સમય આપણી સાથે હોય એટલો સમય પણ આપણે તો કોઈ વાતની ખોટ એને નહીં આવવા દેવાની."

આવા સમયે બુલબુલની મમ્મી શીલા વધારે અકળાઈ જતી.

"રવિભાઈ, તમે તો આમ ને આમ આને હથેળીમાં રાખશો તો બગડીને મુંહફટ થઈ જશે. કાલે સવારે બીજાને ઘરે સાસરે જશે ત્યારે ત્યાં પણ ગાંડા કાઢશે તો લોકો તો એમ જ કહેવાના કે એની મમ્મીએ કશી સમજ નથી આપી."

"ઓ પ્લીઝ શીલાભાભી, હજુ તો બુલબુલ કેટલી નાની છે. તમારે તો એકસાથે બધી સમજ એને આપી દેવી છે. બિચારી હજુ તો બાળપણ સરખું ઍન્જોય કરવાનું નથી શીખી અને તમે એના સાસરિયાની વાતો શરૂ કરી દીધી."

બુલબુલના પપ્પા હસીને બધાનું ધ્યાન બુલબુલ તરફ દોરતા.

"રવિ, શીલા, આમ જુઓ એ બદમાશને બધી ખબર પડે છે. કેવી સ્માઇલ કરે છે."

બુલબુલના થોડા સડી રહેલા દાંત જોઈને શીલા પોતાના ગુસ્સા પર માંડ કંટ્રોલ કરી શકતી. એ બની શકે એટલો ગુસ્સો દબાવીને રવિને રિકવેસ્ટ કરતી કે, "રવિભાઈ, બુલબુલને વધારે પડતી ચૉકલેટ્સ પ્લીઝ હવે ન આપો. તમે એના દાંત જુઓ."

રવિ આખી વાતને હસવામાં ઉડાવી નાખતો. બુલબુલના દાંત ખરાબ થઈ રહ્યા હતા કેમકે રવિ રોજ એના માટે મોટી મોટી બે ચૉકલેટ લાવતો. બુલબુલને ચૉકલેટ બહુ જ ભાવતી. શીલાને થતું કે આ ચૉકલેટના કારણે જ બુલબુલનું વજન વધી રહ્યું છે અને એના દાંત ખરાબ થઈ રહ્યા છે. રવિ જ્યારે જ્યારે ચૉકલેટ લાવતો ત્યારે ત્યારે બુલબુલ નાચી ઊઠતી અને શીલા પોતાની દીકરીને આમ ચૉકલેટ પાછળ ઘેલી થતી જોઈને અકળાયા કરતી. શીલાને એ પણ નહોતું ગમતું કે બુલબુલને દરેક વાત રવિ ચૉકલેટનો જ લોભ આપતો કે "બુલબુલ બેટા, માની જા, તને ચૉકલેટ આપીશ" અને બુલબુલ મોટી મોટી આંખો પટપટાવતી માની જતી.

એક દિવસ કૉલેજ કરવા જઈ રહેલા રવિનું ઍક્સિડેન્ટ થયું. ઍમ્બ્યુલન્સ, હૉસ્પિટલ, ઑપરેશન પણ રવિ ન બચી શક્યો. આખું ઘર જાણે કે હિબકે ચડ્યું. શીલા અને હિરેન પર તો આભ તૂટી પડ્યું. શીલાના પિયરથી લોકો આવી ગયા. રવિની અંતિમવિધિનો સમય થયો. રવિના પાર્થિવ શરીરને તૈયાર કરવામાં આવ્યું. મમ્મી અને પપ્પાને આ રીતે રડતા જોઈને બુલબુલે પણ આખું ઘર માથે લીધું. રડી

રડીને એ અડધી થઈ ગઈ. શીલાએ આંસુ લૂંછીને એના એક કઝિન ભાઈ શાલિનને કીધું કે, “શાલિન, બુલબુલને ચૉકલેટ લઈ આપ. એ શાંત થઈ જશે.” શાલીન બુલબુલ માટે ચૉકલેટ લેવા ગયો.

પુરુષો બધા સ્મશાનયાત્રામાં ગયા હતા. ઘરની સ્ત્રીઓ બધી ડ્રૉઇંગરૂમમાં બેસેલી હતી. ખુરશી પર રવિનો ફોટો હતો. ત્યાં ઘીનો દિવો પ્રગટાવેલો હતો. વાતાવરણમાં અગરબત્તીની સુગંધ હતી. ધીમા ધીમા અવાજે ગાયત્રીમંત્ર બોલાઈ રહ્યા હતા, શીલાનો કઝીન શાલીન બહારથી મોટી ચૉકલેટ લઈ આવ્યો. ચૉકલેટ જોઈ બુલબુલ તો રડતી બંધ થઈ ગઈ.

થોડીવારે ચૉકલેટ ખાઈને બુલબુલ સફેદ સાડીમા રડી રડીને થાકી ગયેલી મમ્મી શીલા પાસે આવી. ચૉકલેટથી બગડેલી પોતાની નાની આંગળીઓને એ ચાટી રહી હતી. શીલા પોતાની સાડીના પલ્લુથી બુલબુલના હાથ અને મોંને લૂંછવા લાગી.

“મમ્મી, મને અત્યારે ચૉકલેટ આપી એ પણ અંકલ જ છે?” શીલાએ સ્મિત કરીને હા પાડી.

“હા બુલબુલ, એ પણ રવિ અંકલ જેવા જ તારા અંકલ છે.”

બુલબુલ નકારમાં માથું ધુણાવીને ઊભી થઈ ગઈ.

“ના ના, આ અંકલ અલગ છે. રવિ અંકલ તો મને આટલી જલદી ચૉકલેટ ન આપી દેતા. આ અંકલે તો રૂમમાં જઈને મારાં કપડાં પણ ન કાઢ્યાં અને મને બકીઓ પણ ન ભલી તો પન ચૉકલેટ આપી...” શીલાના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. એણે બુલબુલનું મોઢું બંધ કરી દીધું અને છાતીએ ચાંપી દીધી.



બહુ જ સારું કર્યું!

"હેઈ મીનુડી, લગ્ન પછી તો તું મને સાવ ભૂલી ગઈ!" શીતલનો ફોન આવ્યો ત્યારે મીનળ કપડાં સૂકવતી હતી. સોમવારની બપોર હતી. મીનળનો વર નરેન્દ્ર ઑફિસે હતો અને દીકરી ગુડ્ડી સ્કૂલ ગઈ હતી. શીતલ અને મીનળ કૉલેજ સમયથી બેસ્ટ ફ્રેન્ડ. કૉલેજ છૂટી અને કૉન્ટેક્ટ પણ છૂટી ગયો. બંને પરણીને પોતપોતાને સરનામે દસ વર્ષ પહેલાં જમા થઈ ગયેલી. આજે વર્ષો પછી અચાનક શીતલનો ફોન આવ્યો. શીતલનો અવાજ સાંભળીને પહેલાં તો મીનળ સીધી રોઈ પડી કેમ કે વર્ષો પછી પાક્કી બહેનપણીના મોઢે આ 'મીનુડી' સાંભળ્યું.

"મીનુડી, ગાંડી, રડવાનું બંધ કર. હું મારા કઝીનના લગ્ન માટે તારા શહેરમાં આવી છું. મને તારું સરનામું આપ, મળવા આવું છું." એ જ અલ્લડ અવાજ, એ જ રણકો. સરનામાની આપલે થઈ. મીનળે ડ્રેસ કાઢીને ફૂલ સાઇઝનું બ્લાઉઝ અને કોટનની સાડી પહેરી લીધી. લગભગ ત્રણેક વાગ્યે શીતલ રિક્ષામાંથી ઊતરી ત્યારે મીનળ પોતાના ઘરની બહાર બોગનવેલના ગુલાબી છાંયડે ઊભી રહી એની રાહ જોતી ઊભી હતી. બંને ભેટી પડી. સોફા પર ગોઠવાઈ. વઘારેલા મમરા અને ચાય સાથે પાછલાં વર્ષોના કેટલાંય પાનાં ઊઘડ્યાં. તાળીઓ. ખિખિયાટા. પેટમાં દુઃખાવા આવી જાય એટલું હસ્યા. મમરાં ખવાયા એની કરતાં વધારે ઢોળાયા. શું કરે છે... શું નહીં... કૉલેજના એ કેટલા અદ્ભુત દિવસો હતા... પેલો રવિ કેટલો મસ્ત દેખાતો... હમણા ફરી જોયો... બાપ રે મોટી ફાંદ અને ટાલ... થેંક ગૉડ એમાં ન પડ્યા...એકબીજાના લગ્નમાં ન આવી શક્યાનો વસવસો... લગ્નની વાતો... આંખો નીચે વધી રહેલી કાળાશની વાત અને રસોઈમાં આવેલા નવા મસાલાની વાત. અચાનક મીનળનું ધ્યાન ગયું કે શીતલના ગળામાં મંગળસૂત્ર નથી.

"શીતલ, તારું મંગળસૂત્ર..."

"મીનુડી, છ મહિના પહેલા મારા ડિવૉર્સ થઈ ગયા છે."

"વ્હોટ? અને તું મને અત્યારે કહે છે?"

"કંઈ નહીં યાર, ઓજસ માટે હું વાઇફ કમ અને પંચિંગ બૅગ વધારે હતી. દરેક વાતમાં મને મારવા અને ટોકવા જોઈએ."

"હાય હાય... પછી?"

"રોજ સાંજે મારામારી થતી. આખી સોસાયટીની સામે તાયફો ચાલતો. ઓજસ વાસણોના છુટ્ટા ઘા કરતો. મને મારતો મારતો ઘરની બહાર કાઢી મૂકતો. આખી રાત ઘરની બહાર આંટા માર્યા કરે અને હું કંઈક પૂછું તો બેલ્ટ કાઢીને મારતો." શીતલ ગુસ્સામાં બોલતી હતી. મીનળ ફાટી આંખે શીતલના આખા શરીરને જોઈ રહી.

"ઓહ મા. શીતલ, તું વિરોધ નહોતી કરતી? મૂંગા મોઢે માર ખાઈ લેતી હતી?"

"હા મીનળ, શરૂ શરૂમાં તો હું સહન જ કરતી. એવું વિચારતી કે ગમે એવો સનકી હોય પણ મારો વર છે. સાચું કહું તો મારામાં સામનો કરવાની હિંમત પણ નહોતી." મીનળ આઘાતભરી નજરે ફરી શીતલની આંખોને જોઈ રહી જાણે પાછલાં કેટલાંક વર્ષોના મારના નિશાન ફંફોસતી હોય.

"શીતલ, કૉલેજમાં તો તું રાણી લક્ષ્મીબાઈના રોલ કરતી અને સાચ્ચે જ જ્યાં સામનો કરવાનો આવ્યો ત્યાં તું..."

"મીનળ, મેં સામનો કર્યો જ ને. થોડો મોડો પણ કર્યો ખરો. આ બધા તાયફા વચ્ચે એને બાળક જોઈતું હતું અને હું શ્યોર હતી કે આ રોજના ભવાડા મારું બાળક જુએ એવી સ્થિતિ હું ઊભી થવા નહીં દઉં."

"બરાબર છે!" મીનળે શીતલના હાથ પર પોતાનો હાથ મૂક્યો.

"શીતલ, ઓજસ સાવ આવો હતો તો તેં લગ્ન કેમ કર્યા?"

જવાબમાં શીતલ પહેલાં તો હસી પડી. "આપણે ત્યાં હજુ પણ ઘણા ઘરમાં છોકરીઓનું મન પૂછવાનો રિવાજ નથી, મીનળ. છોકરો કમાય છે, સારું ઘર છે, શહેરમાં છે એટલે બધું પરફેક્ટ અને છોકરી માટે બે જ લાયકાત કે રૂપાળી હોવી જોઈએ અને રસોઈ આવડતી હોવી જોઈએ." રૂમમાં પંખાનો ખટક ખટક અવાજ આવતો હતો. બંને ક્યાંય સુધી ચૂપ રહી. મીનળે ખાલી કપ અને ડીશ રસોડામાં મૂક્યાં. શીતલે મોઢું ધોયું અને પોતાના વાળ બાંધવા પર્સમાંથી બોરિયું શોધતી હતી તો મીનળે આપ્યું અને શીતલે વાળ બાંધ્યા. શીતલે એકવાર આખા ઘરમાં નજર કરીને મીનળના ભર્યા ભાદર્યા સુખને નિહાળ્યું. બંને ભેટ્યા.

"મારું જે થયું તે પણ આઇ એમ હેપી ફોર યુ મીનળ કે તું તારા ગભરું સ્વભાવ પ્રમાણે સારા ઘરમાં સેટ થઈ ગઈ. તારા વરને અને બેબીને યાદ આપજે મારી."

"હા શીતલ, ગુડ્ડીના પપ્પા મારું બહુ જ ધ્યાન રાખે છે. મને લાઇફ સામે કોઈ જ ફરિયાદ નથી. પણ એક વાત તો છે જ કે તે જે સહન કર્યું એવું મારાથી તો બિલકુલ ન થાય. કોઈ આપણી ઉપર હાથ ઉપાડે એ વાત જ મને માન્ય નહીં. બહુ જ સારું કર્યું કે તું એ માણસથી છૂટી થઈ ગઈ." જતાં જતાં બંને ફરી ભેટ્યા. શીતલ જતી રહી. મીનળે ઘડિયાળમાં જોયું. સાંજના છ વાગ્યા હતા. નરેન્દ્રનો ઑફિસથી આવવાનો ટાઇમ થયો. ફટાફટ ચા મૂકી. હમણા સ્કૂલ બસ આવશે, ગુડ્ડીને પણ લેવા જવાની છે. મીનળ બૅડરૂમમાં આવી, સાડી અને ફૂલ સાઇઝનું બ્લાઉઝ કાઢીને અરીસા સામે ઊભી રહી.

"આ કોટનની સાડીમાં અને ફૂલ સાઇઝના બ્લાઉઝમાં ગરમી બહુ જ થાય છે પણ સારું કર્યું સાડી પહેરી રાખી. નહીંતર શીતલને મારા ગળા અને પીઠ પર ઉપસેલાં નરેન્દ્રના મારના નિશાન દેખાય જાત."



ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ !

પ્લેન લેન્ડ થયું અને ભાર્ગવની આંખ ખૂલી. સવારના સાતેક વાગ્યા હતા. લંડનથી એ નીકળ્યો ત્યારે થોડું તાવ જેવું હતું. ભાર્ગવે વિચાર્યું કે ઘેર જઈને સૌથી પહેલાં મમ્મીને કહીશ કે ગરમાગરમ હળદરવાળું દૂધ બનાવી દો. ભાર્ગવને મમ્મીના હાથનું હળદરવાળું દૂધ ખૂબ ભાવતું. મમ્મી એ દૂધમાં હળદરની સાથોસાથ મધ અને લવિંગ-એલચી પીસીને નાખતા. ભાર્ગવ લંડનમાં સૉફ્ટવૅર એન્જિનિયર તરીકે છેલ્લાં અઢી વર્ષથી નોકરી કરતો. ન્યૂયૉર્કમાં એણે એન્જિનિયરિંગ કર્યું અને પાછો મમ્મી પાસે આવી ગયેલો. ભાર્ગવના પપ્પા તો વર્ષો પહેલાં મૃત્યુ પામ્યા હતા. મમ્મી એકલી હતી. ભાર્ગવે જ્યારે ન્યૂયૉર્ક ભણવા જવાની વાત કરી ત્યારે મમ્મીને ગમ્યું નહોતું. એ જ્યારે સામાન પૅક કરતો હતો ત્યારે મમ્મીએ એને એકબે વાક્યમાં રોકવાનો પ્રયત્ન કરેલો.

"ભાર્ગવ, અહીંયા કેટલી સારી સારી કૉલેજ છે, ત્યાં જવું જ પડે એવું કંઈ ફરજિયાત તો છે નહીં. તું જતો રહીશ તો આ ઘરમાં હું એકલી શું કરીશ? કોની સાથે વાતો કરીશ."

"મમ્મી, જસ્ટ બીકોઝ ઑફ તમારું આ 'હું કોની સાથે વાત કરીશ' એ કારણ હોય તો બહુ નાનકડું કારણ છે મને રોકવાનું. હું ફોન કરીશ, દરરોજ. હું જો ત્યાં ભણીશ તો અહીંની ટોપમોસ્ટ કંપનીમાં મને મોં માગી સૅલરી મળશે." એ સમયે પણ મમ્મી વાત માની ગઈ હતી. એ પછી જ્યારે એ ન્યૂયૉર્કથી ભણીને પાછો આવ્યો ત્યારે મમ્મીએ કહેલું કે, "ભાર્ગવ, હવે તને હું ક્યાંય નહીં જવા દઉં. તું તો કહેતો હતો કે દરરોજ ફોન કરીશ. ભાગ્યે જ તને યાદ આવતું કે મમ્મી જીવતી છે અને મારે ફોન કરવો પડશે." બચીઓથી મમ્મીએ ભાર્ગવને નવરાવી દીધેલો. બસ પછી તો મા-દીકરો માંડ વર્ષ જેટલું સાથે રહ્યાં હશે અને ભાર્ગવને લંડન નોકરી મળી ગઈ. ફરી મા- દીકરા વચ્ચે ઇમોશનલ ડાયલૉગબાજી ચાલેલી.

"હું તને ક્યાંય જવા નથી દેવાની ભાર્ગવ... તારે જતું જ રહેવું હતું તો અહીં પાછો શું કામ આવ્યો?"

"તારા માટે જ તો પાછો આવેલો મમ્મી. ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. બસ થોડાં વર્ષોનો તો સવાલ છે. ત્યાં થોડો સમય રહીશ તો એ અનુભવ અહીંની કંપનીમાં બહુ કામ લાગશે." ઘણી આનાકાની પછી પણ મમ્મી તો માની જ જવાની હતી તે માની ગઈ.

"તું ચિંતા ન કરતી હું તને નિયમિત કૉલ કરીશ, મમ્મી." અને મમ્મીને ભેટીને એ ગયેલો. આજે અઢી વર્ષે પાછો આવ્યો.

એનું ઘર આમ તો શહેરની બહાર હતું. નાનકડા ક્વાટર જેવું, ભાર્ગવે નક્કી કરેલું કે આ વખતે તો મમ્મીને શહેરના પોશ વિસ્તારમાં ફ્લૅટ લઈ દેવો છે. ટૅક્સીમાં બેઠો. એ વિચારવા લાગ્યો કે મમ્મી એને જોશે એટલે ગાંડી ગાંડી થઈ જશે. રડી પડવાની. કંઈ કેટલીય ફરિયાદો કરશે.

"ભાર્ગવ, તું તો કહેતો હતો કે મમ્મી દરરોજ ફોન કરીશ... તું તો ગયો એવો ખોવાઈ ગયો."

"મમ્મી, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ, હું ત્યાં એટલો વ્યસ્ત રહેતો હતો કે યુ હેવ નો આઇડિયા, જમવાનો સમય નહોતો મળતો. હું જ્યારે ફ્રી થાઉં ત્યારે તમારી ત્યાં અહીંયા રાતના ત્રણ વાગેલા હોય એટલે તમને ડિસ્ટર્બ કરવાનું મન નહોતું થતું."

"અરેરે, તને જમવાનો સમય પણ નહોતો મળતો? એટલે જ તું સાવ દુબળો થઈ ગયો. ચલ તારા માટે સૌથી પહેલાં તારું ફૅવરીટ મસાલાવાળું દૂધ બનાવી નાખું છું!" ભાર્ગવ આ બધી મીઠી કલ્પનાઓ કરતો કરતો પોતાના ઘરે પહોંચ્યો.

એ જ્યારે ઘેર પહોંચ્યો અને એણે જોયું તો ઘરે ચારેબાજુ ધૂળ જામેલી હતી. દૂર દૂર સુધી હજુ ક્યાંય સોસાયટીઓ ઊગી નીકળી નહોતી. ઘર પણ જાણે એકલું પડેલું. કૂતરાઓએ તો જાણે અડ્ડો જમાવેલો. કૂતરાઓને હટાવીને એણે લાકડાના દરવાજાને ધક્કો માર્યો પણ અંદરથી સાંકળ દીધેલી

હતી. ખાસ્સી વાર સુધી ખખડાવ્યું પછી એને સમજાયું કે અહીં કોઈ રહેતું નહીં જ હોય. ચારેબાજુ બાવા અને જાળા બાઝેલા હતા. કબૂતરો અને ચકલીઓના માળા બંધાયેલા હતા. ભાર્ગવને છીંકાછીંક થઈ ગઈ. એને થયું કે મમ્મી આ ઘર છોડીને ક્યાં ગઈ હશે? ભાર્ગવે મમ્મીને ફોન કર્યો પણ ફોન લાગ્યો નહીં. એણે દરવાજાને ધક્કો માર્યો અને બારણું તોડી નાખ્યું. જેવો એ ખંડેર જેવા ઘરમાં એન્ટર થયો કે ચારેબાજુ ભંગાર જેવો થઈ ગયેલો બધો ધૂળ ભરેલો સામાન એમ ને એમ પડ્યો હતો. એ જેવો ડ્રૉઇંગરૂમમાં એન્ટર થયો તો હબક ખાઈ ગયો. એક ચીસ નીકળી ગઈ, બંધ બારીની બાજુમાં ખુરશી પર મમ્મી હતી, હાડપિંજર થયેલી મમ્મી. હાડપિંજર બનેલી મમ્મીનું ધ્યાન બાજુના ટેબલ પર પડેલા ધૂળિયા મોબાઇલ તરફ હતું. તાત્કાલિક ભાર્ગવે પોલીસને ફોન કર્યો. પોલીસ, મીડિયા અને હૉસ્પિટલની વાન આવી પહોંચી. ભાર્ગવ એટલું રડ્યો કે એનો અવાજ બેસી ગયો. પોલીસ તપાસ શરૂ થઈ. આખા શહેરમાં આ વાત ચર્ચાનો મોટો વિષય બની ગયો હતો કે એક દીકરો અઢી વર્ષે ઘરે આવ્યો અને ઘર ખોલ્યું તો ખુરશી પર હાડપિંજર થયેલી મા મળી. એ પણ ફોનની બાજુમાં અને ખુદ દીકરાને યાદ નહોતું કે છેલ્લે એને મમ્મી સાથે ક્યારે વાત કરી હતી. આખા ઘરમાં જાણે એક વાક્ય સડીને ગંધાઈ રહ્યું હતું અને હવે હાડપિંજર બનીને ખખડી રહ્યું હતું કે, “તું જતો રહીશ તો આ ઘરમાં હું એકલી શું કરીશ? કોની સાથે વાતો કરીશ.”



વાર્તા

"પછી તો હાથીભાઈનું બચ્ચું ભોંદુ ઊંડા ખાડામાં પડી ગયું. એ તો જોરજોરથી રડવા લાગ્યું કે મને બચાવો... મને બચાવો. જંગલનાં કોઈ પ્રાણીઓએ ભોંદુને બચાવ્યું નહીં. બધા કહે તું તો તારી મનમાની કરતું હતું હવે તને કોણ બચાવે? ભોંદુએ માફી માંગી કે હવે એ ક્યારેય તોફાન નહીં કરે, કોઈને હેરાન નહીં કરે અને બધાની મદદ કરશે અને જીરાફે એને ખાડાની બહાર કાઢ્યું." પપ્પા ડ્રૉઇંગબુકનાં ચિત્રો પર આંગળી મૂકતાં જાય, પ્રાણીઓ બતાવતા જાય અને વાર્તા કહેતા જાય. ત્રણ વર્ષની નાનકડી કાલુ એના ખોળામાં બેસીને ટીકી ટીકીને ચિત્રો જોયા કરે. સાતેક વર્ષની ગુડ્ડી પપ્પાની સામે બેસતી અને પપ્પા બહેનને ચિત્રો જોઈજોઈને વાર્તા કહે એ રીત એકીટશે જોયા કરે. નાનકડી કાલુને જ્યાં સુધી પપ્પા વાર્તા ન કહે ત્યાં સુધી ઊંઘ ન જ આવે, એટલે રોજ રાત્રે પપ્પા વાર્તા કહેવા આવે અને એના ખોળામાં બેસીને એ પપ્પાની વાર્તા સાંભળ્યા કરે. એમાં પણ કાલુની જીદ કે ડ્રૉઇંગબુકમાં બંને બહેનોએ જાતે દોરેલાં પ્રાણીઓના ચિત્રોને પાત્ર તરીકે લઈને જ પપ્પાએ વાર્તા કહેવાની. પપ્પાને વાર્તા બનાવતા વાર ન લાગે. એ તો ચિત્રો ફરતાં જાય એમ વાર્તા કહેતાં જાય. મોટી ગુડ્ડીને આ જ વાતનો અહોભાવ કે પપ્પા મસ્ત વાર્તા કહે છે અને એની વાર્તા સાંભળતા સાંભળતા જ કાલુ ખોળામાં સૂઈ જાય. પછી પપ્પા ધીરેથી કાલુને સુવડાવે અને ગુડ્ડીને ચાદર ઓઢાડીને સૂવા જતા રહે.

ક્યારેક પપ્પા બિઝનેસના કામથી શહેરથી દૂર ગયા હોય ત્યારે રાત્રે કાલુ રડી રડીને આખું ઘર માથે લે. મમ્મી વાર્તા કહેવાના પ્રયત્ન કરે પણ ડ્રૉઇંગબુકનાં ચિત્રોને પાત્ર બનાવીને વાર્તા કહેવાની રીત એમને ફાવે નહીં. એટલે કાલુ રડે અને મમ્મી અકળાય. આખી રાત ગુડ્ડી કાલુને હિબકા ભરતી જોઈ રહે કેમ કે કાલુને વાર્તા વિના તો ઊંઘ આવે જ નહીં! મમ્મી ઘણીવાર અકળાઈને પપ્પાને કહ્યા કરે કે "તમે આ છોકરીઓને બગાડી છે, ખોટેખોટા લાડ લડાવી માથે ચડાવી છે."

હવે ઘરમાં ધીમે ધીમે રાત્રે ગુડ્ડીને મમ્મી-પપ્પાના ઝઘડવાનો અવાજ વધતો જતો હોય એવું લાગ્યા કરે છે. એક દિવસ રવિવારે તો પપ્પા-મમ્મી એટલું જોરજોરથી ઝઘડતાં હતાં કે ગુડ્ડી અને કાલુ દોડતાં એમના બૅડરૂમ પહોંચી ગયાં અને બારણાની આડશમાં એ નાનકડી આંખોએ મમ્મી-પપ્પાની આપસમાં મારામારી જોઈ. ડરીને બંને બહેનો પોતાના રૂમમાં જતી રહી. આ સીલસીલો જાણે કે હવે રોજનો થઈ ગયો. વાર્તા કહેવા આવતા પપ્પાનો ગુસ્સો એમની વાર્તામાં અને વર્તનમાં દેખાતો. બંને બહેનો ડરીને ચૂપ થઈ જતી. હવે ઘરમાં નાના-નાની આવવા લાગ્યાં. મોડી મોડી રાત સુધી એ લોકો ઝઘડતાં હોય એ રીતે ચર્ચાઓ કરતાં. નાનીમા બંને બહેનોના માથે હાથ મૂકીને રડતાં. કાળા કોટ પહેરેલા બે અંકલ ફાઇલો લઈને આવતા અને પપ્પા-મમ્મી પાસે કશીક સહી કરાવતા. ગુડ્ડીએ તો નાનાજી પાસેથી એવું પણ સાંભળ્યું કે "બંને જણા એક વાર દીકરીઓનો તો વિચાર કરો" પણ પપ્પા કે મમ્મી કશું બોલ્યાં નહીં. છેલ્લે ગુડ્ડીએ રસોડામાં સાંભળ્યું કે મમ્મી નાનીને કહેતી હતી, "અમારે કોર્ટમાં જઈને તાયફો નથી કરવો એટલે તમારી હાજરીમાં જ બધું પતાવીએ છીએ!"

આ 'બધું પતાવીએ છીએ' એનો અર્થ ગુડ્ડીને મળ્યો નહીં. ઘરના કામવાળાં માસી ગેટવાળા અંકલ સાથે વાત કરતાં હતાં એ ગુડ્ડીએ અગાશી પરથી સાંભળ્યું કે, "સાહેબ અને બહેન બેય માણહ છૂટાછેડા લેવાના છે. બેય બેબીઓ તો કાયદા પ્રમાણે એની મમ્મીની સાથે જ જશે અને સાહેબ તો હવે સાવ એકલા." કોઈએ ગાલ પર અચાનક તમાચો માર્યો હોય એવું ગુડ્ડીને લાગેલું. છૂટાછેડાનો અર્થ નહોતો સમજાયો પણ હવે બધા સાથે નથી રહેવાના એટલું સમજાયેલું. દોડીને મમ્મી પાસે આવી તો મમ્મીએ સીધું જ કહી દીધું કે, "ગુડ્ડી, કાલે આપણે નાનાનાનીના ઘરે જઈએ છીએ." ધ્રૂજતા અવાજે ગુડ્ડીએ પૂછ્યું કે, "મમ્મી, પપ્પા...?"

"પપ્પાને બહુ કામ છે. એ હવે આપણી સાથે નહીં હોય." ગુડ્ડીએ આટલું સાંભળ્યું તો એને થયું કે

હવે પપ્પા સાથે નહીં હોય? એને સૌથી પહેલી કાલુ યાદ આવી.

એ બપોરે ખૂબ વરસાદ પડ્યો અને કાલુ ડ્રૉઇંગબુક ગૅલરીમાં ભૂલી ગયેલી તો બધાં ચિત્રોના રંગ રેળાઈ ગયા. સાંજે ફટાફટ ગુડ્ડી નવાં ચિત્રો બનાવીને રંગો પૂરતી રહી અને અંધારામાં ચિત્રો પર આંગળી મૂકીને કશુંક ગણગણતી રહી. કાલુ બંને હાથે ચહેરો ટેકવીને પોતાની મોટી બહેનને ચિત્રોમાં રંગો પૂરતી અને ઘડીક ચિત્રો સામે તો ઘડીક પોતાની સાથે કશુંક બોલતી જોઈ રહી. પાછળ અંધારામાં પપ્પા આવ્યા અને એમણે બારીના નાનકડા અજવાસમાં કલર સ્કેચપેનથી ડ્રૉઇંગબુકમાં રંગો પૂરતી અને ચિત્રો સાથે ગણગણતી ગુડ્ડીને જોઈ એટલે પૂછ્યું:

“ગુડ્ડી, કાલુ, શું કરો છો તમે લોકો ત્યાં અંધારામાં?”

ગુડ્ડીએ પપ્પાનો અવાજ સાંભળ્યો તો અંધારામાં એની આંખો ભરાઈ આવી. પપ્પાએ લાઇટ કરી. કાલુ પોતાની નાની નાની આંગળીઓ વાંકડિયા વાળમાં ભરાવતા બોલી:

“ડેડી, ગુડ્ડીદીદી... માલા માટે વાલતા બનાવે છે!”



ડોરબેલ

માલતીને બહુ જ કંટાળો આવતો. કંટાળો નહીં સખ્ખત ગુસ્સો. એને થતું કે હવે જેવી ડોરબેલ વાગે એટલે દરવાજો ખોલીને સામે જે કોઈ ઊભું હશે એને એક તમાચો લગાવી દેશે. દરેક વખતે એ એવું નક્કી કરતી. ડોરબેલ વાગતી ત્યારે ગુસ્સાથી ભભૂકતી દરવાજો ખોલતી પણ જેવો દરવાજો ખૂલતો તો સામે સિત્તેરેક વર્ષનાં માજીને જોઈને એ દરેક વખતે ઠરી જતી. કોઈ બાળક હોય તો બે તમાચા લગાવી દેવાય પણ આ માજીનું શું કરવું? છતાં એ થોડી તો ચિડાઈ જ જતી.

"ડોશીમા, તમારે શું છે? દરરોજ કેમ ટપકી પડો છો? કોનું કામ છે? ડોરબેલ કારણ વગરની વગાડવાનું બંધ કરો! તમે ક્યાંથી આવ્યાં છો? કોનું કામ છે તમારે?" જવાબમાં પેલા માજી કશું બોલ્યાં ટીકી ટીકીને માલતી સામે જોઈ રહેતાં.

સવારે માલતીના બંને બાળકો સ્કૂલે જતા રહેતા. છેલ્લે આઠ વાગ્યે એનો વર આકાશ પણ ટિફિન લઈને ઑફિસે જતો રહેતો. આખા ઍપાર્ટમૅન્ટના બધા બાળકો અને પતિઓ પોતપોતાના ઠેકાણે ઠલવાઈ જતા. સાડા આઠ પછી ઍપાર્ટમૅન્ટમાં માત્ર સ્ત્રીઓ હોય. કપડાં ધોવા, દોરીએ સૂકવવા, કચરા-પોતા, નાસ્તામાં વપરાયેલા એંઠાં વાસણોનો ઢગલો, શાકભાજી ધોઈને સમારવી, બપોરની રસોઈની તૈયારી કરવી આ બધામાં સ્ત્રીઓ પરોવાયેલી હોય. માલતીને પણ ફટાફટ કામ પતાવી દેવાની ઉતાવળ. જૂના ક્લાસિકલ હિન્દી ફિલ્મી ગીતો સાંભળતી સાંભળતી કપડાં વાસણ કરતી જાય. માંડ અડધી કલાક થાય ત્યાં ડોરબેલ વાગે. એ જઈને જુએ તો એક સિત્તેર વર્ષના માજી ઝીણા ઝીણા ફ્લાવરના પ્રિન્ટવાળું બ્લુ ગાઉન પહેરીને ઊભાં હોય. માલતી યાદ કરવાનો કંઈ કેટલોય પ્રયત્ન કરતી કે આ માજીને ક્યાંક જોયા છે પણ એને કશું યાદ નહોતું આવતું. પહેલાં તો એને લાગ્યું કે માજીને કોઈનું કામ હશે પણ પાછળથી સમજાયું કે માજી કંઈ સાંભળી શકતા નથી. માલતી એમને કંઈ કેટલાય સવાલો કરે પણ એના જવાબમાં માજી માલતીને ટીકી ટીકીને જોયા કરે. માલતી દરવાજો બંધ કરી દે તો ફરી એ ડોરબેલ વગાડે. લગભગ સાડા દસ અગિયાર સુધી આ સિલસિલો શરૂ રહેતો. માલતીએ આજુબાજુની દરેક સ્ત્રીઓને પૂછ્યું કે આ માજી કોના ઘરેથી આવે છે પણ એને કોઈ માહિતી ન મળી. માલતીએ આકાશને વાત કરી. આકાશે સોસાયટીના સિક્યુરિટી ગાર્ડને ધમકાવી નાખ્યો કે કોઈ અજાણ્યાને એન્ટર થવા ન દેવા. પણ આ ડોરબેલની મુસીબત માલતીનો છેડો મૂકે એવું લાગતું નહોતું. માલતીને ડોરબેલનો ત્રાસ એટલો વધી ગયો હતો કે સામાન્ય સંજોગોમાં પણ ડોરબેલ વાગતી તો એ ચિડાઈ જતી. આખરે માલતીએ પડોશીઓને પણ પૂછ્યું તો બધાએ કીધું કે એ લોકોની ડોરબેલ તો કોઈ વગાડતું નથી!

માલતી રાત્રે સૂતી તો સપનામાં પણ એને ડોરબેલ સંભળાતી. એ ઝબકીને જાગી જતી અને એકવાર ઘરનો મેઇન દરવાજો ખોલીને ચેક કરી લેતી કે કોઈ ખરેખર ડોરબેલ વગાડે છે કે કેમ?

રવિવારે આ ડોરબેલ બિલકુલ વાગતી નહીં પણ હવે તો રવિવારના દિવસોમાં પણ માલતીને એવો ભ્રમ થતો કે ડોરબેલ વાગે છે. એ રસોઈ કરતી કરતી ગુસ્સે થઈને હાથમાં વેલણ લઈને દરવાજો ખોલતી તો બહાર કોઈ દેખાતું નહીં. આકાશ જ્યારે માલતીને એવું કહેતો કે માલતીના મનમાં વહેમ ઘૂસી ગયો છે તો માલતીને રડવું આવતું. એને લાગતું કે બધા લોકો ભેગા મળીને એને ગાંડી સાબિત કરી રહ્યા છે.

બીજા દિવસે બપોરે માલતી રસોઈ બનાવતી હતી ત્યાં ડોરબેલ વાગી. માલતીએ પહેલાં તો ડોરબેલ ઇગ્નોર કરી. એને થયું કે ડોરબેલ ભલે વાગ્યા કરતી, દરવાજો ખોલવો જ નથી. પાંચ મિનિટ, દસ મિનિટ અને પંદર મિનિટ. ડોરબેલ વાગતી રહી. આજે માલતીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો.એણે દરવાજો ખોલ્યો અને સામે ઊભેલા પેલા માજીને સીધો ધક્કો માર્યો. ધક્કો એટલા જોરથી

વાગ્યો કે માજી ગ્રીલ પરથી સંતુલન ગુમાવી છઠ્ઠા માળથી સીધા નીચે પટકાયા. માલતીએ ચીસાચીસ કરી મૂકી. આખી સોસાયટી એકઠી થઈ ગઈ. માલતી બેહોશ થઈને ઢળી પડી. સોસાયટીવાળાઓએ માલતીના વર આકાશને તાત્કાલિક ફોન કર્યો. આકાશ ઑફિસથી ઘરે દોડી આવ્યો.

માલતીએ જ્યારે આંખો ખોલી તો એ હૉસ્પિટલમાં હતી. સામે આકાશ અને માલતીનાં મમ્મી હતાં. માલતી એની મમ્મીને જોઈને રડી પડી. "પોતે જાણી જોઈને એ માજીને આટલા જોરથી ધક્કો નહોતો માર્યો" એવું કહીને હીબકે ચડી. આકાશ ગુસ્સે થયો. એણે સમજાવ્યું કે છેલ્લા છ કલાકથી માલતી "મેં ધક્કો જાણી જોઈને નથી માર્યો" એવી માળા જપે છે પણ ધક્કો લાગ્યો છે કોને? ત્યાં કોઈ હતું જ નહીં. માલતી સ્તબ્ધ. મમ્મીએ માલતીના માથા પર હાથ મૂક્યો અને સમજાવ્યું કે "તારા મનનો વહેમ છે બેટા, આખી સોસાયટીએ તપાસ કરી ત્યાં ખરેખર કોઈ હતું જ નહીં." મમ્મી આકાશને કહેવા લાગ્યા. "માલતી સાવ નાની હતી ત્યારે એકવાર આવી રીતે જ ડરી ગયેલી. પડોશીના ઘરે વારંવાર ડોરબેલ વગાડવા જતી. પડોશીના સિત્તેર વર્ષના ડોશી માલતી પર બહુ ચિડાતા. એકવાર એ માજી ગુસ્સો કરી દરવાજો ખોલવા ગયાં અને લપસીને પડ્યાં. બ્રેઇન હેમરેજ થયું અને ગુજરી ગયા. ત્યારે પણ માલતી આમ જ ડરી ગયેલી." મમ્મીની આ વાત સાંભળીને માલતી એકદમ ચોંકી ઊઠી. એનું રડવાનું અટકી ગયું. અચાનક એને બધું જ યાદ આવી ગયું. વર્ષો પહેલાના એ સિત્તેર વર્ષનાં પડોશી માજી અને ઝીણા ઝીણા ફ્લાવરની પ્રિન્ટવાળું બ્લુ ગાઉન!



નીનીની મમ્મી

નીનીને એની નાનીમાના સફેદ વાળ બહુ ગમે! એનો ઉછેર તેના મોસાળમાં થઈ રહ્યો હતો. નાનાજી અને નાનીમા નીનીને મોટી કરી રહ્યાં હતાં. નીનીની મમ્મી ઈશીકા અને પપ્પા જય બંને લંડન હતાં. ઈશીકા ફૅશન ડિઝાઇનર હતી. જયની પોતાની રિસોર્ટ અને હોટેલ્સ હતી. નીનીનો જન્મ થયો એ જ દિવસે ઈશીકાને લંડનની કોઈ મોટી કંપનીએ તગડા પગાર સાથે નોકરીની ઑફર કરી. ભારતમાં કોઈ ને કોઈ કારણસર બિઝનેસમાં સફળ નહીં થયેલો જય પણ લંડન જવાના મૂડમાં હતો. આખી વાતમાં સમસ્યાનું કારણ બની નીની. ઈશીકા માનતી હતી કે જો એ અત્યારે નીનીને તેની સાથે લંડન લઈ જશે તો એ પોતાના કામમાં ધ્યાન નહીં આપી શકે. ઈશીકા અને જય વચ્ચે તો એ બાબતે એ સમયે ઝઘડા પણ થતા.

"જસ્ટ બીકોઝ ઑફ ધ બેબી... હું આ નોકરી હાથમાંથી નહીં જવા દઉં જય, મેં તો તને ફૅમિલી પ્લાનિંગની જ ના પાડી હતી."

"સ્ટોપ ઇટ ઈશીકા. બેબી પ્લાનિંગ ટાઇમે આપણને અંદાજો પણ નહોતો કે લંડન જવાનો ચાન્સ મળશે."

"આઇ ઍક્ચ્યુઅલી ડોન્ટ નો... આ બેબીનું શું કરીશું... મને પણ કંઈ સૂઝતું નથી."

ઈશીકાનાં મમ્મી પપ્પાએ આ બધી વાતો સાંભળી. એ લોકો બહુ દુ:ખી થયાં કે ઘોડિયામાં સૂતેલી આ નાની બાળકી આ લોકોને અત્યારે પ્રૉબ્લેમ લાગી રહી છે. આખરે ઈશીકાનાં મમ્મીપપ્પાએ નિર્ણય લીધો કે નીનીને એ લોકો સંભાળશે. ઈશીકા અને જયને બહુ મોટી હાશ થઈ. નીની સાતેક મહિનાની માંડ થઈ અને ઈશીકા-જય લંડન જતાં રહ્યાં. નીની એના નાનાજી અને નાનીમા સાથે મોટી થવા લાગી. સમજણી થઈને બોલતા શીખી ત્યારથી એ નાનીમાને જ 'મમ્મી' કહેતી. નાનીમાએ એને સમજાવવાનો પ્રયત્ન કરેલો કે એ તેની મમ્મી નહીં, મમ્મીની મમ્મી એટલે નાનીમા છે. નીનીને કશું સમજાયેલું નહીં. નાનાજીએ નાનીમાને કીધું કે નીનીને ફાવે એમ બોલવા દો. બસ પછી તો નીની માટે નાનાજી તો નાનાજી જ રહ્યા પણ નાનીમા કાયમ મમ્મી બની ગયાં. ઈશીકા કે જયના ફોન આવતા પણ નીનીને એ લોકો સાથે વાત કરવામાં બહુ રસ નહોતો. ઈશીકાની મમ્મી ઈશીકા અને જયને ભારતમાં સમયાંતરે આંટો મારતા રહેવાનું કહેતી પણ એ લોકોને ભારત આવવા માટેની ફૂરસદ નહોતી. સ્કૂલમાં પહેલા ધોરણમાં ભણવા જતી નીનીને નાનીમાના સફેદ વાળ બહુ જ ગમતા. નાનીમા એને રમાડે, હોમવર્ક કરાવે, જમાડે, વાર્તા કહે અને સાથે સુવાડે. નીનીની નાનકડી આંગળીઓ નાનીમાના સફેદ વાળમાં ગૂંચવાયેલી હોય જ. એ હેતથી પોતાની આંગળીઓ એ વાળમાં ફેરવ્યા કરે. રવિવારે તો નીની જ પોતાના નાનકડા હાથે નાનીમાના સફેદ વાળમાં તેલ નાખી આપે. નાના નાનીમા આ જોઈને લાગણીશીલ થઈ જતા.

લંડનમાં હવે ઈશીકા અને જયને એકલું લાગવા લાગ્યું હતું. નીનીને મૂકીને આવ્યા એ વાતને પાંચેક વર્ષ થવા આવ્યાં હતાં. ઈશીકાએ નિર્ણય લીધો કે હવે એ નીનીને એ લોકોની સાથે લંડન બોલાવી લેશે. જયને પણ આ વાત ગમી. એ બંનેએ ભારત ફોન કરીને મમ્મી-પપ્પાને વાત જણાવી. લંડનમાં નીનીની સ્કૂલના ઍડમિશનની અને અલગથી મોટા રૂમની વ્યવસ્થા થવા લાગી. નાનાજી અને નાનીમા પર તો જાણે કે વીજળી પડી. આટલાં વર્ષો નીની સાથે રહ્યાં અને હવે અચાનક નીની જતી રહેશે એ વાત પર એ લોકો રડી પડ્યાં. નીની સ્કૂલે જતી રહેતી પછી નાનીમા બહુ રડતાં. નાનાજી એમને સાંત્વના આપતા કે આખરે એક દિવસ તો એ પોતાનાં સાચ્ચાં મમ્મીપપ્પા પાસે જવાની જ હતી ને. હજુ અણસમજુ છે ત્યાં સુધીમાં જતી રહેવાની છે એ નીની માટે જ સારું છે. નાનીમા આ વાતને સમજતા પણ સ્વીકારી નહોતાં શકતાં. નાનાજીએ નાનીમાને કીધું કે નીનીને જણાવી દો કે હવે એને જવાનું છે

પણ નાનીમા કહી શક્યાં નહોતાં.

દિવાળીના દિવસો આવ્યા. આખરે ઈશીકા અને જય ભારત આવ્યાં. નીની એ લોકોને અજાણ્યાને જોતી હોય એમ જોઈ રહી. બધાં લોકો બે દિવસ સાથે રહ્યાં, હર્યાફર્યા પણ નીની ઈશીકાથી દૂર જ રહેતી હતી. ઈશીકા એને ભેટવા જાય કે વાત કરવા જાય તો એ રડી પડતી. આ બધું જોઈને ઈશીકા પણ રડી પડી. જયે ઈશીકાને સમજાવ્યું કે લંડન સાથે રહેશે એટલે નીનીને આપણા લોકોની ટેવ પડી જશે. સામાન પેક થયો. નીનીને જવાનું થયું તો એ જોર જોરથી રડી પડી. નાનીમાને મમ્મી મમ્મી કહેતી એ વળગી પડી. નાનાજી અને નાનીમા પણ રડી પડ્યાં. ઈશીકાએ પોતાની દીકરી નીનીને ખોળામાં બેસાડીને કીધું કે, “બેટા, હું તારી મમ્મી છું.” નાનકડી આંખોમાંથી ધસી આવતા મોટા મોટા આંસુ લૂંછતી નીની ઈશીકાના લાલ વાળ તરફ ઈશારો કરીને બોલી, “તમે મારાં મમ્મી નથી કેમ કે તમારા માથામાં સફેદ વાળ નથી!”



ઝાંઝરની આંખ

એ ગંગા ડોશી મારે ત્યાં કામ કરવા આવી એનું મુખ્ય કારણ ઉંમર સાથે દિવસે ને દિવસે મારું વધતું વજન. કંઈ કેટલી દવા કરાવી, ઘી ખાવાનું બંધ કરી દીધું, ગળ્યું તો સાવ છૂટી ગયું, કરિયાતું પીધું, દેશી દવાઓ કરી પણ શરીર દિવસે અને દિવસે ફૂલતું જતું હતું. હવે તો માંડ બે પગથિયાં ચડ- ઊતર કરું તો પણ હાંફ ચડી જતો. ઊભી ઊભી પાંચ રોટલી કરું ત્યાં પરસેવે રેબઝેબ. કૉલેજ કરતી મારી બંને દીકરીઓ પ્રિયા અને પ્રિન્સી મને કહેતી, "મમ્મી, હવે તો આપણે લોકો સરખું સરસ કમાઈએ છીએ પછી લોભ કેમ કરે છે? કામવાળી રાખી લે." પણ મને થતું કે બે ઉંમરલાયક છોકરીઓ છે અને પ્રણવના એકલાની આવક એમાં કામવાળી તો કેમ પોસાય? હા એટલે પ્રણવ પ્રાઇવેટ બૅન્કમાં બહુ સારી પોસ્ટ પર છે, પગાર પણ ઘણો મોટો છે તો એનો અર્થ એ તો નથી કે પૈસા પાણીની જેમ વહાવીએ. એમાં એક દિવસ કપડાં સૂકવવા ગઈ અને મને ચક્કર આવી ગયાં. નીચે પડી. બી.પી. અચાનકથી ડાઉન થઈ ગયેલું. તાત્કાલિક ઍડમિટ કરી. પીઠમાં ઘણું વાગ્યું હતું. પ્રણવ તો તાત્કાલિક હૉસ્પિટલ પહોંચી ગયેલા અને મારા પર ધૂંઆપૂંઆ થઈ ગયા.

"આરતી, ઘરે કામ કરવા માટે આવતીકાલથી કામવાળી આવશે, ઘરે જ રહેશે. આ તને સીધી જાણ કરું છું. તારી સલાહ નથી માગતો. પાંચ-દસ હજારની ચિંતામાં હું તને ખોઈ બેસું એવી બચત મને ન જોઈએ." એમની ભીંજાયેલી આંખો જોઈને હું કશું ન બોલી શકી. બીજા દિવસે ગંગાડોશી કપડાં ભરેલી નાની પતરાની બૅગ લઈને અમારા ઘરે.

સાચ્ચું કહું તો મને એમ જલદી કોઈ પર ભરોસો ન આવે અને આ ગંગાડોશીને પાછી માંજરી આંખો. 'માંજરી આંખનો ભરોસો નહીં' આવું નાનપણથી મારી મા પાસેથી મેં સાંભળેલું. મનમાં સતત શંકાની સોય ભોંકાતી રહે. એમાં એક દિવસ મારી મોટી દીકરીએ ગંગાડોશીને પૂછી લીધેલું કે "અહીં તમારું અમદાવાદમાં કોઈ સગું છે?"

"દીકરો અને વહુ બેય જણાં છે. દીકરો ચોકીદાર છે અને વહુ કચરા-પોતાનું કામ કરે. હું તો ગામડે રહું." તરત મને વિચાર આવ્યો કે ગંગાડોશીનો દીકરો અને વહુ કેમ એને સાથે નહીં રાખતાં હોય? નક્કી ગંગાડોશીના સ્વભાવમાં કાંઈ લોચો હોવો જોઈએ. સોસાયટીની બધી સ્ત્રીઓ મને વારંવાર કહેતી રહેતી.

"આરતી, ધ્યાન રાખતી રહેજે. એમ આટલી જલદી કોઈનો ભરોસો કરી લેવો બરાબર નહીં."

"આ નાના ગામડાવાળાનો હાથ બહુ કારીગરીવાળો હોય. ક્યારે કઈ વસ્તુ આડાઅવળી કરી લે આપણને કંઈ અંદાજો પણ ન આવે."

હું ગંગાડોશી પર ચાંપતી નજર રાખતી. દિવસો પસાર થતા ગયા એમ મને થતું ગયું કે હું ખાલી ખોટી કારણ વગર એની માંજરી આંખ પર શંકા કરું છું. ગંગાડોશીના દીકરાની વહુને પેટ રહ્યું તો એ તો હરખાઈ ગઈ. મને કે, "આરતીબહેન, હું તો મારા ઘરે જે પેલું બાળક આવે એની માટે ચાંદીના કડા કરાઈશ." પોતાના દીકરાના સંતાન માટે એને આમ ઘેલી થાતી જોઈને મને થયું કે બિચારી કેટલી ભલી ભોળી છે.

મારી મોટી દીકરી પ્રિયાની સગાઈ નક્કી થઈ. રિંગ સેરેમનીનો દિવસ હતો. મહેમાનોનાં ટોળેટોળાં ઘરે એકઠાં થયેલાં. ઢગલો કામ હતું. ડેકોરેશન, બધાનું જમવાનું, કચરો, વાસણ અને કપડાં. ગંગાડોશી દરેક ઝીણી ઝીણી તૈયારીમાં ફરી વળી. એણે બધું સંભાળી લીધું. મને હાશકારો થયો કે સારું છે ગંગાડોશી છે નહીંતર તો આ કામ કેમેય કરીને ઉકેલાત. છેક સાંજે પ્રિયાએ ભેંકડો તાણ્યો. એને એની ચાંદીની એક ઝાંઝર નહોતી મળતી. પ્રણવે પૂછ્યું કે કોના હાથમાં છાબ હતી? કોણે સામાન ઉપાડ્યો હતો? બધાનું ધ્યાન ગંગાડોશી તરફ. "જી બહેન, ઘરેણાંની છાબ તો મારા હાથમાં..." એ વધારે તો ન

બોલી બસ અમારા બધાની સામે જોઈ રહી. મને તો એટલો ગુસ્સો આવ્યો કે ડોશીનો સામાન જાતે ફેંદી લીધો પણ ઘૂઘરીઓવાળી ઝાંઝર ન મળી. પ્રિયા રડવાનું બંધ નહોતી કરતી. ગુસ્સામાં મેં ગંગાડોશીની પતરાની બૅગ ઘરની બહાર ફેંકી દીધી. પ્રણવે પણ ગંગાડોશી પર ખૂબ બૂમો પાડી. ગંગાડોશી ગેટની બહાર બેસી રહ્યાં. પ્રણવે ગંગાડોશીના દીકરાને ફોન કરીને આખી વાત કરી. મોડી રાત્રે એનો દીકરો એને લેવા આવ્યો. ગેટની બહારથી એ એને લઈ ગયો. વરસતા વરસાદમાં ગંગાડોશી વળી વળીને અમારા ઘર તરફ જોઈ રહી. હું આખી રાત બબડી.

"મને તો એની માંજરી આંખ પર પેલ્લેથી જ શંકા હતી."

થોડા દિવસો પછી મને સમાચાર મળ્યા કે ગંગાડોશીના દીકરાએ ડોશીને ઝાંઝર માટે માર્યા. પ્રણવે તો ફોન કરીને ગંગાડોશીના દીકરાને ડોશી પાસે ઝાંઝર ઉઘરાવવાની હવે જરૂર નથી એમ કહી પણ દીધું. અમારી નવી કામવાળી ગંગાડોશીના ગામની જ હતી એ બધી વાતો કરતી.

દિવાળીની સાફસફાઈ ચાલતી હતી. નવી કામવાળી સફાઈ કરતાં કરતાં બોલી કે ગંગાડોશીને એની વહુએ શહેરમાં ન રાખ્યાં એટલે ગામડાના એના ઘરમાં એણે ગળાફાંસો ખાઈ લીધો. હું તો આ સાંભળીને ધ્રૂજી ગઈ. દીકરાના સંતાન માટેના ગંગાડોશીના કાલાવાલા મને યાદ આવી ગયા. ગળું ભરાઈ ગયું. ચક્કર આવવા જેવા થયા અને પ્રિયાના કબાટનું બારણું પકડી બેસી પડી. જેવી નીચે બેસી પડી કે કબાટના નીચેના ભાગે અંધારામાં પ્રિયાની પેલી ખોવાયેલી ઝાંઝર ચળકતી દેખાઈ. ત્યાં ફસાયેલી એ ઝાંઝરની આ આંખને હવે કઈ રીતે સહી શકું? સ્તબ્ધ!



મીસરી પ્રસાદ

રાધા પરણીને આવી ત્યારે એણે જોયું કે એના સાસરિયામાં ઠાકોરજીની સેવાનું બહુ જ માહાત્મ્ય છે. સેવાપૂજા રાધાના સ્વભાવમાં બહુ નહોતી. એ નાસ્તિક નહોતી પણ એવું માનતી કે મને બહુ સેવાપૂજા ફાવે નહીં. રાધાના સસરા નલિનરાય પણ દાનધર્મમાં ખૂબ માનતા. દર મહિને ઠાકોરજીના મંદિરે એમના તરફથી છપ્પનભોગ કે શૃંગાર સેવા હોય જ. રાધાનો પતિ પ્રદ્યુમ્ન પોતે સિવિલ એન્જિનિયર પણ એની સવાર તો ઠાકોરજીને ચાંદીના વાસણમાં ગાયના દૂધમાં તુલસીનું પાન ઉમેરી પ્રસાદ ધરાવ્યા પછી જ ઊઘડતી. ઘરમાં અગિયારશના દિવસે આખું ઘર ઉપવાસ કરતું. ગ્રહણના દિવસે બધા બેસીને કિર્તનભજન કરતા. ગ્રહણ પૂરું થયા પછી બધા સાથે મળીને પૂજા કરતા. દર વર્ષે મંદિરને સોનાના આભૂષણો સપ્રેમ ભેટ કરવાનું રાધાનું સાસરિયું ક્યારેય ભૂલે નહીં. રાધાની સાસુ જમુનાબા તો બાળ કૃષ્ણ માટે ઉનનું સ્વેટર ગૂંથતા ગૂંથતા રડી પડે. રાધા દોડીને પૂછે કે, “મમ્મી, શું થયું?” તો જવાબમાં સાસુ આંસુ લૂછીને સાડીના પલ્લુમાં હાથ જોડીને આકાશ સામે જુએ.

“ગઈ કાલે મંદિરમાં મહારાજશ્રીના શ્રીમુખે કહેવાયેલી શ્રીકથા યાદ આવી ગઈ. મથુરાની જેલમાં દેવકીમૈયાના સપનામાં શ્રીલાલાજી આવ્યા અને કહેવા લાગ્યા કે માતા, હું તમારું શ્રીસંતાન થઈને આવવાનો છું. માતા આટલું સાંભળીને રડી પડી કે હે શ્રીદેવ, તમે ન આવશો. રખેને હું કાળા માથાની માનવી ક્યારેક તમને ધોલથપાટ કરી લઈશ તો પાપની અધિકારી થઈશ. કયા ભવે હું આ પશ્ચાત્તાપના તાપમાંથી છૂટીશ તો હે શ્રીદેવ તમે ન આવશો.” રાધા સાસુની આંખોમાંથી અસ્ખલિત આંસુની ધાર જોઈ રહેતી. ઇસ્ત્રી ટાઇટ સૂટબૂટ પહેરેલો એનો પતિ પ્રદ્યુમ્ન બિઝનેસ ટૂર માટે દેશવિદેશમાં જતો પણ એકાદશીના દિવસે તો એ ઘરે જ હોય. રાધાને સતત એવું લાગતું કે બહુ જ અલગ છે અથવા કહો કે એ જે ઘરમાં પરણીને ગઈ છે એ ઘરને લાયક નથી એ. એણે ગીતા અને ભાગવત વાંચવાનું શરૂ કર્યું પણ એને લાગતું કે એને એ બધી બાબતો અનુભવાતી નથી જે ઘરના લોકો અનુભવી શકે છે.

લગ્ન પહેલાં રાધાને એનાં મમ્મીએ કહેલું કે “રાધા, તું જ્યાં પરણીને જઈ રહી છે એ પરિવાર બહુ ધાર્મિક છે. સેવાપૂજા અને ભજન-કિર્તનમાં બહુ માને છે. દૂધમાં સાકર ભળે એમ એ ઘરમાં ભળી જજે.” રાધાએ માની લીધેલું કે ધાર્મિક એટલે તો શું હશે ઘરમાં સવાર-સાંજ આરતી થતી હશે અને વર્ષમાં બધા એકવાર ગોકુળ-મથુરા જતા હશે. પણ સાસરિયે આવીને એને સમજાયું કે અહીંયા તો સૂતા ઊઠતા, મળતા વિખૂટા પડતા, ખાતા પીતા, સારા સમાચાર કે ખરાબ સમાચાર દરેક વાત પર ‘જય શ્રી કૃષ્ણ’ છે. રાધાએ નક્કી કર્યું કે ધીમે ધીમે એ પોતાની જાતને આ બધામાં ઢાળી દેશે. આમ તો રાધાના ઍરેન્જ મૅરેજ જ હતા. છોકરાવાળાએ એક જ મુલાકાતમાં હા પાડી દીધી હતી. રાધાનાં મમ્મીપપ્પાને તો દીકરીના ભાગ્ય ખૂલી ગયા હોવાનું લાગ્યું. જો કે આ વાત ખોટી પણ નહોતી. પ્રદ્યુમ્ન બહુ સરળ અને પ્રેમાળ હતો.

ગોપાષ્ટમીનો દિવસ હતો. સાસુ જમુનાબા તો ચિકનગુનિયા તાવમાં છેલ્લા પંદર દિવસથી સપડાયેલાં હતાં. રાધાના સાસરિયામાં એક રિવાજ હતો કે ગોપાષ્ટમીએ માટીની માટલી ભરીને મીસરી પ્રસાદ બનાવવાનો અને ઠાકોર મંદિરે એ પ્રસાદ ધરાવવાનો. ઘરની વહુ આ પ્રસાદ બનાવીને ધરાવતી. આજ સુધી જમુનાબા આ કામ કરતાં. જમુનાબાની તબિયત સારી નહોતી તો રાધા સ્નાન કરીને મીસરી ભરેલી માટીની માટલી લઈને સાંજે નીકળી. સાસુને પણ સારું લાગ્યું કે રાધા વહુ શ્રદ્ધાભાવે મંદિરે ગઈ છે.

મંદિરે પહોંચીને ઠાકોરજીને રાધાએ મીસરી પ્રસાદ ધરાવ્યો. પૂજારીજીએ એક ચમચી ઠાકોરજીની મૂર્તિને ધરાવી અને માટલી રાધાના હાથમાં આપી. સાસુ જમુનાબાએ શીખવ્યું એ રીતે ઘરચોળાના ઘૂંઘટમાંથી રાધાએ ઠાકોરજીના ઓવારણા લીધા અને મંદિરની બહાર નીકળી.

રાધા ઘરે પહોંચી તો જમુનાબાએ મીસરી પ્રસાદ માગ્યો. ઘરના બધા લોકો મીસરી પ્રસાદની રાહે હતા. રાધાની માટલી ખાલી હતી. સાસુને નવાઈ લાગી.

"વહુ, આખી માટલી ખાલી? મીસરી પ્રસાદ ક્યાં?"

"મમ્મીજી, મીસરી તો ઠાકોરજીને ભોગમાં ધરાવી દીધી."

"વહુ, હા પણ એ તો એક ચમચી. બાકીની બધી ક્યાં?"

"મમ્મીજી, ઠાકોરજીને વધારે ભૂખ લાગી હતી તો બધી મીસરી પી ગયા." રાધા આટલો જવાબ આપીને ઊંડા શ્વાસ લઈને પોતાના રૂમમાં જતી રહી. જમુનાબા કશું સમજી શક્યાં જ નહીં કે રાધાવહુ શું કહેવા માગે છે. એ ફરી ફરી આખી ખાલી માટલીને જોઈ રહ્યા. રાધા બેડ પર બેસી પડી. એણે ઊંડા શ્વાસ લીધા અને આંખો બંધ કરી. પહેલી વખત એણે અનુભવ્યું કે હા, હું ખરેખર અલગ છું. સેવાપૂજાના આખા સારને અલગ રીતે પામ્યા હોવાનું એણે અનુભવ્યું. મંદિરની બહાર નીકળી ત્યારે ઝૂંપડપટ્ટીના નાના બાળકો લઘરવઘર કપડે ભૂખ્યા પેટે વાટકાઓ લઈને રાધાની કાર પાસે ઊભા હતા. રાધાએ એ બધા જ ભૂખ્યા ઠાકોરજીઓને મીસરી પ્રસાદ ધરાવી દીધો હતો!!



ખાટી કેરી

બંને ઘર વચ્ચે એક દીવાલ હતી. દીવાલ આમ તો નાની પણ તોય એ નોખાં રાખવાનું કામ તો કરે જ છે. એ જ રીતે ગુણવંત અને જયવંતના ઘરને આ દીવાલ અલગ કરતી હતી. બંને સગા ભાઈઓ. નોખા નિરાળા. કિસ્મત ગુણવંતને ફળી તો એનો ધંધો ધમધોકાર પણ જયવંતના નસીબની આડેથી પાંદડું હલવાનું નામ નહોતું લેતું. ગુણવંત દિવસે ને દિવસે ધનવાન અને જયવંત દિવસે ને દિવસે ગરીબ બનતો જતો હતો. બંને ભાઈઓ વચ્ચેની આર્થિક અસમાનતામાં બંનેના પરિવારની લાગણી, હૂંફ અને નિસ્બતની અસમાનતા પણ વધવા લાગી.

ગુણવંતની પત્ની માનસુંદરી આમ તો મોટપનો અવતાર. દરેક વાત પર એને દેખાડો કરવાની ટેવ. જયવંતની પત્ની રેવતી પતિનો ટૂંકો હાથ અને ઘરનો હાલ બહુ જલદી સમજી ગઈ હતી એટલે મૂંગા મોઢે કામ કરીને ઘર ચલાવતી. રેવતી સંતોષી અને સમજદાર. ગુણવંતના ઘરે એક દીકરો ગોપાલ અને જયવંતના ઘરે એક દીકરી ચીકી. ગોપાલ અને ચીકી બંને પિતરાઈ ભાઈ-બહેનને બહુ મનમેળ. ચીકીની હાજરી માત્રથી ગોપાલ ડાહ્યો થઈ જાય અને તોફાન ન કરે એના કારણે કમને પણ માનસુંદરી ચીકીને પોતાના ઘરમાં આવવા દેતી. ચીકી પણ એનાં માબાપ જેવી જ લાગણીશીલ અને સમજદાર.

બાપદાદાએ બનાવેલું મોટું ઘર. એક ઓશરીએ ચાર ઓરડા, મોટું ફળિયું, ફળિયામાં લીમડો. માનસુંદરીના બે ઓરડાની રોનક દિવસે અને દિવસે વધતી. રેવતીના બે ઓરડાની દીવાલો પર ધોળેલા રંગો ફિક્કા પડી ગયા હતા અને હવે પોપડીઓ ખરતી. માનસુંદરીને રેવતીના બે ઓરડાની અને એ સાઇડના મેલાઘેલા પાણિયારાની બહુ શરમ આવતી. આખરે માનસુંદરીનું મન સાચવવા ગુણવંતે બંને ઘર વચ્ચે દીવાલ ચણી લીધી. માનસુંદરીને એ દિવસે બહુ મોટો હાશકારો થયો કે હવે નિરાંતે ઊંઘ આવશે. એ રાત્રે જયવંત અને રેવતી ખૂબ રડેલાં. ચીકી પણ સમજી ગયેલી કે હવે એને મોટા પપ્પાના ઘરે જવું હશે તો દીવાલ નડશે.

જયવંત અને રેવતીના એટલા ખરાબ દિવસો આવેલા કે ઘરનાં સારાં સારાં વાસણો પણ એ લોકોએ વેચી દીધેલાં. જયવંત માર્કેટિંગ યાર્ડમાં શાકભાજીની બોરીઓ ઊંચકવા મજૂરીએ જતો. રેવતી અને ચીકી શેરીમાં અને ગામમાં લોકોના કચરા-વાસણ કરવા જતા. ગુણવંત પોતાના નાનાભાઈને અને ભાભીને આ રીતે મહેનત કરતા જોઈ રહેતો. એક દિવસ એના મનમાં રામ વસ્યા તો એણે માનસુંદરીને કહી દીધું.

“કાલથી રેવતી આપણા ઘરે કામ કરવા આવશે. એને કહેજો કે ગામમાં બીજે ક્યાંય ન જાય. ઘરની આબરૂનો સવાલ છે.” માનસુંદરીને આમ તો આ વાત ન ગમી પણ પછી એ વાત જ બહુ મીઠી લાગી કે એના ઘરમાં રેવતી અને તેની દીકરી ચીકી નોકરાણી બનીને ઢસરડા કરતી હશે. એણે વિચાર્યું સારો મોકો મળશે ત્યારે હડધૂત કરીને તગેડી મૂકી શકાશે જ.

ગુણવંતના ફરમાનનું બીજા દિવસથી જ પાલન થયું. રેવતી અને ચીકી ગુણવંતના ઘરની સંજવારી, કચરાપોતા, વાસણ, રસોઈ, કપડા બધું કામ પતાવી દેતા. માનસુંદરી આપી શકાય એટલો ત્રાસ બંને માદીકરીને આપતી પણ રેવતી અને ચીકી મૂંગા મોઢે કામ કર્યા કરતા. ગોપાલ ચીકી સાથે રમવાની જીદ કરતો. માનસુંદરી ના પાડતી તો ગોપાલ આખું ઘર માથે લીધું હોય એમ કકળાટ કરી મૂકતો. માનસુંદરી ગોપાલને ચીકીથી દૂર રાખવાના નિષ્ફળ પ્રયત્નો સતત કર્યા કરતી. અંતે બધો ગુસ્સો એ ચીકી પર ઉતારતી. ચીકીને ઉતારી પાડવાની એક તક એ જવા ન દેતી.

ઉનાળાના દિવસો શરૂ થયા હતા. માનસુંદરીએ અથાણું બનાવવા માટે ખાસ મીઠી કાચી કેસર કેરી મંગાવી હતી. રેવતીએ ફળિયામાં મોટું પાથરણું પાથર્યું અને બધી કેરી મોટા દાતરડાથી કાપવા લાગી. માનસુંદરી હિંચકે બેસીને આંબલિયા ખાતી હતી. ચીકી નિશાળેથી આવી ગઈ એટલે મમ્મી રેવતીને

મદદ કરવા લાગી. રેવતીએ કાપેલી કેરીઓની ચીર એ હળદરવાળા પાણીમાં બોળી બોળીને સૂકવવા લાગી.

"બંને માદીકરી કામમાં થોડી ઉતાવળ રાખો. ભિખારણોને ખાવા ન મળ્યું હોય એમ માંદલા બનીને બેઠાં છો. સાંજ પડે એ પહેલા કામ પતાવી દેજો. બીજા સત્તર સો કામ પડ્યાં છે હજુ." માનસુંદરીના દરેક કડવાં વાક્યોને અવગણી માદીકરી અથાણાની મીઠી કેસર કાચી કેરીઓ સમારી રહી હતી. કામ કરતા કરતા ચીકીએ કેરીની એક ચીર મોંમાં મૂકી અને માનસુંદરી જોઈ ગઈ. એ દોડી. ચીકીને બાવડેથી ઝાલી એક થપાટ મારી દીધી.

"ચોરના પેટની. નીકળ ચલ અત્યારે ને અત્યારે. મારી દેખતા આમ કેરીઓ ચોરીને ખાય છે તો અમારી ગેરહાજરીમાં તો કેટકેટલું તફડાવતા હશો." રેવતી દોડીને દીકરીની વહારે આવી. માદીકરીને કાઢી મૂકવાનું જાણે બહુ મોટું બહાનું મળી ગયું એમ માનસુંદરી ખુશખુશાલ.

રાત્રે રેવતીએ ચીકીના સૂઝી ગયેલા ગાલ પર હાથ મૂક્યો.

"ચીકી, માનસુંદરીબાએ લાફો માર્યો એટલે ગાલ પર સોઝો ચડ્યો ને બેટા?"

જવાબમાં ચીકીએ રેવતીના ગળામાં હાથ પરોવ્યા.

"ના બા એટલે નહીં, પણ કેરી ખાટી હતી એટલે સોઝો ચડ્યો છે!" એ રાત્રે પહેલી વખત રેવતીથી લાંબા સાદે રોઈ પડાયું.



બંધ બારણાંનો ચિત્કાર

“ભૂલ નહીં કરું... નહીં કરું... ઓય માડી રે... મને જવા દો... મને મારો નહીં... ઓય મા... બચાવો... બચાવો.”

આ ચીસો અને રોક્કળના લીધે મારા દિવસો વધુ ને વધુ અસહ્ય બની રહ્યા હતા. બાજુના એ ઘરમાંથી સમયાંતરે અઠવાડિયામાં ત્રણચાર વખત મારામારી સાથે આવા અવાજો સંભળાય. બંને ઘર વચ્ચે એક જ દીવાલ. વસ્તુઓ તૂટતી ફૂટતી, વાસણો પડતા, કોઈ સ્ત્રી ચીસો પાડતી હોય, તમાચાના અવાજ. આ અવાજો મને જંપવા નહોતા દેતા. રાત્રે હું સૂઈ નહોતો શકતો. મારી પત્નીએ તો મને કીધું પણ ખરું કે, “તમે નાહકના લોહીઉકાળા કરો છો. આપણને અને એ પડોશીઓને કોઈ સીધો સંબંધ નથી. એ લોકો એના ઘરમાં મારામારી કરે કે ઠઠ્ઠામશ્કરી આપણને શું? તમે એ લોકોને કારણે જાગતા ફરો એ મને નથી ગમતું.” મારી પત્નીની વાત તો આમ તો સાચી. મને એ લોકોના ઘરમાં કંઈ પણ થાય એ બાબતે ફેર ન જ પડવો જોઈએ. અમે લોકો આ ફ્લૅટમાં રહેવા આવ્યા એને માંડ મહિનો થયો હશે. મહિનામાં દસ બાર વખત એ ઘરમાંથી મારામારીના અવાજો છેક અમારા ઘર સૂઈ રેલાઈને આવતા. દરવાજાની તડમાંથી, બારીઓની સળિયાઓમાંથી એ અવાજો દિવસે અને દિવસે વધતા જતા. મને થતું કે મારા ઘરની બાજુમાં જ એક સ્ત્રી એના વરના હાથનો માર ઢોરની જેમ ચૂપચાપ સહન કરે છે અને હું છાતી પર હાથ રાખીને નિરાંતે ઊંઘી શકું? આ તો કેવી માણસાઈ?

મને સતત એ પડોશી સ્ત્રી અને પુરુષના વિચારો આવતા. એ બંને કેવી જિંદગી જીવતા હશે? શું સમસ્યા હશે કે એ ઘરમાં સતત રોક્કળ હોય છે. એ ઘર વિશે જાત જાતના સવાલો મારી અંદર થતા. મારે બહુ લાંબો સમય રાહ ન જોવી પડી. મારી પત્ની જ બધું જાણી લાવી.

“તમને કહું સાંભળો, હું શાકભાજી લેવા ગઈ ત્યારે બધી સ્ત્રીઓ આપણા પડોશી ઘરની વાતો કરતી હતી. કહે છે કે એ ઘરમાં આદમી બહુ માથાભારે છે. કોઈને પોતાના ઘરે આવવા નથી દેતો. અરે એટલો નાલાયક છે કે એ આદમીએ તો પોતાનાં માબાપને પણ ગામડે પાછાં કાઢી મૂક્યાં. ક્યારેય એના ઘરે કોઈ મહેમાન નથી આવતું. નાની નાની વાતો પર પોતાની વાઇફને પીટ્યા કરે છે.” આ બધું સાંભળીને મને એ આદમી પર વધારે ખીજ ચડી. કેટલો હલકી કક્ષાના માણસ કહેવાય. બિચારી એ બાઈ!

એ પછી મારી વાઇફ સમાચાર લાવતી કે પેલાની વાઇફને તો એ આદમી ઘરની બહાર જ નથી નીકળવા દેતો. પોતે જ શાકભાજી, કરિયાણું અને દૂધ લાવે. પેલી બાઈને તો ચાર દીવાલ જોયા કરવાની. મને થતું કે આ સ્ત્રી તો જાણે કોઈ કેદખાનામાં કેદ છે બિચારી. ઘરની બહાર કરવા પડતા બધા કામ એ આદમી જ કરતો. પેલી સ્ત્રી ઘરમાં જ રહેતી. મને ઘણીવાર વિચાર આવતા કે હું પોલીસમાં ફરિયાદ કરું પણ મારી પત્ની દરેક વખતે મને અટકાવતી.

“આમ બીજાના સળગતા લાકડા આપણે હાથમાં નથી લેવાના હોં. મને મારા ઘરમાં બીજાના ભવાડા ન જોઈએ. ધરમ કરતા ધોકા પડે. આપણે તો ભલું આપડું ઘર અને ભલો આપણો સંસાર!” હું સમસમીને ચૂપ રહેતો. દિવસે દિવસે મને પેલી સ્ત્રી માટે અપરાધભાવ વધવા લાગતો. મારામારી અને રોક્કળના અવાજો તો બાજુની ભીંતની આરપાર ચાલુ જ રહેતા. પેલો આદમી ક્યારેક રસ્તામાં સામો મળતો તો મારા હાથમાં એકદમ ખંજવાળ આવતી. મને થતું એનો કૉલર પકડીને ઊંધા હાથની કસકસાવીને બે ધોલ મારી દઉં, પણ મારી વાઇફના શબ્દો યાદ આવી જતા અને હું કશું કરી શકતો નહીં. એ આદમી પણ સોસાયટીમાં કોઈની સાથે વાત નહોતો કરતો. બધા લોકો એની સામે તિરસ્કારભરી નજરે જોઈ રહેતા.

ઉનાળુ રજાના દિવસો હતા. મારી પત્ની પિયર ગઈ હતી. હું ઘરે એકલો હતો. રાતનો સમય હતો.

મારા પેલા પડોશીઓના ઘરમાંથી ફરી મારામારીના અવાજો સંભળાયા. પેલી સ્ત્રી જોરજોરથી રડતી હતી. વાસણો તૂટતાં ફૂટતાં હતાં. દીવાલની પેલી સાઇડના એ ચિત્કારો મને અકળાવવા લાગ્યા.

"ભૂલ નહીં કરું... મને જવા દો... મને મારો નહીં... ઓય મા... બચાવો... બચાવો."

મારાથી કંટ્રોલ ન થયો. લાંબાં ડગલાં ભરતો ભરતો હું સીધો મારા ઘરની બહાર નીકળ્યો. પડોશીના ઘરનું બારણું હતું ત્યાં મેં લાત મારવા પગ ઊંચો કર્યો તો જોયું કે બારણું ઓલરેડી ખુલ્લું છે. અધખુલ્લા બારણાંની આડશમાંથી મેં જોયું. હું સાવ સ્તબ્ધ. સોફા પર પેલો આદમી કે જેના તરફ અમે લોકો ફિટકાર અને તિરસ્કાર વરસાવતા હતા એ ટૂંટિયું વાળીને બેઠો હતો. એ આદમી ડરનો માર્યો આખો ધ્રૂજતો હતો. એની આંખમાંથી સતત આંસુ નીકળતા હતા જાણે એ હિબકા ભરતો હતો. એ ઘડીએ ઘડીએ હાથ જોડતો હતો. બારણાની આડશને થોડો વધારે ધક્કો મારીને દૂર રસોડા પાસે બૂમો પાડતી પેલી સ્ત્રી સામે મેં ધીરેથી જોયું. જેને અમે બિચારી કહીને જીવ બાળતા હતા એ સ્ત્રી કાચની બરણી હાથમાં લઈને જોર જોરથી નીચે પછાડીને તોડતી હતી, પોતાને હાથે જ એ પોતાને ઝાપટો મારતી હતી, વાસણોના છુટ્ટા ઘા કરતી હતી અને બારી-બારણાં તરફ મોં રાખીને બધા સાંભળે એ રીતે ચીસો પાડતી હતી.

"ભૂલ નહીં કરું... મને જવા દો... મને મારો નહીં... ઓય મા... બચાવો... બચાવો."



કોઈ એક મન !

આખા ગામમાં સોપો પડી ગયો. ગામમાં તો ઠીક પણ સમાજમાં પણ આ પહેલી વહેલી ઘટના હતી. મોટું ઘર અને મોટા રિવાજો એટલી જ મોટી મર્યાદાઓ. એથી મોટા ઘૂમટા અને એથી મોટા એ ઓરડા જેમા પુરુષોના મોટા અવાજ ગુંજ્યા કરતા. અહીં બાયુંને ઓડકાર અને હેડકી પણ ખોરડાની આબરૂને સાચવીને આવવી જોઈએ એવો ધરાર આગ્રહ. આવા મોટા મેડીબદ્ધ ઘરની આવા મોટા ડેલાની જુવાનજોધ વીસએકવીસ વર્ષની છોકરી ગામના છોકરા સાથે ભાગી ગઈ. લવમૅરેજ! છોકરો ગામમાં માસ્તરની નોકરી કરતો હતો. એક તો ગામના પહેલા લવમૅરેજ, ઉપરથી મોટા ઘરની છોકરી... આ બધું ઓછું હોય એમ એ છોકરીના પાછા અઠવાડિયા પછી લગ્ન હતા. એની જ જ્ઞાતિના રિવાજ પ્રમાણે એની મરજી હોય કે ન હોય પણ એના ઘરના લોકોએ નાનપણથી નક્કી કરેલું એ ઘરમાં એને પરણીને જવાનું હતું. ચારેબાજુ હાહાકાર. ચોરે ચૌટે, ગામના કૂવે, ડેરીએ, દુકાને, હવાડે, સીમાડે, પાદરમાં, નદીકાંઠે એક જ વાત, "અરે બાપ રે પેલા મોટા ઘરની મોટી છોકરી ગામના માસ્તર છોકરાને લઈને ભાગી ગઈ."

"અરેરેરે ઘોર કળયુગ આવ્યો, ગામની છોકરીયું બગડવા માંડી. મેં તો અમારી છોકરીયુંને કહી દીધું કે ખબરદાર જો ઘરની બહાર હવે પગ મૂક્યો છે તો."

"અરે અમે તો અમારી છોકરીયુંનું અપડાઉન જ બંધ કરાવી દીધું. કાંઈ ભણવાની જરૂર નથી. આ પોતે ભણતી નથી અને માવતરને ઊઠા ભણાવી આવી રીતે ભાગી જાય છે."

"મેં તો સાંભળ્યું છે કે એના કુટુંબના છોકરાઓ તલવાર અને ધારિયા લઈને ગયા છે. હાથમાં આવશે એટલે સીધી કાપી જ નાખશે. જીવતી રહે તો આબરૂ જાય ને."

"આબરૂ તો ગઈ. આ જુઓ આવતા મંગળ બુધના તો લગન હતા. બધું પડ્યું રહ્યું અને જતી રહી એની મા ઉલાળિયો કરીને."

"વાત તો સાચી છે. છોકરી અને છોકરાનું માથું વાઢી લાવવાનું એના બાપે કીધું છે. ત્યાં સુધી કુળદેવી સામે છોકરીના બાપુ ઉપવાસ પર બેઠા છે એવુંય સાંભળ્યું છે."

ઘરમાં સન્નાટો હતો. સોનલવહુ રાણી કલરની બાંધણીના ઘૂમટામાંથી ઘરનો સન્નાટો જોતા હતા. સસરા બે દિવસથી હાથમાં માળા લઈને કુળદેવીના ફોટાની સામે બેઠા હતા. એમના પગ પાસે ખુલ્લી તલવાર હતી. ઘરના અને કુટુંબના બીજા બધા પુરુષો ભાગી ગયેલી ઘરની દીકરી રાજેશ્વરીને શોધવા ગયા હતા. સોનલવહુ જાણતાં હતાં કે જો ઘરના પુરુષોના હાથમાં રાજેશ્વરીબહેન આવી ગયાં તો નક્કી એ નહીં એની લાશ જ ઘરે પાછી આવશે. સોનલવહુ એટલી વાતથી તો અવગત હતાં જ કે રાજેશ્વરીબહેનને આ લગ્નની સામે વાંધો છે. આ આખી વાતમાં સોનલવહુને કશું નવું નહોતું લાગ્યું. નાનપણથી એમણે આવું જોયું છે કે દરેક છોકરીને મને કમને ઘરના લોકો કહે એ પ્રમાણે પરણવાનું જ. પોતાના લગ્ન પણ ઘરના લોકોની મરજી પ્રમાણે જ તો થયા હતા. સોનલવહુ માનતાં કે ગમો અણગમો આ બધું તો સપનામાં હોય પણ સ્ત્રીના અવતારે તો બધું ગમાડવું જ પડે. એમ તો એમને એ વાતની પણ ખબર હતી કે રાજેશ્વરીબહેનને ગામની નિશાળે નોકરી કરે છે એ પ્રણવ બહુ ગમે છે. સોનલવહુએ એવું મન મનાવેલું કે કોઈના ગમાડવા ઉપર તો કાયદો ન લગાડી શકાય. આમ પણ ક્યાં સુધી ગમાડતા રહેશે. એકવાર પરણશે એટલે એ બધું ભૂલી જશે કે એને કોણ ગમતું હતું અને એને કોણ પરણી ગયું! એમ તો એને પણ એના ગામનો પેલો કિશન સોની ગમતો જ હતો ને! આંખ ઉપર ઘૂમટો આવ્યો એ સાથે બધું ઢંકાઈ ગયું!

એ વિચારતી હતી કે સસરાનો અવાજ સંભળાયો કે "તમારી સાસુને જમાડી દો. ઓરડામાંથી બે દિવસથી એ પણ બહાર નથી નીકળ્યાં." સોનલવહુએ કાંસાની થાળી તૈયાર કરી અને લાંબો ઘૂંઘટ

તાણી સાસુના ઓરડામાં આવ્યાં. રાતી ટમેટી રંગની બાંધણી પહેરેલા સાસુ રતનબા છાતી પર તકિયો દબાવી ખૂણામાં બેઠાં હતાં. સોનલવહુએ ધીરેથી થાળી મૂકી અને રતનબાની કોરી સ્થિર આંખો જોઈ.

"બા, થોડું જમી લો." થોડીવાર સુધી એ સાસુની સામે જોઈ રહી. સાસુનું ધ્યાન સામેની દીવાલે ગુલાબી લેરિયામાં મલકાતી રાજેશ્વરીના ફોટા તરફ હતું. સોનલવહુએ હળવેથી રતનબાનો હાથ દબાવ્યો. આંખો ચાર થઈ. બંને પક્ષે ભીનાશ. કોઈ પાતાળમાંથી બોલતા હોય એવો સાસુ રતનબાનો અવાજ સોનલવહુને સંભળાયો.

"સોનલવહુ, આજ સુધી આ ઘરમાં બધી વસ્તુઓ, બધી બાબતો, બધા વ્યવહાર ઘરના પુરુષો જ નક્કી કરતા આવ્યા છે." સોનલવહુ કશું સમજી શક્યાં નહીં.

"મારી દીકરી ભાગી ગઈ ત્યારે મને ખબર પડી કે આપણી પણ પોતાની કશીક ઇચ્છા હોય શકે હોં. મારું બેટું, આપડુંય કાંઈક મન હોય છે હોં!"



પપ્પાની ફ્રૅન્ડશીપ

“સેજલ, તારા પપ્પા એક ગુપ્ત કોયડા જેવા છે. ક્યારેય કોઈ વાત આપણને ખૂલીને કહેતા નથી.” મમ્મીની આ હંમેશાંની ફરિયાદ હતી. કદાચ મમ્મી ખોટી પણ નથી. નાનપણથી મેં જોયું છે કે પપ્પા પોતાની ઑફિસની વાતો, પોતાના મિત્રોની વાતો ઘરે આવીને ક્યારેય અમને લોકોને કરતા નહોતા.બસ અમને તો એટલું યાદ છે કે છેલ્લે પપ્પાને એક જ ફ્રૅન્ડ હતા, અરૂણ અંકલ. દહેરાદૂનથી પપ્પાની અહીંયા બૅંગ્લોરમાં બદલી થઈ ત્યારે અરૂણ અંકલ શાલ ઓઢીને અમને લેવા આવેલા. એ પછી અમે બૅંગ્લોરનું ક્વાટર છોડ્યું અને અરૂણ અંકલના નાનકડા ઘરમાં શીફ્ટ થયા. પપ્પાએ મમ્મીને એ વખતે કહેલું કે અરૂણની બદલી ગુજરાત થઈ છે તો આ ઘર એણે આપણને આપી દીધું છે. બસ, અરૂણ અંકલના એ પછી કોઈ સમાચાર પપ્પાના મોઢે કેટલાય દિવસો સુધી સાંભળ્યા નહોતા. દર મહિને કે પંદર દિવસે પપ્પા અરૂણ અંકલને મળવા જતા. મમ્મી ઘણીવાર કહેતી કે અરૂણભાઈ કેમ છે? તો પપ્પા જવાબમાં માત્ર માથું હકારમાં ધુણાવતા. એ પછીનાં ત્રણેક વર્ષોમાં વહેલી સવારે પપ્પા રડતા હતા ત્યારે હું ડઘાઈ ગયેલી. મેં મમ્મીની સામે જોયું તો મમ્મીએ મને કહેલું કે, “અરૂણભાઈને કૅન્સર હતું અને આજે સવારે જ એમનું અવસાન થયું છે.” બસ, એ પછી પપ્પાના મોઢે ક્યારેય અરૂણ અંકલની વાત નીકળી નથી કે નથી તેઓ ક્યારેય ગુજરાત ગયા. હું પરણીને બૅંગ્લોરમાં જ સેટલ થઈ. વર્ષો વીતવા લાગ્યાં.

રવિવારની સવારે મમ્મીનો ફોન આવ્યો, રડમસ. સેજલ તારા પપ્પાએ મને જિંદગીભર અંધારામાં રાખી, એમને કોઈક બીજી દીકરી પણ છે! એક ક્ષણ માટે તો મારું મગજ સુન્ન થઈ ગયું. મમ્મીને માંડ શાંત પાડી. પપ્પા સાથે તો ફોનમાં શું વાત કરવી એ કંઈ સમજાયું જ નહીં. તાત્કાલિક મમ્મી પપ્પાના ઘેર પહોંચી. મમ્મી રડી રડીને અડધી થઈ ગયેલી. પપ્પા મને કહેવા લાગ્યા કે, “સેજલ, તારી મમ્મીને સમજાવ. આ ઉંમરે આ શું રડારોળ મચાવી છે?”

“હા હા તમને તો હવે હું રડારોળવાળી જ લાગવાની ને. મારામાં એ આવડત તો ક્યાંથી હોવાની કે તમને આટલાં વર્ષોથી બાંધી રાખી શકું.”

“તું મારા પર ખોટા આરોપ મૂકી રહી છે.”

“વાહ, ખોટા આરોપ એમ? હજુ પણ તમારાથી આટલી આસાનીથી ખોટું કેવી રીતે બોલી શકાય છે એની મને બહુ નવાઈ લાગે છે.”

“મમ્મી, તું પ્લીઝ શાંત થા. બૂમો નહીં પાડ. મને કહે તને શું થયું છે?”

મમ્મીએ જવાબમાં તરત પપ્પાની ડાયરી અને બૅન્કની પાસબુક બતાવી.

“સેજલ, તું આ ડાયરી અને પાસબુક જો. તારા પપ્પા દર મહિને એમની દીકરી મિતાલીને ત્રીસ હજાર મોકલતા રહે છે.” હું ડાયરી અને પાસબુકને જોતી રહી પણ મને કશું માન્યામાં નહોતું આવતું. મેં પપ્પાની સામે જોયું. એમના ચહેરા પર આ આખી ઘટનાનો કંટાળો દેખાઈ આવ્યો. મમ્મીને મેં માંડ શાંત પાડી અને ચા બનાવી. સાંજનો સમય હતો. અમે ત્રણેય વરંડામાં ચા પીવા બેઠા. મમ્મી હજુ પણ નારાજ હતી. રડી રડીને એની આંખો સૂઝી ગયેલી. અચાનક પપ્પા મારી તરફ ફર્યા.

“સેજલ, તારી મમ્મી જેને મારી દીકરી કહીને આ બધા ઉધામા કરી રહી છે એ મિતાલી મારી નહીં પણ અરૂણ અંકલની દીકરી છે.” હું અને મમ્મી બંને ચોંકી ગયાં.

“અરૂણ અંકલની દીકરી?”

“હા, આપણે દેહરાદૂનથી અહીં આવ્યાં એ પહેલાં જ મિતાલીએ લવમૅરેજ કર્યાં. અરૂણ અંકલની મરજીની વિરુદ્ધ. બાપદીકરી વચ્ચે ખાસ્સો ઝઘડો ચાલ્યો. અંતે એ જતી રહી. બાપદીકરી વચ્ચે અબોલાં રહ્યાં. મેં ખૂબ પ્રયત્ન કર્યો પણ કશું થયું નહીં.”

"પછી શું થયું પપ્પા?" મેં પપ્પાના હાથ દબાવ્યો. આજે વર્ષો પછી એ જાણે કેટલાંય વર્ષોનું એકસાથે બોલી રહ્યા હતા.

"પછી સીધા ન્યૂઝ મળ્યા કે મિતાલી પ્રૅગનન્ટ છે અને તેના વરનું ઍક્સિડેન્ટમાં મૃત્યુ થયું છે. અરૂણને ખબર પડી. એણે તાત્કાલિક મને ફોન કર્યો. અમે લોકો ત્યાં ગયા તો મિતાલીના સાસરિયાએ અરૂણનું બહુ અપમાન કર્યું કે તમારા જાદુટોણાથી જ અમારો દીકરો ગુજરી ગયો. અરૂણ માટે આ અપમાન અસહ્ય હતું પણ મિતાલી માટે એનાથી વધારે અસહ્ય હતું કે એના પપ્પાનું જાહેરમાં આ રીતે પહેલીવાર અપમાન થયું એ પણ પોતાના લવમૅરેજના કારણે..."

મમ્મી આઘાતની મારી પપ્પા સામે જોઈ રહી.

"બસ પછી તો બાપ કે દીકરી કોઈ સામસામે એકબીજાનો સંપર્ક કરી શક્યા નથી. અરૂણની બદનામી ન થાય એ માટે હું પણ આ ઘટના દબાવી રાખીને બેઠો હતો. અરૂણ સતત તણાવમાં રહેતો અને એ પછી તો એને કૅન્સર થયું. અરૂણે મારી પાસે વચન લીધું કે એણે મિતાલી માટે બધી આર્થિક વ્યવસ્થા કરી રાખી છે એટલે દર મહિને મિતાલીને ત્રીસ હજાર પહોંચાડવાનું કામ મારે કરવાનું છે. અરૂણના રૂપિયામાંથી હું મિતાલીને દર મહિને પૈસા મોકલું છું."

"મિતાલીને તો ખબર પણ નથી કે અરૂણભાઈ જીવે છે કે નહીં?"

"જ્યાં સુધી પૈસા મિતાલી પાસે જશે ત્યાં સુધી એ માનશે કે પપ્પા અહીંયા જ છે. જો એને ખબર પડશે કે અરૂણ નથી તો પોતાના પતિની જોડાજોડ પપ્પાના મૃત્યુ માટે પણ મિતાલી પોતાને જવાબદાર ગણાવશે અને જિંદગીભર એ ભાર સાથે જીવશે. અરૂણે આ રહસ્ય સંતાડી રાખવા મને મિત્રતાના સોગંધ દીધા છે. અરૂણ માટે એટલું તો હું કરી જ શકું ને." પાછલી રાતના પારિજાતનાં ફૂલ પાંદડાંઓમાંથી પપ્પા પર ખરી રહ્યાં હતાં.પારિજાતની નીચે અંધારામાં શાલ ઓઢીને બેસેલા પપ્પા મને બિલકુલ અરૂણ અંકલ લાગ્યા.



દાઝી ગયેલી વાત !

રતનપુર ગામ એ મનહરલાલ મીઠાઈવાળાના નામથી ઓળખાય. મનહરલાલ મીઠાઈવાળા, આ નામ આજુબાજુના પંથકમાં પણ દરેકની જીભે ખાંડની ચાસણીની જેમ, મધની ધારની જેમ અને દૂધના માવાની જેમ ગળચટ્ટુ ને ફેવરિટ. મસ્ત મજ્જાની મોટી ફાંદ, તગતગતી ટાલ, પરસેવામાં શરીર સાથે ચોંટી ગયેલી જનોઈ, ખભા પર ગમછો અને આઠે પહોરે ચહેરા પર રમતું અખંડ સ્મિત. મનહરલાલ હસતા તો સામાવાળાના મન મોહનથાળ, બરફી, ટોપરાપાક કે જલેબીથી તરબતર થઈ જાય. એમની દુકાનમાં પગ મૂકતાની સાથે મીઠાઈની સાજસજાવટ જોઈને સૌ કોઈના મોઢામાં પાણી વછૂટે. મૂળે તો મનહરલાલ પોતે જ મીઠાઈના મહાશોખીન. મનહરલાલનાં પત્ની લાડુબા પણ મીઠાઈ બનાવવામાં પાવરધા. બંને જણાની આ આવડત અને અન્નપૂર્ણાના આશીર્વાદથી ગામમાં એમનું પાક્કુ મેડીવાળું મકાન બની ગયું.

મનહરલાલનું મન બહુ મોટું. ક્યારેય મીઠાઈના ખોટા ભાવ લેતા નહીં, મીઠાઈની ક્વૉલિટી સાથે પણ બાંધછોડ ન કરે. એટલે જ કદાચ આટઆટલાં વર્ષો પછી પણ ગામમાં અને આજુબાજુનાં ગામમાં આટઆટલી મીઠાઈની દુકાનો બની પણ મનહરલાલ મીઠાઈવાળાની તોલે કોઈ ન આવી શક્યું. મનહરલાલ ગામમાં બધા છોકરાઓના ફેવરિટ. ગામના ઘણા ગરીબોના ઘરના મોટા મોટા પ્રસંગ એમણે મીઠાઈના મોટા બીલ બનાવ્યા વિના સાચવી લીધા હતા. કંઈ કેટલીય દિવાળીઓમાં ગામના મજૂરોના ઘરે મનહરલાલ અને લાડુબા મીઠાઈઓના બૉક્સ પહોંચાડતાં. લાડુબા ચોખ્ખા ઘીની સુખડી બનાવી ગરીબ પરિવારોની ગર્ભવતી સ્ત્રીઓને હરખે વહેંચતા. આખા ગામને મનહરલાલના અને લાડુબાના ઉદાર સ્વભાવની મીઠાશનો સુપેરે પરિચય.

લાડુબા ક્યારેય મીઠાઈ ખાવા બાબતે મનહરલાલને ટોકતા નહીં. મનહરલાલ અને લાડુબાને સાત ખોટનો એકનો એક દીકરો ચિરાગ. અમદાવાદ ભણવા ગયો અને પછી નોકરી મેળવીને મુંબઈમાં રહેવા લાગ્યો. મનહરલાલે એને વાજતે ગાજતે પરણાવ્યો. ચિરાગની પત્ની ભારતી પણ મુંબઈમાં જ નોકરી કરે. બંને જણાં મુંબઈ સેટલ થઈ ગયાં. ગામ વાતો કરતું કે મોંઘા મુંબઈમાં મનહરલાલે તો દીકરાને ત્રણ રૂમવાળો ફ્લેટ લઈ દીધો. ચિરાગે બા બાપુ બંને જણાને પોતાની સાથે મુંબઈ આવી જવા સમજાવતો પણ મનહરલાલે હસીને વાત ટાળી દેતા.

“અરે બેટા, તું અને તારી વહુ ત્યાં સુખેથી રહો. હું અને તારી બા તો આખી જિંદગી લોકોના મોઢા મીઠા કરતા રહીશું.”

મનહરલાલે તો ના પાડી દીધી પણ લાડુબાનો જીવ સતત દીકરા પાસે રહેતો.

“ચિરાગના બાપુ, દીકરો અને દીકરાની વહુ કેટલું તરસતાં હતાં. અહીંયા હવે એકલા એકલા રહીને શું કરવું છે? આખી જિંદગી છતે દીકરાએ દીકરા વગર મારો અવતાર નહીં નીકળે.”

“લાડુ, તારી વાત સાચી છે પણ સાથે રહીએ તો પછી મીઠાશ જતી રહેશે. દૂર રહીએ એમાં આપણા બધાનું માહાત્મ્ય જળવાઈ રહેશે.”

મનહરલાલે દૂધના માવામાં સાકર ઉમેરી શકાય એટલી મીઠાશથી લાડુબાને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ મૂળે તો લાડુબા માનો જીવ. રાત- દિવસ દીકરાનો ફોટો પકડીને રડ્યા કરે. ચિરાગને દરરોજ રાત્રે ફોન કરી વાતેવાતે હિબકે ચડે. અંતે મનહરલાલને એક મા સામે ઝૂકવું પડ્યું. સામાન પેક કર્યો. મીઠાઈની દુકાનને તાળું માર્યું. આખા ગામને જાણે કે એકસામટો શૉક આવી ગયો. દુકાનની છેલ્લી વધેલી ઘટેલી મીઠાઈ એમણે છોકરાઓને વહેંચી. બધાનાં મોં મીઠાં કરી મનહરલાલ અને લાડુબા ટ્રેનમાં ચડ્યાં. આખું ગામ એમને વળાવવા સ્ટેશન આવ્યું હતું.

મુંબઈ કાંદીવલીમાં થ્રી બીએચકે ફ્લૅટમાં ચિરાગ અને એની પત્ની ભારતી રહેતાં હતાં. મનહરલાલ

અને લાડુબા ઠીકઠાક ગોઠવાઈ ગયાં. લાડુબાએ તો ચિરાગના આખા ઘરની સારસંભાળ સંભાળી લીધી. મનહરલાલ નાનકડી ગૅલરીમાં મુકાયેલા કૂંડાઓ જોઈ રહેતા. પાણી પાઈને પંપાળ્યા કરતા. નીચે સોસાયટીમાં આંટો મારી આવતા. એમને કંટાળો આવતો હતો એ લાડુબા સમજી ગયાં. લાડુબા બજારમાં જઈને મીઠાઈનો સામાન લઈ આવ્યાં અને તવી પર ઘી ચડાવીને મનહરલાલને રસોડામાં બોલાવી લીધા. મનહરલાલ ખુશખુશ. બંને જણાં થોડીથોડી મીઠાઈ બનાવે અને સોસાયટીનાં બાળકોને વહેંચે. ચિરાગને શરૂ શરૂમાં આ વાતથી ખાસ વાંધો નહોતો પણ એની વહુ ભારતી અકળાતી. ભારતીને લાગતું કે આ લોકો તો પૈસાને પાણીને જેમ વહાવી રહ્યા છે. નવી નવી મીઠાઈ થોડા થોડા દિવસના અંતરાલમાં મનહરલાલ બનાવીને ખુશ રહેતા. લાડુબા મનહરલાલને રોજ કંઈક ને કંઈક બનાવવાનું કહેતા પણ મનહરલાલ સમજી વિચારીને દરરોજ બનાવવાના બદલે અઠવાડિયે એકબે વાર મીઠાઈ બનાવતા.

એક દિવસ મનહરલાલે ખજૂર પાક બનાવ્યો. એ રાત્રે ચિરાગ અને ભારતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ.

“ચિરાગ, તારા પપ્પા ગામને મીઠાઈ ખવરાવવાના બહાને પોતાના માટે બધું બનાવ્યા કરે છે. ભૂખ છે મોટી ભૂખ. ધરાતા જ નથી. મારા માથે આવીને પડ્યા છે.” મનહરલાલ માટે ફ્રીઝમાં બાઉલમાં મુકાયેલો ખજૂરપાક લેવા આવેલા લાડુબાએ આ શબ્દો સાંભળ્યા. એ ફટાફટ ખજૂરપાકનું બાઉલ લઈને પોતાની રૂમમાં આવ્યાં અને સ્ટોપર લગાવી દીધી જાણે એ નહોતાં ઇચ્છતા કે બહારના અવાજો મનહરલાલ પાસે પહોંચે.

“લો, તમારા માટે ખજૂરપાક.” લાડુબાએ પરાણે હસીને મનહરલાલના હાથમાં બાઉલ આપ્યું.

“લાડુ, મને ડાયાબિટીસ છે.”

“હાય હાય! ડાયાબિટીસ? ક્યારથી થઈ?”

“હમણા પાંચ મિનિટ પહેલાં જ થઈ ગઈ!” મનહરલાલનો દાઝી ગયેલો અવાજ સાંભળી લાડુબાની નજર સામે બધું ધૂંધળું થઈ ગયું. સ્ટોપર લગાવી એ પહેલાં દીકરા અને દીકરા વહુના ઝઘડાનો દાહ મનહરલાલ સુધી પહોંચી ગયો હતો.



ડાર્ક પ્રિન્સની કૉફી !

“મને નથી ગમતું કે શ્રુતિ આખો દિવસ મોબાઇલ લઈને બેસી રહે છે. સાયન્સમાં છે. તમને ખબર તો છે કે આજકાલ કેટલા પર્સેન્ટેજ હોય ત્યારે એમબીબીએસમાં ઍડ્મિશન મળે.” મમ્મીની આ રોજની કચકચ હતી પછી પપ્પાનું અનુસંધાન ભાષણ ચાલતું.

“કમાતા શીખશો પછી ખબર પડશે કે પૈસા કેમ કમાવાય છે. અત્યારે તમને કોઈ ગંભીરતા જ નથી. અમે જ્યારે તમારી ઉંમરના હતા ત્યારે તો...” આ બધું કહેતી વખતે પણ એ લોકોના ફોન તો પાછા શરૂ જ હોય.

મમ્મીએ પપ્પાને ફાઇનલી ફરમાન કરી દીધું કે, “એક કામ કરો, આખા ઘરમાંથી વાઇફાઇ કાઢી નાખો એટલે આનું ચેટિંગ ફેટિંગ બંધ થઈ જશે.”

હું ચિડાઈ જતી. “હા તો પછી તમારે બંનેએ પણ નેટ નહીં વાપરવાનું. મને ના પાડીને તમે બંને આખો દિવસ ફોનમાં પરોવાયેલા રહો છો. તમારી પાસે મારા માટે બિલકુલ ટાઇમ છે?”

મમ્મી આ સાંભળીને ગુસ્સામાં લાલ થઈ ગઈ, “અમે બંને તારી જેમ આખો દિવસ સોશયલ મીડિયામાં પડ્યા નથી રહેતા. બિઝનેસ કરીએ છીએ. નોકરી છે અમારી. પહેલાં જીવનમાં કાંઈક કરી બતાવો પછી અમારી સાથે લમણાઝીંક કરવા આવો.” અને આખરે ઘરમાંથી વાઇફાઇ નીકળી ગયું.

સ્કૂલમાં ખૂબ કંટાળો આવતો. બધું બોરિંગ લાગતું કેમ કે ત્રણ દિવસથી ઘરમાં ઇન્ટરનેટ નહોતું અને મારું ફેસબુક એકાઉન્ટ બંધ હતું. ‘બ્યુટી ક્વીન’. મારા એકાઉન્ટનું નામ હતું. ત્રણ હજારથી વધુ મારા ફ્રૅન્ડ્સ અને એટલા જ ફોલોઅર. મારી ચપ્પલનો ફોટો મૂકું તો પણ લાઇક્સ અને કમેન્ટ્સનો ઢગલો. મને થતું કે હું સાતમા આસમાનમાં ફરું છું. હું માત્ર ‘હાઇ’ લખતી અને કંઈ કેટલાય લોકો કમેન્ટમાં ‘હાય હાય’ કરી મૂકતા. બહુ રોમૅન્ટિક હતું આ બધું મારા માટે. એની સામે બાયૉલૉજી, કૅમિસ્ટ્રી, ફિઝિક્સ... ઓફફફ કઈ રીતે રસ પડે! મમ્મીપપ્પાએ ઘરમાં વાઇફાઇ બંધ કરાવી દીધું તો લાઇફ એકદમ ડ્રાય થઈ ગઈ છે. બટર વગરના બ્રેડ જેવી. ના, ચૉકલેટ વગરના આઇસ્ક્રીમ જેવી. ચૉકલેટથી મને યાદ આવ્યો ‘ડાર્ક પ્રિન્સ’. એની જોડે મારી નિયમિત ચેટ થાય. રોજે કેટકેટલી રોમૅન્ટિક વાતો થાય.

મારી દરેક વાતો પર એની પાસે શાયરી તૈયાર હોય. મૅસેજમાં એવરી ડે સવારે એક રેડ રોઝ અને ચૉકલેટ મોકલે અને રાત્રે સૂતા પહેલાં મૅસેજમાં ગુડ નાઇટ કીસ સાથે એક પિંક ટેડી વીથ સ્માઇલ. વાઉ!! મમ્મી પપ્પાને આ હું ન જ સમજાવી ન શકું કે હું એ ડાર્ક પ્રિન્સને મીસ કરું છું.

મેં મારી ક્લાસમેટ શીખાને વાત કરી. હું એને બધું કહેતી હોઉં, એની પાસે મારા બધા પ્રશ્નોના જવાબો હોય જ. એણે મારા હાથમાં નવું સીમકાર્ડ મૂકી દીધું અને મારી સામે આંખ મીંચકારીને બોલી કે,

“અનલિમિટેડ છે. બ્યુટી ક્વીન તારા ડાર્ક પ્રિન્સ સાથે મન મૂકીને વાતો કર.”

પછી શીખાએ ધીમેથી કીધું,

“શ્રુતિ, મને એવું લાગે છે કે આપણા ક્લાસમાં પેલો રોહન છે એ જ ડાર્ક પ્રિન્સ છે. આઇમીન ડાર્ક પ્રીન્સ એનું જ એકાઉન્ટ છે. રોજે તને કેવો ઘૂરીઘૂરીને જોતો હોય છે.”

“ના શીખા, એનામાં એટલી હિંમત નથી. મને તો પેલો મૌલિક જ લાગે છે. ક્લાસમાં મને ઇમ્પ્રેસ કરવાનો એક ચાન્સ પણ એ જતો નથી કરતો.”

બસ પછી તો ઘરે જઈને રૂમ અંદરથી બંધ કરીને ફટાફટ નવા સીમકાર્ડથી ચેટિંગ શરૂ કર્યું. ઓહ, હાઉ રોમૅન્ટિક... હું આટલા દિવસથી ઑફલાઇન હતી તો પણ ડાર્ક પ્રિન્સ રોજ ફ્લાવર્સ અને ચૉકલેટ મોકલતો. હું જવાબ નહોતી આપતી તો રોજે સેડ શાયરી લખીને મોકલતો. હાઉ ક્યુટ... હાઉ રોમૅન્ટિક! ફરી અમારું ચેટિંગ નિયમિત થઈ ગયું.

એક દિવસ એણે મને મળવાનું કહ્યું. હું ડરી ગઈ. શીખાને વાત કરી તો એણે મને કહ્યું કે, “પાગલ, ઇટ્સ બ્લાઇન્ડ ડેટ. ના ન પાડીશ. ઇટ્સ વેરી રોમૅન્ટિક. જસ્ટ અ સિમ્પલ કૉફીડેટ. જો મૌલિક હશે તો તારી લોટરી અને રોહન હોય તો લાત મારીને નીકળી જવાનું. ચિંતા નહીં કરવાની શ્રુતિ, મળવાનું છે... ઇટ્સ નોટ બીગ ડીલ.”

શીખાની વાતથી મારામાં હિંમત આવી. ડાર્ક પ્રિન્સ સાથે મળવાનો દિવસ નક્કી થયો. રવિવાર, સાંજે ત્રણ વાગ્યે, કૉફીશૉપ, કોર્નરની સીટ અને હાથમાં રેડ રોઝ, ડાર્ક રેડ થીમના કપડા પહેરવાના. હું ડરતી હતી પણ સાથોસાથ સખ્ખત મજ્જા પડતી હતી. થ્રીલ જેવું ફીલ થતું હતું. કંઈ કેટલુંય ઇમેજીન કરતી હતી. શનિવારે શીખા સાથે મોલમાં શૉપિંગ કરી આવી અને ડાર્ક રેડ શોર્ટ ડ્રેસ ખરીદી લીધી. શીખાએ મને બધી ટીપ્સ આપી.

રવિવાર તો જાણે માંડ આવ્યો. તૈયાર થઈને બેચેન બની આંટા મારતી હતી. ડાર્ક પ્રિન્સના રોમૅન્ટિક મૅસેજીસ નૉનસ્ટોપ હતા અને મારી બંને હથેળીઓ ભીની થતી જતી હતી. ફટાફટ સ્કૂટી લઈને કૉફીશૉપ પહોંચી. શીખાનો ઑલ ધ બેસ્ટ મૅસેજ આવી ગયો હતો. ફટાફટ લિપસ્ટિક અને વાળ કવર કરી ડ્રેસને ખેંચીને થોડી ટાઇટ કરી અને હાઇહીલ પહેરેલી હું કૉન્ફિડેન્સથી કૉફીશૉપ પહોંચી અને એન્ટર થઈ. મારા ધબકારા વધી ગયા. મેં ઊંડા શ્વાસ લીધા. કોર્નરની સીટ તરફ રેડ શર્ટ પહેરેલા ડાર્ક પ્રિન્સ તરફ નજર ગઈ અને મને ફાળ પડી, લગભગ હું ચિલ્લાઈ ઊઠી,

“પપ્પા તમે?”



સ્મિત આપે એ સાન્તા!

ક્રિસમસના એ દિવસો હતા. ટાઉનની શેરીઓમાં રોશનીની ઝાકઝમાળ હતી. સવારથી રસ્તા પર ધીમે ધીમે બરફની વર્ષા થઈ રહી હતી. લોકોએ પોતાના ઘરની બહાર ક્રિસમસ ટ્રી બનાવ્યા હતા જેના પર રંગબેરંગી રોશની, ફુગ્ગાઓ અને ગીફ્ટ ચૉકલેટ શોભતા હતા. નવા વર્ષની ભેટસોગાદ, કેક, ચૉકલેટ અને રમકડાંઓ ક્રિસમસને ખાસ બનાવી રહ્યા હતા. આ ખુશનુમા વાતાવરણમાં યુવાન વિધવા એમીના ઘરમાં અજંપો હતો. એમીના આઠેક વર્ષના બંને બાળકો કેટી અને જોન પોતાની મમ્મીને જૂની ટ્રંકમાં સંતાડેલા સિક્કાઓ અને નોટો એકઠી કરતી જોઈ રહ્યા. આખરે કલાકોની મહેનત પછી એમીએ થોડા પૈસા એકઠા કર્યા. બંને હાથ દાઢીએ ટેકવેલા નાના બાળકોની આંખો પૈસા ગણતી મમ્મીને જોઈ રહી હતી. કેટી અને જોનને ડાર્ક ચૉકલેટવાળી સ્ટ્રોબેરી કેક બહુ જ ભાવતી. ક્રિસમસના દિવસોમાં સામાન્ય રીતે કેકના ભાવ વધી જતા.ક્રિસમસ માટે બચાવેલા પૈસામાંથી પણ બંને બાળકોની ફૅવરિટ કેક ખરીદી શકાય એમ નહોતું. આ વખતે પણ સામાન્ય કેકથી જ કામ ચલાવવું પડશે એ વિચારે એમીનું મન ભરાઈ આવ્યું. એમીએ બંને બાળકો સામે સ્મિત કર્યું.

"સાન્તા અંકલ એવું ઇચ્છે છે કે ડાર્ક ચૉકલેટવાળી કેક તમારાથી પણ વધારે જરૂરિયાતવાળા લોકોને મળે."

"મમ્મી, સાન્તાઅંકલ ખુશીઓ વહેંચતા રહે છે... બધાને સ્માઇલ આપે છે ને?" નાનકડી કેટીના આ સવાલ પર એમીએ હકારમાં માથુ ધુણાવ્યું.

"મમ્મી, સાન્તાઅંકલ કોણ છે?" જોને નાનકડી આંગળીઓ એમીની હથેળીઓમાં મૂકી.

"જે બીજાના ચહેરા પર સ્મિત લાવે એ બધા સાન્તા કહેવાય."

"મમ્મી, તું અમારા માટે આવતી ક્રિસમસ પર અમારી સ્પેશિયલ કેક લાવજે. અત્યારે તું જે કેક લાવીશ એ ખાઈ લઈશું. સ્પેશિયલ કેક માટે હજુ અમે નાના છીએ." કેટીની આ વાત પર એમીએ બંને બાળકોને ગળે વળગાડી દીધા. બંને બાળકો મમ્મીના ગાલે ચૂમીઓ આપતા રહ્યા અને એમીની આંખો વરસતી રહી. એમી મનોમન મધર મેરીને યાદ કરીને કહેતી હતી કે મારી ગરીબીમાં બંને બાળકો રાતોરાત મોટા થઈ ગયા. હે ઈશ્વર મને એવી તાકાત આપ કે હું મારા બંને બાળકોના ચહેરા પર સતત સ્મિત લાવી શકું.

એમી ટાઉનના એક મોટા બંગલમાં નોકરાણી હતી. ક્રિસમસના દિવસોમાં એનું કામ વધી જતું. મોટા બંગલાઓની ક્રિસમસ પાર્ટી પણ મોટી હોય. પાર્ટી માટેની બધી જ વ્યવસ્થા એમીએ સંભાળવાની. એમીના મનમાં એક છૂપો લોભ હતો કે આજે એની ચુસ્ત વ્યવસ્થા જોઈને કદાચ એની શેઠાણીનું મન પીગળે અને ક્રિસમસ ભેટ તરીકે વધુ પૈસા કદાચ આપે પણ ખરા. એમી પોતાના બંને બાળકોને ઘરે સમજાવી પેસ્ટ્રી આપીને બંગલે કામ કરવા આવતી રહી. એક એક વ્યવસ્થા એણે ખૂબ ચીવટથી સાચવી. મહેમાનોના ડ્રિંક માટેનાં પીણાં, શરબત, ગરમાગરમ નાસ્તો, મહેમાનોના પાલતુ પ્રાણીઓનું ફૂડ, ડેકોરેશન બધું એમીએ સંભાળી લીધું. પાર્ટી મોડી રાત સુધી ચાલી. એમીએ શેઠાણીનો એક એક પડ્યો બોલ ઝીલ્યો. પાર્ટી પૂરી થઈ. એમીની આશાવાદી આંખો શેઠાણી તરફ મંડાયેલી હતી. શેઠાણીએ પોતાના બે જૂના ગાઉન, ચૉકલેટ્સ અને પાર્ટીમાં વધેલી પેસ્ટ્રીઓ બાંધી આપી. એમીની આંખો ભરાઈ આવી. પોતાના બંને બાળકોની આંખો યાદ આવી ગઈ. એ ઢસડાતા પગે બંગલાની બહાર નીકળી. આંખમાં એટલા આંસુ આવી જતા હતા કે રસ્તા ધૂંધળા દેખાતા હતા. શેરીના છેવાડે આવેલી બૅન્ચ પર અંધારામાં એમી બેસી પડી. બંને હથેળીઓમાં મોં છુપાવીને એ ક્યાંય સુધી હિબકાં ભરતી રહી!

મોડી રાત સુધી એ રડતી રહી. પછી ઊભી થઈ અને પોતાની બાજુમાં મુકાયેલી થેલી સામે જોયું તો એમાં પોતાના બંને બાળકોની ફૅવરિટ ડાર્ક ચૉકલેટવાળી સ્ટ્રોબેરી કેક હતી. એને ખૂબ નવાઈ લાગી.

આજુબાજુ જોવા લાગી. કોઈ દેખાયું નહીં. એ ખુશખુશ થઈ ગઈ. ફટાફટ ઘરે પહોંચી. બંને બાળકો એમીને જોઈને રાજી થયા અને નાચવા લાગ્યા. બંને બાળકો મમ્મીના હાથમાં રહેલી થેલીઓ ફંફોસવા લાગ્યા અને જેવી પોતાની ફેવરિટ કેક જોઈ તો બંને ભાઈબહેન ખુશીથી ઝૂમી ઊઠ્યા. કેટી અને જોનની આંખોને વિશ્વાસ નહોતો આવતો કે એની મમ્મી એ લોકોની ફેવરિટ કેક લાવી હતી, ડાર્ક ચૉકલેટવાળી સ્ટ્રોબેરી કેક!

એમીએ સરસ મજાની ડીશ બહાર કાઢી અને ડીશમાં કેક કાપીને ડીશ સજાવી. પ્લૅટમાં કેક લઈને બંને બાળકો એમી સામે ગોઠવાયા.

"મમ્મી, કેક ક્યાંથી લાવ્યા?" કેટીએ સંતોષથી કેકનો ટુકડો મોંમાં મૂક્યો.

"મને પણ ખબર નથી. મને તો સાન્તા અંકલ આવીને આપી ગયા."

"મમ્મી, આજે તો અમે બંનેએ પણ સ્મિત આપવાનું કામ કર્યું. અમે લોકો પણ સાન્તા બની ગયા હવે તો." એમી જોનની સામે નવાઈથી જોઈ રહી. કેટીએ પોતાની કેક આંગળી પરથી ચાટી અને એમીની સામે પૉકેટ ખાલી કર્યું. ઘણા બધા સિક્કાઓ નીકળ્યા.

"આ પૈસા ક્યાંથી આવ્યા?"

"આનાથી પણ વધારે હતા. તું ગઈ પછી અમે લોકો શેરીના છેવાડે કેક શૉપ પાસે રમતા હતા. તો કેકવાળા ફર્નાન્ડિસ આન્ટીએ મદદ કરવા કહ્યું. અમે લોકોએ એમની કેક શૉપમાં પાંચ કલાક કામ કર્યું. આન્ટીએ ખુશ થઈને પૈસા આપ્યા. અમે લોકોએ અમારી ફેવરિટ કેક ખરીદીને ઘરે આવતા જ હતા કે રસ્તામાં બેંચ પર એક બાઈ અંધારા પોતાનું મોઢું હથેળીમાં છુપાવીને રડતી હતી. અમને લાગ્યું એને પણ કદાચ કેક જોઈતી હશે તો અમે કેક ત્યાં મૂકીને આવતા રહ્યા." એમીનું ગળું ભરાઈ આવ્યું. સાનંદાશ્ચર્યથી મોઢું ખુલ્લું રહી ગયું. બંને બાળકોની આંખોમાં સાન્તા સ્મિત કરી રહ્યા હતા!



સુનિતાની ભાણકી!

આરતીને બધા સુનિતાની ભાણકી તરીકે ઓળખતા. આરતી સમજણી થઈ ત્યારથી એ મોસાળમાં જ મમ્મીની સાથે રહેતી. સુનિતા પટેલ એની મમ્મીનું નામ. આરતીના પપ્પાનું નામ દેવેન પટેલ. સમજણી થઈ ત્યારથી એણે એ પણ જોયેલું કે પપ્પાનું નામ મોસાળમાં ખાસ કંઈ બોલાતું નથી. મોસાળની સ્કૂલમાં એ સાતમા ધોરણમાં આવી. સ્કૂલ રજિસ્ટરમાં નામ તો આરતી દેવેન પટેલ છે પણ એની ઓળખ તો સુનિતાની ભાણકી તરીકેની જ છે. એ ત્રણેક વર્ષની હતી ત્યારે મમ્મી એને કાંખમાં તેડી એક બૅગમાં ભરી શકાય એટલો સામાન લઈ મોસાળ પાછી આવી ગયેલી. ન તો મમ્મી પાછી જવા તૈયાર હતી ન તો એને કોઈ લેવા માટે આવતું. આરતીના મનમાં પણ પોતાનું ઘર એટલે મામાનું ઘર એવું હવે ઠસી ગયેલું. બીજા બધા બાળકોના તો પપ્પા અને મમ્મી બંને હોય પણ આરતીને મન હવે બધું જ એની મમ્મી હતી સુનિતા પટેલ. અત્યાર સુધી આરતીએ પણ ક્યારેય પપ્પા પાસે જવું છે એવી જીદ કરેલી નહીં. દેવેન પટેલ. એક એવું નામ જે ભૂલથી પણ મોસાળમાં કોઈ બોલતું ન હતું અને મમ્મી તો એ નામને પોતાનાથી રાખી શકાય એટલું દૂર રાખવા મથ્યા કરતી. આરતીના મનમાં પણ આ નામ સાથે કોઈ ખાસ ઉમળકો નહોતો. હા, વધતી ઉંમર સાથે પ્રશ્નો હતા... જેમકે મમ્મી કેમ પપ્પાનું ઘર છોડીને આવતી રહી? પોતે પપ્પાને ક્યારેય મળી શકશે કે નહીં? પપ્પા કેમ ક્યારેય મમ્મીને મળવા નથી આવતા? મમ્મીના મનમાં પપ્પા માટે એવી તો કેવી નફરત હશે કે એ મંગળસૂત્ર પહેરતી નથી કે નથી સિંદૂર પૂરતી. એને યાદ છે કે ધૂળેટી રમતા રમતા એણે મમ્મીના કપાળમાં કંકુ ભરી દીધેલું. મામી બોલેલા પણ ખરા કે, "સુનિતાબહેન, કંકુ ભરેલું તમારું કપાળ કેટલું સોહામણું લાગે છે." આરતીને એ દિવસે મમ્મીનો ચહેરો યાદ છે. એકદમ ફિક્કો પડી ગયેલો. જીભ અને આંખમાં તુરાશ ને ખારાશ બાઝી ગયેલી. ચોકડીમાં બેસીને ક્યાંય સુધી નળ શરૂ કરીને ઘસી ઘસીને મમ્મી કપાળ ધોતી રહી. ચામડી છોલાઈ જાય અને લોહીના ટશિયા ફૂટી આવે એવા ઝનૂનથી એ કપાળ પર કૂચડો ફેરવતી હતી. બારસાખે ઊભેલી આરતીને સમજાયું નહોતું કે મમ્મીની આંખમાંથી નીતરે છે એ લોહી છે કે કંકુવાળું પાણી!

મમ્મી બીમાર પડી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ખબર નહીં એવી તે કેવી બીમાર હતી સુનિતા કે દિવસે દિવસે દુબળી પડતી જતી હતી. રિપોર્ટ થયા, ઑપરેશન થયા પણ આરતીની બીમારીએ હૉસ્પિટલની પથારી કસકસાવીને પકડી રાખી હતી. એ પછી આરતીનો હાથ પોતાના હાથમાં પકડીને ડચકા ખાતી સુનિતા "તારા પપ્પાના ઘરે જતી રેજે..." તૂટક તૂટક બોલીને ઓલવાઈ ગઈ.

સુનિતાની પાછળ કરવા જોઈએ એ બધા ક્રિયાકર્મ થયા પણ આરતીએ નોંધેલું કે પપ્પાના ઘરેથી કોઈ આવ્યું નહોતું. આખરે આરતીની બૅગ ભરવામાં આવી. મામાની ગાડી પપ્પાના શહેરમાં મૂકવા આવી. દેવેન પટેલ. વર્ષોથી આ નામ જાણે એની પ્રતિક્ષા કરતું હતું. આરતી પપ્પાના ઘરે પહોંચી. બહુ મોટું કુટુંબ હતું. બધા લોકો આરતીને ધારી ધારીને જોતા હતા. આરતીને ક્યાં રાખવી, એનો સામાન ક્યાં મૂકવો એ બધી માથાકૂટ ક્યાંય સુધી ચાલી. અંતે આરતીને જગ્યા અપાઈ. પપ્પાના ઘરે પહોંચી ગઈ એના અડધા દિવસે તો એને ખબર પડી કે આ પેલો જે દૂર ચશ્માં પહેરીને છાપું વાંચે છે એ માણસ મારા પપ્પા છે. બધાની ઓળખાણ એ મેળવતી હતી ત્યારે એની ઉંમરની એક છોકરી એને ઘૂરી ઘૂરીને જોતી હતી. એક સ્ત્રી વારંવાર પપ્પાને ચાય, ગરમ પાણી, ટિફિન, ફાઇલ્સ આપતી જતી હતી. દેવેન પટેલ આરતીની વ્યવસ્થાની પૃચ્છા કરી ગયા હતા. "કોઈ અગવડ પડે તો મારો રૂમ ઉપરના માળે છે" એવી હૂંફ આપી ગયેલા! આરતીએ ઘરની દીવાલો અને ખૂણાઓ પાસે સુનિતા પટેલનો હિસાબ માગ્યો પણ આ નામ જાણે આખા ઘરમાં અજાણ્યું હતું. જાણે અહીં એ નામની કોઈ

વ્યક્તિ હતી જ નહીં. આરતીના મનમાં બહુ બધાં ચિત્રો ક્લીઅર થવા લાગ્યાં. એની મમ્મી સુનિતા પટેલ એ ઘર છોડીને આવી હતી જે ઘરમાં એ ક્યારેય હતી જ નહીં.

સાંજે એને ખબર પડી કે પેલી એની ઉંમરની છોકરી એ એના પપ્પા દેવેન પટેલની છોકરી છે. પેલી સ્ત્રી જે આરતી તરફ કંઈક વિચિત્ર અણગમાથી જોયા કરે છે એ એના પપ્પાની પત્ની છે. અહીં દેવેન પટેલનો પોતાનો સંસાર હતો, પોતાનો પરિવાર હતો. પોતાની પત્ની અને દીકરી હતી. આ ઘરની હવામાં ક્યાંય સુનિતા પટેલ કે આરતીના હોવાપણાની કોઈ સુગંધ તો હતી જ નહીં. સાંજે દાદીમાની બહેનપણીઓ આનંદ ગરબો ગાવા આવી. બધા આરતીને અજાણી નજરે જોઈ રહ્યા હતા.

"કોણ છે આ દીકરી?"

"હા, મહેમાન છે? પહેલાં તો આ ઘરમાં કોઈ દિવસ જોઈ નથી એટલે."

ઘરની હવામાં પ્રશ્નો ઝીંકાયા. પપ્પાના ઘરના બધા લોકોના ચહેરા પર મૂંઝારો લીપાયો. ગૂંગળામણ તોળાઈ. એકબીજાની સ્થિર આંખો. આરતીની આંખો છલકાઈ, લગભગ રડી જ પડી હોય એમ એ જોરથી બોલી.

"હું સુનિતાની ભાણકી!"



ખોવાયેલો શર્ટ

“ટિન્ડર. બહુ જ સરળ છે યાર, એકાઉન્ટ બનાવો. તમારો ફોટો મૂકો જેમાં વાળ ખુલ્લા હોય, તમારા નેચર વિશે લખો, એરિયા સાથે ઉંમર લખો, રિક્વાયરમૅન્ટ લખો કે કેવો પાર્ટનર જોઈએ, કેવા સ્વભાવનો જોઈએ, કેવી હાઇટ બૉડી અને કલર, સ્વાઇપ કરો અને ચોઇસનો ઢગલો. નક્કી નહીં કરી શકો કે કોની જોડે કૉફી પીવી, કોની જોડે ફિલ્મ જોવા જવું, કોની જોડે ડિનર કરવા જવું કે કોની જોડે...” આટલું બોલીને શિતલ ખડખડાટ હસી પડી. એના હસવામાં માધવીને એક તોફાન દેખાયું. આંખોમાંથી છલકાતું તોફાન. પાછળનાં વર્ષોમાં ક્યાંક ખોવાઈ ગયેલું અને ઘરમાં ક્યાંક આડા હાથે મુકાઈ ગયેલું તોફાન. માધવી હા ના કહે એ પહેલાં એના હાથમાંથી ફોન લઈને શિતલે ઍપ્લિકેશન ડાઉનલોડ કરી દીધી. માધવી ના પાડતી રહી પણ ધીરે ધીરે એને સમજાયું કે એની ‘ના’ એટલી પોલી ‘ના’ હતી કે એમાં ‘હા’ના પડઘા દૂર દૂર સુધી સંભળાતા હતા.

“જો માધવી, તને રાઇટ લેફ્ટ સ્વાઇપ બધું સમજાવી દીધું છે... નાઉ ઍન્જોય યોર ટાઇમ હની.”

“શિતલ, યાર બહુ ડર લાગે છે. આપણે બધા હવે આન્ટીઓ કહેવાઈએ, આ બધા છોકરાઓ માટે તો...”

શિતલે માધવીની આંગળીઓમાં પોતાની આંગળીઓ કસકસાવીને પકડી લીધી. માધવીના સાડીના પલ્લુને ખેંચી લીધું અને માધવીની છાતી તરફ આંખ મીંચકારીને ફરીથી ખડખડાટ હસી પડતા બોલી.

“ટ્રસ્ટ મી, આ લોકોને પાક્કી કેરી ખાવામાં વધારે મજા આવતી હોય છે. આન્ટી એટલે માત્ર આન્ટી નહીં... બીજું બહુ બધું.” આવો તો કંઈ કેટલુંય જ્ઞાન પાથરીને શિતલ જતી રહી પણ માધવી ક્યાંય સુધી સોફા પર બેસી રહી અને મોબાઇલની ટિંડર એપને ક્યાંય સુધી જોઈ રહી.

સાંજે રાજીવ ઑફિસથી આવ્યો. આવતાંની સાથે લૅપટોપ સાથે બીઝી થઈ ગયો. માધવી ફોનને એક મિનિટ પણ હાથમાંથી છોડતી નહોતી. ડરતી રહી. સતત કશુંક પકડાઈ જવાનો ડર. રાજીવને જાણે કોઈ ફેર પડતો જ નહોતો. સવાર પડી અને એ ટિફિન ને લૅપટોપ બૅગ લઈ ઑફિસ જતો રહ્યો. માધવી કામ પરવારી નવરી પડી. બાથરૂમમાં જઈને નહાઈ લીધું. નવી સાડી પહેરી અને ભીના વાળને ફેલાવીને સોફા પર બેઠી. મોબાઇલ હાથમાં લીધું. ટિંડર ઑપન કર્યું. રાઇટ લેફ્ટ સ્વાઇપમાં થોડીવાર ગૂંચવાતી રહી અને ફાઇનલી મૅસેજ આવ્યો. ચેટ થઈ. સામાવાળો છોકરો પોતાનાથી અડધી ઉંમરનો તો હશે જ. લૉકેશન નક્કી થયું. માધવી હજુ પૂરું સમજે કે ન સમજે કે પેલો છોકરો ડૉરબેલ સુધી પહોંચી ગયો. માધવી થોડી ગભરાઈ ગઈ. દરવાજો ખોલ્યો. સામે એક કૉલેજિયન. એણે ફટાફટ એ છોકરાને ઘરમાં બોલાવી દરવાજો બંધ કરી દીધો. દરવાજો બંધ કરીને એ છોકરા તરફ ફરવા જાય ત્યાં સુધીમાં તો એ છોકરાએ એને કમરમાંથી પકડી લીધી. માધવી હબક ખાઈ ગઈ.

“હું... તમારા માટે પાણી...” આટલું બોલીને એ રસોડામાં આવી ત્યાં સુધી પરસેવે રેબઝેબ. એને વહેમ પડ્યો કે પેલા છોકરાએ પેન્ટનો બેલ્ટ કાઢી નાખ્યો હતો અને એને ચેઇન ખૂલવાનો અવાજ પણ સંભળાયેલો. એ રસોડામાં ક્યાંય સુધી ઊભી રહી. પેલો છોકરો રસોડામાં આવ્યો. માધવી હાથમાં પાણીનો ગ્લાસ લઈને અંધારામાં ઊભી હતી. એનું ધ્યાન બારી બહાર હતું. કમરમાં પેલાનો હાથ મુકાયો અને એ ઝબકી ગઈ ને હાથમાં રહેલો પાણીનો ગ્લાસ પેલા છોકરાના ટીશર્ટ પર ઢોળાયો. થોડીવાર સુધી “સૉરી સૉરી” અને “ઇટ્સ ઓકે” ચાલ્યું. છોકરાનું ભીનું ટીશર્ટ એણે કઢાવ્યું અને ગૅલરીમાં સૂકવી દીધું. ટીશર્ટ કાઢતી વખતે એ છોકરાના એબ્સ માધવીએ જોયા હતા. હથેળી ભીની થઈ ગઈ. ફટાફટ કબાટમાંથી રાજીવનો શર્ટ કાઢ્યો. રાજીવનો આ ફૅવરિટ શર્ટ હતો. એ વારંવાર પહેરતો એટલે કંટાળીને માધવીએ એ શર્ટ સંતાડી દીધો હતો.

“આ શર્ટ પહેરી લે. કોઈ આવી જશે તો... એટલે... હું ત્યાં સુધી ચાય.”

પેલા છોકરાએ હસીને માધવીની પીઠ પર આંગળીઓ મૂકી અને હાથ પકડીને નજીક ખેંચી. માધવીના હાથમાં રાજીવનો શર્ટ હતો. પેલા છોકરાની આંગળીઓ માધવીના ગાલ પર ફરી. માધવી વધારે નજીક ગઈ તો છોકરાના ડીઓની સ્મેલ અને રાજીવના શર્ટની સ્મેલનો કેઓસ એના શ્વાસમાં ગયો. વીજળીની ઝડપે એ પેલા છોકરાથી દૂર થઈ ગઈ.

"પ્લીઝ ગો... માફ કરો... તમે અહીંથી જાઓ." પેલો છોકરો સમજી ન શક્યો કે માધવીને અચાનક શું થયું.

"અરે ઇટ્સ રિયલી ઓકે બેબી, ડરવાની જરૂર નથી. આઇ નો કે તું નવી છે એટલે તને હજુ થોડો ડર લાગતો હશે પણ બિલીવ મી યુ વીલ ગેટ વાઉ..." એ માધવીને મનાવવા નજીક ગયો પણ માધવીની લાલ આંખ જોઈને એ બે ડગલાં પાછો હટી ગયો.

"એકવાર તને કીધું ને કે જા એટલે પછી જા!"

એ ફટાફટ પોતાનું ભીનું ટીશર્ટ પહેરી નીકળી ગયો. માધવી પોતાની છાતી પર રાજીવનો શર્ટ પાથરીને ક્યાંય સુધી સોફા પર હાંફતી રહી.

સાંજે રાજીવ ઘરે આવ્યો તો ગૅલરીમાં તેનો ફૅવરિટ શર્ટ સુકાતો હતો.

"અરે માધવી, આ શર્ટ તો ખોવાઈ ગયો હતો ને!"

હાથમાં ચાય અને નાસ્તાની ટ્રે લઈને માધવી રસોડામાંથી બહાર આવી. રાજીવના હાથમાં ચાનો કપ આપી એના ખભે માથું ટેકવ્યું. શૅમ્પુથી ધોયેલા ઢળતા અંબોડામાં બંધાયેલા વાળમાં ભીનાશ હતી. લાંબી આંગળીઓના ગુલાબી નેઇલ પૉલિશમાં રંગાયેલા નખ રાજીવના શર્ટના બટન સાથે રમતા હતા. એ હસીને રાજીવનો હાથ પકડીને બોલી, "હા, થોડો સમય માટે ખરેખર ખોવાઈ ગયો હતો!"



કેમ કે હું મા છું!

ડૉક્ટરે કહ્યું હતું કે નિર્ણય હવે તમારે લેવાનો છે. તમારા દીકરાનું માત્ર હાર્ટ જ કામ કરે છે. એનું મગજ અને શરીર અલમોસ્ટ ડેડ છે. હૃદયના ધબકારા ઑક્સિજન પર ટકેલા છે. જો ઑક્સિજન માસ્ક હટાવી લેવામાં આવે અને ઑક્સિમીટર બંધ કરી દેવામાં આવે તો દસથી પંદર મિનિટમાં તમારા બાળકની હાર્ટ બીટ પણ બંધ થઈ જશે!

કેતકી અને અલય માટે આ નિર્ણય બહુ કપરો હતો. પોતાના લાડકવાયા ગુડ્ડુને છેલ્લા છ મહિનાથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો બંને જોઈ રહ્યા હતા.

નાનકડા ગુડ્ડુને કેતકી સ્કૂલે મૂકી આવી હતી. સ્કૂલમાં પૅઇન્ટિંગ કૉમ્પિટિશન હતી. ગુડ્ડુને સ્કૂલે ડ્રોપ કર્યા પછી કેતકી પોતાની ઑફિસ જતી રહી હતી. અલય પોતાની ઑફિસથી છૂટીને ગુડ્ડુને સ્કૂલે લેવા આવ્યો હતો. રસ્તામાં ઑફિસથી કૉલ આવ્યો હતો. કારને સાઇડમાં પાર્ક કરી અલય બહાર નીકળીને ફોનમાં વાત કરતો હતો. પાછળથી બેફામ ઝડપે આવતા ટ્રકે કારને અડફેટે લીધી. કારે અનેક વખત પલ્ટી ખાધી. કારની અંદર બેઠેલો ગુડ્ડુ ચીસ પણ નહોતો પાડી શક્યો. અલય ફાટી આંખે બધું જોઈ રહ્યો. તાત્કાલિક ઍમ્બ્યુલન્સ, હૉસ્પિટલ, ઑપરેશન, દોડી આવેલી કેતકી, ચીસાચીસ, અલયને અનેક તમાચા મારીને વળગી પડેલી કેતકી, એકધારા હિબકા અને પછી સન્નાટો. આ સન્નાટો છેલ્લા એક મહિનાથી આ હૉસ્પિટલમાં અલય અને કેતકીના મનમાં ગોરંભાઈ રહ્યો હતો.

આખરે ડૉક્ટરે કેતકી અને અલયને પોતાની કૅબિનમાં બોલાવ્યાં.

"જુઓ ઍન્ડ મિસિસ પટેલ. તમારો ગુડ્ડુ અલમોસ્ટ મૃત્યુ પામેલો છે. મને લાગે છે કે તમારે લોકોએ હવે નિર્ણય લઈ લેવો જોઈએ."

"પણ ડૉક્ટર સાહેબ, મારા ગુડ્ડુની હાર્ટ બીટ એકદમ નૉર્મલ છે. ગઈકાલે જ હું જોતી હતી કે ઑક્સિમીટર પર હાર્ટબીટ વધી ગઈ હતી એકદમ... અલય તમે પણ કહોને મેં તમને હાર્ટ બીટના પીક વ્હૉટસેપમાં મોકલ્યા હતા ને... તમે પણ જોયા હતા... તમે ડૉક્ટરને સમજાવો કે ગુડ્ડુ સાજો થઈ જ જશે." કેતકી જાણે કે રડી પડી હોય એ રીતે આજીજી કરતી હતી.

"કેતકીબહેન, તમારી લાગણી હું સમજી શકું છું પણ એ હાર્ટ બીટ માત્ર અને માત્ર ઑક્સિજન પર ટકેલી છે. આ રીતે તમે તમારા બાળકને પરાણે જિવાડી રાખો છો. તમારા પૈસા અને સમયને કોઈ કારણ વગર... આ કડવું સત્ય છે જે મારે તમને કહેવું જ પડે એમ હતું."

અલય અને કેતકી એકબીજાની સામે જોઈ રહ્યાં.

"માબાપ તરીકેની તમારી લાગણીનું કદર કરું છું પણ મને એમ થાય છે કે ક્યાં સુધી આ રીતે ગુડ્ડુને પરાણે જીવતો રાખશો? આંખ બંધ કરી દઈશું એટલે બધે જ અંધારું થઈ જાય એવું તો હોતું નથી ને. તમારો જે નિર્ણય હોય એ મને જણાવજો... જાઓ શાંતિથી વિચાર કરી આવો."

ડૉક્ટરની કૅબિનમાંથી બહાર આવ્યા પછી હૉસ્પિટલના કૉરિડૉરમાં બેન્ચ પર કેતકી અને અલય ક્યાંય સુધી ચૂપચાપ બેઠાં હતાં. અલયે ધીમેથી કેતકીનો હાથ પોતાના હાથમાં લીધો અને દબાવ્યો. કેતકી અલયની આંખોમાં જોઈ રહી.

"કેતકી, મને લાગે છે કે..."

"નો પ્લીઝ અલય. કશું જ ન કહો. મારી હિંમતને કાણી કરવાનો પ્રયત્ન ન કરશો."

"પણ શું ફાયદો આખી વાતમાં... આપણને આપણો દીકરો હવે પાછો નથી જ મળવાનો."

"સંતાનોના સુખ માટે માબાપ ફાયદો નુકસાન નથી જોતા, અલય."

"આવું ક્યાં સુધી ચાલશે કેતકી? છેલ્લા એક મહિનાથી તું ગુડ્ડુની સામે મીટ માંડીને બેઠી છે. કુદરત સામે માણસે ઘૂંટણિયા ટેકવવા જ પડે... ગીવ અપ કરવું જ પડશે." આટલું બોલતા સુધીમાં અલયનું

ગળું ભરાઈ આવ્યું. એ કેતકીની દઢ આંખોમાં જોઈ રહ્યો. કેતકીએ પર્સ ખોલ્યું અને લોહીના ડાઘાવાળા ગુડ્ડુના પૅઇન્ટિંગ્સના કાગળ કાઢ્યા. એ કાગળ એને બેન્ચ પર પાથરી દીધા. કાગળમાં મીણિયા કલરથી દોરેલા અલયે દોરેલું ફૅમિલી પૅઇન્ટિંગ હતું. એ પૅઇન્ટિંગમાં કેતકી, ગુડ્ડુ અને અલય હતાં. નાનકડા ગુડ્ડુએ પોતાની નાનકડી આંગળીઓથી સ્કેચમાં નીચે 'મમ્મી, પપ્પા અને હું' એવું લખ્યું હતું. ચિત્રમાં અલય અને કેતકીના ગુલાબી હાર્ટ દોરેલાં હતાં. ગુડ્ડુનું સ્કેચ નાનું હતુ એટલે એ સ્કેચમાં હાર્ટ દોરવા પૂરતી જગ્યા નહોતી. અલય એ ચિત્રને સમજવા મથતો રહ્યો. કેતકીની લાંબી આંગળીઓ એ ચિત્ર પર ફરતી રહી.

"ગુડ્ડુ કદાચ સમજાવી નહોતો શકતો પણ હું આ ચિત્રને સમજી છું, અલય. એણે આપણને બંનેને પોતાના હૃદય માન્યા છે. એ કદાચ એવું માને છે કે મારા ધબકારા મારાં માબાપ છે. જ્યાં સુધી મારાં મમ્મીપપ્પા છે ત્યાં સુધી મારા ધબકારા સલામત છે." પોતાના છૂટા વાળને એણે ટાઇટ અંબોડામાં બાંધી દીધા પછી એણે અલયના બંને હાથ પકડી લીધા.

"અલય, મારે બસ મારા દીકરાના આ વિશ્વાસને તૂટવા નથી દેવો. જ્યાં સુધી એનાં મમ્મીપપ્પા છે ત્યાં સુધી એના ધબકારા અકબંધ રહેવા જોઈએ. યેસ યુ આર રાઇટ કે કુદરતની સામે માણસે ઘૂંટણિયા ટેકવવા પડે...પણ મારાથી એ નહીં થાય કેમકે હું મા છું. માને હિંમત હારવાની છૂટ નથી હોતી." અલય કેતકીને વળગીને નાના બાળકની જેમ રડી પડ્યો.



અરે, બિચારી !

આખી સોસાયટીમાં રીવાના રડવાના અવાજો સંભળાતા હતા. એ હાથ જોડીને અમનને નહીં જવા માટે સમજાવતી હતી.

"અમન, પ્લીઝ ડોન્ટ ગો. તારા વિના હું કઈ રીતે રહી શકીશ? તું આમ ન જઈ શકે."

"લુક રીવા, આઇમ રિયલી સૉરી પણ હું જેલમ વિના નહીં જીવી શકું. મેં રીઅલાઇઝ કર્યું છે કે એના વિના રહેવાનો હવે કોઈ અર્થ નથી. ઇવન તું જ સાક્ષી છે કે એના વિના અને એનાથી દૂર રહેવાનો પ્રયત્ન પણ મેં કર્યો છે... પણ હવે મારાથી શક્ય નથી બની રહ્યું... આઇ હેવ ટુ ગો."

"અમન, મારાં મમ્મીપપ્પા શું કહેશે? તારા વગર હું શું કરીશ? લોકો શું કહેશે? એટલીસ્ટ મારો વાંક તો કહી દે કે તું મને કેમ છોડી રહ્યો છે? જેલમમાં એવું તો શું છે જે મારામાં નથી!"

"રીવા, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. ખરેખર તારો કોઈ જ વાંક નથી. હું એને પ્રેમ કરું છું અને એના વિના જીવી શકું એમ નથી. ધેટ્સ ઇટ. બીજું કંઈ નહીં."

સોસાયટીના બારીબારણાં અર્ધાં ખુલ્લાં હતાં. બધાના કાન સરવા હતા. પોતપોતાના ઘરમાં બેસીને સૌ અંદાજો લગાવી રહ્યા હતા કે રીવા અને અમનના જીવનમાં અત્યારે કેવા કેવા ખેલ ખેલાઈ રહ્યા હશે.

ત્રણેક વર્ષથી અમન અને રીવા અહીં આ સોસાયટીમાં રહેવા આવ્યાં હતાં. બંને જણાં નોકરી કરતાં હતાં. અમન બિઝનેસમેન હતો અને રીવા બૅન્કમાં જોબ કરતી હતી. સાંજે બૅન્કની નોકરી પૂરી કરીને એ સોસાયટી નીચે બધી સ્ત્રીઓ સાથે શાકભાજી ખરીદતી હોય ત્યારે બધી સ્ત્રીઓએ એક કુશળ ગૃહિણીમાં હોવા જોઈએ એ બધાં લક્ષણો જોઈ લીધાં હતાં. અમન કોઈ સાથે ખાસ વાતચીત નહોતો કરતો એટલે સોસાયટીની સ્ત્રીઓ રીવાને ઘણીવાર વાતવાતમાં કહી દેતી:

"તમારા મિસ્ટર કોઈ સાથે ક્યારેય ભળતા જ નથી હોતા. અમે તો એમને કોઈની સાથે વાત કરતા ક્યારેય જોયા નથી બોલો."

"જી એમને બહુ ઓછું બોલવાની ટેવ છે. થોડા ઇન્ટ્રોવર્ડ છે. બહુ જલદી બધામાં ભળતા નથી." એ પછી રીવા જતી રહેતી એટલે બધી સ્ત્રીઓ આપસમાં વાતો કરતી.

"જોયું, પોતાના વરનું કેટલું ઊંચું રાખે છે. કોઈ દિવસ આપણી પાસે એના વરના નામની ખોદણી નથી કરતી."

"હા ભઈ, આપણે તો આપણા ઘરવાળાની ન ગમતી બધી બાબતો એકબીજા સાથે કેટલી સારી રીતે શેર કરીએ. આ રીવા તો મારી બેટી કોઈ દિવસ એના વર વિશે એક શબ્દ ઘસાતો નથી બોલતી."

"નવા નવા લગ્ન છે. તમતમારે જોતા જાઓ ને... થોડો સમય જાય એટલે એની વાંસળીય બોદી વાગવા માંડશે. બધું મીઠું મીઠું તોય ક્યાં સુધી? એનું સરઘસ પણ વાજતે ગાજતે ચોકમાં આવશે."

અને જુઓ કદાચ બધાની વાત સાચી પડી. સરઘસ ચોકમાં આવી ગયું. બધા લોકો રીવાના રડવાના અવાજો સાંભળતા હતા. રીવા અને અમનના અવાજો પરથી સોસાયટીની બધી સ્ત્રીઓ અંદાજો લગાવતી હતી કે, એ રીવાએ એના વર અમનના પગ પકડ્યા, અમને રીવાને ધક્કો માર્યો, સૂટકેસ ખોલવાના અવાજ, સામાન ભરાતો હશે, કબાટના ધડામ બંધ થવાના અવાજ, રીવા રસ્તો રોકીને ઊભી હશે, ફરી ધક્કો, આ જુઓ ફ્લાવરવાઝ તૂટવાનો અવાજ. આખરે ધડ દઈને બારણું ખૂલી ગયું. બધાનાં બારીબારણાં અને આંખો ખૂલી ગયાં. અમન પોતાની સૂટકેસ લઈને દાદરા ઊતરી ગયો. કાર લઈને જતો રહ્યો. રીવાના હિબકા આખી સોસાયટીને સંભળાતા રહ્યા.

સાંજ પડી. ધીમે ધીમે સોસાયટીની સ્ત્રીઓ રીવા માટે હાથમાં થેપલા અને શાક લઈને રીવાના ઘરે પહોંચી ગયાં. ડ્રૉઇંગરૂમ સ્ત્રીઓથી હકડેઠઠ હતો. રીવા હજુ પણ હિબકા ભરતી હતી.

“અમને હતું જ કે રીવાબહેને રસોઈ નહીં બનાવી હોય એટલે તમારા માટે આ થોડું જમવાનું લાવ્યા છીએ. રીવાબહેન થોડું જમી લો.”

“હા રીવાબહેન, એ જતો રહ્યો એની પાછળ ભૂખ્યા રહીને તમે શું કામ તમારી તબિયત ખરાબ કરો છો. ગયો એના નસીબથી એવું માનો.”

“હું તો કહુ છું એ છોકરી જબરી કહેવાય હો. આ રીતે રીવાબહેન અને અમનભાઈના સુખી સંસારમાં આગ ચાંપી દીધી. શું રહી ગઈ હતી એક પરિણિત પુરુષના પ્રેમમાં પડી.”

“કોઈનું ઘર ભાંગીને કોઈ સુખી નથી થયા બહેન. એય નહીં થાય. કોઈના વરને પોતાનો કરી લો એનાથી સંસાર નથી મંડાઈ જતો.”

“એ અમનભાઈ ભલે ગયા... આપોઆપ સત્ય સમજાશે એટલે જોજો દોડતા પાછા આવશે... આવા લફરા બહુ ટકે નહીં.”

“હાસ્તો, આવી બધી ચંદરીઓ બહુ લાંબો સમય પ્રેમના નાટકમાં કોઈના વરને ફસાવી ન જ શકે. પત્ની બનવું એમ કાંઈ સહેલું થોડું છે. તમતમારે ભગવાન પર ભરોસો રાખો. એકવીસ મંગળવાર કરો અને પછી જોજો અમનભાઈ કેવા દોડતા પાછા આવશે.”

આ બધી સૂફિયાણી સલાહોની વચ્ચે રીવા તો માત્ર હિબકા જ ભરતી હતી. એટલામાં રીવાની મમ્મીનો કોલ આવ્યો. રીવાએ કોલ રિસીવ કર્યો અને રડી પડી.

“મમ્મી, યુ આર રાઇટ... અમારું રિલેશન ન ટક્યું... અમન જતો રહ્યો. હા મમ્મી, અમન આજે સાંજે જ એની વાઇફ જેલમ પાસે ગોરેગાંવ જતો રહ્યો.” સોસાયટીની સ્ત્રીઓ તો આ સાંભળીને સટ્ટાક, કાપો તો લોહી ન નીકળે!



ભાઈ, જરા ધ્યાન રાખ !

"બસ રાજેશ... મને હવે તારી બા આ ઘરમાં ન જોઈએ."

"પણ મેહા, હું એમને ક્યાં મૂકવા જાઉં, એકનો એક દીકરો છું હું..."

"તો એ મારો પ્રૉબ્લેમ નથી, યુ નો વ્હોટ, મારી જ ભૂલ છે કે મેં કશું જોયા જાણ્યા વિના તારા જેવા માવડિયા સાથે લગ્ન કરી લીધા... તારાથી સાત સારા છોકરા મળતા હતા મને... છે શું તારામાં... આવીને ફસાઈ ગઈ હું."

"યાર મેહા, તું બોલ હું શું કરું... મને કશું જ નથી સમજાતું."

"સાબિતી આપ કે તું મને સૌથી વધારે પ્રેમ કરે છે."

"પ્રેમમાં કશું સાબિત કરવાનું નથી હોતું યાર!"

"બસ, એક આ જ તને આવડે છે. ડાયલૉગબાજી."

"યાર, હવે તું જ મને સમજાવ કે કઈ રીતે સાબિતી આપું?"

"તારી બાને હટાવ..."

"આર યુ મેડ?"

"હા, આ મેડ ને મેઇડ તો બનાવી દીધી છે તમે લોકોએ. કોઈને મારી કંઈ પડી નથી."

"પણ મેહા, તને વાંધો શું છે?"

"મને એ નડે છે. મારી સ્પેસ પર તારી બા હાવી થાય છે. મને મારા નાનકડા દીકરા સાથે અને તારી સાથે એકલું રહેવું છે. આવી ઘરડી ગૂંગળામણમાં મારે નથી જીવવું. તું નિર્ણય કરી લે. નહીંતર આવતીકાલે હું મોન્ટુને લઈને મારા પપ્પાના ઘરે જતી રહીશ."

"યાર મેહા પ્લીઝ, હું તારી આગળ હાથ જોડું છું!"

"રડ નહીં રાજેશ. આવા ઇમોશનલ ડ્રામા હવે મને અસર નથી કરતા."

રાજેશને સમજાતું નહોતું કે એની પંચાશી વર્ષની બા મેહાની કઈ સ્પેસ પર હાવી થઈ જાય છે. રાજેશ પર મેહાનો પૂરો પ્રભાવ હતો. જો કે એ આખી વાતમાં ખુદ રાજેશનું માંદલાપણું વધારે જવાબદાર. ક્યારેય પોતાનો અવાજ ઉઠાવી ન શકે એટલો નમાલો. મેહાની દરેક ધમકી પર નમતું જોખી આપે એવો. રાજેશને એ વાતની પણ ખબર હતી કે મેહા બા પર ચાંપતી નજર રાખે છે. મેહા સતત રાજેશને કહેતી કે તારી બા ચોર છે, આપણે લોકો ઘરમાં ન હોઈએ ત્યારે એ આખા ઘરમાં બધું ફંફોસ્યા કરતી હોય છે. રાજેશ આ વાતનો વિરોધ પણ નહોતો કરી શકતો. આખરે પોતાના મનનાં સમાધાન માટે મેહાએ બાના રૂમમાં કૅમેરો મુકાવ્યો. રોજ સાંજે ઑફિસથી આવીને એ ચેક કરતી કે એની ગેરહાજરીમાં બાએ ઘરમાં શું શું કર્યું. રાજેશ બધું ચૂપચાપ જોઈ લેતો. મેહાને પરણ્યા પછી મેહાના કહેવાથી તો ત્રણ વખત એણે ઘર સુધ્ધાં બદલ્યા. છેલ્લાં બે વર્ષથી મેહાની પીન બા પર ચોંટી હતી. "બસ રાજેશ, તું તારી બાને હટાવ પછી બીજી વાત."

એ રાત્રે રાજેશ લૅપટોપમાં કશુંક ટાઇપ કરતો હતો. બાના રૂમમાંથી નસકોરાના અવાજ સંભળાતા હતા. મેહા કૉફીનો કપ લઈને રાજેશ પાસે આવી અને બાજુમાં બેસી ગઈ.

"લુક રાજેશ, આપણી પાસે કોઈ ઑપ્શન નથી. મેં વૃદ્ધાશ્રમનો વિચાર..."

"મેહા, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. હું એમનો એકનો એક દીકરો છું. એમને વૃદ્ધાશ્રમમાં મૂકીશ તો લોકો કેવી કેવી વાતો કરશે. આ બધી વાતની અસર આપણા દીકરા પર પણ પડશે." મેહાને પણ આ વાત સાચી લાગતી હોય એમ એ નખ ચાવવા લાગી. એ પણ મૂંઝાઈ કે આખરે શું કરી શકાય?

"એક આઇડિયા છે રાજેશ, તું ગાડી લઈને બાને દૂર લઈ જા અને રસ્તા વચ્ચે ઉતારીને આવતો રહે."

"મેહા, આ બધી વાતો નૉનસૅન્સ છે. કોઈ જાણીતા કે પોલીસના હાથમાં રસ્તે રઝળતા બા આવી ગયા તો આપણા બંનેનું આવી બનશે."

"હા યાર, આ વિચાર તો મને પણ આવ્યો જ નહોતો." થોડીવાર કશુંક વિચારતા એના મનમાં ક્લીક થઈ. મેહાના દિમાગમાં જે આઇડિયા આવ્યો એ સાંભળીને રાજેશ કંપી ઊઠ્યો. આંખો આઘાતથી ફાટી રહી ગઈ. એટલી ઝડપે ઊભો થઈ ગયો કે કૉફીનો કપ નીચે પડીને તૂટી ગયો. એ લગભગ ચિલ્લાઈ ઊઠ્યો:

"પાગલ થઈ ગઈ છે તું, મેહા? હું મારા હાથે મારી જ બાને... તને અક્કલ જેવું..."

"ટ્રસ્ટ મી રાજેશ, હાથમાં તકિયો હશે... નાક આગળ દબાવી દઈએ તો માણસને ખબર પણ ન પડે કે કેવી રીતે... કોઈને શંકા નહીં જાય... ત્રણથી ચાર મિનિટમાં આપણા બધા પ્રૉબ્લેમ સોલ્વ..."

"મારાથી નહીં થાય."

"તો પડ્યો રહે તારી બા સાથે...બાયલો."

બીજા દિવસે મોન્ટુને લઈને મેહા પિયર જતી રહી. ચારપાંચ દિવસ અને પછી અઠવાડિયાંઓ ગયાં. રાજેશ મૂંઝાણો. મેહાને કોલ કરીને રડ્યો. માફી માંગી. મેહા અડગ હતી અને આખરે રાજેશે હથિયાર હેઠા મૂકી દીધા. એ તૈયાર થઈ ગયો મેહાના પ્લાન માટે.

એ રાત્રે બા હંમેશાંની જેમ જ નસકોરાં બોલાવતાં ઘસઘસાટ સૂતાં હતાં.રાજેશ હાથમાં તકિયો લઈને ધીમા પગલે બાના રૂમમાં એન્ટર થયો. રૂમમાં વાદળી નાઇટલૅમ્પનું આછું અજવાળું પથરાયેલું હતું. બાનો કરચલીવાળો શાંત ચહેરો દેખાતો હતો. રાજેશ ઓશીકું એકદમ બાના મોઢા સુધી લઈ ગયો. એ સહેજ અંદરથી ધ્રૂજી ગયો. એ બાની બાજુમાં બેસી પડ્યો અને એનાથી રડી પડાયું. અચાનક નાઇટલૅમ્પ સ્વીચ બંધ થવાનો અવાજ આવ્યો. રાજેશે જોયું તો બા ધ્રૂજતા અવાજે બોલ્યાં:

"ભાઈ, જરા ધ્યાન રાખ! નાઇટલૅમ્પ ચાલુ હશે તો મારી રૂમમાં મુકાયેલા કૅમેરામાં તું આવી જઈશ... આ અંધારું થઈ ગયું એટલે હવે વાંધો નહીં... કોઈને ખબર નહીં પડે કે કોણ હતું અને કેવી રીતે બા..."



સોલ્યુશન

માનસી મહાપ્રયત્ને તૈયાર થઈ. મનમાં જાણે કે વિચારોનો વંટોળ ચાલતો હતો. એને થતું હતું કે જો એનું ચાલે તો એ અત્યારે ક્યાંક ભાગી જાય. એવી રીતે ખોવાઈ જાય કે કોઈને એનો અત્તોપત્તો ન લાગે. એ ક્યાંય સુધી ડ્રેસિંગ ટેબલ પાસે બેસીને અરીસામાં પોતાને એકીટશે જોતી રહી. પોતે આ બધું શું કામ કરી રહી છે, કેમ આ બધી ઘટનાઓને રોકી નથી શકતી એ વાતની પીડા હિબકા બનીને છાતીમાં ચચરવા લાગી. એની આંખમાંથી ફરી આંસુ છલકાઈ ગયા. આંખ નીચે કરેલી કાજળ અને આઇલાઇનર ફરી રેળાઈ ગઈ. બહાર ડ્રૉઇંગરૂમમાંથી બધાના મોટેમોટેથી હસવાના મોટા મોટા અવાજો આવતા હતા. ગરમાગરમ સમોસા અને ભજિયાની સુગંધ ઘરમાં આજે કશુંક ખાસ હોવાની ચાડી ખાતી હતી.

આજે સવારથી ઘરમાં દરેક કામની અંદર એક અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. માનસીના મોટા ભાઈ અને પપ્પાએ પણ આજે ઑફિસમાંથી રજા લીધી હતી. મમ્મીએ સોફાના જૂના કવર બદલીને નવા કવર ચડાવ્યા હતા. ભાભી સવારથી કિચનમાં કચોરી, સમોસા અને પાતરા બનાવી રહ્યાં હતાં. છોકરાવાળા માનસીને જોવા આવવાના હતા. એનઆરઆઈ છે છોકરો, રોનક શાહ. સૉફ્ટવૅર એન્જિનિયર. એનાં મમ્મીપપ્પા અમદાવાદનાં છે પણ છોકરો વર્ષોથી અમેરિકા સેટલ. આમ તો બધું જ ફિક્સ હતું. રોનક અને માનસીની કુંડળી પણ મળી ગઈ હતી. માનસીના ઘરના લોકો કુંડળીમાં વિશ્વાસ નહોતા કરતાં પણ સામેવાળા થોડા વહેમીલા હતા. એ લોકોનું મન રાખવા મોટા ભાઈ માનસીની કુંડળી બનાવી લાવેલા. પૂજારીએ કહેલું કે છત્રીસમાંથી સત્યાવીસ ગુણ મળે છે એટલે ખૂબ શુકનવંતી ઘટના છે. બંને પક્ષે બંને ઘરના લોકો રાજી હતા. આજે તો બસ, છોકરો-છોકરી એકબીજાને મળી લે એવી એક ફૉર્માલિટી પૂરી કરવાની હતી. માનસીનાં પપ્પા-મમ્મીએ તો માનસી અને રોનકને બહાર કૉફીશૉપમાં મળવું હોય તો પણ મળી લે એટલી તૈયારી બતાવેલી, પણ માનસીએ જ ના પાડી. માનસીનાં ભાભીએ આખી ઘટનાને એ રીતે રજૂ કરી કે અમારાં માનસીબહેન બહુ શરમાય છે એટલે એમને આમ બહાર એકલા મળવું નહીં ફાવે. ફરી હસાહસ અને સામાવાળાની આંખોમાં અહોભાવ. છોકરાવાળા આવી ગયા હતા. માનસીનાં મમ્મી રોનકનાં મમ્મી સાથે નવા અથાણાની રેસીપીની, પાપડ ગૅસ પર કઈ રીતે ગરમ કરો તો તૂટ્યા વગર શેકાઈ જાય અને આજકાલ કયા મસાલા સારા આવે છે એ વિશેની વાતો કરતાં હતાં. રોનકના પપ્પા માનસીના પપ્પા સાથે અમેરિકામાં વાતાવરણ કેવું છે, ત્યાં રહેતા આપણા ભારતીયો કેવી રીતે ઉત્સવો માણે છે, આજકાલ ગ્રીનકાર્ડ કેટલું સહેલું છે અને શું લાગે છે તમને રાજકારણમાં આગળના સમયે કોની દાવેદારી હશે એ વિશેની લાંબી વાતો કહી રહ્યા હતા. રોનક ચૂપચાપ ડ્રૉઇંગરૂમમાં લાગેલી તસવીરો અને ટી.વી.માં ચાલતી ઍડ્વર્ટાઇઝ જોયા કરતો હતો. મોટો ભાઈ રોનકની અધીરાઈ અને મૂંઝવણ સમજી ગયા. એણે કિચનમાં જઈને સમોસા અને ચાયની ટ્રે તૈયાર કરતા ભાભીને કહ્યું, “કીર્તિ, માનસીને લઈને હવે ઝડપથી બહાર આવ. એને સમજાવ કે તૈયાર એટલા પણ ન થવું જોઈએ કે સામાવાળાને કોઈ વહેમ પડે.” ભાભી મોટાભાઈની આંખોમાં જોવા લાગ્યા. મોટાભાઈએ માથું સહેજ હલાવીને કહ્યું. “કીર્તિ, એને સમજાવજે. રોનક સારો છોકરો છે અને હા, એને એ પણ સમજાવજે કે કોઈ ડ્રામા ક્રિએટ કરવાની જરૂર નથી. આ સગપણ ફિક્સ જ છે. બીજી કોઈ જ પ્રકારની અપેક્ષા ન રાખે.” મોટાભાઈની આંખોની કડકાઈ ભાભી બહુ સારી રીતે સમજતા. એણે માત્ર માથું હકારમાં હલાવીને ઓકે કહી દીધું. ફટાફટ હાથ ધોઈને ભાભી માનસીની રૂમમાં આવ્યાં.

“માનસીબહેન, તૈયાર થઈ ગયાં? ઓહો! સરસ લાગો છો.”

માનસીએ આંખો લૂંછી પણ તેના ગાલ પર આઇલાઇનર એટલી રેળાઈ હતી કે ગાલ કાળા થઈ ગયા

હતા. ભાભીએ ટીશ્યુપેપરથી આંખો લૂંછી આપી અને માનસીના દુપટ્ટાની ગડ ઉકેલી.

"ચલો માનસીબહેન, બહાર બધા રાહ જુએ છે. મહેમાન આવી ગયા છે."

"ભાભી, આઇ કાન્ટ... હું જયેશને નહીં ભૂલી શકું... બિલીવ મી એ સારો છોકરો... ભાભી તમે બધાને સમજાવો..." એ હિબકા ભરવા લાગી.

ભાભીએ માનસીની પીઠ પર હાથ મૂક્યો અને માનસીનું છલકાયેલું આંસુ પોતાની સાડીના પલ્લુથી લૂંછી આપ્યું.

"માનસીબહેન..." એક ઊંડો શ્વાસ લઈને એમણે માનસીના માથે હાથ ફેરવ્યો અને કહ્યું કે, "સમોસા ઠરી જશે!" માનસી આઘાતથી પોતાની ભાભીને જોઈ રહી.

બહાર ડ્રૉઇંગરૂમમાં માનસી માંડ અડધો કલાક બેસી શકી. એનો શ્વાસ રૂંધાવવા લાગ્યો હતો. કોઈ બળજબરીથી મોઢું દબાવીને ઊંડી ખાઈમાં ધકેલતું હોય એમ એ અંદરથી તરફડિયા મારતી હતી. સ્માઇલ તો એ મહામહેનતે આપી શકી હતી. જોકે એને વધારે પ્રશ્નોના જવાબ નહોતા આપવા પડ્યા, કેમકે ભાભીએ જ બધું કવર કરી લીધું હતું. બધું નક્કી થઈ ગયું, જડબેસલાક. માનસીને નવાઈ લાગી એટલી ઝડપે.

રાત્રે ભાભી પાણીની બૉટલ ભરવા કિચનમાં આવ્યાં. રસ્તામાં માનસીનો રૂમ આવે. ભાભીએ જોયું તો માનસીનો રડવાનો ધીમો અવાજ આવતો હતો. ભાભીએ પાણીની બે બૉટલ ભરી અને ગૅલરીમાં વળગણી પર સુકાતો ઉનનો વ્હાઇટ ટુવાલ લીધો. ભાભીએ માનસીના રૂમના બારણે ટકોરા પાડ્યા. થોડીવાર પછી માનસીએ દરવાજો ખોલ્યો. એની આંખો સૂઝેલી હતી. એના ચહેરા પર ઘરના બધા લોકોના નિર્ણય સામેની નારાજગી દેખાતી હતી. એણે એકદમ સખ્તાઈથી ભાભી સામે જોયું.

"બોલો."

"આ પાણી તમારા માટે." માનસીએ ચૂપચાપ બૉટલ લઈ લીધી. થોડીવાર સુધી બંને કશું બોલ્યાં વિના ચૂપચાપ ઊભાં રહ્યાં. પૅસેજમાં નાઇટલૅમ્પનું ઉદાસ અજવાળું પથરાયેલું હતું. ભાભીએ ટુવાલ માનસીના હાથમાં આપ્યો અને નજર નીચે રાખી.

"માનસીબહેન, આ ટુવાલ સાથે રાખો. મોઢામાં ટુવાલ દબાવીને રડશો તો અવાજ રૂમની બહાર નહીં જાય. આપણી બાજુમાં સૂતાં હોય એને સુધ્ધાં આપણો રડવાનો અવાજ નહીં સંભળાય. જાત અનુભવથી કહું છું!"

માનસી સ્તબ્ધ. આંખોમાં છલકાયેલા આંસુ પાંપળે તોળાઈ રહ્યા. એણે ધ્રૂજતા હાથે ટુવાલને છાતીએ વળગાડ્યો અને પૅસેજના અંધારામાં ઓગળતી જતી ભાભીને જોઈ રહી.



આ ઍક્સિડન્ટ તો નાનું કહેવાય!

મમ્માએ જીદ પકડી. હા, નાના બાળક જેવી જીદ. મારે સાઇકલ શીખવી છે! આખા ઘરમાં હસાહસ જાણે કે બહુ મોટી જોક કહેવાઈ હોય. પપ્પાએ અને કાકાએ તો સાડી પહેરેલી મમ્મી સાઇકલ ચલાવશે ત્યારે કેવી લાગશે એવું ઇમેજીન કરીને કૉમેન્ટરી આપવાનું ચાલુ કરી દીધું. બધાએ આખી વાતને હસવામાં કાઢી નાખી. મને પણ થયું કે મમ્મીને હવે આ ઉંમરે સાઇકલ ચલાવવાની શી જરૂર પડી. મેં પણ કીધું કે, "મમ્મી, કૉલેજથી છૂટીને હું ઘેર વહેલી આવી જાઉં છું. તને જ્યાં જવું હોય ત્યાં મારી ઍક્ટિવા પર લઈ જઈશ. બાકી તું રિક્ષામાં બધી જગ્યાએ જાય જ છે ને. આ સાઇકલની વાત કેમ તારા મનમાં ઘર કરી ગઈ છે."

જવાબમાં મમ્મી બસ ચૂપચાપ બધાના વાટકામાં દાળ ભરતી રહે અને વચ્ચે વચ્ચે રોટલી ગરમ છે કે નહીં એ તપાસી ડાઇનિંગ ટેબલ પર બધું ગોઠવતી રહે.

"મમ્મી, તારે સાઇકલ કેમ શીખવી છે એમ પૂછું છું." જવાબમાં મારી સામે જોઈ રહી અને પછી ધીરેથી બોલી.

"આખી જિંદગી બસ આ જ એક મનમાં રહી ગયું. મને તો કોઈ શીખવાડતું નહીં. કામ કામ અને કામમાં મારી જિંદગી નીકળી ગઈ. મારી ઉંમરની છોકરીઓ સાઇકલ ચલાવતી નીકળતી ત્યારે મને એવું બહુ થતું કે મને ક્યારે આવડશે."

હું મમ્મીની સામે જોઈ રહી. ડ્રૉઇંગરૂમમાં બધા હજુ પણ મમ્મીની સાઇકલ ચલાવવાની જીદ પર હસી રહ્યા હતા. બધા ડિનર માટે આવ્યા.

"પપ્પા, કાકા, હું મમ્મીને આવતીકાલથી સાઇકલ ચલાવતા શીખવવાની છું." બધા મારી સામે જોઈ રહ્યા. મમ્મી ખુદ શૉક્ડ. બીજા દિવસથી અમારી પ્રૅક્ટિસ શરૂ થઈ ગઈ. મેં મમ્મીને પંજાબી ડ્રેસ પહેરવા માટે બહુ સમજાવ્યા પણ એ ન જ માન્યા. સાડીનો છેડો કમરમાં ખોસીને એ સાઇકલની સીટ પર ગોઠવાઈ જાય અને અમારી પ્રૅક્ટિસ સ્ટાર્ટ થઈ જાય. રોજ રાત્રે જમ્યા પછી હું અને મમ્મી સાઇકલ ચલાવવાની પ્રૅક્ટિસ કરતા. હું સાઇકલ પાછળથી પકડી રાખતી અને એ ડગુમગુ સાઇકલ ચલાવતી. એ એકદમ નાના બાળકની જેમ સાઇકલ ચલાવતી. ડરતી, ચીસો પાડતી, જોર જોરથી હસી પડતી, નીચે પટકાતી. મને આ બધું જોવાની બહુ મજા આવતી. પોતાની મમ્મીને આમ દિવસે અને દિવસે નાની બનતી જતી જોવાનું સુખ અનોખું હોય છે. સાઇકલ ચલાવીને બંને થાકી જઈએ પછી રસ્તાની એક બાજુ સાઇકલ મૂકીને નિયોન લાઇટના અજવાસમાં ચૂપચાપ બેસી રહેતાં. પરસેવે રેબઝેબ થયેલી મમ્મીના ચહેરા પર મને ખુશી દેખાતી. હું હળવેથી મારો હાથ એમના હાથ પર મૂકી દેતી અને એ મારી સામે જોઈને હસી પડતી.

એક દિવસ હું અને મમ્મી સાઇકલ ચલાવતા ચલાવતા બહુ દૂર નીકળી ગયાં. ખાસ્સું મોડું થઈ ગયું. મમ્મી તો ફોન યુઝ કરતી નહોતી અને મારો મોબાઇલ લો બૅટરીના કારણે સ્વીચ ઑફ થઈ ગયો હતો. રાત્રે અમે લોકો ઘરે પહોંચ્યા ત્યાં સુધીમાં એક દોઢ થઈ ગયો હતો. પપ્પા સખત ગુસ્સામાં હતા. કાકા તો એકધારું અમારી સામે જોઈ રહ્યા હતા. હું અને મમ્મી ગુનેગારની જેમ ચૂપચાપ ઊભાં રહ્યાં. પપ્પાએ સાઇકલને લાત મારી અને મમ્મી પર તાડૂક્યા.

"આ ઉંમરે તારે કયા ઓરતા બાકી રહી જાય છે. આમ અરધી રાત્રે રખડુંની જેમ નીકળી પડે છે. પોતાનું તો નહીં આ છોકરીનો તો કંઈક વિચાર કર... ઘરડી ઘોડી અને લાલ લગામ... શરમ નથી આવતી તને?" મમ્મી સમસમી ગયાં, એમની આંખો લાલ લાલ જાણે વર્ષોથી ધરબાયેલો ગુસ્સો આંખોમાં ઊતરી આવ્યો. પણ એ કશું ન બોલી. સાડીના પલ્લુને બે હાથે પકડી એ ઊભી રહી. મારી આંખો ભરાઈ આવી. આખું ઘર આખી રાત મમ્મી વિશે બોલતા રહ્યા. એ પછી મમ્મીના હાથમાંથી

સાઇકલ છૂટી ગઈ!

વર્ષો વીતી ગયાં અને હું સાસરિયે જતી રહી. એક દિવસ અચાનક કાકાનો કોલ આવ્યો કે "કાજલ, તું હૉસ્પિટલ આવ. તારી મમ્મીને આખા શરીરે ફ્રેક્ચર થયું છે. બહુ વાગ્યું છે." રડતી, ફફડતી, કંઈ કેટલીય ધારણાઓ બાંધતી હું હૉસ્પિટલ પહોંચી. મમ્મી બેભાન હતી. ડૉક્ટર કહેતા હતા કે દસબાર ફ્રેક્ચર આવ્યાં છે આખા શરીરમાં. બધા ચિંતામાં હતા. મને પપ્પાએ ધ્રૂજતા અવાજે વાત કરી. "સ્ટોરરૂમમાંથી સાઇકલ કાઢીને એકલી એકલી વહેલી સવારે નીકળી... કોઈને કહ્યા વગર એકલી જતી રહી... રોંગ સાઇડમાં ટ્રક આવ્યો... ત્યાં હાજર હતા એ લોકોએ કીધી કે ચીસ પણ નહોતી પાડી શકી..." પપ્પા વધારે બોલી ન શક્યા. એમનું ગળું ભરાઈ આવ્યું. હું મમ્મીની પાસે જઈને બેસી ગઈ. પાટા પિંડીથી ઢંકાયેલા મમ્મીના કપાળ પર હાથ ફેરવવા લાગી. મમ્મીના નીચે ઢળી પડતા હાથને હાથમાં લીધો અને એ હાથને પકડી એની પાસે બેસી રહી. મારાં સાસુ બોલ્યાં:

"દસ-બાર ફ્રેક્ચર આવ્યાં છે... બિચારાને બહુ પેઇન થતું હશે... બહુ વાગ્યું છે."

મમ્મીની શાંત સ્થિર બંધ આંખો જોઈ. મારી આંખો છલકાઈ. સાડીના છેડાથી મેં મારી આંખો લૂછી. મમ્મીના કપાળ પર મેં ફરી હાથ મૂક્યો અને ગળગળા અવાજે બોલી:

"ચીસ તો વર્ષો પહેલા એના ગળામાં અટવાઈ ગઈ હતી. ફ્રેક્ચર તો બધાને આજે દેખાય છે. મને તો વર્ષો પહેલાં એ રાત્રે દેખાયેલા જ્યારે આખા ઘરે મારી મમ્મીને ઘરડી ઘોડી ને લાલ લગામ કહી હતી. એ બધા ઘા એટલા ઊંડા હતા કે એની સામે આ ઍક્સિડેન્ટ તો બહુ નાનું કહેવાય!"



કોઈક અજાણી સ્ત્રી !

પેલું શું કહેવાય? પગ તળેથી જમીન ખસી જવી એ... હા, બસ એવો જ અનુભવ આખા પારેખ પરિવારને થયો. ઘરની મોટી વહુ વસુધા, ના, મોટી વહુ તો હવે ન કહેવાય કેમકે એના ત્રણ દીકરા હવે પરણી ગયા અને એની વહુઓ આવી ગઈ. એટલે ઘરની સાસુ, ના, સાસુ પણ નહીં કેમકે વસુધાથી મોટી એક જેઠાણી ઘરમાં છે. ટૂંકમાં, પચાસની આસપાસ પહોંચેલી વસુધા પારેખ. હા તો એ વસુધા પારેખે ફૅમિલી ગેટ ટુ ગેધરમાં એક ધડાકો કર્યો. હા, ધડાકો જ કહેવાય. જે વાતથી બધાના હોશ ઊડી જાય એ વાત ધડાકો તો નહીં તો બીજું શું? વસુધા પારેખે સત્તર-અઢાર જણાના પરિવારને સમાવતા મોટા બંગલામાં આજે બધાના પગ તળેથી જમીન સરકાવી દીધી. મૂળ વાત પર આવીએ. વસુધા પારેખે અદબ વાળી, ઊંડા શ્વાસ લીધા અને બધાની સામે નજર કરીને પોતાની વાત કરી.

"હું વસુધા. આજે સમગ્ર પરિવાર એકઠો થયો છે ત્યારે એવી જાહેરાત કરું છું કે હું મારા પતિ ભાગ્યેશ પારેખ પાસે ડિવૉર્સ લેવા માગું છું!"

ચારેબાજુ સન્નાટો. બધાનાં મોઢે હાયકારો. આખી પાર્ટી સ્તબ્ધ. આ શું થઈ ગયું! બધાના કાનમાં જાણે કે લાંબું સુન્નનનનનન. જિંદગીના પાંચમા દાયકાની ઢળતી સાંજે વસુધા પારેખને ડિવૉર્સ જોઈએ છે? થોડીવાર તો કોઈને વિશ્વાસ ન બેઠો. અચ્છા, થોડીવાર તો બધાએ પરાણે થોડું હસીને જાણે આખી વાત કોઈ મજાક હોય એ રીતે હસવાનો પ્રયત્ન પણ કરી જોયો. પણ વસુધા પારેખનો દૃઢ ચહેરો, સ્પષ્ટતાથી બિડાયેલા હોઠ અને સપાટ ચહેરો જોઈ ધીમે ધીમે બધા પરાણે હસવાના ઊભા થયેલા. અવાજો શાંત થઈ ગયા. આખા બંગલામાં ઝુમ્મરમાં એકબીજા સાથે ટકરાતા મોટા ડાયમંડ કર્કશભર્યો અવાજ કરતા હતા, પરદાઓ હવાના લીધે નહીં પણ ઘરની પરિસ્થિતિ પામી ગયા હોય એ રીતે ધ્રૂજતા હતા. થોડીવારે ભાગ્યેશ પારેખ પોતે થોડી કડકાઈથી બોલ્યા:

"વસુધા, આ બધી કેવી મજાકો સૂઝી છે તને? આ ઉંમરે હવે આ જ બાકી રહી ગયું હતું?"

વસુધાએ ધારદાર નજર ભાગ્યેશ પારેખ તરફ કરી.

"હા, ખરેખર, આ ઉંમરે હવે આ જ બાકી રહી ગયું હતું."

મોંઘી સિલ્કની સાડીઓ, મોંઘા મોંઘા ગોલ્ડ ડાયમંડ જડેલા ઘરેણાં, બ્રાન્ડેડ સૂટ બૂટ અને મોંઘી શરાબ ભરેલા જર્મન સિલ્વરના શાહી ગ્લાસ મૂંઝાઈ ગયા. બધાને બે હાથ જોડીને પોતાની કશ્મીરી શાલથી પીઠ કવર કરી ડાર્ક પિંક સિલ્ક સાડી ને વાઇટ ગોલ્ડ પર્લના ઑર્નામેન્ટ્સમાં જાજરમાન દેખાતા વસુધા પારેખ દાદરો ચડી ગયાં. એ પોતાના રૂમમાં ગયાં ત્યાં સુધી બધાની નજર એમના જાજરમાન દિદારને તાકતી રહી.

આખો પરિવાર એકબીજા સાથે નજર નહોતો મેળવી શકતો. ભાગ્યેશ પારેખ વસુધાની પાછળ પાછળ ફટાફટ દાદરો ચડી ગયા. આખો પારેખ પરિવાર એમની તરફ જોઈ રહ્યો હતો. પહેલીવાર સૌને ભાગ્યેશ પારેખના પગ ધ્રૂજતા હોવાની ખાતરી થઈ. ભાગ્યેશ પારેખ પોતાની રૂમમાં આવ્યા. દરવાજે જ ઊભા રહ્યા. વસુધા પારેખ ડ્રેસિંગ ગ્લાસની સામે બેસીને મોંઘાં મોંઘાં ભારેખમ ઘરેણાં ઉતારી રહ્યાં હતાં.

"વસુધા, આ બધું તને શું સૂઝયું... લોકો કેવી કેવી વાતો કરશે."

"લોકો પાસે બીજું કોઈ કામ પણ નથી, ભાગ્યેશ."

ભાગ્યેશ પારેખના કાન ચમક્યા. જિંદગીમાં પહેલીવાર વસુધા એમનું નામ લઈને બોલી હતી. બીજું આજ સુધી વસુધામાં એવી હિંમત નહોતી આવી કે પોતાનો વિચાર રજૂ કરી શકે અને આજે એણે સીધો પોતાનો નિર્ણય જણાવી દીધો.

"તને પ્રૉબ્લેમ શું છે? એકવાર વાત તો કરવી હતી. તને ખબર પણ છે કે તું આ શું બોલી રહી છે?

આ ઉંમરે ત્રણ છોકરાની મા અને હવે તો દાદીમા બની છો અને તું...”

અચાનક વસુધાએ પાછળ ફરીને ભાગ્યેશ પારેખ સામે જોયું અને ભાગ્યેશ પારેખે પોતાની વાતને અધૂરી છોડી દીધી. ગળામાંથી મંગળસૂત્રની ફસાયેલી નહીં ખૂલતી ક્લીપને એ ખોલવા લાગી અને ઊંડા શ્વાસ લઈને બોલીઃ

“પહેલાં હું દીકરી હતી, પછી બહેન, પછી પત્ની, પછી મા અને હવે દાદી. બહુ જીવી લીધું બીજા બધા માટે. હવે હું મારા માટે જીવવા માંગું છું. મને પણ એ અનુભવ તો થવો જ જોઈએ ને કે પોતાના માટે જીવવું કોને કહેવાય? શું હોય છે આ પોતાના માટે જીવવું એ? જાણવું છે, સમજવું છે, જીવવું છે. તમારી સાથે વાત કરવી હતી પણ આટલાં વર્ષોમાં ભાગ્યેશ તમને સમય મળ્યો છે ખરો કે જ્યાં હું તમારી સાથે વાત કરી શકું.”

“આ કોઈ કારણ નથી ડિવૉર્સ લેવાનું... સાથે મળીને આપણે બધું સોલ્વ કરી લઈશું... થોડો સમય રાહ જો. આ ઉંમરે એક નવી શરૂઆત કઈ રીતે કરીશ. બહુ મોડું થઈ ગયું છે હવે.”

“હવે રાહ જ તો નથી જોવી ભાગ્યેશ. સાચ્ચું કહું... ડિવૉર્સ લેવાનું બીજું સાવ સાચ્ચું અને મોટું કારણ છે કે હવે કંટાળો આવે છે. ખોટું ખોટું જીવવાનો, ખોટું ખોટું હસવાનો, ખોટું ખોટું સાથે હોવાનો, ખોટા ખોટા ખુશ હોવાનો. બધી વાતનો કંટાળો. સ્ત્રી માટે કોઈપણ શરૂઆત મોડી હોઈ શકે ખોટી નહીં!”

ભાગ્યેશ પારેખે જોયું કે વસુધાનું મંગળસૂત્ર ખૂલી ગયું. અરીસામાં દેખાતી વસુધા હવે કોઈક અજાણી સ્ત્રી હતી!



અંધારામાં સાવિત્રી

ફાઇનલી ઘરમાં રિપોર્ટ આવી ગયા. રાજીવ અને ઈશિતા તો કંટાળી ગયાં હતાં. લગ્નને માંડ પાંચ વર્ષ પૂરાં થયાં હતાં પણ આખું ઘર એક જ માળા જપતું હતું કે, "લગ્ન થયાં એ વાતને પાંચ પાંચ વર્ષ થવા આવ્યાં. હવે બાળક બાબતે કાંઈક વિચાર કરો. આ જ સાચો સમય છે. સમય સંભાળી લો તો સમય તમને સંભાળશે." રાજીવ અને ઈશિતા આખી વાતથી રીતસર ત્રાસી ગયાં હતાં. ઍરેન્જ મૅરેજ હતાં. રાજીવ ઈશિતાને જોવા આવ્યો ત્યારે ઈશિતાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, "જુઓ રાજીવ, હું ચાર દીવાલમાં મોંઘાં ઘરેણાં અને મોંઘી સાડીઓ પહેરીને સોફા પર બેઠાં બેઠાં ટીવી જોતાં જોતાં શાકભાજી સમારું એવી ગૃહિણી નથી. મને મારી કરિયર બહુ વહાલી છે. લાઇફમાં કંઈક કરવું છે. કૉમ્પિટિટીવ ઍક્ઝામની તૈયારીઓ કરી રહી છું. એટલે હું તાત્કાલિક બાળક આપવાની વાતની પણ વિરોધી છું." રાજીવે એ જ મૉમૅન્ટ પર ઈશિતાની વાતને વધાવી લીધી હતી. પણ આ વાતને હવે પાંચ વર્ષ થયાં. સોસાયટીમાં અને સગાંવહાલાં બધાના ઘરમાં બાળકો રમતા થઈ ગયા. રાજીવ અને ઈશિતાના જે સમયગાળામાં પરણ્યા હતા એ સમયગાળાના કપલ તો આજે પોતાના બાળકોના સ્કૂલ ઍડમિશન માટે દોડતાં થઈ ગયાં. એક ખાલીપો રાજીવ અને ઈશિતાના મનમાં પણ ભરડો લેવા લાગ્યો હતો. ઘરના લોકો તો રાતદિવસ બોલ બોલ કરતા જ હતા કે બાળક આપો, બાળક આપો, બાળક આપો! આખરે ઈશિતા અને રાજીવ બંનેએ બાળક પ્લાન કરવાનું નક્કી કર્યું. દિવસો પસાર થતા ગયા. રાજીવ ઈશિતાની સામે અપેક્ષાથી જોયા કરતો અને ઈશિતા જવાબમાં મૂંડી ધુણાવીને કહેતી કે, "નો રાજીવ, હજી સુધી હું પ્રેગ્નેન્ટ નથી!" હવે ઘરમાં અને રાજીવના મનમાં અકળામણ થવા લાગી. ઘરના લોકોને પણ ખબર પડી ગઈ કે રાજીવ ઈશિતા બાળક માટે પ્રયત્ન કરી રહ્યા છે પણ બાળક રહેતું જ નથી. આખરે બંને જણાએ આપસમાં નક્કી કર્યું કે એમના ફૅમિલી ડૉક્ટર ડૉ. ઉનડકટને મળવું અને રિપોર્ટ કરાવવા. બંને જણાંએ રિપોર્ટ કરાવ્યા અને આજે ડૉ. ઉનડકટનો ફોન આવી ગયો કે, "આઇમ સૉરી, ઈશિતા ક્યારેય મમ્મી નહીં બની શકે, એના ગર્ભાશયમાં પ્રૉબ્લેમ છે. બાળક કન્સીવ કરવાની શક્તિ એનામાં નથી!"

આખા ઘરની માથે જાણે કે આભ તૂટી પડ્યું. બધાને ખૂબ આઘાત લાગ્યો. રાજીવની મમ્મી છુટ્ટા મોંએ રડી પડી. ઈશિતા સાસુને શાંત પાડવા ગઈ તો સાસુએ એક તમાચો લગાવી દીધો અને ઈશિતાને ધક્કો મારીને પોતાના રૂમમાં જતાં રહ્યાં. સસરાનું મોઢું એકદમ પડી ગયું. રાજીવ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતો હતો પણ આ વાત જાણે કે એના માટે પણ પચાવવી થોડી અઘરી હતી. ઘરના દરેક લોકોએ ઈશિતાને ભાંડી. રાજીવ સાથે ઈશિતા વાત કરવા ગઈ તો રાજીવ પણ પોતાનો હાથ ઈશિતાના હાથમાંથી છોડાવીને જતો રહ્યો. એની આંખો વરસવાનું બંધ નહોતી કરતી.

રાત્રે રાજીવ ઈશિતાથી ચોક્કસ અંતર રાખીને બેડ પર સૂતો હતો. ઈશિતા હિબકા ભરતી હતી. રાજીવ પંખા તરફ જોઈને ગુમસૂમ પડ્યો હતો. એને ઈશિતાને શાંત કરવાની ઇચ્છા થઈ પણ એ કશું જ બોલ્યો નહીં. થોડીવાર સુધી ઈશિતાના હિબકા ચાલ્યા પછી રાજીવ ધીરેથી બોલ્યો:

"ઈશિતા, ડૉ. ઉનડકટે તને કાલે હૉસ્પિટલ બોલાવી છે. કદાચ કોઈ દવા કે ટ્રીટમૅન્ટ તને કારગત નીવડે. હૉસ્પિટલ જઈ આવજે." હિબકા ભરતી અને આંસુ લૂંછતી ઈશિતાએ જવાબમાં માથું હકારમાં ધુણાવ્યું.

બીજા દિવસે સવારે ઈશિતા ડૉ. ઉનડકટના ક્લિનિક પહોંચી. રડી રડીને એનું મોઢું સૂઝી ગયું હતું અને ઉજાગરાના કારણે એની આંખો લાલ થઈ ગઈ હતી. એ ચૂપચાપ ડૉ. ઉનડકટ સામે બેસી રહી.

"ઈશિતા, આઇ નો. ઇટ્સ વેરી ટફ ફોર યુ. બાળકને જન્મ ન આપી શકતી સ્ત્રીઓ પર કેવો કેવો માનસિક અને શારીરિક ત્રાસ થાય છે એ આપણે બધા જાણીએ જ છીએ... જોઈએ પણ છીએ..."

"હું બધું જ સહન કરી લઈશ." ઈશિતા આંખો લૂંછીને બોલી.

"ઈશિતા, એનાથી વાસ્તવિકતા બદલાઈ નથી જવાની." ડૉ. ઉનડકટ ચશ્માં કાઢી આંખો સાફ કરીને બોલ્યા.

"મને તમારી વાસ્તવિકતામાં કોઈ રસ નથી. મારું વાસ્તવ એ મેં પોતે નક્કી કરેલું વાસ્તવ હશે."

"એથી કાંઈ સત્ય બદલાય નહીં જાય." ડૉ. ઉનડકટ ઊભા થઈને બારી પાસે જતા રહ્યા.

"પોતાનામાં શુક્રાણુઓ ઓછા છે એટલે બાળક નહીં થાય એ વાત એક પુરુષ તરીકે રાજીવ ક્યારેય સ્વીકારી નહીં શકે, એટલે જ મેં તમને કોલ કરીને કહી દીધું કે તમે વાત એમ કરજો કે ખામી મારામાં છે, મારા પતિમાં નહીં." ડૉ. ઉનડકટ ઈશિતાની આંખોમાં જોવા લાગ્યા. એમને લાગ્યું કે પતિ પર આવનારા બધા આક્ષેપો છાતી પર ઝીલનારી કોઈ આજની સાવિત્રી જગતના અંધારામાં ખુદ્દારીથી ઊભી છે!



બાનું ઍડજસ્ટમેન્ટ

બાને બીજું કંઈ આવડે ન આવડે પોતાને ઍડજસ્ટ કરતા બહુ સારી રીતે આવડે. બાને ક્યારેય કોઈએ ફરિયાદ કરતા નથી સાંભળી. હંમેશાં પોતાના કામમાં મશગૂલ. મને તો નાનપણથી પોલિયો એટલે વ્હીલચેરમાં જ મોટી થઈ. હું ક્યારેય ઝીણી ઝીણી વાતો પર કચકચ નથી કરતી કેમકે બા એમને ક્યારેય એ શીખવ્યું જ નથી. હું ત્રણ વર્ષની હતી ત્યારે બાપુજીનું રોડ ઍક્સિડન્ટમાં અવસાન થયું હતું. ત્રણ મોટાભાઈઓ અને ચોથી હું. બાએ એકલ પંડે બધું સાચવી લીધું. દાતરડીની કમાણીથી એણે પાક્કું મકાન બનાવી લીધું અને ત્રણેય ભાઈઓને ભણાવ્યા ગણાવ્યા અને પરણાવી પણ દીધા. અમને લોકોને હંમેશાં બહુ નવાઈ લાગતી કે આટલી ટૂંકી આવકમાં બાએ બધું ઍડજસ્ટ કેવી રીતે કર્યું હશે? બા મને હંમેશાં કહેતી હોય કે, “રાધા, સૌ પોતપોતાના નસીબ સાથે જ આ ધરતી પર આવે છે. કોઈ કોઈને સાચવી લેતું નથી. સાંજ પડ્યે કીડીને કણ અને હાથીને મણ મળી જ રહે છે. જેણે પેટ આપ્યું છે એ ભરી પણ જાણે છે. બધા લોકો એકબીજા સાથે અંજળપાણીથી જોડાયેલા છે. અંજળપાણી ખૂટશે એટલે સૌ પોતપોતાના માળામાં સમાઈ જશે.” મને બાની વાતો બહુ ગમતી. ખુલ્લા આકાશ નીચે ઢોલિયો ઢાળી અને મા-દીકરી રાતોની રાત વાતો કરતાં. બા મારી સાથે જ બહુ બધી વાતો કરતી કેમકે મને હોંકારા આપતા સારું આવડતું. મોટા ભાઈઓ જ્યારે એમ કહેતા કે, “બા, તમે રાધાની સાથે આખો દિવસ વાતો કરો છો. એવી તે કેવી તમારી વાતો કે ખૂટે જ નહીં.” હું હસીને કહેતી કે, “મારા અને બાના અંજળપાણી ખૂટ્યાં નથી એટલે!” પણ મારા ભાઈઓના અંજળપાણી ખૂટવા લાગ્યા કદાચ. એક પછી એક ત્રણેય ભાઈઓ વારાફરતી ઘર છોડીને અલગ અલગ શહેરમાં પોતપોતાની પત્નીઓ સાથે વસી ગયા. અહીંયા ગામના ઘરમાં હું અને બા બે લોકો જ રહ્યાં. બાને હું કહેતી કે, “બા, આપણને એ બધા વગર કેવી રીતે ફાવશે?” બા હસીને જવાબ આપતી કે, “ફાવીને શું વાંધો છે, રાધા? ટેવ પડી જશે.” ખરેખર પંડના જણ્યા વિના પણ રહેતા બાએ શીખી લીધું, અને એને પણ ફાવી ગયું, ખરા અર્થમાં ઍડજસ્ટ થઈ ગઈ.

દિવસો પસાર થવા લાગ્યા. ભાઈઓના ક્યારેક ક્યારેક ફોન આવતા. સમયસર એ લોકો અમને પૈસા પહોંચાડતા. ત્રણેય ભાઈઓએ અમને લોકોને પૈસા મોકલવાના મહિનાઓ ફિક્સ કર્યા હતા. એ ફિક્સ રકમમાં પણ ઉપર નીચે રકમ થાય તોય બા કોઈ ફરિયાદ ન કરે. ક્યારેય એમ પૂછે નહીં કે કેમ ભાઈ પૈસા ઓછા આપ્યા પણ ભાઈઓ પોતપોતાની રીતે સામેથી વગર પૂછ્યે બહાના બતાવી દેતા કે બા આ વખતે મંદી છે, ઘરના હપ્તા ચાલે છે, સ્કૂલની ફીસ વધી ગઈ છે, થોડું દવાખાનું છે વગેરે વગેરે વગેરે... પણ બા માત્ર એટલું બોલતી કે “હા ભાઈ, હશે હવે. તું કોઈ ચિંતા ન કરતો અમને અહીં મજાનું ફાવે છે ને કોઈ વાંધો નથી.” અરે, એક તબક્કો એવો આવ્યો કે ભાઈઓએ બહાના બતાવવાના બંધ કરી દીધા અને અમને મોકલવામાં આવતી રકમ ધીમે ધીમે ઓછી થવા લાગી.

હવે બાની ઉંમર થઈ. શરીર ધ્રૂજતું હતું. હાંફ ચડતો હતો. ઘડીએ ઘડીએ બેસી પડતી. વ્હીલચેરમાં બેઠા બેઠા મારાથી થાય એટલું કરવાનો હું સતત પ્રયત્ન કરતી રહેતી. બા તો ભાઈઓને કશુંક કહેતી નહીં એટલે મારાથી ન રહેવાયું. ત્રણેયને ફોન કરીને મેં બાની પરિસ્થિતિ વિશે જણાવ્યું. ત્રણેય ભાઈઓ આવ્યા. ત્રણેય ભાઈઓ આખો દિવસ તો કંઈ ન બોલ્યા પણ એક આખી રાત બાને અને મને કોણ લઈ જશે એ વિશે ચર્ચાઓ ચાલી. અંદર રૂમમાં હું અને બા એકબીજાનો ચહેરો જોઈને બેસી રહ્યાં. અમને લોકોને અંદર ઓરડામાં બેઠા બેઠા જે તૂટક તૂટક અવાજો સંભળાતા હતા એ અમને અંદરથી તોડી રહ્યા હતા.

“એકલા બાને લઈ જવાના હોય તો વાંધો ન આવે પણ રાધાય સાથે જ હશે.”

“આ મોંઘવારીમાં એકસાથે બે બે લોકોને સાચવવાના એ જરા માથે પડે.”

"આપણે લોકો એક કામ કરીએ, એક ભાઈ બાને રાખે અને એક ભાઈ રાધાને રાખે. પછી બીજા મહિને બા બીજા ભાઈના ઘેર અને બહેન ત્રીજા ભાઈના ઘેર."

"બા અને રાધા એકબીજાની સાથે જ રહેશે કદાચ. અલગ નહીં થાય મોટાભાઈ."

"અરે પણ આપણે આટલું બધું ઍડજસ્ટમેન્ટ કરતા હોઈએ તો બા અને રાધા એટલું ઍડજસ્ટમેન્ટ તો કરી જ શકે ને. બાકી આપણા બાપદાદા કરોડોની મિલકત મૂકીને નથી ગયા કે આપણે એ બંનેને એક સાથે સાચવી શકીએ."

"તો સારું, મોટાભાઈ કાલે બાને લઈ જશે અને નાનકો રાધાને લઈ જશે. પછી બીજા મહિને આપણે અદલાબદલી કરતા રહીશું. તમે રાધાને મારે ત્યાં મૂકી જજો અને બાને લઈ જજો." એ આખી રાત હું બાને વળગીને રડતી રહી. બા આખી રાત મારા માથા પર હાથ ફેરવતી રહી.

"બા, આપણા અંજળપાણી ખૂટ્યા કે શું?"

મને જવાબ દીધા વિના એ નાનપણમાં મારી પીઠ થપથપાવતી એમ મને આખી રાત વહાલ કરતી રહી અને મારી આંખ મીંચાઈ ગઈ.

વહેલી સવારે હું ઊભી થઈ ત્યારે બાનું મોં અડધું ખુલ્લું હતું. મને ફાળ પડી. મેં બૂમાબૂમ કરી. ભાઈઓ અને પડોશીઓ દોડી આવ્યા. બા ઊંઘમાં ક્યારે ગુજરી ગઈ કોઈને ખબર ન પડી. બાને વળગીને ચોધાર આંસુએ હું ખૂબ રડી. જતા જતા પણ બા બધાનું સંભાળતી ગઈ. ખુદને ઍડજસ્ટ કરતી ગઈ.



તમે તો ખોટું નથી બોલતા ને ?

સત્યાવીસ વર્ષની ઉંમરે બિચારી રીવાને વૈધવ્યએ ભરડો લીધો. નર્સરીમાં જતો સોહમ અને બારી પાસે રાહ જોતી રીવાને મૂકીને શિવ કાર એક્સિડન્ટમાં મૃત્યુ પામ્યો હતો. એક પરફેક્ટ ફૅમિલી પિક્ચર હતું. એકબીજાને ખૂબ પ્રેમ કરતા શિવ અને રીવા. બંનેના લાડકોડથી મોટો થઈ રહેલો સોહમ. ગોરેગાંવમાં પોતાનું ઘરનું ઘર, પ્રાઇવેટ બૅન્કમાં શિવની સારી નોકરી અને કથકમાં વિશારદ સુધી પહોંચેલી રીવા. જાણે કે સમયનો પથ્થર પરફેક્ટ ફૅમિલી પિક્ચર પર આવી પડ્યો અને પીડાની કરચો આખા પરિવારને ખૂંચી ગઈ, એક સાથે. સવારે ઑફિસ જવા નીકળ્યો હતો શિવ. અઠવાડિયામાં રીવાના કથકનું આરંગેત્રમ કરવાનું હતું તો બંને જણા એની ભરપૂર ચર્ચા અને પ્લાનિંગ કરી રહ્યાં હતાં. સોહમને નર્સરીમાં રજા હતી. સોહમે શિવ પાસે જીદ કરી હતી.

"ડૅડી, તમારી સાથે ગાડીમાં બેસીને આઇસ્ક્રીમ ખાવા જવું છે."

"અત્યારે દીકુ મને લેઇટ થાય છે. હમણા ગયો અને હમણા પાછો આવ્યો. પછી આપણે સાથે જઈશું અને મમ્માને પણ લઈ જઈશું." એ પછી સાંજે સીધો ફોન આવ્યો હતો. બ્રિજ પાસે રોંગ સાઇડમાંથી ટ્રક આવ્યો અને કાર ચગદાઈ ગઈ. શિવનું શરીર કારમાં ચૂંથાઈ ગયું હતું. હૉસ્પિટલમાં જ્યારે લાશ પૉસ્ટમોર્ટમ માટે લઈ જવાઈ ત્યારે જ ઘરના મોટા લોકોએ નક્કી કરી લીધું કે આ લાશ હવે કોઈને બતાવવામાં નહીં આવે. ગાંસડી બાંધે એ રીતે ચૂંથાયેલું શરીર ઘરે લવાયું હતું. નાનકડા સોહમને પડોશીના ઘરે મૂકી આવ્યા હતા અને અંતિમ વિધિ પૂરી થઈ.

શિવના મૃત્યુને દોઢ વર્ષ થઈ ગયું હતું. બધા લોકોને એકલી રહેતી રીવાની ચિંતા હતી. રીવાએ સ્કૂલમાં ભણાવવાનું ચાલુ કર્યું હતું. શિવની ઓચિંતી વિદાયથી એ એવી તો ડઘાઈ ગયેલી કે એના ચહેરા પરથી એ આઘાત હજુ પણ ઓસર્યો નહોતો. જગતના કોઈપણ જખ્મને સમય જ રૂઝાવી શકે એમ ધીમે ધીમે રીવા શિવના મૃત્યુને સ્વીકારતી થઈ. ઘરના લોકોને સતત રીવાની અને નાનકડા સોહમની ચિંતા થતી હતી.

બીજા લગ્નની વાત આવી ત્યારે રીવા એકદમથી ભડકેલી. એણે બીજા લગ્નની સ્પષ્ટ ના પાડી દીધી. પરિવારજનોએ સમજાવી. સોહમનો વિચાર કરવાનું કહ્યું. એકલ પંડે જીવતરનો આખો પંથ કેવી રીતે કાપીશ એ વિશેની જગતભરનાં ઉદાહરણો ટાંકી ટાંકીને વાતો કરાઈ. આખરે એવું નક્કી થયું કે એકવાર સામાવાળા છોકરાને મળી લે અને પછી બધું નક્કી કર. છોકરાને મળ્યા પછી રીવા જે નિર્ણય લેશે એને સ્વીકારી લેવાશે એવી સામૂહિક તૈયારી બતાવાઈ.

ધ્યેય નામ હતું સામાવાળા છોકરાનું. એની પત્નીને કૅન્સર હતું અને એ મૃત્યુ પામી. એ વાતને બે વર્ષ થઈ ચૂક્યાં હતાં. રીવા કરતા ધ્યેય એક વર્ષ મોટો હતો. કૉલેજમાં પ્રોફેસર છે. ઓછા બોલો પણ માયાળુ. આ બધી વાતો રીવાએ છૂટક છૂટક સાંભળી હતી. આખરે બંને મળ્યાં. ફરીવાર મળ્યાં અને પછી બંને મળતાં રહ્યાં. બંને સરખાં દુઃખી હતાં. એકબીજાની હૂંફમાં એ બધી વાતો થઈ જે મનમાં ગંઠાઈ ગઈ હતી. પીડાની આપલે થઈ અને એમાંથી પ્રેમ પાંગર્યો. ઘરના લોકો તો રાજી રાજી થઈ ગયા.

રીવા અને ધ્યેય પરણ્યા. નાનકડા સોહમને લઈને રીવા ધ્યેયના ઘરમાં પ્રવેશી. શિવના મૃત્યુ પછી રીવા તો સમય સાથે થોડી નોર્મલ થઈ ગઈ પણ સોહમ સાવ ગુમસૂમ રહેતો. ધ્યેય સોહમને મનાવવાના અને સોહમના મનને જીતવાના અનેક પ્રયત્નો કરતો. રીવા પણ સોહમ ધ્યેય સાથે ભળે એ માટેના પ્રયત્નો કરતી રહેતી. રીવા શિવની એક એક વાતો જે સોહમને ગમતી એ બધું ધ્યેય પાસે કરાવતી. શિવની જેમ જ ચૉકલેટ લાવવી, શિવની જેમ જ સોહમને ફરવા લઈ જવો, શિવની જેમ સોહમ સાથે મેગી ખાતા ખાતા કાર્ટૂન ફિલ્મ જોવી. આ બધી મહેનત પછી પણ સોહમ ટસનો મસ નહોતો થતો. આખરે રીવા અને ધ્યેય બંને કંટાળ્યાં અને હથિયાર હેઠા મૂકી દીધા. રીવા ધ્યેય પાસે રડી પડતી તો

ધ્યેય એને સમજાવતો કે સોહમ નાનો છે એને થોડો સમય આપવો પડશે.

ધ્યેયને કૉલેજથી વિદ્યાર્થીઓને લઈને જયપુર લીટરેચર ફૅસ્ટિવલમાં જવાનું થયું. એ ત્રણ દિવસ ત્યાં રોકાવાનો હતો. રીવા અને સોહમ ધ્યેયને ઍરપૉર્ટ વળાવવા આવ્યા. ઘરે આવીને સોહમ ધ્યેયની ખુરશી, ટેબલ, કપડાં એ બધાને અડકતો હતો. રીવા ચૂપચાપ બધું નોટિસ કરતી હતી.

ત્રણ દિવસ થઈ ગયા. રીવા અને સોહમ ધ્યેયને લેવા ઍરપૉર્ટ પર ગયાં. ફ્લાઇટ લેટ હતી. ધ્યેયનો ફોન આવ્યો. રીવા વાત કરી રહી હતી. સોહમ સમજી ગયો કે ધ્યેય પપ્પા જલદી પાછા નથી આવવાના. એમને મોડું થવાનું છે. એની આંખમાં જળજળિયાં જોઈને રીવાએ સોહમને ધ્યેય સાથે વાત કરવા ફોન આપી દીધો.

“હેલ્લો સોહમ બેટા... હું હમણા આવું જ છું હોં... પછી આપણે બહુ બધી મસ્તી કરવાની છે. કાર્ટૂન ફિલ્મ જોવા જવાનું છે. તારે આઇસ્ક્રીમ ખાવો હોય તો આપણે આઇસ્ક્રીમ ખાવા જઈશું.”

“તમે ખોટું તો નથી બોલતા ને! મારા ક્યાંક જતા રહ્યા છે એ પપ્પાએ પણ કીધું હતું કે એ હમણા પાછા આવશે અને પછી પાછા આવ્યા જ નથી. તમે તો પાછા આવશો ને, પપ્પા!” નાનકડા સોહમનું ગળું ભરાઈ આવ્યું.

ફોનમાંથી ધ્યેયનો લાગણી ભીનો અવાજ સંભળાયો.

“સોહમ, બેટા, હું ખોટું નહીં બોલું બસ. સાંજ પહેલા ઘરે આવી જઈશ, પ્રૉમિસ!” રીવાની આંખો ભરાઈ આવી અને એણે સોહમને છાતીએ વળગાડી દીધો.



શુભોધ્વનિ !

સાંજે ટ્રામમાંથી ઊતર્યો ત્યારે બોઝ ચોકમાં લોકોની ચહલપહલ વધી ગઈ હતી. દિવસની સ્કૂલની નોકરી પૂરી કરીને મારી રાતની એક પેઢીમાં ટાઇપિંગની નોકરી ચાલતી. રાત્રે અગિયાર વાગ્યે હું ફ્રી થતો તો ત્યાં સુધી ટ્રામ બંધ થઈ જતી. રાત કોલકાતાની શેરીઓને અંધારાની કાળી ચાદર ઓઢાડી દેતી. થિયેટર રોડ ચાર રસ્તાથી મને સાડા અગિયારની છેલ્લી બસ મળતી. ઝડપથી ત્યાં સિટી બસના સ્ટેશને બસની રાહ જોઈને ઊભો રહેતો. હું ત્યાં પહોંચતો ત્યાં સુધીમાં થિયેટર રોડની કંદોઈની છેલ્લી દુકાન બંધ થઈ જતી. હું ફટાફટ પડિયામાં બે રસગુલ્લા બંધાવી લેતો. મારી પત્ની નલિનીને રસગુલ્લા બહુ ભાવતા. હું એને સમય નહોતો આપી શકતો એ વાત હંમેશાં રસગુલ્લા આપીને ઢાંકતો. જેવો હું પડિયો લઈને સિટી બસસ્ટોપ આવતો ત્યાં બંધ પડેલી સ્ટ્રીટનાઇટ નીચે એક છોકરી મને જોયા કરતી. અંધારામાં ઊભેલી એને હું જોઈ ન શકતો પણ અજવાળામાં ઊભેલી એ મને નીરખી નીરખીને જોતી. હું એ તરફ ક્યારેય જોતો નહીં. ડરતો. પંદર મિનિટ માંડ પસાર થતા અને બસ આવી જતી.

એક દિવસ હું આ રીતે જ રસગુલ્લો પડિયો લઈને બસસ્ટોપ પાસે ઊભો હતો અને એ છોકરી મારી પાસે આવી. મારા ધબકારા વધી ગયા. ટીકીવાળી ઘાટ્ટી નારંગી સાડી, ચહેરા પર જરીવાળો મેકઅપ, જાડા ડાર્ક લાલ લિપસ્ટિકવાળા હોઠ, ખભા પર રંગ ઊડી ગયેલું પર્સ અને કાચની રંગબેરંગી બંગડીઓ, મોઢું સોપારીથી ભરેલું હતું. મારી પાસે આવી અને થૂંકીને બોલી:

"બાબુ, માચીસ હોગા ક્યા?"

"હું... મારી પાસે નથી..."

પોતાના કાન ઉપર વાળમાં ખોસેલી સિગારેટ એણે બહાર કાઢી અને હોઠ વચ્ચે દબાવતા બોલી.

"ઇતના ડરતે ક્યોં હોં... માચીસ માગી હૈ... ઇજ્જત નહીં."

"હું સિગરેટ નથી પીતો." મારો જવાબ સાંભળીને એ હસતી હસતી જતી રહી.

એ આખી રાત મને એ છોકરીના હસવાનો અવાજ સંભળાતો રહ્યો. બીજા દિવસે મેં નલિનીના પૂજા ઘરમાંથી માચીસ લઈને મારી બૅગમાં મૂકી દીધું. એ રાત્રે હું રસગુલ્લાનો પડિયો બંધાવીને બસસ્ટોપે આવ્યો તો એ મારા બસસ્ટોપે બેસેલી હતી. મેં એની તરફ માચીસ લંબાવ્યું એણે હસીને લઈ લીધું. સિગારેટ સળગાવી. મને થોડો અતડો જોઈને એ બોલી:

"ચિંતા મત કર સાબ, તેરેકો કુછ નહીં કરેગી મેં. તેરેકો બીવી હૈ... માલુમ હૈ મેરેકો. રોજ એ મીઠાઈ ઉસીકે વાસ્તે લે જાતે હોના." હું થોડો શરમાયો.

"ભાલો, આમા કે ખૂબ ભાલો." સિગારેટનો ધુમાડો કાઢતી એ બોલતી રહી. બસ આવી અને હું જતો રહ્યો. રાત્રે નલિનીને મેં આખી વાત કરી. એ પણ હસી પડી.

"શું તમે પણ... આટલા બધા ડરો છો કેમ... એક કામ કરજો એકવાર એને પણ રસગુલ્લાનો પડિયો આપજો."

નલિનીની વાત માનીને મેં રસગુલ્લાના બે પડિયા લઈ લીધા. એક પેલી છોકરીને આપ્યો. એને બહુ નવાઈ લાગી. એણે આનાકાની કરી તો મેં કીધું:

"મારી પત્ની નલિનીએ કહ્યું છે કે એક પડિયો તને આપવાનો છે." એ મારી સામે જોઈ રહી અને પછી હસીને બોલી, "તેરી બીવીને બોલા હૈ તો લેના હી પડેગા." એણે હસીને પડિયો લઈ લીધો.

"તારું નામ શું છે... મારી પત્નીને કહીશ."

"કરીના!" એ બોલી અને તુરંત પડિયાને ખોલીને એક રસગુલ્લુ મોઢામાં મૂકી દીધું. મારી બસ આવી ગઈ. રાત્રે મેં નલિનીને વાત કરી. એણે મને હસીને કીધું.

"દુગ્ગા દુગ્ગા, તુમી એતા નિર્દોષા. એણે તમને એનું સાચું નામ નથી કીધું. બીજા બધાને કહે એવું

નામ તમને સંભળાવી દીધું." મને આખી વાતમાં ખાસ કોઈ વાંધો ન લાગ્યો.

એ પછી ધીમે ધીમે કરીના મારી સાથે વાતો કરતી થઈ. એ મને એની રોજિંદી વાતો કરતી. હું ક્યારેય એને એના બૅકગ્રાઉન્ડ વિશે ન પૂછતો અને ન તો એ મને ક્યારેય કશું કહેતી. નલિની મને રોજ કરીનાની વાતો પૂછતી.

દુર્ગાપૂજાનો સમય હતો. એક દિવસ નલિનીએ મને લાલ, સફેદ ચૂડીઓ અને અલ્તો કુમકુમ કેળના પાંદડામાં બાંધીને આપ્યું અને કીધું:

"શુનો, આમી કી બોલશી કે કરીના માટે આ શગુન લેતા જજો."

રાત્રે હું કરીનાને મળ્યો અને તેના હાથમાં નલિનીએ આપેલું પાર્સલ આપ્યું. એ નવાઈથી બધી શગુન સામગ્રીઓને જોઈ રહી.

"નલિનીએ આપ્યું છે, એણે કીધું કે દુર્ગાપૂજાનો સમય છે, તારો ધંધો બંધ રહેશે તો તું પણ આ બધું પહેરીને પૂજામાં જજે."

મારી વાત સાંભળીને એ જોરજોરથી હસી પડી. એ પેટ પકડીને એટલું હસી કે મને ખૂબ સંકોચ થયો જાણે મેં કશું ખોટું કર્યું હોય.

"અરે બાબુ, તહેવારો તમારે હોય અમારે નહીં. તમારી બધાની પત્નીઓ દુર્ગાપૂજામાં બધી જ જાતના ઉપવાસ રાખશે એટલે બધા મર્દોનાં પારણાં અમારાથી જ થાય. તહેવારોમાં અમારી પૂજા ડબલ શીફ્ટમાં ચાલે." મારું મોં ખુલ્લુ રહી ગયું! એટલામાં બે જણા આવ્યા અને એ લોકોએ કરીનાને સીટી મારી. એ ઊભી થઈ. શગુન સામગ્રી મારા હાથમાં મૂકીને હસીને બોલી:

"નલિનીકે આમાર ધોન્યબાદ કીજીયેગા. મારા પૂજારીઓ આવી ગયા..." કરીના પેલા બંને સાથે અંધારામાં ઓગળી ગઈ. હું ક્યાંય સુધી એ અંધારા તરફ જોઈ રહ્યો. ઢોલ પર દાંડી પિટાઈ રહી હતી. ગુગળની સુગંધ આવતી હતી અને મને લાગ્યું કે આસપાસ શુભોધ્વનિ શંખનાદની જેમ ગુંજી ઊઠ્યા!



એકદમ બેશરમ

ઓહ માય ગૉડ, એવી ખીજ ચડે ને કે એક ઊલટા હાથની લગાવી જ દઉં. એવો બેશરમ બનીને આપણી સામે જોતો હોય છે જાણે ક્યારેય છોકરીઓ જોઈ જ ન હોય. હું તો મારી રૂમમેટ અવનીને કહેતી હોઉં છું કે, “ચલ અવની, આપણે એના ઘેર જઈને એને સીધોદોર કરી નાખીએ. આમ આ રીતે ગમે ત્યારે આપણને ઘૂરી ઘૂરીને જોઈ રહે છે. એવું લાગે જાણે આપણા કપડાં ઉતારી લેતો હોય.” અવની મને રોકી લેતી કહે “જવા દે ને ભૂમિ, એના મોઢે કોણ લાગે... આપણે એની સામે નહીં જોવાનું. આપણે આપણા કામથી મતલબ રાખવાનું. માંડ માંડ એક તો ભાડે રહેવા મકાન મળ્યું છે. એ છોકરાની ફરિયાદ કરવા જઈશું તો કોઈ આપણી વાત સાચી નહીં માને.” અવનીની વાત સાચી હતી. એક તો અમારા માટે મુંબઈ અજાણ્યું શહેર. કુંવારી છોકરીઓને ઘર મળે નહીં. ભાડે મકાન શોધતા શોધતા મોઢે ફીણ આવી ગયા. નવી નવી અમે બંને રહેવા આવ્યા તો આખી સોસાયટી અમારી સામે જોઈ રહેતી હોય એમાં કોની કોની ફરિયાદ કરવી. બધાની આંખોમાં જાણે કે સ્કેનર મશીન લાગેલા હોય છે. પણ આ બધામાં એક બેશરમ છે સાવ. સવારે હું અને અવની ઘરને તાળું મારીને ફટાફટ 7.35ની ચર્ચગેટની ટ્રેન પકડવા ભાગતી હોઈએ ત્યારે એક કૉલેજિયન છોકરો ગૅલરીમાંથી અમને જુએ. ગૅલરીની જાળી પકડીને ઊભો હોય. શરૂ શરૂમાં મેં અને અવનીએ આ વાતને હળવાશથી લઈ લીધી પણ પછી તો રોજનું થયું. જાણે અમારો ઑફિસ જવાનો ટાઇમ એને ખબર હોય એ રીતે એ આવીને જાળીએ ઊભો હોય. કાનમાં ઇયરફોન, એક હાથમાં જીમનું ડંબલ અને સન ગ્લાસ પહેરી જ્યૂસ પીતો હોય અને અમારી સામે જોતો હોય. મને એમ થાય કે એક મોટો પથ્થર હાથમાં લઉં અને સીધો એના ડાચા પર મારી દઉં.

એક દિવસ એવું થયું કે સવાર સવારમાં પાણી મોડું આવ્યું. રસોઈ અને કપડાંમાં વધારે મોડું થયું. ઑફિસનો સમય થયો એટલે હું અને અવની ફટાફટ ઑફિસે જવા નીકળ્યાં. પેલો આજે પણ ત્યાં આવીને ઉપર ગૅલરીમાં ગોઠવાઈ ગયો હતો. ઉતાવળમાં રિક્ષામાં બેસવા જતા મારો કૂર્તો રિક્ષાના પતરામાં ભરાયો અને ફાટી ગયો. મારી પીઠ અડધી ખુલ્લી થઈ ગઈ. મને મારા પર સખત ગુસ્સો આવ્યો અને અવની રિક્ષાવાળા જોડે લડી પડી કે રિક્ષાના પતરાઓ સારા કેમ નથી કરાવતા. મને સહેજ રડવું આવી ગયું. અવનીએ એનો દુપટ્ટો મને ઓઢાડી દીધો અને કૂર્તો બદલવા ઘરે પાછી આવી. આ આખી ઘટના ઉપર ઊભો ઊભો એ શાંતિથી જોઈ રહ્યો હતો. મને થયું કેવો હલકો માણસ છે આ!

એક વખત એવું બન્યું કે મારે ઑફિસમાં લેઇટ થયું બહુ જ. વર્કલોડ આખી ઑફિસને હતો. ઑફિસથી નીકળી ત્યારે ઑલરેડી દસ વાગી ગયા હતા. ચર્ચગેટથી ટ્રેન પકડી અને વિરાર ઊતરી ત્યાં સુધીમાં સવા અગિયાર આસપાસ થઈ ગયા હતા. સ્ટેશનથી ઊતરી અને હું ઘર તરફ ચાલવા લાગી. મારી પાછળ કોઈ આવી રહ્યું હતું. રોડની સાઇડમાં હું સ્ટ્રીટલાઇટના અજવાળે લગભગ દોડતી હોઉં એટલી ફાસ્ટ ભાગી રહી હતી. મેં પાછું ફરીને જોયું તો પેલો અજાણ્યો માણસ મારી એકદમ નજીક આવી ગયો હતો. હું બમણા ઝનૂનથી ભાગી. એ પણ મારી પાછળ ભાગ્યો. જેમ તેમ કરીને સોસાયટી સુધી પહોંચી ત્યાં તો એણે મારો હાથ પકડી લીધો. મારાથી ચીસ નીકળી ગઈ. ત્યાં તો મારા જ ફ્લૅટમાંથી ઉપરથી અવાજ આવ્યો.

“હેય કોણ છે... ઊભો રેજે તું...” મેં જોયું તો રોજે અમને ઘૂરતો હોય છે એ છોકરો હાથમાં કૉફીનો મોટો મગ લઈ ગૅલરીમાં ઊભો હતો. પેલો અજાણ્યો માણસ અવાજ સાંભળીને ડરી ગયો અને મારો હાથ છોડીને ભાગ્યો. હું પણ આંસુ લૂંછીને સીધી મારા ઘેર. ઘરે જઈને અવનીને ભેટીને રડી. આખી વાત કરી. અવની બોલી:

“જોયુ ભૂમિ, અત્યારે આજે એ છોકરો આપણી મદદે આવ્યો છે. કદાચ આપણે એવું માની બેઠા

હોઈએ કે એ આપણી ઉપર ખરાબ નજર કરે છે. રોજે એ આપણું ધ્યાન રાખતો હોય એવું પણ બને. સવારે થૅંક્યુ કહી આવીશું.”

સવારે હું અને અવની એ છોકરાના ઘેર ગયાં. ડોરબેલ વગાડી. એક આન્ટીએ દરવાજો ખોલ્યો અને અમને ઓળખીને એમણે આવકાર્યા. પેલો છોકરો અમારી સામે જોયા વિના ગૅલરીમાં ઇયરફોન લગાવી ગીતો સાંભળતો હતો અને ડંબલથી કસરત કરતો હતો. મેં નમસ્તે કર્યા પણ એણે અમને કોઈ જવાબ જ ન આપ્યો. મને થયું અજીબ માણસ છે. આન્ટીએ અમને ચા આપી અને પછી બોલ્યાં:

“જય, બેટા તારી ચા જમણી બાજુ ટેબલ પર મૂકી છે. કૂંડા પાસે.” પછી અમારી સામે હસીને બોલ્યા:

“શું છે કે નાનપણથી મારા દીકરાને આંખે દેખાતું નથી, અંધ છે!” હું અને અવની એકબીજાની સામે આંખો પહોળી કરીને જોઈ રહ્યા, ચૂપચાપ!



કોઈ એક ચમકીલી

“જીવનમાં બહુ બધા ઝંઝાવાતો સામે લડી ચૂકી છે આ છોકરીઓ...” સિસ્ટર મેડમ આટલું બોલ્યાં અને એમનું ગળું ભરાઈ આવ્યું. એમની ભીની આંખો જોઈને હું ગુમસૂમ થઈ ગયો. મુંબઈની જોગેશ્વરીની એક ચાલીમાં હું બેઠો હતો. રૂમમાં પંખાનો ખટક ખટક અવાજ સંભળાઈ રહ્યો હતો. સિસ્ટર મેડમ. અહીં ભાગીને આવતી છોકરીઓ એમને સિસ્ટર મેડમ કહેતા. રેડલાઇટ એરિયામાંથી ભાગી આવેલી કે નશાખોરીમાં સપડાયેલી છોકરીઓ માટે આ ચાલ આશ્રય સ્થાન હતું. જોગેશ્વરીની એ ચાલના કુલ સાતેક જેટલા ઓરડામાં બધી છોકરીઓ આવીને રહેતી. સિસ્ટર મેડમ એ બધી છોકરીઓને ભણાવતા અને નોકરી કરાવતા. મૅગેઝિને મને એ બધી છોકરીઓ વિશે લેખ લખવા મોકલેલો. ત્રણેક દિવસથી હું રોજ એ બધી છોકરીઓની સાથે રહેતો. વાતો કરતો. મારી સાથે એ છોકરીઓ ખાસ કંઈ વાતો ન કરતી. આખરે સિસ્ટર મેડમને મેં રિકવેસ્ટ કરી કે આપ જ મને આ બધી છોકરીઓ વિશે માહિતી આપો કેમકે એ લોકો મારી સાથે વાતો નથી કરતી.

અલગ અલગ શહેરો અને ગામડાંઓમાંથી એ છોકરીઓ આવી હતી. કેટલીકને તો પોતાના નામ, સરનામા કે જન્મતારીખ હવે યાદ નહોતી રહી. થોડું ભણેલી તો કોઈ સાવ અભણ. એ બધી છોકરીઓની આંખોમાં હચમચાવી દે એવો સન્નાટો હતો.

આ રેવતી, પંજાબની છે. ધારાવીથી અહીં ભાગી આવેલી. એનું સાસરિયું એની પાસે ધંધો કરાવતું. એક રાતે અહીં ભાગી આવી.

આ શબ્બો, એનો શૌહર ગુજરી ગયો પછી ઘરમાંથી એને કાઢી મુકાઈ હતી. અહીં આવી ત્યારે સતત ત્રણ દિવસ પેટ ભરીને રડી હતી.

આ બીજલી છે, વર અને ધાવણા છોકરા સાથે બિહારથી અહીં મજૂરી કરવા આવેલી. ઈંટોની સાઇટ પર રાતે કામ કરવા ગયેલી અને ઝૂંપડામાં આગ લાગી તો વર અને ધાવણો છોકરો બળી મર્યા... એ પછી ગાંડા જેવી થઈ ગયેલી અને અહીં આવી ગઈ હતી.

આ પૂજા, આ રમી, આ તુલી, આ છે ચંચી અને બીજી કંઈ કેટલીય. દરેકની પોતાની કથા વ્યથા. દરેકની વાત પર આપણી અંદર એક ખાલીપો અને ગળામાં ડૂમો બાઝી જાય. આ બધામાં એક છોકરી મને ચૂપચાપ જોયા કરતી. સિસ્ટર મેડમે મને કહ્યું કે, “એનું નામ ચમકીલી છે. કચ્છથી આવેલી છે. એના સગા બાપે એને સમૂહ લગ્નમાં પરણાવવા લઈ જવાના બહાને મુંબઈમાં વેચી દીધી. મહેંદી મુકાયેલા હાથે દિવસો સુધી એ પીંખાતી રહી. અહીં એને હું લઈ આવેલી. કોઈ સાથે વાત નથી કરતી. એના બાપનો સદમો એના મનમાં એવો તો ઘર કરી ગયો કે અહીંથી બહાર પણ નથી નીકળતી.” એ ચમકીલી મને જુએ તો તરત ડરીને એની છાતી સાડીના છેડાથી ઢાંકી દેતી. કોઈ સવાલ પૂછું તો ભાગીને અંદર જતી રહેતી.

પાંચેક દિવસનું મારું કામ પત્યું. છેલ્લા દિવસે ફોટોગ્રાફરને લઈને આવ્યો. સિસ્ટર મેડમ બહાર કોઈ મિટિંગમાં ગયાં હતાં. આટલા દિવસથી આવતો હતો એટલે બધી છોકરીઓને મારા પર થોડો વિશ્વાસ બેઠો હતો. સિસ્ટર મેડમને પણ કોઈ ચિંતા જેવું ન લાગ્યું. મેં ઇન્ટરવ્યૂમાં જે જે છોકરીઓની વાત લખી એ દરેકના ફોટો પાડવાના હતા. બધી છોકરીઓ સરસ તૈયાર થઈ હતી. દરેકની આંખોમાં ફોટો પડાવવાનો હરખ હતો. એક છોકરી મને બોલી કે, “સાબ આપકા નામ ક્યા હૈ?”

“કાનજી” મેં હસીને જવાબ આપ્યો. મારું નામ સાંભળીને બધી છોકરીઓ ખડખડાટ હસી પડી અને પેલી ચમકીલી તો સૌથી વધારે ખડખડાટ હસી. મને થયું મારા નામમાં એવી કોઈ કૉમેડી તો છે નહીં. કૅમેરો ચમકીલી તરફ ફર્યો. મેં ચમકીલીને બારી પાસે ઊભાં રહેવા સમજાવ્યું. એ બારી પાસે જવા ગઈ કે કૅમેરા બૅગનું ઠેબું લાગ્યું. એ પડવા ગઈ કે મેં પકડી લીધી. હું જેવો એને અડક્યો કે એ સીધી ભડકી.

કૅમેરા સ્ટીક ઉપાડીને સીધી મારા માથા પર લગાવી દીધી. મારાથી ચીસ નીકળી ગઈ. લોહીનો ફુવારો ફૂટ્યો જાણે. તાત્કાલિક મને હૉસ્પિટલ લઈ જવાયો. હું જતો હતો ત્યારે પણ પેલી ચમકીલી જોર જોરથી ચીસો પાડતી હતી, રડતી હતી, ગુસ્સો કરતી હતી, બૂમબરાડા પાડતી વસ્તુઓની તોડફોડ કરતી હતી. બધી છોકરીઓએ ચમકીલીને પકડી રાખી હતી.

મારા માથામાં ત્રણ ટાંકા આવ્યા. હૉસ્પિટલમાંથી તો તરત બીજા દિવસે રજા મળી ગઈ. ઘેર જઈને લૅપટૉપ ખોલી આર્ટિકલ લખવા બેઠો અને સિસ્ટર મેડમનો ફોન આવ્યો.

“કાનજીભાઈ, તમારી માફી માંગું છું. આ જે કંઈ થયું એ બાબતે દિલગીર છું.”

“અરે સિસ્ટર મેડમ, તમે માફી ન માંગો હું ઑલરાઇટ છું, કદાચ ચમકીલીને મારો સ્પર્શ અણછાજતો લાગ્યો.” મારી વાત અધવચ્ચેથી કાપીને એ બોલ્યા, “ના, તમારા સ્પર્શનો માત્ર વાંક નથી. ઍક્ચ્યુઅલી... મેં તમને વાત કરેલી કે ચમકીલીને સમૂહ લગ્નના બહાને એના જે બાપે વેચી દીધી હતી એ બાપનું નામ પણ કાનજી હતું એટલે...” મારી નજરની સામે લાલ આંખોએ અંગારા વેરતી ચમકીલી ઊપસી આવી.



મારી પત્ની ખોવાઈ છે!

આખી સોસાયટીમાં ઊહાપોહ થઈ ગયો. આમ તો કોઈ વ્યક્તિનું ખોવાઈ જવું એ વાતમાં ખાસ કાંઈ નવું નથી હોતું. સમયાંતરે આવી ખબર આપણને સંભળાતી રહેતી હોય છે પણ આ વખતે વાત કાંઈક અલગ હતી. પોતાના જ ઘરમાંથી કોઈ કઈ રીતે ખોવાઈ જાય? મુંબઈ નાલાસોપારાના ભગવતી ઍપાર્ટમૅન્ટના ફ્લૅટ નંબર 41માં સવારથી ચહલપહલ વધી ગઈ હતી. સગાવહાલાઓ આવી ગયા હતા. ટુ બીએચકેમાં લોકો સમાઈ શકે એ રીતે ભીંસાઈ ભીંસાઈને બેઠા હતા. આનંદભાઈ ખુરશી પર માથું પકડીને બેઠા હતા. એની ચૌદ વર્ષની દીકરી હીરવા મમ્મી ખોવાઈ ગઈ ત્યારથી રડ્યા કરતી હતી. પાડોશીઓ સ્ત્રીઓ હીરવાને સાંત્વના આપી રહ્યા હતા. વચ્ચે વચ્ચે બાજુમાંથી પસાર થતી વિરાર ફાસ્ટ લોકલ ટ્રેનના અવાજો સંભળાતા. ટ્રેન પસાર થતી ત્યારે ફ્લૅટમાં બધાને થોડી થોડી ધ્રુજારી અનુભવાતી. સૌ કોઈ આ ઘરમાંથી ખોવાયેલા જશોદાબેનની વાત કરતા હતા.

"સ્વભાવના બહુ જ સારા હતા હોં. ક્યારેય કોઈ સાથે કચકચ ન કરતા. અરે, શાકવાળી સાથે પણ ભાવ બાબતે માથાકૂટ નહીં."

"અરે કોઈ લપ્પન છપ્પન જ નહીં. એમને પોતાના કામથી મતલબ હતું. આમ તો એવા અતડા કે નવરા હોય તો પણ ક્યારેય બેસવાય ન આવે."

"રે દેવા, મૈં તો પહેલે સે હી જ બોલીથી ના. યૈ જસોદાબેન હમકુ કુછ બોલતી નહીં હૈ... તો ફિર કૈસે પતા ચલેગા કી લફડા ક્યા હૈ... મૈં બોલીથી જરૂર કુછ ના કુછ ઐસા હી હોગા... દેખો હુ આ ના.... મૈં બોલીથી."

"શાંત રે હીરવા, તુજી આઈ ભેટનાર... ગાભરુ નકો રે બાળા... બાપ્પા સગળ ચાંગ્લ કરેલ.." હીરવા હિબકા ભરતી અને વચ્ચે વચ્ચે "આઈઈ...આઈઈ..." બોલીને જશોદાબેનને યાદ કરતી હતી. આનંદભાઈ પણ આઘાતવશ ચૂપ હતા.

મીડિયા અને પોલીસ આવી ચૂકી હતી. ઇન્સ્પેક્ટર પવાર આનંદભાઈને પૂછપરછ કરી રહ્યા હતા. બાકીના હવાલદાર ઘરની તલાશી લેતા હતા.

"આનંદ તાવડે, તમારી પત્ની જશોદા તાવડે."

"હા જી."

"છેલ્લે તમારી પત્નીને તમે ક્યાં જોયેલી?"

"રસોડામાં"

"મોટાભાગે તમારાં પત્ની વારંવાર ક્યાં જોવા મળે. આઇમીન કોઈ એવી જગ્યા જ્યાં એનું વધારે કનેક્શન હોય."

"હમમમ સાબ, રસોડું, બાથરૂમ અને સ્ટોરરૂમ."

"આમ દેખાવે તમારા પત્ની કેવા હતા? આઇમીન એમની હાઇટ, એમનો રંગ, એમની ઓળખ..."

આનંદભાઈ ક્યાંય સુધી વિચારતા રહ્યા

"મિસ્ટર તાવડે, હું તમારી વાઇફની વાત કરું છું."

"સાબ, યાદ નહીં હૈ.... ક્યારેય એને ધારી ધારીને જોઈ નથી." લોકલ ટ્રેન પસાર થઈ. આખા ફ્લૅટમાં ધ્રુજારી આવી.

"અચ્છા, તમારી પત્નીની કોઈ ખાસિયત... કોઈ ચોક્કસ સ્વભાવ... એની એવી કોઈ ગમતી જગ્યા જ્યાં કદાચ એ ગઈ હોય."

આનંદભાઈ ફરી વિચારમાં પડી ગયા. "સાબ, ખાસિયતમાં તો એવું છે કે એ મારું કીધું બધું માની જાતી, કોઈ દિવસ કોઈ કામની ના ન પાડતી અને જીદ પણ ન કરતી... ખર્ચા તો બિલકુલ નહીં... અને

ગમતી જગ્યા તો...વે તો કભી... પતા હી નહીં ચલા... ગમતી જગ્યા વિશે તો એણે મને ક્યારેય કશું કીધું નથી.

"અચ્છા મને એમ કહો કે એનું કોઈ દુશ્મન કે દોસ્ત?"

"ના સાબ, બિચાડી કો ઘર સે ફૂરસદ મીલે તો દોસ્ત કે દુશ્મન બનાવેગીના..." સ્ત્રીઓના ટોળામાંથી એક અવાજ આવ્યો.

વચ્ચે વચ્ચે ઇન્સ્પેક્ટર અને હવાલદાર માટે ચાય અને નાસ્તો આવી ગયો. રસોડામાંથી કૂકરની સીટી વાગી રહી છે. અચાનક કૂકરની સીટીના અવાજ તરફ ઇન્સ્પેક્ટર પવારનું ધ્યાન ગયું.

"અચ્છા, તમારી પત્ની તો છે નહીં તો આ રસોઈ કોણ બનાવે છે? ચાય નાસ્તો કોણે તૈયાર કર્યો?"

"સાબ, મારી પત્ની જ અત્યારે રસોઈ બનાવી રહી છે પણ અમને લોકોને એ દેખાઈ નથી રહી. આ ચાય નાસ્તો એણે જ બનાવ્યો છે. અત્યારે એ રસોડામાં જ છે પણ અમને લોકોને દેખાતી નથી."

"હમમમમ... આ બહુ જ કોમન કેસ છે. છેલ્લા કેટલાય દિવસથી આવી ફરિયાદો રિપોર્ટ થઈ રહી છે કે પત્ની દેખાતી બંધ થઈ ગઈ છે."

"સાવ દેખાતી બંધ નથી થઈ સાબ. ધીમે ધીમે દેખાતી બંધ થઈ છે."

"અચ્છા તો આ ખોવાઈ જવાની શરૂઆત ક્યારથી થઈ છે?"

"સાબ, સૌથી પહેલા એની જીભ ખોવાણી, પછી કાન ખોવાઈ ગયા, એ પછી એના પગ ખોવાઈ ગયા. આંખો ગઈ, ગરદન ગઈ અને છેલ્લે સુધી માત્ર હાથ હતા... જે ઘરનું કામ કરતા કરતા દેખાતા... આ છેલ્લા કેટલાય સમયથી એના હાથ પણ દેખાતા બંધ થઈ ગયા છે."

"અચ્છા આનંદભાઈ, એનો કોઈ ફોટો હોય તો આપો."

આનંદભાઈ ફટાફટ ફોટો આલ્બમ લઈ આવ્યા. આખો આલ્બમ ખોલતા ગયા એમ એમ એમને સમજાતું ગયું કે એક પણ ફોટોમાં જશોદાબેન આખ્ખા નહોતા. એમના શરીરનો કોઈ ને કોઈ ભાગ ખોવાયેલો હતો.

"આનંદભાઈ, તમારી પત્ની આજકાલથી નહીં વર્ષોથી ટુકડે ટુકડે ખોવાઈ રહી હતી. તમારું ધ્યાન હમણા ગયું છે." આ બધી ચર્ચા થતી હતી ત્યાં સુધીમાં હીરવાનું સ્કૂલબૅગ, લંબબૉક્સ અને આનંદભાઈનું ટિફિન રેડી થઈ ગયું હતું અને બાથરૂમમાં કપડા ધોવાનો અવાજ આવતો હતો. લોકલ ટ્રેન પસાર થઈ અને ફ્લૅટમાં ફરી ધ્રુજારી આવી.



એવા તે કેવા બાપ !

એ દિવસોમાં ઘરમાં કજિયો કોઈ ને કોઈ કારણથી ન ગમતા મહેમાનની જેમ આવી જ જતો. ઘરમાં અકળામણ પીઠ પર થયેલી અળાઈને જેમ બધાને ચીટિયા ભરતી. કારણ તો એક જ હતું કે રાજીવને હજુ નોકરી મળી નહોતી. આ ચોમાસે વરસાદ આવ્યો ત્યારે રાજીવ કામ વગરનો છે એ વાતને ત્રણ વર્ષ પૂરાં થયાં. વનલતાબહેનને આ વાત પોતાના બંને ગોઠણે આવેલા વા કરતાંય વધારે વસમી લાગે. નોકરી વગરના દીકરાને છોકરી પણ કોણ આપે. વનલતાબહેનની ઉંમરની સ્ત્રીઓ તો મંદિરે કાંખમાં પોતાના દીકરાઓના બાળકો તેડીને આવે અને વનલતાબહેન હાથમાં રહેલી શિવજીના દૂધની લોટીને રમાડ્યા કરે. દીકરાની વહુઓ અને બાળકોવાળા જગતના સંસારને જોઈ જોઈને વનલતાબહેનના પેટમાં ઊનું ઊનું તેલ રેડાય. આખા ઘરનો ગુસ્સો હરીફરીને કોઈની ઉપર ઉકરડાના કચરાની જેમ ફેંકાય તો એ સરનામું ઘનશ્યામભાઈ. વર્ષોથી ટપાલ ખાતામાં નોકરી કરે. આખો દિવસ ઘરની બહાર જ રહે અને જેવી સાંજ પડે કે ઢસડાતા પગે ના છૂટકે ઘરે પાછા આવે એટલે વનલતાબહેન તૈયાર જ હોય.

"આજે મંદિરે પ્રભાબહેન મળ્યાં હતાં. કહેતાં કે એમનો દીકરો આવતા મહિને પરણી જશે. નોકરી મળી છે. મહિને રોકડા પચીસ હજાર."

"પેલી કાશી તો હું પરણીને આવી એનાં પાંચ વર્ષ પછી પરણીને આવેલી અને તોય આજે જુઓ ઘરે બેઠી પૌત્રપૌત્રીઓના હાલરડા ગાય છે."

"એ કહું છું આમ ને આમ બેસી રહેશો તો છોકરીઓનો જે છેલ્લો લોટ છે એ પણ ખાલી થઈ જશે, મહેરબાની કરીને કાંઈક વિચાર કરો."

વનલતાબહેન ગામ આખાના છોકરાની નોકરીની અને લગ્નની વાતોના દાખલા આપે ત્યાં સુધીમાં ઘનશ્યામભાઈ હાથપગ ધોઈને મંદિરે દીવો કરીને આસન પાથરીને જમવા બેસી જાય. રાજીવ હંમેશાં રિસાયેલો જ હોય અને વનલતાબહેનને દીકરાને નોકરી નથી મળતી એ બળતરામાં ઉપવાસ જ હોય. ઘનશ્યામભાઈ એક શબ્દ ઉચ્ચાર્યા વિના બધો ખેલ જોયા કરે. ઈમાનદારી અને સંતોષ આ બે એમના જાણે કે જીવનમંત્ર પણ ખબર નહીં આજે વર્ષો પછી આ બે મંત્ર મોટો વાંક હોય એમ એની આસપાસ ફેણ માંડીને ઊભા હતા. ઘનશ્યામભાઈ ક્યારેય કશું જ ન બોલે. બધું ચૂપચાપ જોઈને ઑફિસ જતા રહે. પોળમાં આજુબાજુવાળાને તો ખબર જ ન હોય કે ક્યારે ઘનશ્યામભાઈ ઑફિસથી આવ્યા અને ક્યારે જતાં રહ્યા.

"કહું છું, આટઆટલાં વર્ષોથી સહીસિક્કા મારો છો. તમારા ડિપાર્ટમેન્ટમાં તમારી થોડીક તો ઓળખાણ તો હશે જ ને. જરાક રાજીવની ભણામણ કરો તો તમારી કઈ લંકા લૂંટાઈ જવાની છે?"

રાજીવ માથે હાથ મૂકીને દૂર ઓશરીએ સૂતો સૂતો બધું સાંભળતો હોય અને ઘનશ્યામભાઈ ધીમે ધીમે રોટલીના નાના નાના કોળિયા મોંમાં મૂકતાં હોય. ગુસ્સામાં વનલતાબહેન વાસણનો ફળિયામાં ઘા કરે કે મોટી પોક મૂકીને રડવાનું શરૂ કરે.

"એવા તે કેવા બાપ તમે કે પેટનું પાણી હલતું નથી. આ તમારી જોડે નોકરી કરનારા ક્યાંય પહોંચી ગયા અને તમે સતવાદી રાજા હરિશ્ચંદ્રની પૂંછડી બનીને હજુ પણ ઠાગાઠૈયાની ચાંચૂડી ઘડાવતા બેસી રહ્યા છો."

આખી પોળ માટે આ કંઈ નવું નહોતું, રોજનું હતું. આ બધી રોકળ અને મેણા ટોણા પછી હાઇ બીપીથી પરેશાન ઘનશ્યામભાઈ ખિસ્સામાંથી દવાનું પતાકડું કાઢી એક ગોળી પાણી સાથે પી લેતા. સતત વધી રહેલા બીપીને નોર્મલ કરવા રોજ ગોળી ખાતા અને પછી સૂઈ જતા. પણ આજે એક વસ્તુ નવી થઈ. જેણે પોળમાં અનેકના કાન સાબદા કર્યા. કંઈ કેટલીય આંખો લાલ કીડીની જેમ બારીમાંથી

અને ડેલીમાંથી ડોકાઈ.

"મમ્મી, તમે એને કશું કહેવાનું રહેવા દો. એ માણસ બધી રીતે નિષ્ફળ છે, બાપ તરીકે તો સૌથી પહેલા. મારી બેરોજગારીથી બે લોકોને ફેર નથી પડ્યો. એક પોળના નાકે આડો પડ્યો છે એ પેલો મોટો પથ્થર અને બીજા એક આ મારા પપ્પા. બંને મારા માટે સરખા છે. મને તો મમ્મી ઘણીવાર એવું લાગે છે કે જાણે હું એમનો દીકરો છું જ નહીં!" ચોતરફ હાયકારો, સન્નાટો. ઘનશ્યામભાઈએ પહેલી વખત લાલ આંખથી રાજીવ સામે જોયું અને આખી પોળમાં લાઇટ જતી રહી.

બીજે દિવસે વનલતાબહેનને પોસ્ટ ઑફિસથી ફોન આવ્યો કે ઘનશ્યામભાઈને ઑફિસમાં હાર્ટઍટેક આવ્યો અને એ એમની ચેર પર જ ગુજરી ગયા. રોક્કળ. છાતીફાટ મૂંઝારો અને ધનશ્યામભાઈની ડૅડબૉડી ઘરે લવાઈ. આખી પોળ એકઠી થઈ ગઈ. વનલતાબહેન છાતી ફાટી જાય એટલું રડ્યા. રાજીવને પોળવાસીઓનો સધિયારો મળ્યો. ઘનશ્યામભાઈની ઑફિસથી સ્ટાફ આવ્યો. બધાએ મૃતદેહનાં દર્શન કર્યાં. મૅનેજરે રાજીવને કહ્યું કે અમારા કાયદા મુજબ ઘનશ્યામભાઈની જગ્યાએ રાજીવને નોકરી આપવામાં આવશે. આ સાંભળીને રાજીવ ફરી રડી પડ્યો. નનામીને લઈ જવાનો સમય થયો હતો ત્યાં ઘનશ્યામભાઈની ઑફિસના પ્યૂને રાજીવને સાઇડમાં લઈ જઈને કીધું:

"સાહેબ સવારે ઑફિસ આવ્યા ત્યારથી ઢીલા હતા. સ્ટાફમાં તમારી નોકરીની વાતો કરતા હતા કે ક્યાંય મેળ પડતો નથી. એમાં કોઈકે કહ્યું કે આવતા વર્ષથી સરકાર કાયદો બદલવાની છે એટલે સરકારી માણસ ફરજ દરમિયાન ગુજરી જાય તો વારસદારને નોકરી મળતી એ વ્યવસ્થા આવતા વર્ષથી બંધ થશે. પછી તો એ બાથરૂમમાં ગયા અને પાછા આવીને હજુ કંઈક લખવા બેઠા ત્યાં..." આટલું બોલીને પ્યૂને રાજીવના હાથમાં ઘનશ્યામભાઈનું પર્સ, ચાવી અને દવાઓનું ખાલી પતાકડું મૂક્યું.

"આ સાહેબનો સામાન." રાજીવે એક નજર વસ્તુઓ તરફ કરી. અચાનક એ સ્તબ્ધ. રાત્રે પપ્પા દવા પીતા હતા ત્યારે તો પતાકડું આખું ભરેલું હતું. મતલબ પપ્પાએ બાથરૂમમાં જઈને બીપીની બધી ગોળીઓ એકસાથે... રાજીવે ફાટી આંખે પ્યૂન સામે જોયું અને પ્યૂને નાક પર આંગળી રાખીને ચૂપકીદી સાધી.



કહું છું સાંભળો છો ને

તો રમણીકલાલ અને રળિયાતબાએ ઘરનો ઉપરનો માળ ભાડે આપવાનું નક્કી કર્યું. સંતાનો તો હતા નહીં. સાઠ-પાસઠની આસપાસ પહોંચેલા એ બે ઘરડા દંપતિ માટે બે માળનું ઘર માથાનો દુખાવો હતું. બે માળ સાફસફાઈ કરી શકે એટલી શક્તિ તો એમનામાં હતી નહીં. રમણીકલાલ નિવૃત્ત સરકારી અધિકારી હતા. પૅન્શન આવતું હતું. રળિયાતબાને હવે ઘૂંટણમાં દુખાવો બહુ થતો એટલે પોતે રહેતા એ માળની સાફસફાઈ પણ એમને હવે આકરી લાગતી હતી. દર મહિને ભાડું મળે અને ઉપરના માળની સાફસફાઈની માથાકૂટ નહીં એવું વિચારી ઉપરનો માળ ભાડે આપવાનું નક્કી કર્યું.

બંને જણાએ નક્કી કર્યું હતું કે કોઈ ઘર પરિવારવાળા લોકોને તો ઉપરનો માળ ભાડે આપવો જ નથી. એનો પરિવાર ભેગો થઈ આખા ઘરને માથે લેશે. વળી ઘર પરિવારવાળાને તો પાછા મહેમાનો પણ નિરંતર આવ્યા કરે. આખરે કૉલેજ કરતી પાંચ છોકરીઓને ઉપરનો માળ ભાડે આપ્યો. રમણીકલાલ તો આખો દિવસ પુસ્તકો અને છાપું વાંચ્યા કરે. રળિયાતબાને મન એમના ઘરવાળા રમણીકલાલ બહુ નીરસ. ઘર સજાવવાનું હોય કે કાંઈ નવું બનાવવાનું હોય એ બધું રળિયાતબાએ જ કરવાનું. છોકરીઓને રૂમ ભાડે આપી દીધો. ઘૂંટણના દુખાવાના કારણે રળિયાતબા ઉપર છોકરીઓનો રૂમ જોવા દરરોજ જઈ શકતા નહીં. ક્યારેક ક્યારેક એ ઉપર આંટો મારવા જતા તો દંગ રહી જતાં એટલી ચોખ્ખાઈ. ધીરે ધીરે રળિયાતબાને સમજાણું કે આ છોકરીઓ તો બહુ પાણી બગાડે છે. પાણીની તંગી પડવા લાગી. રમણીકલાલ રળિયાતબાને પૂછતા કે, "આટલું બધું પાણી ક્યાં વેડફાઈ જાય છે?" રળિયાતબા કહેતા કે, "અરે પાંચે છોકરીઓ વધારે પડતી ચોખલિયું છે. દિવસમાં બબ્બેવાર તો નહાય છે. લાંબા લાંબા વાળ ધોતા કલાક થાય. ત્રણવાર તો આખા દિવસમાં કચરા-પોતા કરે. દરરોજ કપડાં ધૂએ તો પાણી તો ઘટે જ ને. બધીય રણમાંથી આવીને આપણા ઘરે ઠલવાઈ હોય એવું લાગે." આખરે બંને વૃદ્ધ દંપતિ મૂંઝાયા. નક્કી થયું કે છોકરીઓ પાસે ઘર ખાલી કરાવો. છોકરીઓને નોટિસ આપવામાં આવી. બે મહિનામાં ઉપરનો માળ ફરી ખાલી. ફરી રમણિકલાલ અને રળિયાતબાને નવી મૂંઝવણ થઈ કે ઉપરના માળનું શું કરીએ.

રમણિકલાલ આખી વાતનો તોડ લઈ આવ્યા. કૉલેજ કરતાં પાંચ છોકરાઓને ઉપરનો માળ ભાડે આપ્યો. પાંચે છોકરાઓ ગોઠવાઈ ગયા. રળિયાતબા તો એ વાતથી ખુશ હતા કે પાણી તો ઘટતું જ નહોતું કેમકે છોકરાઓ પાણી ખૂબ ઓછું વાપરતા. છોકરાઓ તો પાછા દિવસો સુધી નહાતા નહોતા એટલે બંને વૃદ્ધ દંપતિને પાણીની બચતનું મોટું સુખ દેખાયું. પણ આ બધું સુખ લાંબું ટક્યું નહીં. રાતભર ઠઠ્ઠામશ્કરી અને હાહાહીહી ચાલતી, પાર્ટીઓ થતી, એમાં પણ ક્રિકેટ મૅચ હોય ત્યારે વધારાના બીજા બધા છોકરાઓનો ઢગલો થતો. સિગારેટના ધુમાડાના ગોટેગોટા નીકળતા. રમણિકલાલ અને રળિયાતબા બંને વધારે અકળાયાં. આ બધા છોકરાઓ બૉડી સ્પ્રે લગાડતા. એની સુગંધ નીચે આવતી તો રળિયાતબા અકળાઈ જતાં કે છોકરાઓ તમારા અત્તરની ખાટી ખાટી વાસ છેક નીચેના માળ સુધી આવે છે. છોકરાઓ કૉલેજથી આવતા કે કૉલેજ જતા ત્યારે ફળિયામાં કે દરવાજે ઊભેલા રળિયાતબા આ સુગંધ સહન ન કરી શકતાં. એકબે વાર તો રળિયાતબા ઠપકો આપવા ઉપર ગયાં તો એમણે જોયું કે આ છોકરાઓ કપડાં વગર માત્ર ચડ્ડી પહેરીને અગાશીમાં આંટા મારે છે. પડોશીઓએ ફરિયાદ કરી હતી. રળિયાતબા ગુસ્સે થયાં. ઉપર આવીને એમણે જોયું તો ઘર આખું ગોબરું. કચરો અને મેલાઘેલાં કપડાંનો ઢગલો. છોકરાઓ બૉડી સ્પ્રે લગાવીને નાહ્યા વિના ઑફિસ જઈ રહ્યા હતા. રળિયાતબાએ આ જોયું અને એમણે કહી દીધું કે, "છોકરાઓ, આવતા મહિનાથી નવું ઘર શોધી લેજો." છોકરાઓએ ખાસ કોઈ વાંધો ઉઠાવ્યો નહીં. પોતપોતાની ડિપૉઝિટ લઈને એ લોકો તો જતા રહ્યા. ઘર ફરી ખાલી થઈ ગયું.

છોકરાઓ જતા રહ્યા પછી રળિયાતબા ઉપરના માળે આંટો મારવા ગયાં. હળવા હળવા તેઓ ઉપરના માળે પહોંચ્યાં. છોકરાઓએ ઘર સાવ બગાડી નાખેલું. રળિયાતબા નિસાસા નાખી નાખીને બધું ચેક કરતાં હતાં. એમણે કબાટ ખોલીને જોયું તો પેલા છોકરાઓ બૉડી સ્પ્રે ભૂલી ગયા હતા.

“માડી રે, ઘરનો તો દાટ વાળ્યો છે. ઘરને ઘર મટાડીને કબાડખાનું બનાવી દીધું. આખા ઘરમાં ખાટી ખાટી વાસ આવે છે બોલો.” એક નાનકડી થેલીમાં કચરો અને પેલો બૉડી સ્પ્રે બધું ભરીને એ ધીમે ધીમે નીચે ઊતર્યાં અને ઓશરીની કોર પાસે બેસી ગયાં. બેઠાં બેઠાં એમણે પેલો બૉડી સ્પ્રે કાઢ્યો અને ઊંડા શ્વાસ લઈ સૂંઘવા લાગ્યાં.

રાત થવા આવી હતી. રળિયાતબા પોતાના ઘૂંટણ પર દવા લગાડતા હતા. રમણીકલાલ કોઈ પુસ્તક વાંચી રહ્યા હતા.

“તમને કહું સાંભળો છો.”

“હા બોલો.” રમણીણલાલે પુસ્તકનું પાનું ફેરવ્યું.

“કેવી શાંતિ લાગે છે નહીં... ન તો પાણી વધારે બગડે છે એની માથાકૂટ કે ન તો રાતભર ચાલતા ઠઠ્ઠા-મશ્કરી ને દેકારાના અવાજ.”

“હમમમ” રમણીકલાલે ફરી પુસ્તકનું પાનું ફેરવ્યું. થોડીવાર સુધી રળિયાતબા રમણીકલાલ સામે જોઈ રહ્યાં પછી પોતાની પાસે જે થેલી પડી હતી એ થેલીમાંથી બૉડી સ્પ્રે કાઢ્યો અને રમણીકલાલના હાથમાં મૂક્યો.

“કહું છું સાંભળો છો ને... આ જરા લગાવીને જુઓ ને કે તમને કેવું લાગે છે.” રમણીકલાલ રળિયાતબાના શરમાતા ગુલાબી ચહેરા સામે જોઈ રહ્યા.



મિસ્ટર ઍન્ડ મિસિસ ત્રિવેદી

અહીંયા મલાડ વેસ્ટમાં જ તો વળી, ફ્લૅટ નંબર 12. ત્યાં જ રહે છે એ મિસ્ટર ઍન્ડ મિસિસ ત્રિવેદી. જુઓ ને અમે તો એની બાજુના આ 11 નંબરના ફ્લૅટમાં રહીએ છીએ. મી તુમ્હાલા સાંગતો. તમને કહું, એ લોકો અહીં રહેવા આવ્યા એ વાતને એક વર્ષ પણ નથી થયું અને બધા ભવાડા શરૂ થઈ ગયા. તે આખી વાતમાં પ્રૉબ્લેમ શું છે એમ? એક મિનિટ ઊભા રહો. દાળ ચડી ગઈ છે, કૂકર ઉતારીને આવું નહીંતર મારી દાળ દાઝી જશે. મારા નવરાને કોથીંબીર વડી બહુ ભાવે. તમને નથી આવડતી? અરે અમારામાં તો આ બહુ ફેમસ છે. બહુ સરળ રેસિપી છે. મી તુમ્હાલા શીકેવતો. અને હા, નવરો એટલે અમારામાં વર હો... કાંઈ તુમી પણ, હાહાહાહા હાહાહાહાહા. અરે દેવા, તમે તો વાતો બહુ કરાવો છો, હું મારી મૂળ વાત જ ભૂલી ગઈ. હા તો શું કહેતી હતી હું... હા તો પ્રૉબ્લેમ... અમને કોઈ પ્રૉબ્લેમ નથી. આપણે તો પડોશી. ચૂપચાપ જોયા કરીએ. એક વર્ષ થવા આવ્યું પણ અમારે લોકોને એ મિસ્ટર ઍન્ડ મિસિસ ત્રિવેદી સાથે સીધી વાત નથી થઈ. હા, એટલે મિસિસ ત્રિવેદી શાકભાજી લેવા બહાર જાય ત્યારે મને ચાવી આપતા જાય.

"મિસિસ તાવડે, આ ચાવી રાખો ને. મિસ્ટર ત્રિવેદી કદાચ ઘરે આવે તો એમને જરૂર પડે."

આપણે તો લઈ લઈએ. મારો મરદ નોકરીએ જાય પછી તો છેક સાંજે પાછો આવે. અહીંયા આપણે મલાડથી જ 7.35ની ટ્રેન પકડવાની હોય એટલે હું ફટાફટ એમનું ટિફિન કરી નાખું. મને થતું કે આ મિસ્ટર ત્રિવેદીને એવી તો કેવી નોકરી હશે કે ગમે ત્યારે ઘરે આવી જાય. અરે પણ તમે બેસો ને, ઊભા ઊભા થાકી જશો. ચલા બસા. લો, આ મોતીચુરના લાડુ. સિદ્ધિવિનાયકનો પ્રસાદ છે. મારી ભાણેજને નોકરી મળી ગઈ એની માનતા હતી. મારો મરદ તો ગામડે ગયો છે મારી આઈને લેવા માટે. આઈ બીમાર છે. અહીંયા મુંબઈમાં જ ઑપરેશન કરાવીને આરામ કરાવીશું, પથરી છે બીજું કંઈ નહીં. શું કહો છો? અગોબાઈ, હું તો ભૂલી જ ગઈ... મી કાય મ્હણત હોતા? મારે તો તમને મિસ્ટર ઍન્ડ મિસિસ ત્રિવેદીની વાત કરવાની છે ને. મૈ ભી ના. હા તો પછી શું થાય કે જેવા મિસિસ ત્રિવેદી શાકભાજીની થેલી લઈને જાય કે અરધી કલાકમાં મિસ્ટર ત્રિવેદી આવે અને અમારી ડૉરબેલ વાગે. હું દરવાજો ખોલું કે એમનો સપાટ ચહેરો અને લંબાયેલો હાથ.

"અમારા ઘરની ચાવી!" એવો કડક અવાજ જાણે આપણે એના ઘરની ચાવી ચોરી લીધી હોય. એકા, સાંભળો... હવે આમ નજીક આવો, કોઈ સાંભળી જશે. તમને ખબર છે? મિસ્ટર ત્રિવેદી જ્યારે ચાવી લેવા આવે ત્યારે એ એકલા નહોતા. એમની સાથે કોઈક છોકરી હતી. દેવા રે દેવા મલા માફ કરા. ગુલાબી ડ્રેસ, આંખે મોટા ગોગલ્સ, હાઇ હીલના સેન્ડલ. મિસ્ટર ત્રિવેદી અને એ ગુલાબી છોકરી બંને જણાં એ ફ્લૅટ નંબર 12માં જતાં રહ્યાં. અગોબાઈ! મને તો કંઈ સમજાયું જ નહીં કે આ શું ચક્કર છે? શું કહો છો કે મિસિસ ત્રિવેદીને ખબર પડી કે નહીં એમ? બહુ ઉતાવળા તમે. શાંતિ ઠેવા. આખી વાત તો સાંભળો. કલાક પછી પાછા મિસ્ટર ત્રિવેદી મને ચાવી આપીને પેલી ગુલાબી છોકરી સાથે જતા રહ્યા. મૈં ભી સોચું એ કૌનસા ચક્કર હૈ રે. પછી તો મિસિસ ત્રિવેદી ચાવી લેવા આવ્યા તો મેં એને કહી દીધું. હા, આખ્ખેઆખ્ખી વાત. દેવા મને તો એમ કે મિસિસ ત્રિવેદી મિસ્ટર ત્રિવેદીને ફોન કરીને ખખડાવશે, એની ઑફિસે જશે પણ આ તો સીધી મારા પર ભડકી.

"તમારા કામથી કામ રાખો. મારા ઘરની ચોકીદારી કરવાની કોઈ જરૂર નથી." બસ આ તમારી આંખ પહોળી થઈ ગઈ એમ જ મારી આંખો ફાટી રહી. રે દેવા, કેવી બાઈ છે તું હેં. મેં તો એને ત્યાં જ ખખડાવી નાખી.

"કલ સે ઇધર ચાવી દેને કા નહીં. તારા નોકર નથી. મૂર્ખ સ્ત્રી." આ તો ઊલટા ચોર કોટવાલ કો ડાટે... ના આમ તો અહીંયા અત્યારે મિસિસ ત્રિવેદી ચોર નથી કદાચ... છોડો ને... જે હોય તે... મારી

નવવારી બતાવું. મારીવહિની લાવી છે, હા એ જ મારી નવી ભાભી. મસ્ત કલર છે ને. ઝેરી લીલો કલર છે. થાંબા મૈં લાતી હૈ. જો. હા... શું પૂછો છો તમે? મિસિસ ત્રિવેદીની ચાવીનું શું થયું એમ? અરે એ તો બીજા પડોશીને ચાવી આપી દેતી. હું કંઈ બોલું નહીં. ચૂપચાપ મિસ્ટર ત્રિવેદી અને પેલી ગુલાબી છોકરીને જોયા કરું. એ ગુલાબી મુલગી પણ સાલી જોરદાર દેખાય હોં. મિસ્ટર ત્રિવેદીનો હાથ પકડીને જ આવતી હોય. બધા જોતાં હોય. પણ બહીણ, બધાને મારી જેટલી પડી થોડી હોય કે મિસિસ ત્રિવેદીને કોઈ કશું કહેવા જાય. મેં પણ નક્કી કર્યું કે આપણને શું? પણ એક દિવસ કેવું થયું ખબર? માથું શું હલાવો તો તમને થોડી ખબર હોય એટલે તો હું કહી રહી છું. હાહાહાહા નિરઅપરાધ સ્ત્રી તુમી. એ એક દિવસ ફરી અમારી ડોરબેલ વાગી. બપોર જ હતી. મેં દરવાજો ખોલ્યો તો મિસિસ ત્રિવેદી સામે ઊભાં હતાં. મને કે હું ઘરમાં આવું? હું હા ના કહું એ પહેલા તો એ આવીને બેસી ગઈ. મેં પાણી આપ્યું. કલાક બેસી રહી. પછી એનો દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો ત્યારે ઊભી થઈ. મેં કંઈ જ પૂછ્યું નહીં એટલે એ ઊભી થઈ પણ જતા જતા મારી સામે જોઈને બોલી:

"મિસિસ તાવડે, શાકભાજીથી ફ્રીઝ ભરાઈ જાય છે, કેટલા દિવસ એ બહાનું કાઢીને ઘરની બહાર રહી શકું? એટલે આમ દરરોજ એમના કલાક પ્રમાણે તમારા ઘરે બેસી શકું?" એટલું બોલીને તો એ જે રડી છે... જે રડી છે... અરેરેરે! મને થયું કે દેવા રે દેવા, કઈ માટીની છે આ બાઈ! કેમ આ બધું સહન કરી રહી છે? કાય? શું કીધું તમે? અત્યારે મારી આંખમાં પણ આંસુ છે એમ?



ચુડલીનું માપ

ધમાલ હતી ઘરમાં, આમ તો છેલ્લા પંદર દિવસથી. ઉનાળું વૅકેશનનો માહોલ હતો. તેજલના ત્રણેય ભાઈઓ અને ભાભીઓ બાળકો સાથે અમદાવાદ આવ્યાં હતાં. નાની બહેન પણ તેના નાના દીકરા અને વર જોડે સવારે જ આવી હતી. અમદાવાદમાં તેજલ બા સાથે રહે, એકલી. એકલી એટલે એકલી. બા સાથે જ તો, શું છે કે હજુ સુધી તેજલનું ગોઠવાયું નહોતું. કદાચ એનું ગોઠવવામાં કોઈને રસ નહોતો. બધું સમજતી તેજલ, કેમકે એ નાની નહોતી. હા, એટલે ત્રણેય ભાઈઓ અને બંને બહેનોમાં એ મોટી હતી. ગયા માર્ચમાં એણે ઓગણ ચાલીસ વર્ષ પૂરાં કર્યાં. ત્રણ ભાઈઓ અને એક બહેન કરતાં એ મોટી. પપ્પા તો તેજલ સોળ વર્ષની હતી ત્યારે ગુજરી ગયેલા. અમદાવાદ જેવું મોટું મોંઘું શહેર અને ઘરમાં કમાણીના નામે પપ્પાનું નાનકડું પૅન્શન હતું. તેજલની બા તો પહેલેથી જ ગભરું જીવ એટલે તેજલ બની ગયેલી ઘરનું સર્વેસર્વા. પોતાનું ભણવાનું મૂકીને છૂટક છૂટક કામો કરતી રહી, રાત્રે ટ્યૂશન લેતી અને હાંફી જતી. એ એટલું કામ કરતી અને હાંફતી તો એની બા બોલતી કે–

"તેજલ, થોડો આરામ કરી લેને બેટા!"

"ના બા, થોડુંક વધારે કામ કરી લેવા દે."

આ 'થોડુંક વધારે કામ કરી લેવા દે'ના હાંફમાં તેનાથી નાના ચારેય ભાંડરડા ભણી ગયા, સરસ નોકરીએ લાગી ગયા અને પરણીને ઠરીને ઠામ થઈ. પોતપોતાને ફાવે એ શહેર વસી ગયા પણ તેજલ દોડતી રહી અને હાંફતી રહી. ઘરના દરેક લોકો માટે તેજલ તો...

"મોટીબહેન કરી લેશે, એ તો મોટીબહેન છે પછી શું ચિંતા, મોટીબહેન બધું ફોડી લે એવી છે, મોટીબહેનને ક્યાં કોઈ શોખ છે? મોટીબહેન ક્યાં કશે જાય છે?" ત્યાં સુધી તેજલને કે બાને કાંઈ વાંધો નહોતો કદાચ. પણ જ્યારે ઘરમાં અને સગાવહાલામાં તેજલની બાએ આ વાક્ય સાંભળ્યું કે–

"મોટીબહેનને આ ઉંમરે હવે આવું ન સારું લાગે!" તો બા તુરંત સાબદી થઈ. અચાનકથી એમને બ્રહ્મજ્ઞાન થયું અને એમણે રામ નામની માળા છોડીને 'તેજલ, હવે જલદી સારો છોકરો શોધી લે અને પરણી જા'નું રાતદિવસ રટણ શરૂ રાખ્યું. વૅકેશન પડે એટલે બધા ભાઈઓ પોતાના બાળકો તેજલના હવાલે કરી લાંબી રજાઓ પર જતા રહેતા. બા બધું સમજવા લાગી એટલે જીવતે જીવ બળવા લાગી. બાએ સગાવહાલામાં બધે તેજલ માટે યોગ્ય છોકરાની જરૂરનો સંદેશ ફેલાવી દીધો અને બધાને આ વાત એટલી અજુગતી લાગી કે તેજલનાં લગ્ન?!

નાતજાતમાં બહુ જ સારો કાચો કુંવારો છોકરો શોધવાની કવાયત ચાલી. પછી સારો કાચો કુંવારો છોકરો શોધવાની કવાયત ચાલી, પછી કાચો કુંવારો છોકરો શોધવાની કવાયત અને અંતે છોકરો શોધવાની કવાયત. મળતા, પણ છોકરો નહીં બીજવર! બા અકળાતી અને તેજલ ચૂપચાપ બધું જોયા કરતી. ભાઈભાભીઓ અને નાની બહેનને લોકોની વાતોથી ખૂબ શરમ આવતી એટલે અમદાવાદ બાને સમજાવવા આવ્યાં હતાં. ખૂબ બોલેલા કે તમે એ રીતે વર્તો છો બા જાણે અમને મોટીબહેનની કોઈ પડી નથી. બા ચૂપ રહેલી અને તેજલ બધાના ચહેરા જોતી રહેલી. થોડા દિવસ બધાં રોકાયાં અને પછી નીકળવાનો દિવસ નક્કી થયો. આગલી સાંજે બધા સામાન પૅક કરતા હતા. બા પોતાની એક જૂની સાડી નાનકીને આપી,

"આ પહેરજે. એ સમયે બહુ મોંઘી હતી. હું તો બહુ પહેરી નથી શકી." નાનકીએ એ સાડી કમને ઉપાડી અને બૅગમાં મૂકવા ગઈ તો એક નાનકડી રેશમી થેલી સરી પડી. બાએ એ થેલી તુરંત ઉપાડી લીધી. ભાભીઓ સતર્ક થઈ ગઈ. તેજલે પૂછી પણ લીધું કે "બા, થેલીમાં શું છે?" બાએ બહુ જતનથી થેલી ખોલી અને અંદરથી સોનાની નાની એક ચૂડલી કાઢી. ચળકતા નાનકડા મોતી અને ચમકદાર પથ્થરોની આસપાસ થયેલું સોનાનું બારીકાઈવાળું વર્ક, જોતાં જ ગમી જાય એવી ચૂડલી. બાએ સાડીના

છેડાથી એ ચૂડલી ઘસીને લૂંછી અને એક હાથે ઓવારણા લઈ છાતીએ અડાડી તેજલના હાથમાં મૂકી,

"મારા બાની છે, હું અમારા ઘરમાં મોટી હતી એટલે હું પરણી ત્યારે મને આપેલી. આપણા ઘરમાં તું મોટી છે. તો તું પરણીશ ત્યારે તને આપીશ." નાનકીએ તરત એ ચૂડલી બાના હાથમાં લઈ લીધી અને પહેરી. બા ચોંકી ગઈ. નાનકી ભાભીને બતાવતા બોલી:

"એકદમ મારા માપની છે નહીં? મોટીબહેન પહેલાં તો હું પરણી છું. મોટીના લગ્ન તો ખબર નહીં, થાય ત્યારે જોઈ લેશું." બાની આંખમાં આંસુ આવી ગયા પણ પોતાનું કાંડું ઢાંકીને તેજલ બોલી:

"બા, નાનકીને તેં જે સાડી આપી છે એની જોડે આ ચૂડલી એકદમ મેચિંગ છે. આમ પણ મારા માપની નથી!" બાને લાગ્યું કે આટલું બોલીને પણ તેજલ ઘરના ઉંબર પર હાંફી રહી છે.



શૌક સે લિજીયે જી ઇશ્ક કે ઇમ્તિહાન !

પૃથ્વી થિએટરમાં થર્ડ બેલ સંભળાયો. ઑડિયન્સ ફટાફટ પોતપોતાની જગ્યાએ ગોઠવાયું. મેકઅપ રૂમમાં મધુબાલાનો લિબાસ પહેરીને બેઠેલી નખશીખ સુંદર દેખાતી ભામિની આંખો બંધ કરી ઊંડા શ્વાસ લેતી હતી. પ્રતિક ધીમેથી દરવાજો ખોલીને મેકઅપ રૂમમાં એન્ટર થયો. ભામિનીની આંખો બંધ હતી. એણે ધીરેથી ભામિનીના ગાલ પર હળવું ચુંબન કર્યું. ભામિની બંધ આંખે સ્પર્શ ઓળખી ગઈ. ચહેરા પર સ્મિત આવી ગયું.

"જસ્ટ બિકોઝ ઑફ તું નાટકનો ડિરેક્ટર છે એટલે ઍક્ટ્રેસના મેકઅપરૂમમાં આવવાની તને પરમિશન નથી મળી જતી પ્રતિક"

"હું ડિરેક્ટર, એક્ટર બધું પછી... પહેલાં તારો હસબન્ડ છું. પોતાની પત્ની સાથે ફ્લર્ટ કરવા મારે કોઈની પરમિશન લેવાની જરૂર નથી મિસિસ ગાંધી."

"તું ક્યારે રૉમેન્ટિક થાય, ક્યારે અપસેટ થાય, ક્યારે ગુસ્સે થાય કંઈ સમજાતું જ નથી."

"પ્રિડીક્ટેબલ થઈ જઈશ તો ઍક્ટર કેવી રીતે કહેવાઈશ?"

"પ્રતિક, થર્ડ બેલ વાગી ચૂક્યો છે. મારા કરતાં વધારે નર્વસ તો તારે થવું જોઈએ. એઝ એ ડિરેક્ટર તારું આ ફર્સ્ટ પ્લે છે."

"નર્વસ તો તને કૉફી માટે પહેલીવાર પૂછ્યું ત્યારે પણ નહોતો થયો."

"હેલ્લો... પ્રપોઝ કરવાનુંય નહોતું ફાવ્યું તને..."

"હજુ પણ મોડું ક્યાં થયું છે... ફરીવાર કરી લઉં... મિસ ભામિની ઓઝા, તમે મિસિસ પ્રતિક ગાંધી બનશો?"

ભામિની હસી પડી અને પ્રતિકે એને કમરથી પકડીને નજીક ખેંચી. ભામિનીએ ફરી આંખો બંધ કરી. પ્રતિકના હોઠ એના હોઠ નજીક ગયા કે એ લોકોની દોસ્ત કાજલ દરવાજો ખોલીને એન્ટર થઈ.

"પ્રતિક ભામિની, લગ્નના દસ વર્ષે પણ તમે તો નવા નવા પ્રેમમાં પડ્યા હો એમ વર્તો છો., ઓડિયન્સ આવી ગયું છે... કમઓન."

"યેસ પ્રોડ્યુસર મેડમ... લેટ્સ ગો!"

* * *

પૃથ્વી થિએટરમાં નાટક જોવા આવેલી ભામિની પોતાની દોસ્ત કાજલ સાથે કૅફેમાં બેસીને ચાય પી રહી હતી. નાટકનો ફર્સ્ટ બેલ સંભળાયો. દૂર ખૂણામાં ટેબલ પર બેસીને આઈરીશ કૉફી પીતો પ્રતિક ભામિની સામે એકીટશે જોઈ રહ્યો. ભામિનીના ભવા થોડા સંકોચાયા. એ કાજલ તરફ જોઈને બોલવા લાગી,

"કાજલ, આ તારો પેલો ફ્રેન્ડ, કેટલાય દિવસથી મારી સાથે વાતો કરવાના ચાન્સ શોધતો હોય એવું મને કેમ લાગે છે?"

કાજલે પાછળ ફરીને જોયું તો પ્રતિક હતો. કાજલે હાથ ઊંચો કરીને પ્રતિકને હેલ્લો કર્યું.

"ભામિની, એ છોકરો સારો છે."

"કાજલ, હું પરંપરાગત મારવાડી પરિવારમાંથી આવું છું. મને આ બધું નહીં ફાવે."

ભામિનીએ જોયું કે પ્રતિક તો એની તરફ આવતો હતો. એ કૉન્શિયસ થઈને ઉપર કૅફેનું લાઇટિંગ જોવા લાગી.

"હાઈ, ભામિની. આપણે કૉફી માટે મળી શકીએ?"

કાજલ આંખો નચાવી ભામિની સામે જોવા લાગી. ભામિનીએ ચાય પૂરી કરી અને પર્સ લઈને ઊભી થઈ.

"લિસન પ્રતિક, આપણે શું કામ મળવું જોઈએ? અને આમ પણ મને કૉફી નથી ભાવતી."

ભામિની પ્લે જોવા થિએટરમાં જતી રહી. પ્રતિકે હસીને કાજલ સામે જોયું,

"કૉફી ન ભાવતી હોય તો એમાં છોકરો થોડો રિજેક્ટ કરી દેવાય... મને ચાયમાં પણ કાંઈ વાંધો નથી."

કાજલ ખડખડાટ હસી પડી અને પ્રતિકે એને હાઇફાઇ આપી.

* * *

વીંગમાંથી પ્રતિક બોલી રહ્યો હતો.

"લેડીઝ ઍન્ડ જેન્ટલમેન... મનહર ગઢિયા પ્રોડક્શન પ્રસ્તુત...હિંદી સિનેમા જગતનું ક્યારેય ન ભૂલી શકાય એવું પ્રકરણ... મધુબાલા. કલાકાર છે ભામિની ઓઝા ગાંધી. ડિરેક્ટર પ્રતિક ગાંધી..."

સ્ટેજ પર મધુબાલાના ગીત સાથે એન્ટર થયેલી ભામિનીને દર્શકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. નાટક ચાલતું હતું અને વીંગમાંથી પ્રતિક એકિટશે ભામિનીને જોતો હતો.

"કિશોર કે સાથ શાદી હોને કે બાદ તો જૈસે મેરે પર નિકલ આયે... મુજે લગા... જિંદગી નયે પન્નો પર મહોબ્બત કો ગુલાબી સ્યાહિસે લિખને લગી હૈ... પર ધીરે ધીરે સમજ મેં આને લગા કિ દોનો કે પાસ વક્ત હી નહીં હૈ... દોનો કી જિંદગી રેલ પટરી કી તરફ સાથ તો થી પર એક નહીં..."

પ્રતિકની આંખો સ્હેજ ભીંજાઈ...

* * *

સવારે સાત વાગ્યે ઑફિસ માટે નીકળી જતો પ્રતિક સિત્તેર કિલોમીટરનું અંતર કાપીને રાત્રે બાર એક વાગ્યે ઘરે પાછો ફરે. પાર્લાથી વશીના રસ્તામાં લાઇફ ખર્ચાતી જતી. લગ્નના ત્રણ ચાર વર્ષ થયાં અને પ્રેમ ક્યાંક આડા હાથે મુકાઈ ગયો. બંને એકબીજા સાથે વ્યક્ત થવાનો સમય ફંફોસતા રહેતા. સવારે પ્રતિકનું ટિફિન ભરતી ભામિની ફટાફટ ચાય નાસ્તો કરતા, ભીનાવાળવાળા પ્રતિકને એકિટશે જોઈ રહેતી. કોઈ અદશ્ય અકળામણ પડખાં ઘસી રહી હતી. ઍક્ટિંગ અને એન્જિનિયરિંગ જોબ વચ્ચે તાલમેલ સાધવા મથતા પ્રતિકને જોઈ ભામિનીને લાગતું કે આ ક્ષણે હવે પ્રતિક કૉફીનું પૂછે તો એના માટે કૉફી પણ પી લઉં જો બંનેને સાથે રહેવાનો થોડો પણ સમય મળતો હોય તો!

* * *

મધુબાલાના જીવનના છેલ્લા અધ્યાયનું દશ્ય ચાલી રહ્યું છે. કિશોરકુમાર સાથે હનિમૂન માટે પેરિસ ગયેલી મધુબાલાની લથડતી તબિયતના રિપોર્ટ્સ આવી ચૂક્યા હતા. મધુબાલાના હૃદયમાં કાણું હતું. મધુબાલા જીવનપરસાં જ ઢળી રહી હતી. હકડેઠઠ ભરેલા થિએટરમાં સ્ટેજની વચ્ચે આછા પ્રકાશમાં મધુબાલા બનેલી ભામિની આકાશ તરફ મીટ માંડીને બે હાથ ફેલાવીને હિબકાં ભરી રહી છે.

"ઓ ડૉક્ટર્સ, હકીમ, વૈદ્ય... કુછ ભી કરો પર મુઝે બચા લો...મુજે જિંદા રહેના હૈ... બહોત કુછ કરના બાકી હૈ અભી તો..."

પ્રતિકને ભામિનીનો ડાયલોગ સાંભળીને આછી ધ્રુજારી છૂટી ગઈ...

* * *

.....એના હાથપગ ઠંડા પડી ગયેલા જ્યારે ખબર પડી કે ભામિનીની લથડતી તબિયતનું કારણ બ્રેઇન ટ્યુમર છે. એટલે કદાચ હવે બંને પાસે વધારે દિવસો નથી! ભામિની વગરની જિંદગી...ના એનાથી એવી એક ક્ષણની પણ કલ્પના નહોતી થઈ શકી. પ્રતિકે હિંમત એકઠી કરી અને પરિસ્થિતિને સંભાળી. એ ભામિનીની આંખોમાં આંખો નાખી કહેવા લાગ્યો:

"ભામિની, બધું ઓલરાઇટ થઈ જશે... આપણે સાથે જ છીએ. તને કશું જ નહીં થાય."

ભામિની હસીને પ્રતિકના હાથમાં હાથ મૂકીને બોલી,

"પ્રતિક, તું આ મને કહી રહ્યો છે કે તને પોતાને સમજાવી રહ્યો છે. કામડાઉન, હું સ્વસ્થ છું. આપણે ઑપરેશન તાત્કાલિક કરાવી લઈએ."

ડૉક્ટર્સે કહેલું કે આ ઑપરેશન પછી ફેસિયલ પેરાલિસિસની શક્યતા પણ વધારે છે અથવા દર્દી ઑપરેશન પછી કદાચ આંખો ન પણ ખોલે... બહુ બધી ડિફિકલ્ટ પૉસિબિલીટીસ છે. પ્રતિક ભામિની મક્કમ હતાં. ઑપરેશન રૂમમાં પણ ભામિની જ્યારે વ્હીલચેરના બદલે પગે ચાલીને ગઈ ત્યારે પ્રતિકની ભીની આંખોમાં પણ સ્મિત આવી ગયું. ઑપરેશન દરમિયાન પ્રતિકને સતત એવું લાગતું હતું કે આ ક્ષણ તો ક્યારેય વિચારી નહોતી. પ્રિયજનની જિંદગી હાથતાળી આપ્યા વગર કાયમ સંતાઈ જાય એ વાતથી કંપારી છૂટી જાય છે. જિંદગીમાં આગળ જતાં પછી સાથે ભરપૂર જીવીશું એવા પ્લાનિંગ કરીએ અને જેની સાથે જીવવું છે એ વ્યક્તિ જ એ જે તે મોમેન્ટ પર નહીં હોય તો! શું સાથે જીવવાનું શરૂ કરીએ એટલે જાણ્યે અજાણ્યે આપણે એકબીજાને ટેકન ફોર ગ્રાન્ટેડ લઈ લઈએ છીએ... ના, હવે તો જેટલું જીવીએ એટલું ભરપૂર જીવીશું. બેસ્ટ પ્લાનિંગ ઇઝ કે નો પ્લાનિંગ!

* * *

મધુબાલા બનેલી ભામીની સ્ટેજ પર હાંફી રહી હતી, એ રડી રહી હતી.

"મેરી સાંસ ઔર કિશોર... દોનોં કા આના અબ રૂકા રૂકા સા થા. મૈ અબ્બાજાન કે વહાં કિશોર કા ઇંતઝાર કરતી થી. ઘડી કે સામને બૈઠતી તો લગતા કિ ઘડી કા કાંટા દિલ મેં ચૂભ રહા હૈ... આંખે મેરી ખીડકી બનકર કિશોર કા ઇંતઝાર કર રહી હૈ... મેરી દમ તોડતી જિંદગીકી તરહ ઉનકા સાથ ભી છૂટ રહા થા ધીરે...ધીરે..."

* * *

સતત સાડા આઠ કલાકના ઑપરેશન પછી સર્જરી સફળ રહી. બ્રેઇન ટ્યુમર દૂર થઈ. ભામિનીએ આંખો ખોલી ત્યારે પ્રતિક એની સામે ઉભો હતો. એ સ્વસ્થ થતી ગઈ અને પ્રતિક રાતદિવસ એના બેડની પાસે એનો હાથ પકડીને બેસી રહેતો. પ્રતિકનો ભાઈ પુનિત અને કાજલ હૉસ્પિટલ આવતા. પ્રતિક ભામિનીને એકબીજામાં ખોવાયેલા જોતા ત્યારે પુનિત કાજલને કહેતો:

"કાજલ, આ લોકો ફરી એકબીજાના પ્રેમમાં પડ્યા છે!"

ભામિનીના હાથ ચૂમીને પ્રતિક કહેતો:

"ભામિની, હું તને પ્રેમ કરું છું..."

* * *

.....અને પૃથ્વી થિએટર તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું. ભામિની પ્રતિક ગાંધીના અભિનયથી ઑડિયન્સની આંખો ભીની હતી. સ્ટેજ પર આવીને પ્રતિક, ભામિની અને કાજલ એ લોકોનું અભિવાદન ઝીલવા મંચ પર ઊભા હતા. તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રતિક ભામિનીનો હાથ પકડીને એકદમ નજીક ઊભો રહ્યો ત્યારે ભામિની હસીને બોલી.

"કાજલ, આ તારો પેલો ફ્રેન્ડ, કેટલાય દિવસથી મારી સાથે વાતો કરવાના ચાન્સ શોધતો હોય એવું મને કેમ લાગે છે?"

પ્રતિકે ભામિનીને નજીક ખેંચી.

"હાઈ, ભામિની. આપણે કૉફી માટે મળી શકીએ?"

ભામિનીએ પ્રતિકના હોઠ પર આંગળી મૂકી,

"લીસન પ્રતિક, આપણે શું કામ મળવું જોઈએ? અને આમ પણ મને કૉફી નથી ભાવતી."

અને એ પ્રતિકને હળવો ધક્કો મારીને દોડવા ગઈ કે વીંગમાંથી પુનિતની આંગળી છોડાવીને પ્રતિક ભામિનીની ચાર વર્ષની દીકરી મીરાયા દોડીને ભામિનીને ભેટી પડી. પ્રતિક એ બંને મા દીકરીને ભેટી પડ્યો. એ તાળીઓના ગડગડાટ હજું પણ યથાવત છે!